ભાવનગર—ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ
લલ્લુભાઇએ છાપ્યું.

સમર્પણ.

અનેકગુણુસમૂહવિભૂષિત પૂજ્યપાદ શ્રીમાન
પન્યાસજી મહારાજ શ્રી ભક્તિવિજયજી
મહારાજના પવિત્ર ચરણુસરોજમાં
કોટીશઃવંદન.

આપે દેશ-વિદેશમાં વિચરી મુકુલિત થયેલા અનેક ભવ્યજીવોને સુધાજળ પાઈ-સિંચન કરી પ્રફુલ્લિત કર્યા છે, રાધનપુરમાં શ્રી વર્ધમાન તપની ઓળી માટે જંગી ફંડ કરાવી અનેક ભાવુક શ્રાવક સમૂહને તે માર્ગે દોરી મોક્ષના ભાગી બનાવ્યા છે; તેમજ અનેક તીર્થોમાં જાતિભોગ આપી વિશુદ્ધ હૃદયે સેવા બજાવી છે. ઇત્યાદિ આપના અનેક સદ્દગુણોથી આકર્ષાઇ આ પુસ્તક આપનાં કરકમળમાં સાદર સમર્પી કૃતાર્થ થાઉં છું.

લી૦ ચરણરજ,

અચરતલાલ.

પ્રેમોપહાર.

શ્રીમાન્ ________________________

____

અનુક્રમણિકા.

વાંચનનો આ અમૂલ્ય લાભ

ચુકશો નહિ.



દર વરસે માત્ર રૂ. ૨)માં પાંચસેં પાનાનાં આવાં અમુલ્ય સાહિત્યનાં ઉત્તમ પુસ્તકો મળશે, દરેક પુસ્તકો નવીન શૈલી મુજબ સારા વિદ્વાનની કસાયેલી કલમથી લખાયેલાં, ઉંચા કાગળ, સુંદર છપાઈ, અને બાઈંડીંગમાં થાય છે. સં. ૧૯૭૯—૮૦માં ગ્રાહકોને અપાયેલાં પુસ્તકોથી ગ્રાહકોને સંતોષ થયો છે. ગ્રાહક સંખ્યામાં વધારો થયે અમો વધુ વાંચન આપવા ઇચ્છીએ છીએ. પાછળથી ગ્રાહક થનારને પ્રથમનાં પુસ્તકો મળતાં નથી. માટે ગ્રાહક થવા તુરત લખશો.

સં. ૧૯૭૯-૮૦ બે વર્ષ માટેનાં પુસ્તકો ગ્રાહક થઇને મેળવવા પોસ્ટખર્ચ સાથે રૂ. ૪-૧૨-૦ મોકલો.

અપાયેલાં પુસ્તકો.

સં. ૧૯૭૯.	પૃષ્ઠ	કિંમત.
શ્રી કુમારપાળ ચરિત્ર સચિત્ર	૨૦૦	૧—૪—૦
ભક્તિમાળા (પ્રાચીન સ્તવન સંગ્રહ)	૧૫૦	૦—૮—૦
મહાસતી ચંદનબાળા.	૫૦	૦—૩—૦
શ્રાવક શ્રાવિકા ધર્મ.	૫૦	૦—૨—૦
સુદર્શન શેઠ કયવન્ના ચરિત્ર. } શીલીકમાં નથી.	૧૦૦	૦—૪—૦
	૫૫૦	૨—૫—૦

સં. ૧૯૮૦.

	પૃષ્ઠ	કિમ્મત
શ્રી મહાવીર સ્વામીના દશ શ્રાવકો-સચિત્ર.	૧૭૫	૧-૪-૦
શ્રી આદિનાથ ચરિત્ર.	૨૭૫	૨-૦-૦
ધનપાળ પુરોહિત યાને તિલકમંજરી.	૬૫	૦-૪-૦
	૫૧૫	૩-૮-૦

ગ્રાહક થવાથી અને છુટક કીંમતે લેવામાં કેટલો ફેર રહે છે તે સમજી શકાશે.

સં. ૧૯૮૧માં ગ્રાહકોને આપવાનાં પુસ્તકો.

	પૃષ્ઠ.	કિમ્મત	
૧ શ્રી કેશીમુનિ અને પ્રદેશી રાજા.	૧૦૦	૦-૫-૦	તૈયાર છે
૨ શ્રી નિર્મળ [illegible]	[illegible]	૧-[illegible]-૦	[illegible]
૩ શ્રી [illegible]	૧૦૦	[illegible]	[illegible]
	[illegible]	[illegible]	

[illegible]


[illegible] વાચનમાળા

[illegible]



આદિનાથ ચરિત્ર.

પ્રકરણ ૧ લું.



(૧) સાર્થવાહ

सम्यक्त्व प्राप्ति.

सङ्कल्यानतमौलिनिर्जर वर भ्राजिष्णु मौलीप्रभाः।
संमिश्रारुणदीप्तिशोभचरणा–म्भोजद्वयः सर्वदा ॥
सर्वज्ञः पुरुषोत्तमः सुचरितो धर्मार्थीनां प्राणीनाम् ।
भूयाद्भूरिविभूतये मुनिपतिः श्री नाभिसूनुर्जिनः ॥ १ ॥

જંબુદ્વીપના પશ્ચિમ મહાવિદેહમાં ક્ષિતિપ્રતિષ્ઠિત નામે નગર છે, ત્યાં પુત્રવત્ પ્રજાનું પાલન કરનાર પ્રસન્નચંદ્ર નામે રાજા હતો. તે નગરમાં એક ધન નામે સાર્થવાહ રહેતો.

હતો, તે બહુ જ ધનવાન્, સદાચારી, પરોપકારપ્રિય તથા ધ
અને ગંભીર હતો. તેની લક્ષ્મી દાનાદિ સત્કૃત્યોમાં નદી
પ્રવાહની જેમ વપરાતી અને કીર્ત્તિ તો અવિશ્રાંતપણે સ
દેશાંતરમાં ભમ્યા જ કરતી હતી.

એક વખતે **ધન** સાર્થવાહને **વસંતપુર** જવાની ઇચ્
થઇ અને સાથે મોટો સાથ લઇ જવાને માટે તેણે નગરમાં
ઘોષણા કરાવી કે—' **ધન** સાર્થવાહની સાથે જેને વસંત
આવવું હોય, તેને માટે શેઠ તમામ પ્રકારની સગવડ સાચવ
જેની પાસે વાહન ન હશે તેને વાહન આપશે, ભાતું ન હ
તેને ભાતું આપશે, રસ્તામાં ભયથી બચાવશે અને બ
જાતની સહાય આપશે.' અગાઉના વખતમાં લાંબી મુસાફ
આવા મોટા સાર્થ સાથે આવનારા લોકો જ કરી શકતા. એ
એ આઘોષણા સાંભળતાં ઘણા નગરજનો વસંતપુર જવ
તૈયાર થયા અને શુભ મુહૂર્તે શુભ મંગલપૂર્વક નગર
બહાર નીકળ્યા. એવામાં ભાગ્યયોગે **ધર્મઘોષ** નામે આચા
પોતાના પરિવાર સહિત ધન સાર્થવાહ પાસે આવ્યા. એટ
તેણે એકદમ ઉભા થઇને વિનયથી વંદન કર્યું અને આગ
મનનું કારણ પૂછ્યું ત્યારે આચાર્ય બોલ્યા—' અમારે તમા
સાથે વસંતપુર આવવાનો વિચાર છે.' આ સાંભળીને ધ
ઉદાર સાર્થવાહે કહ્યું—' હે મહાત્મન્! હું આજ ધન્ય થયો
[illegible] આવવાની ઇચ્છા પ્રગટ કરી.' તે વ
સાર્થવાહ જૈન મુનિના આચાર વિષે કંઇ પણ [illegible]

હતો. એટલે તેણે પોતાના રસોયાઓને હુકમ કર્યો કે—' આ આચાર્ય મહારાજને માટે રસવતી હંમેશાં તમે તૈયાર રાખજો.' તે સાંભળતાં આચાર્ય બોલ્યા—' હે મહાનુભાવ ! જૈન સાધુઓને કરેલો, કરાવેલો અને સંકલ્પ કરેલો આહાર કલ્પે નહિ, એટલું જ નહિ પણ હે ભદ્ર ! નદી, વાવ કે તળાવમાં રહેલ જળ પણ અગ્નિશસ્ત્રથી અચેત થયા વિના તે સાધુઓને ખપે નહિ, એવી જિનાજ્ઞા છે.' એવામાં પાકેલી કેરીઓથી ભરેલો થાળ કોઈએ સાર્થવાહ પાસે ભેટ ધર્યો, એટલે તેણે આનંદથી આચાર્યને કહ્યું—' આ મિષ્ટ ફળો ગ્રહણ કરવાની મારા પર કૃપા કરો.' ત્યારે આચાર્યશ્રી બોલ્યા—' હે મહાભાગ ! આવા સચિત્ત ફળનો સ્પર્શ પણ અમારાથી ન થઇ શકે, તો ખાવાની શી વાત કરવી ? ' આવો મુનિમાર્ગ જોઇને સાર્થવાહ બોલ્યો કે—' અહો ! ભગવન્ ! તમે તો મહા દુષ્કર વ્રતના ધારક છો. આવા આચારને કોઈ દક્ષજન પણ ભાગ્યે જ ધારણ કરી શકે. મારા જેવા પ્રમાદીથી તો એક દિવસ પણ એવું બની ન શકે. હું જો કે આપના આચારથી અજ્ઞાત છું, છતા આપને ઉચિત સગવડ જરૂર સાચવીશ. માટે આપ સાથે આવવામાં સંકોચ ન કરશો.' એમ કહી હાથ જોડીને તેણે આચાર્યને વિસર્જન કર્યા. હવે સાર્થવાહે મોટા આડંબર સહિત પ્રયાણ કર્યું. મસ્ત બનેલા હજારો અશ્વોના હેષારવથી ગગન ગાજી ઉઠ્યું. સેંકડો રથો, બળદ, સાંઢીયા તથા ખચ્ચર વિગેરે વાહનો વસુમતીને સંકીર્ણ કરતા ચાલ્યા.

એવામાં વર્ષા ઋતુ આવી, પ્રવાસીઓના પ્રવાસને અટકાવનાર જળધારારૂપ બાણોની વૃષ્ટિ કરનાર વર્ષા ઋતુને જોતાં સાર્થજનો બધા આગળ ચાલવાને કાયર થઈ ગયા. અખંડ જળધારાથી અવનીનો ઉંચ નીચ ભાગ સમાન, જળમય થઈ જતાં સાર્થવાહે અટવીના કોઈ ઉંચા પ્રદેશ પર તંબુઓ તણાવીને સાથને નિવાસ કરાવ્યો અને નિર્જંતુ ભૂમિમાં પટ-ઉપાશ્રય ઉભો કરાવીને આચાર્યશ્રીને પરિવાર સહિત ત્યાં વાસ કરાવ્યો. તે સ્થળ અટવીનું હોવાથી અને વર્ષાકાલ લાંબો હોવાથી સાર્થજનોનું સંબલ ખુટી જતાં તેમની દુઃખી હાલત જોઈ સાર્થવાહના મિત્ર મણિભદ્રે આવો હૃદયભેદક વૃત્તાંત સાર્થવાહને કહી સંભળાવ્યો. આથી તેને બહુ સંતાપ થતાં સ્વલ્પ સમય નિદ્રા આવી ગઈ. એવામાં અશ્વશાળાના કોઈ ભદ્રક પહેરેગીરે ઉંચેથી પોકાર્યું કે—'અહો ! આવી વિકટ દશામાં આવ્યા છતાં આપણો સ્વામી સાર્થવાહ સાથે આવેલાનું કેવું રક્ષણ કરે છે !' આ માર્મિક વચનથી જાણે પોતાને કોઈએ ઓલંભો આપ્યો હોય તેમ તે વિચારમાં પડી ગયો—'મારા સાર્થમાં કોઈ દુઃખી માણસ તો નહિ હોય ?' એમ વિચાર કરતાં તેને યાદ આવ્યું કે–'અરે ! ધર્મઘોષસૂરિને સાથે લાવેલ છું, તેઓ પ્રાસુક ભિક્ષા અને તે પણ ત્રિવિધ શુદ્ધ આહાર લે છે. તેઓ અત્યારે કઈ સ્થિતિમાં હશે ? રસ્તામાં કોઈવાર મેં તેમને સુખ સમાચાર પણ પૂછયા નથી. અહો ! મારી કેટલી બધી મૂર્ખાઈ કે મેં તેમને અત્યાર સુધી સંભા-

ર્ચા પણ નહિ. અરે ! વચનમાત્રથી પણ હું તેમનો સંત્કાર ન કરી શકયો. હવે તેમને હું શી રીતે મુખ બતાવું ?' એમ પશ્ચાત્તાપ કરતાં તે આચાર્ય પાસે ગયો અને સૂરીશ્વર તથા અન્ય સાધુઓને વંદન કરી યથાસ્થાને બેસીને સાર્થવાહ કહેવા લાગ્યો—'હે મહાત્મન્! આપને સાથે લાવતાં મેં વૃથા આડંબર દેખાડ્યો. અત્યાર સુધી હું આપની કંઈ પણ બરદાસ તેમજ દર્શન પણ કરી શકયો નથી, તો એ મારા અપરાધને આપ ક્ષમા કરો.' એટલે આચાર્ય બોલ્યા—'હે સાર્થવાહ ! તમે રસ્તામાં શ્વાપદ વિગેરેથી અમારો બચાવ કર્યો છે અને આહારપાણી પણ આપના સાર્થમાં અમને મળ્યા કરે છે, તો હે ભદ્ર ! તમે ખેદ જરાપણ ન કરો.' ત્યારે સાર્થવાહે કહ્યું—'હે ભગવન્ ! સંતજનો સદા ગુણને જ જુએ છે. મારા આટલા દોષ છતાં તેમાં આપ તો ગુણને જ જોઇ રહ્યા છો. પરંતુ હું પોતે પોતાના અપરાધથી શરમાઉં છું માટે હવે આપ પ્રસાદ કરી સાધુને મોકલો કે જેથી આહાર વહોરાવીને મારા મનને શાંત કરૂં.' એ પ્રમાણે સાર્થવાહના આગ્રહથી આચાર્ય મહારાજે બે સાધુઓને તેના આવાસ તરફ મોકલ્યા, પણ તે વખતે દૈવયોગે સાધુને યોગ્ય કંઇ અન્નાદિક હતું નહિ. એવામાં તાજા ઘૃતથી ભરેલ પાત્ર તેના જોવામાં આવ્યું. તેમાંથી તેણે સાધુઓને ઘૃત વહોરાવ્યું. દાન આપતાં તેના રોમાંચ ખડાં થયાં અને—'અહો ! હું ધન્ય અને કૃતપુન્ય થયો કે આવા સુપાત્રે મેં સ્વહસ્તે દાન આપ્યું' એવી ભાવ-

નામાં આનંદાશ્રુ લાવતાં વિશુદ્ધ દાનના શુભ પરિણામથી તેણે બોધિબીજ પ્રાપ્ત કર્યું.

પછી રાત્રે સાર્થવાહ આચાર્યશ્રી પાસે ગયો. ત્યાં ગુરૂ મહારાજે તેને ધર્મોપદેશ આપ્યો—'કે હે ભવ્યાત્મન્ ! આ લોક સંબંધી તમામ પ્રકારના સુખો એટલે કે રમણીય રમણીઓ વિનયવંત પુત્રો, ધન સંપત્તિ, નિરોગી શરીર, પંચેંદ્રિય પટુતા, તથા દીર્ઘાયુષ્ય વિગેરે બધું ધર્મથી પ્રાપ્ત થાય છે. રાજત્વ, દેવત્વ, ઇંદ્રત્વ અને ધર્મચક્રિત્વ પણ ધર્મથી જ પામી શકાય છે. એ ધર્મનો સામાન્ય અર્થ એવો થાય છે કે-દુર્ગતિમાં પડતા જીવોને જે ધારણ કરી રાખે—બચાવે તે ધર્મ. તેના મુખ્ય ચાર ભેદ છે:—દાન, શીલ, તપ અને ભાવ. તેમાં જ્ઞાનદાન, અભયદાન અને ધર્મોપગ્રહદાન–એમ દાનના ત્રણ પ્રકાર છે. શીલ તે સાવદ્યયોગનું પ્રત્યાખ્યાન. તે દેશવિરતિ અને સર્વવિરતિ–એમ બે પ્રકારે છે. તેમાં દેશવિરતિના પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એ રીતે બાર પ્રકાર છે. સ્થૂળ–અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ–એ પાંચ અણુવ્રત છે. દિગ્વિરતિ, ભોગોપભોગ વિરતિ અને અનર્થદંડ વિરતિ–એ ત્રણ ગુણવ્રત તથા સામાયિક, દેશાવકાશિક, પૌષધ અને અતિથિસંવિભાગ—એ ચાર શિક્ષાવ્રત ગણાય છે. મુનિધર્મના રાગી, સમ્યક્ત્વી, ભવવિરક્ત અને અલ્પ કષાયવાળા ગૃહસ્થોને ચારિત્ર મોહનીય કર્મના નાશથી

ેશવિરતિ ગુણ ઉત્પન્ન થાય છે. કર્મને તપાવે તે તપ. તે
ાહ્ય અને છ અભ્યંતર–એમ મળીને બાર પ્રકારે છે. તેમાં
શન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયકલેશ અને
નતા–એ છ બાહ્ય ભેદ, તથા પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયા-
, સ્વાધ્યાય, કાયોત્સર્ગ અને શુભધ્યાન–એ છ આભ્યંતર
સંયમસાધક મુનિ મહાત્માઓ તરફ અસાધારણ ભક્તિ
ાવી, શુભનું ચિંતવન કરવું તથા સંસાર પ્રત્યે સદા ઉદા-
વે વર્ત્તવું–તે ભાવના (ભાવ) કહેવાય છે. એ ચતુર્વિધ
મનુષ્યને સ્વર્ગ અને મોક્ષના સુખો આપે છે.”

એ પ્રમાણે ઉપદેશ સાંભળતાં ધન સાર્થવાહ પરમ
ા પામ્યો, અને બોલ્યો કે—‘હે સ્વામિન્ ! એ ધર્મના
ા અને શ્રવણ વિના આટલો કાળ મેં વૃથા ગુમાવ્યો.
મારા અપૂર્વ ભાગ્યનો ઉદય થયો કે આપના વચના-
મેં પાન કર્યું. આજનો દિવસ, ઘડી અને સમયની
મારો અવતાર સફલ થયો. હે ભગવન્ ! હવે આપના
શાનુસાર ધર્મકૃત્યને હું આચરીશ અને ચપલા–વિદ્યુત્
ા આ ચંચલજીવન તથા ધનને સાર્થક કરીશ. પ્રમાદની
માંથી આપે મને જાગ્રત કર્યો. જેથી ધોળે દિવસે નજરે
છતાં પણ કષાયરૂપ તસ્કરો મારું પુણ્યરૂપ ધન લુંટી
કુતા તેથી હું સાવધાન રહીશ. મેઘની જેમ મહાત્મા-
દર્શન તો જગતને આનંદકારી જ થાય છે.’ એ રીતે
પૂર્વક વાર્ત્તાલાપ કરી સાર્થવાહ પોતાના સ્થાને ગયો.



પ્રકરણ ૨ જું.

(૨) યુગલ અને (૩) દેવભવ.

"धर्मः कल्पतरूपमः"

હવે વર્ષાકાળ સમાપ્ત થતાં ધન સાર્થવાહે ત્યાંથી પ્રયાણ કર્યું. શરદઋતુનો સમય હોવાથી સરિતાઓનું નીર, મહાત્માઓના મનની જેમ નિર્મળ થઇ ગયું હતું. શબ્દ કરતા શેલડીના વાઢ જાણે પ્રવાસીઓને આવકાર આપતા હોય તવા લાગતા હતા. સૂર્યના તાપ વખતે વચવચમાં આવતા વાદળાંઓ આતપત્રનું કામ બજાવતા હતા. ફળોથી લચી રહેલી લતાઓ પથિકોનું આતિથ્ય સાચવતી હતી. વૃક્ષો, લતાઓ, સરિતાઓ વિગેરે, પ્રવાસીઓને પગલે પગલે પરોપકારના પાઠ શીખવતા હતા. એ મહા-અટવી ઉતરતાં સાર્થવાહની રજા લઇને આચાર્ય શ્રી **ધર્મઘોષસૂરિ** અન્યત્ર વિહાર કરી ગયા, અને સાર્થવાહ કેટલાએક દીવસે વસંતપુર નગરમાં આવ્યો. ત્યાં ક્રય-વિક્રય કરતાં અગણિત દ્રવ્ય ઉપાર્જન કરીને તે પાછો ક્ષિતિપ્રતિષ્ઠિત નગરે આવ્યો. અહીં દાનાદિ ધર્મ આચરતાં પોતાના અપરિમિત દ્રવ્યને સાર્થક કરતાં અનેક દાનશાળાઓ સ્થાપી, દીન જનોના હાર્દિક આશીર્વાદો લેતાં, સાધર્મિ વાત્સલ્ય અને સંઘભક્તિ સાધતાં અને શ્રી જિન-

શાસનની પ્રભાવના વધારતાં તે પોતાનું આયુ પૂર્ણ કરી મરણ પામીને યુગલિક થયો.

મુનિદાનના પ્રભાવથી અગણિત પુણ્યયોગે ઉત્તર કુરૂ-ક્ષેત્ર કે જ્યાં સદાકાળ પહેલો એકાંત સુષમા આરો વર્ત્તે છે, એ ક્ષેત્રના યુગલીયા ત્રણ દિવસને છેડે ભોજન કરે, ત્રણ કોશ ઉંચા અને ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા હોય છે. તે બહુજ અલ્પ કષાયી, ઓછા મમત્વી અને આયુષ્યના પ્રાંતે માત્ર એકવાર યુગલ-અપત્યને જન્મ આપે છે, તેમનું પચાશ દિવસ પોષણ કરી મરણ પામીને તે અવશેષ પુણ્યને લીધે દેવગતિમા ઉત્પન્ન થાય છે. એ ક્ષેત્રમાં રેતી સ્વાભાવિકજ શર્કરા જેવી સ્વાદિષ્ટ હોય છે. ત્યાં શરદ ચાંદની સમાન ઉજ્વળ નીર અને ભૂમિકા ઘણી રમણીય હોય છે. ત્યાં દશ પ્રકારના કલ્પવૃક્ષો વિના પ્રયત્ને યુગલીયાઓને મનવાંછિત આપે છે. મદ્યાંગ કલ્પવૃક્ષો મદ્ય આપે છે. ભૃંગાંગ કલ્પવૃક્ષો પાત્ર, તુર્યાંગ કલ્પવૃક્ષો વિવિધ વાજિંત્ર, દીપશિખાંગ અને જ્યોતિષ્કાંગ કલ્પવૃક્ષો પ્રકાશ આપે છે ચિત્રાંગ કલ્પવૃક્ષો પુષ્પમાળા અને ચિત્રરસ કલ્પવૃક્ષો ભોજન આપે છે. મણ્યંગ કલ્પવૃક્ષો આભૂષણો અને ગેહાકાર કલ્પવૃક્ષો મકાન આપે છે. તથા અનગ્ન કલ્પવૃક્ષો દિવ્ય વસ્ત્રો આપે છે. એ શિવાય બીજા પણ ત્યાં કલ્પવૃક્ષો હોય છે કે જે મનવાંછિત વસ્તુ આપે છે. ત્યાં કોઇ પણ જાતનું કર્મ કર્યા સિવાય માત્ર પૂર્વે ઉપાર્જન કરેલ પુણ્યનું ફળજ ભોગવવાનુ હોય છે. તેમને અન્ય

મૃત્યુને જોઇ શકતા નથી. વિષય સમાન વિષયોથી મૂર્છા પામવાથી આત્મા પોતાના હિતમાં પ્રવૃત્ત થઇ શકતો નથી. પોતે બલવાન હોવા છતાં ધર્મમાર્ગે પોતાનું બલ ન વાપરતાં મનુષ્ય પાપના પથમાં પ્રમાદી થઇને પડી જાય છે. સંસારરૂપ સ્વયંભૂરમણ સમુદ્રમાં ગોથાં ખાતાં કીંમતી રત્ન સમાન મળેલ મનુષ્ય જન્મને મૂર્ખ પ્રાણી હારી જાય છે. માનવપણું પામ્યા છતાં ધર્માદિકમાં શ્રદ્ધા તે પ્રમાણે આચરણ વિગેરે પ્રવૃત્તિ થવી ભારે મુશ્કેલ છે. આ બધી સામગ્રી મને મળી છે, તો હવે જો ધર્મ સાધવામાં પ્રમાદ કરૂં તો મારી મૂર્ખાઇપર પાછળથી મારે પોતાનેજ પશ્ચાત્તાપ કરવાનો વખત આવે. ચિંતામણિ, કલ્પવૃક્ષ કે કામકુંભ કરતાં અધિક શ્રેષ્ઠ આ દુર્લભ દેહ પામ્યા છતાં જો તેને ધર્મસાધનથી સાર્થક ન કરૂં તો મારી બુદ્ધિ શકિત શા કામની?

ઇત્યાદિ વિચાર કરતાં શતબલ રાજાને વૈરાગ્ય ઉત્પન્ન થયો. એટલે મંત્રી સામંતાદિકને બોલાવી બધાની સંમતિથી પોતાના મહાબલકુમારને તેણે રાજ્ય ગાદીપર બેસાર્યો જો કે પિતાની સેવા તેને વધારે પ્રિય હતી, તેથી તેણે તાતની છાયામાંજ રહેવાનો વધારે આગ્રહ કર્યો. છતાં રાજાના અત્યાગ્રહ અને વૈરાગ્યના કારણથી તથા ગુરૂજનની આજ્ઞાના ભંગના ભયથી પોતે અનાસકત થઇ ઉદાસિન ભાવે રાજ્યપદ સ્વીકાર્યું. એટલે સામંતાદિક બધા શતબલ રાજાની જેમ તેની આજ્ઞાને તાબે થયા.

એ પ્રમાણે પોતાના મહાબલકુમારને રાજ્યાસને બેસારી શતબલ રાજાએ શ્રી આચાર્ય મહારાજ પાસે દીક્ષા લીધી. તેણે વિષય-કષાયના વિચારોને નિર્મૂલ કર્યા. ઉપસર્ગ કે પરીષહ સહન કરતાં તે કદી પાછા ન હઠયા અને મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ્ય ભાવનામાં મનને મસ્ત બનાવી શતબલ રાજર્ષિ તપ તપતાં ધ્યાનમાં સદા મગ્ન રહેતા. એમ નિરતિચાર ચારિત્ર પાળતાં આયુ પૂર્ણ કરીને તે દેવલોકે ગયા.

હવે અહીં મહાબલકુમાર રતિ સમાન રમણીઓનાં મધ્ય ભાગમાં રહીને મન્મથની જેમ ભોગ વિલાસ કરવા લાગ્યો. ઇદ્રની જેમ અખંડ શાસનને પૃથ્વીપર વર્ત્તાવતાં તેણે પોતાના કુળ-કીર્ત્તિને વધારે પ્રકાશિત કર્યા. કોઈવાર સંગીત વિનોદમાં તો કોઇ વાર જળક્રીડામાં, કોઈવાર અશ્વ ખેલાવવામાં તો કોઈવાર ઉદ્યાન લીલામાં, કોઈ વાર રતી રસમાં તો કોઇવાર શ્રૃંગારની વિલાસ વાર્તામાં તે એક સાક્ષાત્ શ્રૃંગ રરસ અથવા મન્મથ જેવો લાગતો રંભાથી પણ વિશેષ સુંદર એવી રમાઓના રંગમા અનંગને અંતરંગથી માન આપતો મહાબલ રાજા એક દેવની જેમ દિવસો વીતાવવા લાગ્યો.

એકદા સ્વયંબુદ્ધ, સંભિન્નમતિ, શતમતિ અને મહામતિ-એ ચાર મંત્રીના તથા અન્ય સભાસદો સહિત રાજા સભા ભરીને બેઠા હતા. તેવામાં સ્વામીના અતિ વાહ્લા, બુદ્ધિના ભંડાર તથ સમ્યગ્દષ્ટિ એવા સ્વયંબુદ્ધ મંત્રી

ચિંતવવા લાગ્યો. કે— ' અહો ! અમારાં દેખતાં અમારા સ્વામીને દુષ્ટ અશ્વોની જેમ ઇંદ્રિઓ ખેંચી જાય છે, અમે તેની ઉપેક્ષા કરીએ છીએ, માટે અમને પણ ધિક્કાર છે. વિષયાસકત સ્વામીનો જન્મ વૃથા જાય છે, તે જોતાં બહુ ખેદ થાય છે. અમ મંત્રીઓથી જો એ સન્માર્ગે નહિ આવે, તો પછી અમારામાં અને હલકા મંત્રીઓમાં તફાવત શો ? આવા પ્રસંગે ખાસ વિનંતી કરીને રાજાને હિતમાર્ગે લાવવો જોઇએ. કારણ કે રાજાઓને દોરનારા પ્રધાનોજ હોય છે. એ રીતે તેણે વિચાર કરી અંજલી જોડીને રાજાને કહ્યું કે:—

" હે સ્વામિન્ ! આ સંસારને જ્ઞાનીઓ સાગર સમાન ગણે છે. સરિતાઓના જળથી જેમ સાગર, સાગરના જળથી જેમ વડવાનલ, પ્રાણીઓથી જેમ યમ અને કાષ્ઠથી જેમ હુતાશન તૃપ્ત થતો નથી, તેમ વિષયસુખ ભોગવતાં જીવ કદિ પણ તૃપ્તિ પામી શકતો નથી. ખંજવાળવામાં આવેલ ખસની જેમ વિષય સુખ તાત્કાલિક સુખ ઉપજાવે છે, પણ પરિણામે તે દુઃખ દાયક નીવડે છે. મન્મથ એ સંકટનો સાગર, વિપત્તિની વિશાલ વાવડી અને પાપના પ્રાસાદરૂપ છે. મન્મથની મસ્તાનીમાં મુસ્તાક બનેલ પુરૂષ સદાચારની સડકનું ઉલ્લંઘન કરીને દુર્ગતિ રૂપ ઉંડા અને ભયંકર ખાડામાં પતિત થાય છે. કામરૂપ ઉંદર પુરૂષના શરીરમાં પ્રવેશ કરતાં તેના સુકૃતની ભીંતોને ખોદીને ખેદાન મેદાન કરી મૂકે છે. વિષલતા સમ વામાઓ સ્પર્શ, ઉપભોગ કે દર્શનથી પુરૂષને મૂઢમતિ બનાવી દે છે તે ખરેખર

મદનરૂપ પારધિની જાળ છે-એમ કહીએ તો ચાલે. હે રાજન્! લંપટ અને સ્વાર્થી સેવકો પોતાનો સ્વાર્થ સાધવાને સ્વામીને સ્ત્રીઓની જાળમાં, ગીત નૃત્યાદિમાં મસ્ત બનાવીને મોહિત કરે છે; પરંતુ બોરડીના સંગથી કદલી કેમ પ્રમોદ પામે? આપ પોતે શાણા અને સમજુ છો, માટે મોહજન્ય વિષયવાસના મૂકી દઇને ધર્મમાર્ગમાં પ્રવૃત્તિ કરો, લોચન વિના જેમ વદન, સુરભિ રહિત જેમ કુસુમ, નિશાકર વિનાની રજની, લાવણ્ય રહિત રૂપ, મૂર્ત્તિ વિનાનું મંદિર અને ચારિત્ર હીન જેમ યતિ શોભતો નથી, તેમ ધર્મ વિના પુરૂષ શોભા પામતો નથી. કુળવાન છતાં ધર્મ વિના પરભવે તે શ્વાન જેવા અવતારમાં ઉચ્છિષ્ટ અન્નથી સંતુષ્ટ થાય છે. ધર્મથી અનેક પ્રકારની આપાત્તિઓ દૂર થાય છે. સુરતરૂની જેમ ધર્મ મનુષ્યોના મનોવાંછિત પૂર્ણ કરે છે; દુનીયામાં એવી કોઇ શ્રેષ્ઠ વસ્તુ નથી કે જે ધર્મથી પ્રાપ્ત ન થઇ શકે. માટે હે દેવ! તમે પણ એ ધર્મનો આશ્રય લ્યો કે જેથી આ જન્મની સાર્થકતાની સાથે પરભવ પણ સુખરૂપ નીવડે. તમે અનિષ્ટ પંથે પડતા હો, તો અમ મંત્રીઓની ફરજ છે કે તમને સમજાવી, જાગ્રત કરીને સન્માર્ગે દોરવા."

એ પ્રમાણે સ્વયંબુદ્ધ મંત્રીના વચન સાંભળી અજ્ઞાનરૂપ અંધકારથી ઓતપ્રોત થયેલ અને વક્ર મતિના વેગમાં તણાતો સંભિન્નમતિ મંત્રી બોલ્યો કે—" હે સ્વયંબુદ્ધ ! ધન્ય છે આપના વાણી વિલાસને! પોતાના સ્વામીને માટે તમે

મીઠી સાકર જેવી લાગણી ધરાવો છો. ઓડકાર આવતાં જેમ આહાર પરખાય, તેમ આ તમારા વચન વિસ્તારથી અંતરનો અભિપ્રાય દીવા જેવો સાફ દેખાઇ આવે છે. સરલ સ્વભાવના સ્વામીને તો તમારા જેવા પ્રખર પ્રધાન જ કહી શકે, બીજું કોણુ કહે ? ભલા, કહો તો ખરા ! કે તમને કયા કર્કશ અધ્યાપકે અધ્યયન કરાવ્યું ? કે જેથી સમય સમજ્યા વિના સ્વામીને વૈરાગ્યની વાટિકામાં વિહાર કરાવવા માટે મંડી પડ્યા. સેવકો પોતે પોતાના ભોગને માટે સ્વામીની સેવા બજાવે અને 'તમે ભોગ ન ભોગવો' એમ સ્વામીને શીખામણુ રૂપે ઉપદેશ આપે, તે શું કહેવાય ? હે મંત્રિરાજ ! આપના વચન વિલાસથી મને અંતરમાં અત્યંત આશ્ચર્ય થાય છે. સાક્ષાત્ પ્રાપ્ત થયેલા ભોગસુખોનો ત્યાગ કરીને જે પરલોકના સુખને માટે સાધના કરે છે, તે હાથમાંની ભોગ્ય વસ્તુ છોડી દઇ કોણી ચાટવા જેવું કરે છે. 'ધર્મ આચરતાં પરભવે સુખ પ્રાપ્ત થાય' એમ કહેવું યુક્તિ વિનાનું છે. કારણકે પરલોકથી કોઇ આવીને કહેતું નથી, તેથી પરલોક જ ખરવિષાણુવત છે. ગોળ વિગેરે પદાર્થોથી જેમ માદક શક્તિ ઉત્પન્ન થતી જોવામાં આવે છે, તેમ પૃથ્વી, પાણી, તેજ અને પવનના સંબંધથી એક એવી ચેતનાશક્તિ ઉત્પન્ન થાય છે, કે જેને કેટલાક લોકો આત્માન. નામથી ઓળખાવે છે. પરંતુ જયારે આત્મા પોતે કંઇ વસ્તુજ નથી તો પછી પરલોકમાં કોણુ જવાનું હતું ? માટે તેવા ભયથી વિષયાદિ સુખોને

જલાંજલિ આપીને પોતાને પોતે છેતરવું—એ મહા મૂર્ખતા છે. ધર્મ, અધર્મની શંકા કરવા જતાં વિષયસુખમાં વિઘ્ન પડે છે. તો તેની શંકાજ શામાટે કરવી જોઇએ? જો જીવ પોતેજ ઝાંઝવાના જળ સમાન છે, તો ધર્મ, અધર્મના પુછડા કોની પાછળ લાગવાના હતા? જુઓ, એક પાષાણની પ્રતિમા બનાવીને લોકો તેને ચંદન, પુષ્પાદિકથી પૂજે છે, તેણે શું સુકૃત કર્યું? અને બીજા પાષાણપર લોકો મૂત્ર, વિષ્ટાદિ કરે છે, તેણે શું દુષ્કૃત કર્યું. પ્રાણીઓ કર્મને લીધેજ જો જન્મ મરણ પામતા હોય, તો પાણીના પરપોટા કયા કર્મથી ઉત્પન્ન થઇને નષ્ટ થાય છે? શરીર જેટલો વખત ચેષ્ટાકરતું દેખાય છે, તેટલો વખત તેનામાં ચેતન કલ્પી લે છે, તે નષ્ટ થતા ચેતનને પુનર્ભવ નથી, અને તેથી જે મરણ પામે છે, તે પુનઃ જન્મ ધારણ કરે છે—એ વચન બંધ બેસતું નથી, માત્ર બોલવાના વ્યવહાર પૂરતું જ છે. તો કુસુમ સમાન કોમળ શય્યામાં રતિ સદૃશ રમણીય રમણીઓ સાથે સ્વામી ભલે યથેચ્છાએ ભોગ વિલાસ કરે. એ સુખમાં સંશય કરાવનાર તે સ્વામીનો વૈરીજ સમજવો, ભોગ્ય અને સ્વાદિષ્ટ પદાર્થો સ્વામી યથારૂચિ ભોગવો, ચંદનાદિકનું વિલેપન કરો, ઉપવનાદિમાં વિલાસ-વિહાર અને વિવિધ વાદ્ય, સંગીતના સ્વર્ગીય સુખનો અનુભવ લ્યો. ધર્મની શંકા વિના વિષયાદિ સુખોમાં જ પોતાનું વિલાસી જીવન વ્યતીત કરો."

તેનાં આવાં વચનો સાંભળી સ્વયંબુદ્ધ મંત્રી બોલ્યો—"અહા ! નાસ્તિક નરોને ધિક્કાર છે કે જેઓ અંધની માફક લોકોને મિથ્યા સમજાવીને દુર્ગતિના ઉંડા ખાડામાં હડસેલી દે છે. સુખ-દુઃખ જેમ સ્વાનુભવથી સિદ્ધ થાય છે, તેમ આત્મા પણ જાત્યનુભવથી બરાબર સિદ્ધ થાય છે. એ સ્વાનુભવમાં કોઈ આડે આવી શકતું નથી, તેથી આત્માનો અભાવ સિદ્ધ કરવાને કોઇ સમર્થ નથી. વળી 'હું સુખી હું દુઃખી' એવો નિરાબાધ અનુભવ આત્મા સિવાય કોઈને થઈજ ન શકે. એ રીતે જ્યારે તે પોતાના શરીરમાં સિદ્ધ થાય, ત્યારે બીજાના દેહમાં પણ તે અનુમાનથી સિદ્ધ થઈ શકે છે. કારણકે ક્રિયાની પ્રવૃત્તિ સર્વત્ર બુદ્ધિપૂર્વક દેખાય છે, તેથી પર શરીરમાં પણ આત્માના અસ્તિત્વની ખાત્રી થાય છે. જે જીવ મરણ પામે છે, તે પુનર્જન્મ ધારણ કરે છે, તેથી પરલોક પણ શંકા વિના સમજી શકાય છે. પ્રાણી બાલ્યવયમાંથી તરૂણાવસ્થામાં અને તરૂણ વયમાંથી વૃદ્ધવયમાં જાય છે, તેમ આત્મા એક ભવથી બીજા ભવમાં પણ જાય છે. પૂર્વજન્મની અનુવૃત્તિ (સંસ્કૃતિ) વિના તરતનો જન્મેલો બાલક શિખવ્યા વિના સ્તનપાન કેમ કરે ? વળી દુનીયામાં કારણને યોગ્ય જ કાર્ય નિષ્પન્ન થતું દેખાય છે, તો પૂર્વે કહ્યા તે પૃથ્વી આદિ અચેતન ભૂત (પદાર્થ) થી ચેતનની ઉત્પત્તિ કેમ સંભવે ? હે સંભિન્નમતિ ! હું તને પ્રશ્ન કરૂં છું કે—એ ચેતન દરેક ભૂતથી ઉત્પન્ન થાય છે કે બધાનો સંયોગ થતાં ? જો પ્રત્યેક ભૂતથી

ચેતન ઉત્પન્ન થાય–એ પ્રથમ પક્ષ લઇએ, તો તેટલા ચેતન્ ઉપલબ્ધ થવા જોઇએ અને સમસ્ત ભૂતના સંયોગથી તે ઉત્પન્ન થાય–એ બીજો પક્ષ લઇએ. તો ભિન્ન સ્વભાવના ભૂતો થકી એકસ્વભાવી ચેતન શી રીતે ઉત્પન્ન થઇ શકે ? એ બહુ ચિંતવવા યોગ્ય છે. પૃથ્વી, રૂપ, ગંધ રસ અને સ્પર્શ ગુણયુક્ત છે, જળમાં રૂપ, સ્પર્શ અને રસ ગુણ છે. તેજમાં રૂપ અને સ્પર્શ ગુણ છે; તેમજ પવનમાં એક સ્પર્શ ગુણ છે. એ ભૂતોનો ભિન્ન ભિન્ન સ્વભાવ સહુ કોઇ સમજી શકે છે. જળથી વિસદૃશ મોતી બને છે, તેમ અચેતન ભૂતોમાંથી ચેતન ઉત્પન્ન થાય–એમ પ્રતિપાદન કરીશ, તો તે પણ અયુક્ત જ છે. કારણકે મોતીમાં પણ જળનું સ્વરૂપ દેખાઈ આવે છે અને વળી તે બંને પૌદ્ગલિક જ છે, તેથી તેમાં વિસદૃશતા શું છે ? ગોળ, પિષ્ટ અને જળાદિકથી મદશક્તિ ઉત્પન્ન થવાનું જે તેં દૃષ્ટાંત આપ્યું, પરંતુ તે મદશક્તિ પણ અચેતનજ છે, તો તે ચેતનની સાથે કેમ ઘટી શકે ? દેહ અને ચેતનની એકતા કદિ સંભવેજ નહિ કારણ કે મૃત દેહમા તેની ઉપલબ્ધિ થતી નથી. એક પાષાણનું પૂજન થાય છે અને અન્ય મૂત્રાદિકથી લિપ્ત થાય છે એ ઉદાહરણ પણ અઘટિત છે કારણકે પાષાણ પોતે જ અચેતન છે. તેને સુખ દુઃખનો અનુભવ કેવો ? માટે શરીરભિન્ન આત્મા સિદ્ધ થાય છે અને ધર્મ–અધર્મના કારણરૂપ પરભવ પણ સિદ્ધ થાય જ છે અગ્નિનો સંયોગ પામતા જેમ ફળ અંગારો

જાય, તેમ રામાઓના રંગમાં રક્ત થતાં પુરૂષનો વિવેક ગળી જાય છે. અત્યંત રસયુક્ત આહાર લેતાં માણસ ઉન્મત્ત બને છે અને તેથી તે પશુની જેમ પોતાના યોગ્ય કર્ત્તવ્યને જાણી શકતો નથી. ચંદનાદિકની સુગંધના સંસર્ગથી અનંગ મનુષ્યના અંગમાં ઓતપ્રોત થાય છે. સ્રીમાં મોહ પામતાં પુરૂષ, સન્માર્ગથી જરૂર સ્ખલના પામે છે. માટે હે સ્વામિન્! આ સંભિન્નમતિના વિચારને ગતિ ન આપતાં ધર્મમિત્રનો સત્કાર કરો. એક સેવ્ય અને એક સેવક, એક દાતા અને એક યાચક, એક વાહન અને એક તેના પર બેસનાર, એક દીન અને બીજો તવંગર—એ વિગેરે જે વિરૂપતા દેખાય છે. તેથી ધર્મ અને અધર્મનું ફળ સાક્ષાત્ જણાઇ આવે છે. તેમ છતાં જે અભવ્યની જેમ અશ્રદ્ધાથી વિષયના વેગમાં તણાઈને બીજાને તેમાં નાખવાને પોતાની કુયુક્તિઓનો કુઠાર ચલાવે તેનું ભલું થજો. હે રાજન્! આપ એવા અજ્ઞાનાંધકારમાં દોરવાઈને પોતાની સન્માર્ગની સડકથી ભ્રષ્ટ થઇ ચિંતામણિ સમાન પ્રાપ્ત થયેલ આ નરદેહને નકામો કરી ન નાખશો, ધર્મબુદ્ધિથી તેની કીંમત સમજીને સફલ કરો."

એવામાં **શતમતિ** મંત્રી બોલ્યો—'ક્ષણભંગુર પદાર્થ પ્રતિક્ષણે પલટાય છે, એ વિષયના બોધ સિવાય અન્ય કોઇ આત્મા પદાર્થ નથી, છતાં વસ્તુમાં સ્થિરતાની જે બુદ્ધિ છે, તેનું કારણ વાસનામાત્ર છે, તો પૂર્વ અને પછીના ક્ષણોને

લઇને વાસનાનું જે ઐક્ય તેજ વાસ્તવિક છે, પણ ક્ષણોનું ઐકત્ર વાસ્તવિક નથી.

એટલે સ્વયંબુદ્ધ મંત્રી બોલ્યો—કોઈપણ પદાર્થ અન્વય (પરંપરાના સંબંધ) રહિત નથી. ગાયને ઘાસ–પાણી આપતાં તે દુધરૂપે પરિણમે છે. ગગનપુષ્પ અને કુર્મરોમની માફક જગતમાં કોઇ વસ્તુ અન્વય વિનાની નથી, તેથી ક્ષણભંગુરતાની કલ્પના કરવી મિથ્યા છે. જો પદાર્થ ક્ષણભંગુર માનીએ, તો તેની સંતાનપરંપરા પણ શા માટે ક્ષણભંગુર નહિ? અને જો સંતાનમાં નિત્યતા માનીએ, તો બધા પદાર્થ ક્ષણિક કેમ સંભવે? વળી જો બધા પદાર્થો અનિત્ય સમજીએ તો મૂકેલી થાપણ પાછી માગવી, પુર્વવાતનું સ્મરણ તથા નિશાની સમજી રાખવા વિગેરેનો બોધ કેમ ઘટે? જન્મ થતાં બીજી ક્ષણે તેનો નાશ થતો હોય, તો તે પુત્ર બીજી ક્ષણે પુર્વના માબાપનો ન જ ગણાય અને પુત્રના તે માતપિતા ન મનાય. વળી વિવાહ થયા પછી બીજી ક્ષણે સ્ત્રીનો તે પતિ ન ગણાય અને પતિની તે પત્ની ન મનાય. પ્રથમ ક્ષણે ચોરી કરનાર ચોરને બદલે તેનો દંડ બીજી ક્ષણે બીજાને ભોગવવો પડે આથી કૃતનાશ અને અકૃતાગમ—એ બે મહાન દોષ આવીને ઉભા રહે છે. માટે તે અજ્ઞાનજન્ય છે.

ત્યારબાદ મહામતિ મંત્રી બોલ્યો કે—આ દુનીયામાં દેખાતી બધી માયા છે. તાત્વિક રીતે કંઈજ નથી. પદાર્થો જે

નજરે દેખાય છે. તે સ્વપ્નવત યા મૃગતૃષ્ણાવત મિથ્યા છે. ગુરુ શિષ્ય, પિતા પુત્ર, અને ધર્મ અધર્મ–ઇત્યાદિ જે જોવામાં આવે છે, તે માત્ર વ્યવહારની વ્યવસ્થા રૂપે છે, વસ્તુત્વે કંઇ નથી. માંસનો કટકો લઇ આવેલ શીયાળ માછલું પકડવાને તે કાંઠે મૂકીને પાણીમાં દોડ્યો એવામાં મત્સ્ય જળમાં દોડી ગયું અને માંસ ગીધ પક્ષી લઈ ગયું. એ રીતે જેઓ આ ભવ સંબંધી સુખોને છોડી દઈને પરભવના સુખોને માટે દોડાદોડી કરે છે, તે અતોભ્રષ્ટસ્તતો ભ્રષ્ટ: થઇને પોતાનેજ છેતરે છે. ધૂર્ત જનોના વચનથી દોરવાઇ નરકાદિકની ભીતિ પામી મૂઢ જનો વ્રતાદિ કષ્ટથી પોતાના દેહને દમે અને દંડે છે. આવી શંકાથી તે બિચારા સ્વાર્થભ્રષ્ટ થઇને ધોળે દિવસે નજરે જોયા છતાં પોતે રાજી થઇ તેવા સંકટની સડકપર ઉતરી પડે છે. અને ઇંદ્રિયદમન તથા તપાદિકથી પોતાના શરીરને હાડપિંજર બનાવી દે છે.

આ પ્રમાણે સાભળી સ્વયંબુદ્ધ મંત્રીએ કહ્યું કે—વસ્તુ જો સત્ય નથી, તો પોતાનું કૃત્ય કરનાર પોતે કેમ હોય? જો બધી માયા છે, તો સ્વપ્નમાં કરેલ ભોજનથી તૃપ્તિ કેમ થતી નથી? જો વસ્તુના કાર્ય-કારણભાવ સત્ય નથી, તો પડતા વજ્ર કે શસ્ત્રથી શા માટે ભય રાખવો જોઇએ? અને એવું હોય તો હું અને તમે તથા વાચ્ય કંઈ પણ નથી. તો પછી વ્યવહારને સૂચવનાર ઇષ્ટપ્રતિપત્તિ પણ કેવી? આ બધા વિતંડાવાદનો સાર કંઇજ નથી. હે સ્વામિન્! વિષયાભિલાષી

અને ધર્મભાવથી વિમુખ થયેલા આ લોકો તમને છેતરે છે. પણ તેવી વાગ્જાળમાં ન ફસાતાં પરલોક સંબંધી હિત સાધવાને વિષયોને વિષ સમાન ગણીને, તેનો ત્યાગ કરો અને ધર્મને અમૃત તુલ્ય સમજીને તેનો આશ્રય લ્યો.

એ રીતે મંત્રીઓના ભિન્ન ભિન્ન ભાષણો સાંભળી રાજાએ પ્રસન્નતા પુર્વક કહ્યું—હે મહામતિ સ્વયંબુદ્ધ ! તમારૂં કથન સર્વથા સુંદર છે. ધર્મનો આદર કરવાની જે તમે ભલામણ કરો છો તે યુક્ત છે. અમે કાંઈ ધર્મના વિમલ વિચારથી વિમુખ નથી; પરંતુ તે અવસર આવે આદરવા યોગ્ય છે. મિત્ર સમાન લાંબા વખતે પ્રાપ્ત થયેલા યૌવનનો યોગ્ય સત્કાર કર્યા વિના તેની ઉપેક્ષા કેમ થાય ? તમે ધર્મ આચરવાનો ઉપદેશ અવસર જોયા વિના કર્યો. ધર્મથી પરલોકે સુખ મળે, તે તો સંશયાપન્ન છે, તો સાક્ષાત્ પ્રાપ્ત થયેલા આ લોક સંબંધી વિષય સુખનો તમે કેમ અટકાવ કરો છો ?

આ રાજાનું કથન સાંભળી સ્વયંબુદ્ધ નમ્ર થઈને બોલ્યો—'હે દેવ ! ધર્મના ફળમાં સંદેહ રાખવો તે યોગ્ય નથી. આપણે બાળવયમાં એક દિવસે નંદનવનમાં ગયા હતા. તે આપને યાદ છે ? ત્યાં દિવ્ય કાંતિમાન્ એક દેવને આપણે જોયા પછી પ્રસન્ન થતા તે દેવે તમને જોઈને કહ્યું કે—'હું અતિબળ નામે તમારો પિતામહ છું. વિષ સમાન વિષયોથી વિરાગ પામી, તૃણની જેમ રાજ્યનો ત્યાગ કરીને મેં ચારિત્રનો સ્વીકાર કર્યો અને અંત્યાવસ્થામાં પણ તેવી ત્યાગ દશામાં

રહેતાં મરણ પામીને હું તે વ્રતના પ્રભાવથી લાંતકાધિપતિ દેવ થયો છું. માટે તમે પણ સંસારમાં રહેતાં કદી પ્રમાદ કરશો નહિ.' હે રાજન્! એટલું બોલતાં વિદ્યુતના ચમકારાની જેમ તે દેવ તરત અંતર્ધાન થઈ ગયો. મારા વચન પર કદાચ તમને વિશ્વાસ ન આવતો હોય તો ભલે, પણ તમારા પિતામહના બોલને યાદ કરીને તો પરલોક માનો. એ પ્રત્યક્ષ પ્રમાણ આગળ બીજા અનુમાનાદિ પ્રમાણની શી જરૂર છે ? '

ત્યારે રાજાએ કહ્યું—'હે મહામતિ ! તમે પિતામહના વચનની મને ઠીક યાદી આપી. હવે ધર્માધર્મના કારણરૂપ પરલોકની વાતને હું બરાબર માન્ય કરું છું.' રાજાનું આ આસ્તિક બુદ્ધિનું વચન સાંભળી અવકાશ મેળવીને સ્વયંબુદ્ધ મંત્રીએ કહેવાની શરૂઆત કરી કે—

"હે મહારાજ ! આપના કુળમાં પુર્વે કુરૂચંદ્ર નામે રાજા હતો. તેને કુરૂમતી નામની રાણી હતી, અને હરિશ્ચંદ્ર નામે પુત્ર હતો. એ રાજા મહા આરંભી, મહા પરિગ્રહી અનુચિત કામ કરવામાં બહાદુર તથા યમ સમાન પ્રચંડ હતો. તે જોકે દુરાચારમાં મસ્ત અને ભયકારક હતો, છતાં લાંબો વખત તેણે રાજ્ય ભોગવ્યું હતું. કારણ કે કરેલા પુણ્યનું ફળ મળ્યા વિના રહેતું નથી. લગભગ મરણ સમયે તે રાજાને નરકની વાનગી તુલ્ય ધાતુ વિપર્યયનો રોગ લાગુ પડયો. એ રોગને લીધે કુસુમ જેવી કોમળ શય્યા, તેને કંટક શય્યા સમાન થઇ પડી, રસપૂર્ણ રસવતી તેને લીંબડાના રસ જેવી

કડવી લાગતી, ચંદનાદિ સુગંધી વસ્તુઓમાં તેને દુર્ગંધ જણાતી, પ્રેમદા, પુત્ર વિગેરે શત્રુ જેવા અને મનહર ગાયનો તેને ગધેડા અને ઉંટના અવાજ સદશ કલેશકારી થઇ પડયા. એ પુણ્યની વિપરીતતાથી બધું વિપરીત થઇ જાય છે. છતાં કુરૂમતી અને હરિશ્ચંદ્ર ગુપ્તરીતે જાગ્રત રહીને તેના ઉપચાર તો કરતાજ હતા. છેવટે અગ્નિદાહ ઉત્પન્ન થતાં તે રૌદ્ર ધ્યાનથી મરણ પામ્યો. એટલે તેની મૃતક્રિયા કરીને હરિશ્ચંદ્રે ન્યાયથી રાજ્ય ચલાવવાની લગામ હાથમાં લીધી. સાક્ષાત્ પાપના ફલરૂપ પોતાના પિતાનું તેવા પ્રકારનું મરણ જોઇને તે ધર્મને વધારે માન આપવા લાગ્યો.

એકદા હરિશ્ચંદ્રે પોતાના સુબુદ્ધિ નામના શ્રાવક મિત્રને ભલામણ કરી કે—' તમે નિરંતર ધર્મી જનો પાસેથી ધર્મ શ્રવણ કરીને મને સંભળાવતા જજો. ' આથી સુબુદ્ધિ અત્યંત પ્રમોદ પામ્યો અને રાજાના કહ્યા પ્રમાણે નિરંતર ધર્મકથા સંભળાવતો એટલે રાજા તેના કહેલા ધર્મ વચન પર અધિક શ્રદ્ધા રાખતો હતો.

એક દિવસ નગરની પાસે ઉપવનમાં શીલંધર નામના મહા મુનિને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, ત્યારે દેવતાઓ તેની ભક્તિ કરવા જતા હતા. તે વૃત્તાંત સુબુદ્ધિએ હરિશ્ચંદ્રને કહેવાથી રાજા તરત અશ્વારૂઢ થઇને મુનિરાજને વંદન કરવા આવ્યો. ત્યાં દેશના સાંભળ્યા પછી રાજાએ અંજલિ જોડી કેવલી મુનિને પુછયું કે—' હે ભગવન્ ! મારા પિતા મરણ

પામીને કઈ ગતિમાં ગયા છે? મુનિએ કહ્યું—'રાજન્! તારો પિતા સાતમી નરકે ગયો છે, તેવા નિર્દય માણસને અન્ય સ્થાન ન મળે.' આથી વૈરાગ્ય પામતાં રાજાએ પુત્રને રાજ્ય સોંપીને વ્રત લીધું તથા સુબુદ્ધિએ પણ તે વખતે રાજાની સાથે ચારિત્ર ગ્રહણ કર્યું. તે બંને લાંબો વખત ચારિત્ર પાળીને મોક્ષ મંદિરે બિરાજમાન થયા.

હે રાજન્! તમારા કુળમાં બીજો એક દંડક નામે રાજા હતો, તે અત્યંત પ્રચંડ હોવાથી શત્રુઓને કૃતાંત તુલ્ય હતો, તેનો મણિમાલિ નામે પુત્ર થયો. દંડક નૃપતિ સ્ત્રી, પુત્ર, મિત્ર, રત્ન, સુવર્ણાદિની અતિશય મૂર્છા રાખતો અને પોતાના પ્રાણ કરતાં તે સર્વને અધિક માનતો. છેવટે આર્ત્તધ્યાનમાં મરણ પામીને પોતાના ભંડાર ગૃહમાં તે દુર્ધર અજગર થયો. એટલે જે કોઈ ભંડારગૃહમાં પ્રવેશ કરતું તેને તે દારૂણાત્મા ગળી જતો હતો. એકદા મણિમાલિને ત્યાં પ્રવેશ કરતો જોયો. અને પુર્વભવના સ્મરણથી—'આ મારો પુત્ર છે, એમ ઓળખીને પોતે શાંત બનીને તેને સ્નેહ બતાવવા લાગ્યો. તેથી મણિમાલિના જાણવામાં આવ્યું કે—'આ પુર્વ ભવનો મારો કોઇ સંબંધી છે.' પછી જ્ઞાની પાસેથી 'તે પોતાનો પિતા છે' એવી વાત સાંભળી, મણિમાલિએ તેની પાસે આવીને તેને જૈનધર્મ સંભળાવ્યો. તેથી તેણે સંવેગભાવ ધારણ કર્યો અને શુભ ધ્યાનમાં રહી મરણ પામીને તે દેવ થયો. તે દેવતાએ પુત્ર પ્રેમને લીધે સ્વર્ગમાંથી

આવીને મણિમાલિને એક દિવ્ય મોતીનો હાર આપ્યો હતો, તે હજી પણ તમારા વક્ષસ્થળમાં દેદીપ્યમાન છે. તમે હરિશ્ચંદ્રના વંશમાં થયા અને હું સુબુદ્ધિના વંશમાં થયો. માટે પરાપુર્વથી ચાલ્યા આવતા ક્રમ પ્રમાણે તમે ધર્મમાં પ્રવૃત્ત થાઓ. વળી અવસર વિના ધર્મ આચરવાની જે મેં તમને અરજ કરી તેનું પણ કારણ સાંભળો—નંદનવનમાં આજે બે ચારણ મુનિઓને મેં જોયા. તે જ્ઞાની મહાત્માઓને મેં તમારા આયુષ્યનું પ્રમાણ પુછયું. ત્યારે તેમણે આપનું આયુષ્ય માત્ર એક માસનું બતાવ્યું. હે દેવ ! એટલા માટે ધર્મ સાધવાની આપને ત્વરા કરાવું છું.'

ત્યારે મહાબલ રાજા બોલ્યો—'હે સ્વયંબુદ્ધ ! તમે તો ખરેખર બુદ્ધિના નિધાન છો. મારા સાચા બંધુ તમે એકજ છો કે મારા હિતની ખાતર તમે હમેશાં તત્પર રહો છો. વિષયોના વેગમાં તણાઈ જતાં અને મોહની ઘોર નિદ્રામાં ઘોરતા મને તમે જાગ્રત કર્યો. હવે તમે મને કહો કે હું શી રીતે ધર્મસાધના કરૂં ? અલ્પ આયુષ્યમાં તે ધર્મ કેટલો સધાય ? અગ્નિ લાગ્યા પછી કુવો ખોદવો શા કામનો ? આટલા અલ્પ આયુષ્યમાં તે હું શું કરી શકું ?

સ્વયંબુદ્ધ બોલ્યો—"હે રાજન ! વિષાદ ન કરો. મન દૃઢ રાખો તમે યતિધર્મનો સ્વીકાર કરો. એક દિવસ પાળેલ ચારિત્ર પણ મોક્ષસુખ આપે છે. તો સ્વર્ગને માટે તો કહેવુંજ શું ? પછી મહાબલ રાજાએ પોતાના પુત્રને રાજ્યા

સનપર બેસારી દીનજનોને દાનથી સંતુષ્ટ કરી, સ્વજનાદિકને ખમાવીને તેણે ગુરૂ મહારાજ પાસે સર્વ સાવદ્ય યોગની વિરતિરૂપ અને મુક્તિ લક્ષ્મીની સખી સમાન દીક્ષાનો સ્વીકાર કર્યો, અને તેની સાથે તે મહર્ષિએ ચાર પ્રકારના અશનાદિ આહારનું પ્રત્યાખ્યાન કરી લીધું. મહા સત્ત્વવંત મહાત્માઓ ધન્ય છે.



પ્રકરણ ૪ થું.

(૫) લલિતાંગ દેવ.

‘ પુણ્યના પડ નીચે સ્વર્ગીયલીલા સમાયેલી છે. ’

મહાબળ રાજર્ષિએ પંચ પરમેષ્ઠીના ધ્યાનની ધૂનમાં આત્મોલ્લાસને વધારતાં અને આંતરિક બળને લીધે લેશપણ શરીરે ગ્લાનિ ન પામતાં આયુષ્યના અંતે દેહત્યાગ કર્યો અને ચારિત્રના પુણ્ય-પ્રભાવથી ઇશાન દેવલોકમા **શ્રીપ્રભ** નામના વિમાનમાં લલિતાંગ નામે દેવ થયો. દિવ્ય આકૃતિ, સમચતુરસ્ર સંસ્થાન, સાત ધાતુઓથી રહિત શરીર, અત્યંત સુકુમારપણું, દિશાઓને પ્રકાશિત કરે તેવી શરીરકાંતિ, વજ્ર સમાન દેહ, ઉત્કટ ઉત્સાહ, સર્વ પ્રકારના પુણ્યના લક્ષણો, ઇચ્છાનુસાર રૂપ ધારણ કરવાની શક્તિ, અવધિજ્ઞાન અણિમાદિ આઠ સિદ્ધિની પ્રાપ્તિ, સર્વ વિજ્ઞાનમાં કુશળતા તથા અચિંત્ય

વૈભવ. આ બધા ગુણો તેનામાં ઉદ્‌ભવ પામ્યા. સર્વાંગે અદ્‌ભૂત દિવ્ય આભરણો તથા દિવ્ય વસ્ત્રો સાથે ઉત્પન્ન થતાંજ તેને યૌવન પ્રાપ્ત થયું. તે અવસરે દુદુંભિનાદ થયો અને 'જય પામો, આનંદ પામો' એમ મંગલપાઠકો ઉચેથી બોલવા લાગ્યા. આ બધો અદ્‌ભુત દેખાવ જોતાં લલિતાંગ દેવ તરત ઉઠીને વિચાર કરવા લાગ્યો—આ શું ? માયા છે કે સ્વપ્ન છે ? કે ઇદ્રજાળ છે ? આ ગીત નૃત્યાદિ મને ઉદ્દેશીને કેમં થાય છે ? આ વિનીત લોકો મને સ્વામી બનાવવાને કેમ તત્પર થઈ રહ્યા છે ? આવા આનંદના સ્થાનરૂપ રમણીય ભવનમાં હુ શી રીતે આવ્યો ? આ પ્રમાણે તે વિચાર કરતો હતો, તેવામાં પ્રતિહારે આવી, અંજલિ જોડીને વિનંતિ કરી કે—

"હે નાથ ! આપ જેવા સ્વામી મળવાથી આજે અમે ધન્ય થયા. અમ નમ્ર સેવક પર આપ દૃષ્ટિ પ્રસાદ કરો. અખુટ લક્ષ્મી અને સમસ્ત સુખપુર્ણ આ બીજો **ઇશાન** દેવલોક છે. અને આપનાથી અલંકૃત થયેલ આ **શ્રીપ્રભ** નામે વિમાન છે. આપની પરિષદને શોભાવનારા આ બધા સામાનિક દેવતાઓ છે હે સ્વામિન ! આ તેત્રીશ પુરોહિત દેવો છે, લીલા-વિલાસનાં વાર્તામાં આ કુશળ દેવતાઓ આપને આનંદ ઉપજાવશે. આ બખ્તર ધરીને તથા શસ્ત્ર સજીને ઉભા રહેલા આ આપના આત્મરક્ષક દેવો છે. આપના વિમાનનું રક્ષણ કરનારા આ લોકપાલ દેવતાઓ છે. આ ધુરંધર સેનાપતિઓ અને આ પૌર તથા દેશવાસી દેવો આપની પ્રજારૂપ છે, એ

બધા આપની નજીવી આજ્ઞા ઉઠાવવાને પણ નિરંતર તત્પર છે. આ અભિયોગિક દેવો આપના દાસરૂપે સેવા કરવાને તૈયાર છે. તેમજ આ કિલ્વીષીયા દેવો મલિન કામ કરવાને હાજર છે. આ રત્નજડિત આપના પ્રાસાદો, કનકકમળો સહિત આ રત્નની વાપિકાઓ, સુવર્ણરત્નના શિખરોયુકત આ તમારા ક્રીડા પર્વતો, પુષ્પો અને ફળોથી લચી રહેલા આ તમારા ક્રીડા ઉદ્યાનો, સુવર્ણ અને માણિક્યથી બનાવેલો આ આપનો સભામંડપ, ચામર, પંખા અને આદર્શને ધારણ કરનારી આ તમારી વારાંગનાઓ તથા સંગીત કરવામાં કુશળ આ આપનો ગંધર્વવર્ગ. ”

એ પ્રમાણે પ્રતિહારીના મુખથી સાંભળતાં લલિતાંગ દેવને અવધિજ્ઞાનથી પુર્વજન્મનું સ્મરણ થયું—‘અહો ! પુર્વે હું વિદ્યાધરોનો રાજા હતો. સ્વયંબુદ્ધ મંત્રીના ધર્મોપદેશથી પ્રતિબોધ પામતાં સંયમ સાથે મેં અનશન લીધું, તેનું મને આવું અદ્દભુત ફળ મળ્યું. અહો ! ધર્મનો મહિમા અવર્ણનીય છે ’ એમ વિચારી ત્યાંથી ઉઠી તે સિંહાસન પર બેઠો, એટલે દેવતાઓએ તેનો અભિષેક કર્યો અને ગંધર્વોએ મધુર મંગલગીત કર્યું. ત્યારબાદ લલિતાંગ દેવે શાશ્વત જિનબિંબની પૂજા તથા વિવિધ વાજિંત્રો સાથે સ્તોત્ર અને સ્તુતિ કરી ત્યાંથી જ્ઞાનદીપક પુસ્તકો તેણે વાંચ્યા અને મંડપના સ્તંભપર મુકેલા આર્હત અસ્થિનું પૂજન કર્યું. ત્યાંથી ક્રીડાભવનમાં જતાં સર્વ દેવીના લક્ષણે પુર્ણ તથા તેજમાં વીજળીના

વિપુલ તેજને વિદારનાર સ્વયંપ્રભા દેવી તેના જોવામાં આવી. એટલે દેવીએ તેને તરત ઉભા થઇને તેનો સ્નેહથી સત્કાર કર્યો. સ્નેહસમાગમથી એકબીજાના અંતર એક થઇ જવાથી તે દ્વિમૂર્ત્તિ છતાં અંતરથી એકરૂપ થઇ ગયા. પ્રેમામૃતમાં સ્નાન કરીને મસ્ત થયેલા તે બંને અવિચ્છિન્ન દિવ્ય ભોગ ભોગવવા લાગ્યા.

એવામાં સ્વયંપ્રભાદેવીનું આયુષ્ય ક્ષીણ થતાં ત્યાંથી ચ્યવી અન્ય લોકમાં તેણે પ્રયાણ કર્યું. એટલે દેવીના વિરહથી તે જાણે શસ્ત્રથી ઘાયલ થયો હોય તેમ મૂર્છા પામ્યો. પછી સાવધાન થતાં તેણે વિલાપ કરીને પ્રતિધ્વનિને લીધે સમસ્ત વિમાનને વિલાપમય બનાવી દીધું. ઉપવન, પર્વત કે નંદનવનમાં તે ક્યાંય શાંતિ ન પામ્યો. પગલે પગલે તે પ્રિયાના નામને પોકારવા લાગ્યો. અને અનુરાગના અંધાપાથી તે સર્વત્ર અંધકાર જોવા લાગ્યો.

હવે અહીં પોતાના સ્વામીના મરણથી સ્વયંબુદ્ધ મંત્રીને વૈરાગ્ય ઉત્પન્ન થયો, તેથી તેણે શ્રી સિદ્ધાચાર્ય સૂરિની પાસે ચારિત્ર લીધું અને લાંબો વખત નિરતિચારપણે વ્રત પાળી મરણ પામીને તે ઇશાન દેવલોકમાં ઇંદ્રનો દૃઢધર્મા નામે સામાનિક દેવ થયો. એટલે પૂર્વના સ્નેહને લીધે તે આવીને દેવીના વિરહથી વ્યાકુલ થયેલા લલિતાંગને આશ્વાસન આપવા લાગ્યો—'હે મહાનુભાવ! એક સ્ત્રીમાત્રના વિયોગથી તમે આટલા બધા હતાશ કેમ બની ગયા છો?

વળી મનુષ્યો પણ ક્યાં દુઃખ દાવાનળથી વેગળા છે? કેટલાક જન્મથી અંધ, બ્હેરા, પાંગળા અને કોઢીઆ હોય છે, ચોર અને પરસ્ત્રીગામી માણસો અનેક વિડંબના પામે છે. કેટલાક વિવિધ વ્યાધિઓથી ઘેરાતાં તેમના સામે તેમના પુત્રો પણ જોતા નથી, કેટલાક બોજા ઉપાડે છે, અપમાન કે તર્જના સહન કરે છે અને ભૂખ, તરસના દુઃખથી પીડાય છે.

હે ભદ્રે! દેવો પણ ક્યાં દુઃખથી બચી શકયા છે? પોતાના સ્વામીને તાબે રહેલા દેવતાઓ અનેક રીતે સંતાપ પામે છે. આ ચતુર્ગતિરૂપ સંસાર દુઃખથી ભરપૂર છે, માત્ર એક જિનધર્મના આલંબન સિવાય એ દુઃખમાંથી બચવાનો અન્ય માર્ગ નથી. માટે હિંસા ન કરવી, અસત્ય ન બોલવું, કોઈનું અદત્ત ન લેવું, અબ્રહ્મ સેવન ન કરવું અને પરિગ્રહમાં મૂર્છા ન રાખવી. એ રીતે ધર્મમાર્ગે ચાલવાથી મનવાંછિત સુખ પ્રાપ્ત થાય છે.”

એ રીતે કેવળીના મુખથી સંસારના દુઃખનું વર્ણન અને ધર્મ સાંભળીને નિર્નામિકા વૈરાગ્ય પામી, તેની કર્મગાંઠ ભેદાઈ જવાથી મુનિરાજ પાસે તેણે સમ્યક્ત્વ પૂર્વક અહિંસાદિક પાંચ અણુવ્રત અંગીકાર કર્યા. પછી મુનિને વંદન કરી કાષ્ઠભાર લઈ, અંતરમાં પ્રમોદ પામતી તે પોતાના ઘરે આવી. ત્યારથી તે બાળા, યુગંધર મુનિના વચનને વારંવાર સંભારીને વિવિધ તપ કરવા લાગી. તે યૌવન પામી, છતાં તેને કોઇ પરણ્યું નહિ. કડવા તુંબડી પાકી જતાં પણ તેનું

ભક્ષણ કોણ કરે ? હે લલિતાંગ ! તે બાળા, અત્યારે વિશેષ વૈરાગ્યને લીધે શ્રીયુગંધર મુનિ પાસે અનશનવ્રત ગ્રહણ કરી રહી છે. માટે તમે ત્યાં જઇને તેને દર્શન આપો, એટલે તમારામાં આસક્ત થતાં તે મરણ પામીને તમારી દેવી થશે. છેવટે મતિ તેવી ગતિ થાય." આ પ્રમાણે મિત્રદેવના કહેવાથી લલિતાંગ દેવે તેમ કર્યું અને તેથી તે તેનાપર અનુરાગવતી થઈને મરણ પામતાં સ્વયંપ્રભા દેવી થઈ. એટલે લલિતાંગ દેવ તેની સાથે અધિકાધિક ક્રીડા કરવા લાગ્યો.

હવે કેટલાક કાલ પછી લલિતાંગ દેવને ચ્યવવાના ચિન્હો જણાયાં. ત્યારે રત્નાભરણો ઝાંખા થવા લાગ્યા. માળાઓ મ્લાન અને દીવ્ય વસ્ત્રો મલીન થવા લાગ્યા. જો કે તે અદીન અને નિદ્રારહિત હતો, છતાં અંતસમય પાસે આવતાં તે દીન અને નિદ્રિત થવા લાગ્યો. તેના સંધિબંધ શિથિલ થવા લાગ્યા, અંગોપાંગના સાંધાઓ ભગ્ન થવા લાગ્યા, દષ્ટિ નિસ્તેજ અને બધા અંગો કંપવા લાગ્યા. આથી તે ઉદ્યાન, સરિતા, પર્વત કે અન્ય ક્રીડાસ્થાનમાં ક્યાં પણ આનંદ ન પામ્યો. આથી સ્વયંપ્રભાએ તેને કહ્યું કે—'હે સ્વામિન્ ! મારાથી શું કંઇ અપરાધ થયો છે કે જેથી આપ આવા ઉદાસ બની ગયા છો ?' લલિતાંગ બોલ્યો —'પ્રિયતમા ! તેં કંઇપણ અપરાધ કર્યો નથી. અપરાધ તો મારો પોતાનો છે કે પૂર્વ ભવમાં મેં સુકૃતનો સંચય બહુજ ઓછો કર્યો. પૂર્વે હું વિદ્યાધર રાજા હતો, ત્યારે હું

ભોગાસક્ત અને ધર્મવિમુખ હતો. મારા ભાગ્યયોગે અલ્પ આયુષ્ય રહેતાં સ્વયંબુદ્ધ મંત્રીએ મને જિનધર્મનો બોધ આપ્યો. તેનો સ્વીકાર કરી અલ્પકાળ ધર્માચરણ કર્યું. તેના પ્રભાવથી હું શ્રીપ્રભ વિમાનનો સ્વામી થયો છું. પણ હવે અહીંથી હું ચવવાનો છું તેથી મને અત્યંત સંતાપ થાય છે. એમ તે કહેતો હતો, તેવામાં ઇંદ્રની આજ્ઞાથી કોઈ **દૃઢધર્મ** નામે દેવ ત્યાં આવીને બોલ્યો—'આજે ઇંદ્ર મહારાજ નંદીશ્વરાદિક દ્વીપમાંની જિનપ્રતિમાઓની પૂજા કરવા જવાના છે, માટે તમે પણ ચાલો, એવી તેની આજ્ઞા છે.' આથી તે અત્યંત પ્રમોદ પામીને પોતાને ધન્ય માનવા લાગ્યો. 'અહો! ઇંદ્રનો આદેશ દૈવયોગે અવસરને અનુકૂલજ થયો. એમ હર્ષથી રોમાંચિત અનુભવતો લલિતાંગ દેવ દેવી સહિત ત્યાં ગયો અને નંદીશ્વર દ્વીપમાં શાશ્વત જિનપ્રતિમાઓની તેણે અત્યંત ઉલ્લાસથી પૂજા, ભક્તિ કરી. તે વખતે ભક્તિના આવેશથી તે ચવન સમય પણ ભૂલી ગયો. ત્યાંથી તે અન્ય તીર્થો ભણી જતો હતો, તેવામાં આયુષ્ય સમાપ્ત થવાથી તેલ વિનાના દીપકની જેમ ચવી ગયો. એક મહાનુભાવે કહ્યું છે કે:—

"કોટિ પ્રયત્નો કરો ભલે પણ કાળ ન મૂકે કોઇને"



પ્રકરણ ૫ મું.

(૬) વજ્રજંઘ (૭) યુગલ અને (૮) દેવભવ.

જંબુદ્વીપના પૂર્વ વિદેહમાં સીતા નદીના ઉત્તર તટપર પુષ્કલાવતી નામના વિજયમાં લોહાર્ગલ નામના નગરમાં સુવર્ણજંઘ નામે રાજા હતો, તેને લક્ષ્મી નામની રાણી હતી. લલિતાંગ દેવનો જીવ, તેણીના ઉદરે પુત્રપણે ઉત્પન્ન થયો. માતપિતાએ અતિ આનંદ–ઓચ્છવ સાથે તેનું વજ્રજંઘ એવું નામ રાખ્યું.

હવે અહીં લલિતાંગ દેવના વિયોગથી સંતપ્ત થતી સ્વયંપ્રભા દેવી પણ કેટલાક કાળ પછી ત્યાંથી ચવીને તેજ વિજયમાં પુંડરિકિણી નગરીના વજ્રસેન રાજાની ગુણવતી નામની રાણીના ઉદરે પુત્રીપણે ઉત્પન્ન થઇ. તે બહુજ રમણીય હોવાથી માતપિતાએ તેનું શ્રીમતી એવું નામ પાડયું. સર્વાંગે લાવણ્યથી પ્રદિપ્ત કાંતિવાળી તે કોમલાંગી બાળા યૌવનવતી થઇ. એકદા પોતાના સર્વતોભદ્ર પ્રાસાદ ઉપર તે ફરતી હતી તે વખતે મનોરમ ઉદ્યાનમાં કોઇ મુનિને કેવલજ્ઞાન ઉત્પન્ન થતાં તેનો મહોત્સવ કરવાને જતા દેવો શ્રીમતીના જોવામાં આવ્યા. તેમને જોતાં 'પૂર્વે મેં આવું ક્યાંક જોયું છે.' એમ ઉહાપોહ કરતાં તેને પૂર્વજન્મનું સ્મરણ થયું અને તત્કાલ તે મૂર્છા પામીને ધરણીપર ઢળી પડી. એટલે સખી

ઓએ કરેલા ચંદનાદિકના ઉપચારથી સાવધાન થતાં તે ચિંતવવા લાગી કે—‘ પૂર્વે લલિતાંગ દેવ મારો સ્વામી હતો. સ્વર્ગથી ચવીને તે હાલ ક્યાં અવતરેલ છે, તે હું સમજી શકતી નથી, તેજ મારા મનોમંદિરના દેવ છે. એ પ્રિયતમ જો ન મળે, તો બીજાની સાથે વાર્તાલાપ કરવાથી પણ શું ?’ એમ ચિંતવીને શ્રીમતીએ મૌન ધારણ કરી લીધું. આથી તેની સાહેલીઓને દૈવદોષની શંકા પડવાથી અનેક મંત્ર, તંત્રાદિક ઉપચાર કરાવ્યા, છતાં તેણે મૌન તો નજ છોડયું. કારણ કે અન્ય વ્યાધિને અન્ય ઓષધોપચાર કામ ન લાગે: જ્યારે કામ પડતું, ત્યારે તે અક્ષર લખીને અથવા તો હસ્તાદિની સંજ્ઞાથી ઇસારત કરતી હતી.

એક દિવસે પોતાના ક્રીડા કરવાના ઉપવનમાં જતાં એકાંત જોઇને શ્રીમતીને પંડિતા નામની ધાવ માતાએ કહ્યું કે—‘ હે રાજસુતા! તું મને પ્રાણ સમાન વ્હાલી છે, હું તારી જનેતા છું, તેથી આપણને આપસમાં અવિશ્વાસ લાવવાનું કાંઈ પ્રયોજન નથી. માટે હે પુત્રી ! તેં મૌન શામાટે ધારણ કર્યું છે ! તે મને કહે. તારા એ દુ:ખમાં મને ભાગીયણ બનાવીને તારું દુ:ખ ઓછું કર. તારૂં દુ:ખ જાણવામાં આવતાં તેને ટાળવાનો હું જરૂર પ્રયત્ન કરીશ. રોગ જાણવામાં ન આવે, તો ચિકિત્સા કેમ થાય !’ એટલે શ્રીમતીએ પોતાનો પૂર્વભવનો બધો વૃત્તાંત પંડિતાને નિવેદન કર્યો. ત્યારે તે બધો વૃત્તાંત એક પટપર આલેખી તે પંડિતા પટ લઇને બહાર

ચાલી. તે વખતે વજ્રસેન ચક્રવર્તીની વર્ષગાંઠ હોવાથી ઘણા રાજાઓ અને રાજકુમારો ત્યાં આવેલ હતા. તેથી તે પટ પ્રગટ કરીને પંડિતા રાજરસ્તાપર ઉભી રહી. ત્યારે કેટલાક શાસ્ત્રજ્ઞ જનો, નંદીશ્વરદ્વીપ ચિત્રમાં જોઈને સ્તુતિ કરતા, કેટલાક શ્રદ્ધાથી પોતાનું મસ્તક કંપાવતા તેમાંના જિનબિંબોનું વર્ણન કરતા, વિજ્ઞાન ચતુર લોકો તેના કૌશલ્ય અને રેખાશુદ્ધિની પ્રશંસા કરતા, કેટલાક રક્ત, પીત, શ્યામાદિ રંગોની પૂરવણી માટે વખાણ કરવા લાગ્યા. એવામાં દુર્દર્શન રાજાનો દુર્દાંત નામે કુમાર ત્યાં આવ્યો અને ક્ષણભર તે પટ જોતાં કપટમૂર્છાથી ધરણીપર ઢળી પડ્યો. પછી સાવધાન થતાં લોકોએ તેને મૂર્છા આવવાનું કારણ પૂછ્યું, ત્યારે કપટ નાટક રચીને તે પોતાનો વૃત્તાંત કહેવા લાગ્યો—' આ પટપર મારા પૂર્વજન્મનું ચિત્ર કોઈએ આળેખ્યું છે. તે જોતા મને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું છે. જુઓ, આ હું લલિતાંગ દેવ છું, આ સ્વયંપ્રભા મારી દેવી છે.' એમ તેમાં આળેખ્યા પ્રમાણે તેણે કહી બતાવ્યું. પછી પંડિતાએ મુનિનું નામ પૂછતા, તેણે કહ્યું કે—' મુનિનું નામ મને યાદ નથી. ત્યારે ફરી તેણીએ પૂછ્યું કે—' મંત્રીઓથી પરિવૃત્ત આ રાજા અને આ તપસ્વિની કોણ છે?' તે બોલ્યો-' તેમના નામ હું જાણતો નથી. ' આથી પંડિતાએ તેને માયાવી જાણી લીધો. એટલે મશ્કરી કરતા તેણે કહ્યું —' હે વત્સ! તારા કહેવા ઉપરથી લાગે છે કે—આ તારૂં પૂર્વજન્મનું ચરિત્ર છે. તું લલિતાંગ દેવનો જીવ છે અને તારી સ્વયંપ્રભા દેવી

અત્યારે નંદી ગામમાં કર્મયોગે પંગુ થઇને અવતરી છે. તેણીને જાતિસ્મરણ થવાથી આ પટપર પોતાનું ચરિત્ર આળેખીને ધાતકીખંડમાં હું જવાની હોવાથી તેણીએ મને આપ્યું છે. તેની દયાની ખાતર મેં તને શોધી કહાડ્યો છે. તો હવે મારી સાથે આવ, હું તને ધાતકીખંડમાં તેની આગળ લઇ જાઉં. તારા વિયોગથી તે બિચારી બહુ દુઃખી થાય છે. માટે ત્યાં આવીને પૂર્વભવની તારી પ્રિયતમાને પ્રમુદિત કર.' એટલું કહીને પંડિતાએ મૌન ધર્યું, એટલે તેની સમાન વયના મિત્રોએ હાસ્ય કરતાં કહ્યું કે—'હે મિત્ર! તમારા ભાગ્યનો ઉદય થયો કે સ્ત્રી રત્નનો તમને લાભ થયો. માટે જાઓ, તે પંગુ પ્રેમદાનો કર ગ્રહણ કરીને તેનું પોષણ કરો.' મિત્રોની આ મશ્કરીથી તે વિલક્ષ થઇને ચાલ્યો ગયો, કેટલાક વખત પછી લોહાર્ગલપુરનો વજ્રજંઘ કુમાર ત્યાં આવ્યો, અને ચિત્રમાંનું સ્વરૂપ જોઇને મૂર્છા પામ્યો. એટલે પવન અને જળસિંચન કરતાં તે સાવધાન થયો, એવામાં તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. ત્યારે પંડિતાએ પૂછયું—'હે કુમાર! આ પટ-ચિત્રને જોતાં તમને કેમ મૂર્છા આવી!' વજ્રજંઘ બોલ્યો—'મારા પૂર્વજન્મનો વૃત્તાંત આ પટમાં આળેખેલ છે, તેને જોતાં મને મૂર્છા આવી. 'આ ઇશાન દેવલોક છે, તેમાં આ શ્રીપ્રભ વિમાન છે, આ હું લલિતાંગ દેવ અને આ સ્વયંપ્રભા મારી દેવી છે. ધાતકીખંડના નંદી ગામમાં એક દરિદ્રની આ નિર્નામિકા નામે પુત્રી

છે. તે આ અંબર તિલક પર્વતપર આવેલ છે અને આ યુગંધર મુનિની પાસે તેણે અનશનવ્રત લીધેલ છે. તેને મરણમાં આસક્ત કરવાને હું અહીં તેને મારૂં સ્વરૂપ બતાવવા આવેલ છું. તેથી એ મરણ પામીને આ સ્વયંપ્રભા નામે મારી દેવી થઈ છે. અહીં નંદીશ્વર દ્વીપમાં હું જિનબિંબોનું પૂજન કરૂં છું અને ત્યાંથી અન્ય તીર્થોમાં જતાં અહીં હું ચવી ગયો છું. આ બિચારી રાંક સ્વયંપ્રભા અહીં આવી હોય એમ લાગે છે. તે પૂર્વજન્મની મારી પ્રિયતમા છે. જાતિસ્મરણથી તેણીએ આ આળેખ્યું હોય એમ જણાય છે. અનુભવ વિના બીજું કોઈ આવું જાણી શકે નહિ. એ રીતે તેણે અંગુલીવતી બધા સ્થાન બતાવ્યા એટલે પંડિતા—'તમારૂં કહેવું સત્ય છે' એમ કહીને શ્રીમતી પાસે આવી, અને તેણે બધો વૃત્તાંત શ્રીમતીને કહી સંભળાવ્યો. તે સાંભળતાં રોમાંચિત અનુભવતાં શ્રીમતીએ તે પંડિતાના મુખથી પોતાના પિતાને વિનતી કરી. કારણકે કુલીનકન્યાઓ કાંઈ સ્વતંત્ર થઈ વર્તતી નથી. પંડિતાના મુખથી તે વાત સાંભળીને વજ્રસેન રાજા અત્યંત આનંદ પામ્યો પછી વજ્રજંઘ કુમારને તરત બોલાવીને તેણે કહ્યુ કે—'મારી શ્રીમતી સુતા પૂર્વભવની જેમ આ ભવમાં પણ તારી પત્ની થાઓ' આ વાત વજ્રજંઘે કબૂલ કરી એટલે વજ્રસેન ચક્રવર્તીએ પોતાની પુત્રી શ્રીમતીનું તેની સાથે પાણિગ્રહણ કરાવ્યું. પછી દિવ્ય વસ્ત્રથી દીપતા તે દંપતી રાજાની અનુજ્ઞા લઈ લોહાર્ગલ પુરે આવ્યા. ત્યાં પુત્રને

કરી અને દેશના પછી અન્ન, પાણી તથા વસ્ત્રાદિ ઉપકરણોથી તેમને પડિલાભ્યા. તે વખતે રાજાએ વિચાર કર્યો કે—'અહો! નિષ્કષાય અને નિર્મમ આ બંને પરિગ્રહ રહિત મહાત્માઓને ધન્ય છે. હું સંસારની વાસનામાં સપડાયેલો હોવાથી હતભાગી છું. હજી પણ વ્રત ગ્રહણ કરવું મારે ઉચિત છે. માટે હવે નગરમાં જઈ પુત્રને રાજ્ય સોંપીને હું પિતાના માર્ગે (સંયમ)નો આશ્રય લઈશ.' એમ મનમાં ભાવના રાખતો અને તે સંબંધમાં શ્રીમતી સાથે વિવાદ કરતો તે રાજા પોતાના નગરમાં આવે તે પહેલાં રાજ્યના લોભને લીધે તેના પુત્રે ધનથી પ્રધાનોને ભેદી નાખ્યા હતા. હવે પ્રભાતે પુત્રને રાજ્ય આપીને દીક્ષા લેવાની ભાવનાથી રાત્રે રાજા અને શ્રીમતી સુઈ ગયા. તે વખતે અધમ રાજકુમારે તેમને મારી નાખવાને વિષધૂપ કર્યો એટલે વિષધૂપના ધુમાડા નાસિકાદ્વારા ઉદરમાં જવાથી રાજા રાણી તત્કાળ મરણને શરણ થયા. શુભ ભાવના પ્રભાવથી ઉત્તર કુરુક્ષેત્રમાં તે બંને યુગલીયા થયા. એક વિચા-રમ. મરનારની એક સરખી ગતિ થાય. ત્યાં તે ક્ષેત્રને યોગ્ય આયુષ્ય તથા સુખ ભોગવી, મરણ પામીને સૌધર્મ દેવલોકે તે બંને મિત્ર દેવતા થયા. ત્યાં પુણ્યના ફળરૂપ દિવ્ય ભોગ-સુખ ભોગવવા લાગ્યા.

'પુણ્યના પ્રભાવથી સમસ્ત સુખ-સામગ્રી સન્મુખ આવીને હાજર થાય છે.'

પ્રકરણ ૬ ઠું.

(૯) જીવાનંદ તથા (૧૦) દેવભવ.

જંબુદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં ક્ષિતિપ્રતિષ્ઠિત નામે નગર છે, ત્યાં સુવિધિ નામે એક વૈદ્ય હતો. વજ્રજંઘનો જીવ સૌધર્મ દેવલોકથી ચવીને તે વૈદ્યના ઘરે જીવાનંદ નામે પુત્ર પણે ઉત્પન્ન થયો. આ અરસામાં તેજ નગરમા ઇશાનચંદ્ર રાજાની કનકવતી રાણીથી એક મહીધર નામે પુત્ર થયો, બીજો સુનાસીર નામે મંત્રીની લક્ષ્મી સ્ત્રીથી સુબુદ્ધિ નામે પુત્ર થયો, ત્રીજો સાગરદત્ત સાર્થવાહની અભયમતી સ્ત્રીથી પૂર્ણભદ્ર નામે પુત્ર થયો અને ચોથો ધનશ્રેષ્ઠીની શીલવતી સ્ત્રીથી ગુણાકર નામે પુત્ર થયો. તેમજ શ્રીમતીનો જીવ પણ દેવલોકથી ચવીને તેજ નગરમા ઈશ્વરદત્ત શેઠનો કેશવ નામે

તેવામાં ત્યાં કોઈ મુનિ વહોરવાને આવ્યા. તે, પૃથ્વીપાલ રાજાના ગુણાકર નામે પુત્ર હતા. વૈરાગ્યના રંગથી તેણે તૃણની જેમ રાજ્યનો ત્યાગ કરીને સંયમનો સ્વીકાર કર્યો હતો. વિશેષ તપ કરવાથી તે શરીરે કૃશ (દુર્બળ) થઈ ગયા હતા. તેમજ અકાળે અપથ્ય આહાર કરવાને લીધે કૃમિકુષ્ટનો વ્યાધિ લાગુ પડ્યો હતો. વ્યાધિથી વેદના અનુભવવા છતાં તે મહાત્માએ કોઈવાર દવાની યાચના કરી ન હતી. કારણ કે મહાત્માઓને શરીરપર મોહ હોતો નથી તે મુનિને જોતાં મહીધરકુમારે કંઈક મશ્કરી કરતાં જીવાનંદને કહ્યું—' તમે રોગનું જ્ઞાન ધરાવો છો, ઔષધની કળા જાણો છો અને ચિકિત્સા કરવામાં તો કુશળ છો; છતાં માત્ર એક દયાભાવ રહિત હોવાથી લક્ષ્મી વિના તમે કોઈની સામે પણ જોતા નથી. વિવેકી જનો એકાંત ધનલુબ્ધ થતા નથી, પણ વખત આવે તેઓ ધર્મ સમજીને ચિકિત્સા પણ કરે છે. વૈદ્યવિદ્યાની એ તમારી કુશળતાને પણ ધિક્કાર થાઓ કે અત્યારે આવા રોગથી પીડાતા મુનિની પણ તમે ઉપેક્ષા કરી રહ્યા છો.'

આ પ્રમાણે સાંભળી જીવાનંદે તુરત કહ્યું કે—' આ અવસરે તમે મને ઠીક ચેતવ્યો. દુનીયામાં ઘણું કરીને દ્વેષરહિત વિપ્ર, ઈર્ષ્યારહિત મિત્ર, અવંચક વણિક, ગર્વહીન ગુણી, ચાપલ્યરહિત ચતુરા, ધનવંત વિદ્વાન અને સચ્ચરિત્ર રાજકુમાર મળવા દુર્લભ છે. એ મહાત્મા અત્યારે જરૂર ચિકિત્સા કરવા યોગ્ય છે, પરંતુ હાલમાં મારી પાસે ઔષધ

પ્રકરણ ૬ ઠું.

(૯) જીવાનંદ તથા (૧૦) દેવભવ.

જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં **ક્ષિતિપ્રતિષ્ઠિત** નામે નગર છે, ત્યાં **સુવિધિ** નામે એક વૈદ્ય હતો. વજ્રજંઘનો જીવ સૌધર્મ દેવલોકથી ચવીને તે વૈદ્યના ઘરે **જીવાનંદ** નામે પુત્ર પણે ઉત્પન્ન થયો. આ અરસામાં તેજ નગરમાં ઇશાનચંદ્ર રાજાની **કનકવતી** રાણીથી એક **મહીધર** નામે પુત્ર થયો, બીજો **સુનાસીર** નામે મંત્રીની લક્ષ્મી સ્ત્રીથી **સુબુદ્ધિ** નામે પુત્ર થયો, ત્રીજો **સાગરદત્ત** સાર્થવાહની **અભયમતી** સ્ત્રીથી **પૂર્ણભદ્ર** નામે પુત્ર થયો અને ચોથો **ધનશ્રેષ્ઠીની શીલવતી** સ્ત્રીથી **ગુણાકર** નામે પુત્ર થયો. તેમજ શ્રીમતીનો જીવ પણ દેવલોકથી ચવીને તેજ નગરમાં **ઈશ્વરદત્ત** શેઠનો **કેશવ** નામે પુત્ર થયો. જેમ લતા વૃક્ષની જેમ તે બધા વધવા લાગ્યા અને બધા સાથે રહીનેજ કળાઓ શીખવા લાગ્યા. પાંચ ઇંદ્રિયો અને છઠ્ઠું મન. જેમ તેઓની વચ્ચે [illegible]

આપના ધર્મકૃત્યમાં વિઘ્ન કરીશું. તો આજ્ઞા આપીને એ પુણ્યને માટે અમારા પર કૃપાદૃષ્ટિ કરો.' ત્યારે ચિકિત્સા કરવાની મુનિએ અનુજ્ઞા આપી, એટલે તેઓ તાજું ગોશબ લાવ્યા. સુવૈદ્યો વિપરીત ચિકિત્સા ન કરે. પછી તેમણે મુનિના દરેક અંગે તે લક્ષપાક તેલવતી મર્દન કર્યું, એટલે તે નસે નસમાં વ્યાપી ગયું. તે વખતે તેલની સખ્ત ઉષ્ણતાથી મહાત્મા અચેત થઈ ગયા. એવામાં કૃમિઓ તરત જ શરીરની બહાર નીકળ્યા, ત્યારે જીવાનંદે મુનિને રત્નકંબળથી આચ્છાદિત કર્યા. તેમાં વધારે શીતલતા હોવાથી કૃમિઓ બધા ઢુપાઈ ગયા. એટલે કંબળને ધીમેથી લઈ તે બધા કૃમિઓ ગાયના કલેવરમાં નાખ્યા. સત્પુરૂષોને સર્વત્ર દયા સરખી હોય. પછી જીવાનંદે બાવનાચંદનના વિલેપનથી મહાત્માને સ્વસ્થ કર્યા. પ્રથમ ત્વચામાંથી કૃમિ નીકળ્યા એટલે તેમણે ફરીવાર તેલનું મર્દન કર્યું, તેથી માંસમાં રહેલા કૃમિ બહાર નીકળ્યા, તેમને પણ પ્રથમની જેમ રત્નકંબળથી લઈને ગાયના કલેવરમાં નાખ્યા અને મુનિને બાવનાચંદનના લેપથી શાંત કર્યા. પછી ત્રીજીવાર અભ્યંગ કરતાં અસ્થિ (હાડ) માં રહેલા કૃમિ બહાર આવ્યા. તેમને પણ પ્રથમની જેમ રત્નકંબળમાં લઈને ગાયના કલેવરમાં નાખ્યા. અને અત્યંત ભક્તિથી તેમણે મુનિને બાવનાચંદનથી વિલેપન કર્યું. આથી મુનિ બિલકુલ નિરોગી અને સ્વસ્થ થયા, તેમણે મહાત્માને ખમાવ્યા ત્યારપછી તે મહામુનિ અન્યત્ર વિહાર કરી ગયા. કારણ કે મહામુનિઓ એક સ્થાને લાંબો વખત રહેતા નથી.

હવે અવશિષ્ટ રહેલા બાવનાચંદન અને રત્નકંબળને વેચીને તેમણે સુવર્ણ લીધું, તેમાં પોતાનું કનક મેળવીને એક ઉન્નત જિન મંદિર કરાવી તેમાં જિન પ્રતિમાની સ્થાપના કરી. એ રીતે જિનભક્તિ અને ગુરૂભક્તિ કરતાં તેમણે ઘણો કાળ વ્યતીત કર્યો.

એક વખતે તેમને ઉત્કટ વૈરાગ્ય પ્રાપ્ત થતાં તે છએ મિત્રોએ શ્રી ગુરૂની પાસે દીક્ષા સ્વીકારી. પછી એક સ્થાને સ્થિતિ ન કરતાં તેઓ ગામ, નગર અને વનમાં વિચરવા લાગ્યા. છઠ્ઠ, અઠ્ઠમાદિ તપથી તેઓ પ્રતિદિન પોતાના ચારિત્ર રત્નને વધારે પ્રદીપ્ત કરવા લાગ્યા. માત્ર પ્રાણ ધારણ કરવાના હેતુથીજ તેઓ પારણાના દિવસે માધુકરી–ભિક્ષા લઈને નિર્વાહ કરતા. ધૈર્ય ધારણ કરીને ક્ષુધા, તૃષા, આતપાદિ પરિષહો સહતા તથા ક્ષમાદિ શસ્ત્રોથી કષાયરૂપ શત્રુઓનો જય કરવા લાગ્યા. છેવટે અનશનવ્રત આદરી, સમાધિપૂર્વક પંચપરમેષ્ઠીના ધ્યાનમાં તેમણે પોતાનો દેહ છોડ્યો અને તે છએ મહાત્માઓ ત્યાંથી અચ્યુત દેવલોકમાં ઉત્કૃષ્ટ તપના પ્રભાવથી બાવીશ સાગરોપમના આયુષ્યવાળા ઈંદ્રના સામાનિક દેવતા થયા.

પ્રકરણ ૭ મું.

(૧૧) વજ્રનાભ ચક્રવર્તી તથા (૧૨) દેવભવ.

જંબુદ્વીપના પૂર્વ વિદેહમાં પુષ્કલાવતી વિજયમાં પુંડરીકિણી નામે નગરી છે. ત્યાં વજ્રસેન નામે રાજા હતો. તેને ધારિણી નામે રાણી હતી. જીવાનંદનો જીવ બારમા દેવલોકથી ચવીને ચઉદ સ્વપ્નથી સૂચિત ધારિણીના ઉદરે વજ્રનાભ નામે પ્રથમ પુત્ર થયો. રાજપુત્રનો જીવ બીજો બાહુ નામે પુત્ર થયો મંત્રિપુત્રનો જીવ ત્રીજો સુબાહુ નામે પુત્ર થયો. શ્રેષ્ઠિસુતનો જીવ પીઠ અને સાર્થવાહપુત્રનો જીવ મહાપીઠ થયો. તથા કેશવનો જીવ સુયશા નામે અન્ય રાજપુત્ર થયો. તે બાલ્યાવસ્થાથીજ વજ્રનાભનો આશ્રિત થઈને રહ્યો. પૂર્વભવનો સ્નેહ, મનુષ્યોને પરસ્પર સંબંધમાં જોડે છે. તે છએ રાજકુમારો સ્નેહનાં પ્રતિસ્પર્ધી થઈને વૃદ્ધિ પામ્યા. કળાઓનો અભ્યાસ કરતાં તેમણે કલાચાર્યને માત્ર સાક્ષીરૂપજ રાખ્યો. પુણ્યવંત જનોને સહજમાં ગુણો ઉત્પન્ન થાય છે. તેઓ બળની વિવિધ ક્રીડા કરતાં લોકોને આશ્ચર્ય ઉપજાવતા હતા.

એવા અવસરમાં લોકાંતિક દેવતાઓએ આવી વજ્રસેન રાજાને વિનંતી કરી કે—હે નાથ! ધર્મતીર્થને પ્રવર્ત્તાવો. એટલે વજ્રનાભને રાજ્યાસનપર બેસારીને વજ્રસેન સ્વામીએ સાંવત્સરિકદાનથી પૃથ્વીને પ્રમોદપૂર્ણ બનાવી દીધી. પછી દેવ

અસુરો અને નરનાથોનાં મહોત્સવ પૂર્વક વજ્રસેન સ્વામીએ દીક્ષા સ્વીકારી, એટલે તેજ વખતે તેમને ચોથું મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું. સમતાના સાગર, મમતારહિત તથા નિઃસ્પૃહી ભગવંતે ત્યાંથી વિહાર કર્યો. અહીં વજ્રનાભે પોતાના ભ્રાતાઓને જુદા જુદા દેશો વહેંચી આપ્યા. તેઓ સદા તેની સેવામાં હાજર રહેતા અને તેથી વજ્રનાભ વધારે આનંદ અને શોભા પામ્યો. તે વખતે સુયશાએ વજ્રનાભનું સારથીપણું સ્વીકાર્યું.

હવે ઘાતિકર્મનો ક્ષય થતાં વજ્રસેન પ્રભુને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. તેજ વખતે વજ્રનાભની આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું, તેમજ બીજાં તેર રત્નો પણ ઉત્પન્ન થયાં. સંપત્તિ પુણ્યના માપ પ્રમાણે વૃદ્ધિ પામે છે. તેના ભવનમાં નવે નિધાન આવીને હાજર થયા. પછી તેણે સમસ્ત પુષ્કલાવતી વિજયને સાધ્યો અને સર્વ રાજાઓએ તેનો ચક્રવર્તીપદનો અભિષેક કર્યો. વજ્રનાભ મહારાજાની સંપત્તિ જેમ જેમ વધતી ગઇ, તેમ તેમ તેની ધર્મબુદ્ધિ પણ વધવા લાગી.

એકદા જગતને આનંદ પમાડતા વજ્રસેન ભગવાન વિહાર કરતા ત્યાં સમોસર્યા ભગવંતનું આગમન સાંભળતાં વજ્રનાભ ચક્રવર્તી પોતાના સ્વજન વર્ગ તથા અંતઃપુરસહિત પ્રભુને વંદન કરવા આવ્યો. ત્યાં ત્રણ પ્રદક્ષિણા પૂર્વક સ્વામીને વંદન કરી ધર્મદેશના સાંભળવા તે ઇંદ્રની પાછળ બેઠો. અમૃત કરતાં પણ અધિક મધુર ભગવંતની દેશના સાંભળતાં અંતરમાં અત્યંત આનંદ પામેલ વજ્રનાભ વિચારવા લાગ્યો

કે—'અહો ! આ સંસાર તો સમુદ્રની જેમ દુસ્તર છે. તેનાંથી પાર ઉતરનારા ત્રણ જગતના નાથ એક મારા તાતજ છે, કર્મ સમૂહ તો એક ભયંકર વ્યાધિ સમાન છે, તેની ચિકિત્સા કરનાર તો એક વિભુજ વૈદરૂપ છે. કરૂણા–અમૃતના સાગર એ ભગવંત ભવ દુ:ખનો નાશ કરનાર અને અભીષ્ટ સુખને આપનાર છે. આવા ભગવંત મારા સહાયક છતાં પ્રમાદની પથારીમાં પડી રહેતા મેં આટલો વખત મને પોતાને જ ઠેતર્યો. આ પ્રમાણે વિચાર કરી ચક્રવર્તીએ ધર્મચક્રવર્તીને અંજલિ જોડીને વિનંતી કરી કે—'હે નાથ ! અર્થશાસ્ત્રોએ લાંબાકાળ સુધી મારી મતિને મથી નાખી. તેમજ વિષયોએ નટની જેમ મને નચાવ્યો, આ મારૂં સામ્રાજ્ય કેવળ કામાનુબંધક અને પાપાનુબંધક છે. આપ જેવા ધર્મનાયકનો પુત્ર થઈને હુ જો ભવ–વનમા ભટકું તો સાધારણ માણસમાં અને મારામા તફાવત શો ? જેમ આપના આપેલા રાજ્યનું મેં પરિપાલન કર્યું તેવી રીતે મને હવે સંયમ સામ્રાજ્ય આપો કે જેથી હું તેનું બરાબર પાલન કરૂં.' એમ ભગવંતને વિજ્ઞપ્તિ કરી. પોતાના પુત્રને રાજ્ય સોંપીને વજ્રનાભ ચક્રવર્તીએ સ્વામીની પાસેથી સંયમ–સામ્રાજ્યનો સ્વીકાર કર્યો. એટલે તેના બાહુ વિગેરે ભાઇઓએ તેમજ સુયશા સારથિએ પણ વ્રતનો સ્વીકાર કર્યો. વજ્રનાભ મહામુનિ અલ્પ વખતમાં જ શાસ્ત્ર-સાગરનું અવગાહન કરી લીધું. એટલે જાણે સાક્ષાત્ દ્વાદશાંગી હાય, તેવા લાગતા હતા. બાહુ વિગેરે મુનિઓએ પણ અગીયાર અંગોનો અભ્યાસ કર્યો. પૂર્વના

ક્ષયોપશમ પ્રમાણે ગુણુની પ્રાપ્તિ થાય છે. જો કે તે બધા સંતુષ્ટ વૃત્તિના હતા; છતાં જિનસેવા અને તપ તપવામાં અસંતોષી હતા. માસોપવાસાદિ તપ કરતા છતાં જિન વચનામૃતના પાનથી તેઓ કદી ગ્લાનિ પામતા નહિ. એવામાં વજ્રસેન ભગવાન્ નિર્વાણપદને પામ્યા અને દેવતાઓએ તેમનો નિર્વાણ મહોત્સવ કર્યો.

હવે વજ્રનાભ મુનિ, પોતાના સાથે વ્રત લેનારા બાહુ વિગેરે મુનિઓથી પરવરીને વસુધાપર વિચરવા લાગ્યા. પાંચ ઇંદ્રિયો જેમ અંતરાત્માથી સનાથ હોય તેમ વજ્રનાભ સ્વામીથી તે બાહુ વિગેરે પાંચે મુનિઓ સનાથ થયા. યોગના માહાત્મ્યથી તેમને ખેલાદિ લબ્ધિઓ પ્રાપ્ત થઇ. ખેલાૈષધિ લબ્ધિથી તેમના એક અંશમાત્ર શ્લેષ્મથી મર્દન કરાયેલ કોઢીઆનું શરીર સુવર્ણમય બની જતું. જલ્લાૈષધિલબ્ધિથી [illegible] મેલ સુગંધિ અને રોગીના રોગને નિવારનાર હતા. આમર્ષાૈષધિ લબ્ધિથી તેમના [illegible] રોગ રહિત થઇ જતા. તેમના [illegible] રોગીને હરતું; તેમના [illegible] દોષ દૂર થતા. [illegible] નિર્વિષ થઇ [illegible] કરતા. [illegible] પધિલબ્ધિથી [illegible]

તેમજ સોયના નાકામાં તંતુની જેમ પ્રવેશ થઇ શકે તેવી અણુત્વશક્તિ તથા મેરૂગિરિ પોતાના ઉંચપણ સુધી થઇ જાય તેમ શરીરને મોટું કરવાની મહત્વશકિત તેમને પ્રાપ્ત થઇ. પોતાના શરીરને પવન કરતાં પણ હલકું કરી શકાય તેવી લઘુત્વ શક્તિ તથા ઇંદ્રાદિક દેવતાઓ પણ સહન ન કરી શકે એવું વજ્ર કરતાં પણ ભારે શરીર બનાવવાની ગુરૂત્વશક્તિ તેમને પ્રાપ્ત થઇ. ભૂમિ ઉપર રહ્યા છતાં વૃક્ષના પર્ણની જેમ મેરૂના શિખર તથા ગ્રહાદિકને સ્પર્શ થઇ શકે તેવી શક્તિ તથા જળમાં જમીનના જેવી ગતિ થઇ શકે અને ભૂમિપર જળની જેમ ઉન્મજ્જન નિમજ્જન થઇ શકે તેવી પ્રાકામ્યશક્તિ તેમને પ્રાપ્ત થઇ. ચક્રવર્તીની કે ઇંદ્રની સમૃદ્ધિ વિસ્તારી શકાય તેવી ઇશત્વશક્તિ તથા ક્રૂર પ્રાણીઓ પણ વશ થઇ જાય તેવી અપૂર્વ વશિત્વશકિત તેમને પ્રાપ્ત થઇ. એક છિદ્રની જેમ પર્વતના મધ્યમાંથી અટક્યા વિના નીકળી શકાય તેવી અપ્રતિઘાતી શક્તિ તથા પવનની જેમ સર્વત્ર અદૃશ્ય રૂપ ધારણ કરી શકાય તેવી અપ્રતિહત અંતર્ધાન શકિત તેમને પ્રાપ્ત થઇ, તેમજ એકી વખતે અનેક પ્રકારના રૂપોથી લોકાકાશને પૂરી શકાય તેવી કામ રૂપત્વ શકિત તેમને પ્રાપ્ત થઇ એક અર્થરૂપ બીજથી તે અનેકાર્થરૂપ બીજ જાણી શકાય તેવી બીજબુદ્ધિ તથા કોઠારમાં રાખેલા ધાન્યની જેમ પૂર્વે સાંભળેલા અર્થ સંભાર્યા વિના તેવાજ સતેજ રહે તેવી કોષ્ઠબુદ્ધિ તેમને પ્રગટ થઇ.

તેમજ સોયના નાકામાં તંતુની જેમ પ્રવેશ થઈ શકે તેવી અણુત્વશક્તિ તથા મેરૂગિરિ પોતાના ઢીંચણ સુધી થઈ જાય તેમ શરીરને મોટું કરવાની મહત્ત્વશક્તિ તેમને પ્રાપ્ત થઈ. પોતાના શરીરને પવન કરતાં પણ હલકું કરી શકાય તેવી લઘુત્વ શક્તિ તથા ઇંદ્રાદિક દેવતાઓ પણ સહન ન કરી શકે એવું વજ્ર કરતાં પણ ભારે શરીર બનાવવાની ગુરૂત્વશક્તિ તેમને પ્રાપ્ત થઈ. ભૂમિ ઉપર રહ્યા છતાં વૃક્ષના પર્ણની જેમ મેરૂના શિખર તથા ગ્રહાદિકને સ્પર્શ થઈ શકે તેવી શક્તિ તથા જળમાં જમીનના જેવી ગતિ થઈ શકે અને ભૂમિપર જળની જેમ ઉન્મજ્જન નિમજ્જન થઈ શકે તેવી પ્રાકામ્યશક્તિ તેમને પ્રાપ્ત થઈ. ચક્રવર્તીની કે ઇંદ્રની સમૃદ્ધિ વિસ્તારી શકાય તેવી ઇશત્વશક્તિ તથા ક્રૂર પ્રાણીઓ પણ વશ થઈ જાય તેવી અપૂર્વ વશિત્વશક્તિ તેમને પ્રાપ્ત થઈ. એક છિદ્રની જેમ પર્વતના મધ્યમાંથી અટક્યા વિના નીકળી શકાય તેવી અપ્રતિઘાતી શક્તિ તથા પવનની જેમ સર્વત્ર અદૃશ્ય રૂપ ધારણ કરી શકાય તેવી અપ્રતિહત અંતર્ધાન શક્તિ તેમને પ્રાપ્ત થઈ, તેમજ એકી વખતે અનેક પ્રકારનાં રૂપો વડે લોકાકાશને પૂરી શકાય તેવી કામરૂપત્વ શક્તિ તેમને પ્રાપ્ત થઈ. એક અર્થરૂપ બીજથી તે અનેકાર્થરૂપ બીજ જાણી શકાય તેવી બીજબુદ્ધિ, તથા કોઠામાં રાખેલા ધાન્યની જેમ પૂર્વે સાંભળેલા અર્થ સંભાર્યા વિના તેવા જ અર્થ રહે તેવી કોષ્ઠબુદ્ધિ તેમને પ્રગટ થઈ

આદ્ય, મધ્ય કે અંતિમ એક પદ સાંભળતાં સમસ્ત ગ્રંથનો બોધ થાય તેવી પદાનુસારિણી લબ્ધિ તેમને પ્રગટ થઇ. એક વસ્તુનો ઉદ્ધાર કરતાં બે ઘડીમાં સમસ્ત શ્રુત સાગરનું અવગાહન કરવાની શક્તિથી તેમને મનોબળી લબ્ધિ થઇ. મૂળાક્ષરની જેમ એક મુહૂર્તમાં બધા શાસ્ત્ર ગોખી જતા, તેથી તેમને વાગ્બળી લબ્ધિ તથા લાંબા વખત સુધી પ્રતિમાપણે સ્થિર રહેતાં પણ ગ્લાનિ ન પામવાથી તેમને કાયબળી લબ્ધિ પણ હતી, તેમના પાત્રમાં આવેલ કુત્સિત અન્નમાં પણ અમૃત દુધ, મધ કે ઘૃત જેવો સ્વાદ લાગવાથી તથા દુઃખિત જનોને તેમની વાણી અમૃત, ક્ષીર, મધ અને ઘૃત સમાન મધુર લાગવાથી તેમને અમૃત ક્ષીર મધ્વાજ્યાશ્રવિ લબ્ધિ હતી. તેમના પાત્રમાં પડેલ અલ્પ અન્ન પણ દાન કરતાં અક્ષીણ રહેતું, તેથી તેમને અક્ષીણ મહાનસી લબ્ધિ પ્રાપ્ત થઇ. જિનેશ્વરની જેમ અલ્પ સ્થાનમાં [illegible] પ્રાણીઓને સમાવી શકવાથી તેમને અક્ષીણ મહાલય લબ્ધિ હતી. એક ઇંદ્રિયથી અન્ય ઇંદ્રિયના [illegible] તેમને સંભિન્નશ્રોત લબ્ધિ [illegible] થી વળી [illegible] જ્યાંથી ગયા [illegible] લબ્ધિ હતી, [illegible] એક પગલે જતાં [illegible] અને બીજે [illegible] માનુષોત્તર [illegible] ત્યાંથી [illegible]

એક પગલે પૂર્વની ભૂમિકાએ આવતા તેથી તેમને વિદ્યાચરણ લબ્ધિ હતી તથા ઉર્ધ્વગતિમાં જંઘાચારણથી વિપરીત રીતે ગમનાગમન કરવાને સમર્થ હતા. આસીવિષ લબ્ધિ, તેમજ નિગ્રહ કે અનુગ્રહ કરવામાં સમર્થ ઘણી લબ્ધિઓ તેમને પ્રાપ્ત થઈ હતી, પરંતુ એ લબ્ધિઓનો તેઓ ઉપયોગ કરતા ન હતા. મોક્ષાભિલાષીઓ વસ્તુ સન્મુખ છતાં તેમાં નિરીહ હોય છે.

હવે શ્રી વજનાભ મુનિએ વીશ સ્થાનકની આરાધના કરીને તીર્થંકરનામકર્મ નિકાચિત કર્યું. એ વીશ સ્થાનકમાં પ્રથમ અરિહંતપદ તે જિન તથા જિન પ્રતિમાની પૂજા, તેમના અવર્ણવાદનો પ્રતિષેધ તેમજ તેમની સદ્ભૂત અર્થ સંપન્ન સ્તુતિ કરવાથી આરાધી શકાય છે. બીજું સિદ્ધપદ તે સિદ્ધ ભગવંતની ભક્તિ નિમિત્તે જાગરણ તથા યથાર્થ સિદ્ધત્વનું કીર્ત્તન કરવાથી આરાધી શકાય છે. ત્રીજું પ્રવચનપદ તે નવ દીક્ષિત, બાલ, ગ્લાનાદિ સાધુઓની ભક્તિ તથા પ્રવચનનું વાત્સલ્ય કરવાથી આરાધી શકાય છે. ચોથું આચાર્યપદ તે બહુમાનપૂર્વક આહાર, પાણી, ઔષધ, વસ્ત્રાદિકના દાનપૂર્વક ગુરૂભક્તિ કરવાથી આરાધી શકાય છે. પાંચમું સ્થવિરપદ તે વીશવર્ષના સંયમ પર્યાયવાળા પર્યાયસ્થવિર, સાઠ વરસની અવસ્થાવાળા વયસ્થવિર તથા સમવાયાંગના ધરનાર શ્રુતસ્થવિરની ભાવથી ભક્તિ કરવાથી આરાધી શકાય છે. છઠ્ઠું ઉપાધ્યાય પદ તે અર્થાપેક્ષાએ પોતાના કરતાં વધારે શ્રુતજ્ઞાનને ધારણ કરનારની અન્ન, વસ્ત્રાદિકથી

ભક્તિ કરતાં આરાધી શકાય છે. સાતમું **સાધુપદ** તે ઉગ્ર તપ તપતા મુનિઓની ભક્તિ કરવાથી આરાધી શકાય છે. આઠમું **જ્ઞાનપદ** તે પ્રશ્ન, વાચનાથી દ્વાદશાંગી શ્રુતનો સૂત્ર, અર્થ તથા તદુભયથી ઉપયોગ કરવાથી આરાધી શકાય છે. નવમું **દર્શનપદ** તે સમ્યકત્વમાં શંકા ન રાખવાથી, તેમાં સ્થિરતા તથા શમ, સંવેગાદિ ધારણ કરવાથી આરાધી શકાય છે. દશમું **વિનયપદ** તે જ્ઞાન, દર્શન, ચારિત્રાદિની ભક્તિ-બહુમાન કરવાથી આરાધી શકાય છે. અગીયારમું **ચારિત્રપદ** તે ઇચ્છા મિથ્યાકરણાદિ દશધા સમાચારીના યોગમાં તથા આવશ્યકમાં નિરતિચારપણે રહેવાથી આરાધાય છે. બારમું **બ્રહ્મચર્યપદ** તે અહિંસાદિક મૂલ ગુણોમાં તથા સમિતિ વિગેરે ઉત્તર ગુણોમાં નિરતિચારપણે પ્રવૃત્તિ કરવાથી આરાધી શકાય છે, તેરમું **સમાધિપદ** તે ક્ષણે ક્ષણે પ્રમાદનો ત્યાગ કરી શુભ ધ્યાનમાં વર્તવાથી આરાધી શકાય છે. ચૌદમું **તપપદ** તે મન તથા દેહને બાધા ન થાય તેમ યથાશક્તિ તપ કરવાથી આરાધી શકાય છે. પંદરમું **દાનપદ** તે અન્ન, [illegible] તપસ્વી મહાત્માઓને [illegible] આરાધી શકાય છે. સોળમું **વૈયાવચ્ચપદ** તે [illegible] અન્ન, પાન, આસન [illegible] કરવાથી આરાધી શકાય છે. સત્તરમું [illegible] વિધિ નિરાશંસ [illegible] આરાધી શકાય છે. અઢારમું [illegible]

નવ જ્ઞાનપદ તે અપૂર્વ સૂત્ર, અર્થ તેમજ તદુભયનું પ્રયત્ન પૂર્વક ગ્રહણ કરવાથી આરાધી શકાય છે. ઓગણીશમું શ્રુત-પદ તે શ્રદ્ધા, ઉદ્‌ભાસન તથા અવર્ણવાદનો નાશ કરી શ્રુત-ભક્તિ કરવાથી આરાધી શકાય છે. વીશમું તીર્થપદ તે વિદ્યા, નિમિત્ત, કવિતા, વાદ તથા ધર્મકથા વિગેરેથી શાસનની પ્રભાવના કરવાથી આરાધી શકાય છે. આ વીશ પદમાંના ગમે તે એકાદ પદનું આરાધન કરવાથી પણ તીર્થંકર નામ-કર્મ બંધાય છે. પણ વજ્રનાભ મહાત્માએ તો એ વીશે પદ આરાધીને તીર્થંકર નામકર્મનો નિકાચિત બંધ કર્યો. સાધુ-ઓની સદ્‌ભાવથી વૈયાવચ્ચ કરતા બાહુમુનિએ ચક્રવર્તી ભોગફળ કર્મ ઉપાર્જ્યું. તપસ્વી મહાત્માઓની સેવા-ભક્તિ કરતાં સુબાહુ મુનિએ બાહુબળ-કર્મ ઉપાર્જન કર્યું. તે અ વસરે વજ્રનાભ મુનિ બોલ્યા કે—'અહો! આ બાહુ અને સુબાહુ મુનિ ધન્ય છે કે સાધુઓની વૈયાવચ્ચ અને વિશ્રામણા કરતા રહે છે' આવી તેમની પ્રશંસા સાંભળી પીઠ અને મહાપીઠ મુનીને વિચાર થયો કે—' અહીં તો ઉપકારીની પ્રશંસા થાય છે. આપણે તો શાસ્ત્રાભ્યાસ અને ધ્યાનમાં મસ્ત રહેવાથી કંઇ ઉપકાર કરી શકતા નથી. તેથી આપણા વખાણ કોણ કરે! લોકો તો પોતાનું કામ કરી આપે, તેની પ્રશંસા કરે ' એ રીતે માયા મિથ્યાત્વથી ઇર્ષ્યા કરતાં તે બન્નેએ બાંધેલા દુષ્કૃતનું આલોચન ન કરવાથી સ્ત્રી નામ કર્મ બાંધ્યું.

એ પ્રમાણે છએ મુનીઓ ખડ્ગની ધારા સમાન ચૌદ લાખ પૂર્વ સંયમ પાળી અંતે બંને પ્રકારની સંલેખના પૂર્વક પાદપોપગમ અનશન અંગીકાર કરી સમાધિ સાથે મરણ પામીને સર્વાર્થસિદ્ધ નામના પાંચમા અનુત્તર વિમાનમાં તેત્રીશ સાગરોપમના આયુષ્યવાળા દેવતા થયા.

'તેજ પુણ્યાત્માઓ ધન્ય છે કે જેઓ પોતાના આત્માને ઉત્તરોત્તર ઉચ્ચ દશામાં લઇ જાય છે.!!'

પ્રકરણ ૮ મું.

કુલકરોની ઉત્પત્તિ.

[illegible] મહાવિદેહમાં અપરાજિતા નામે નગરી છે. તેનો ઇશાનચંદ્ર નામે રાજા [illegible]. તે નગરીમાં ચંદનદાસ નામે [illegible] અને તેના સાગરચંદ્ર [illegible]

કાલે પ્રભાતે નગરના બધા લોકો આપણા ઉદ્યાનમાં આવે, એવી ઉદ્‌ઘોષણા કરો.'' તે વખતે સાગરચંદ્રને પણ ઉદ્યાનમાં આવવાની રાજાએ ભલામણ કરી. આથી સાગરચંદ્ર આનંદ પામતો પોતાના ઘરે આવ્યો. ત્યાં પોતાના મિત્ર અશોકદત્તને તેણે રાજાના આદેશની વાત કહી. બીજે દિવસે પોતાના પરિવાર સહિત તથા નગરજનો ઉદ્યાનમાં ગયા, ત્યારે સાગરચંદ્ર પણ પોતાના મિત્ર અશોકદત્તની સાથે ત્યાં આવ્યો. તે અવસરે આવેલા લોકો પગલે પગલે ગીત, નૃત્ય, વાજિંત્ર અને પુષ્પક્રીડા વિગેરેથી મનોમંદિરમાં રહેલા મન્મથને પ્રગટ રીતે વધાવતા હતા.

એવામાં નજીકની વૃક્ષઘટામાંથી 'બચાવો મને કોઈ બચાવો' એવો કોઈ અબળાનો અકસ્માત્ અવાજ આવ્યો. તે સાંભળી સાગરચંદ્ર તરત ત્યાં દોડી ગયો અને જૂએ છે તો કેટલાક બંદીવાનોએ પકડેલી પૂર્ણભદ્ર શેઠની પ્રિયદર્શના નામે કન્યા તેના જોવામાં આવી. સાગરચંદ્રે એક બંદીવાનના હાથમાંથી છરી ખેંચી લીધી. આવા સાહસથી બધા બંદીવાનો ત્યાંથી ભાગી ગયા. એ રીતે સાગરચંદ્રે પ્રિયદર્શનાને છોડાવી ત્યારે તે બાળાએ વિચાર કર્યો કે—'અહો! આ સજ્જનશિરોમણિ પુરૂષ મારા ભાગ્યયોગેજ અહીં આવી ચડ્યો. મદનના મદનું મર્દન કરનાર એ પુરૂષજ મારો પતિ થાઓ.' એમ વિચારતી પ્રિયદર્શના પોતાના સ્થાને ગઈ અને સાગરચંદ્ર પણ મિત્ર સાથે પોતાના ઘરે આવ્યો. એ વૃત્તાંત

તેના પિતા ચંદનદાસના જાણવામાં આવતાં તેણે વિચાર કર્યો કે—' સાગરચંદ્રનો પ્રિયદર્શના ઉપર અનુરાગ થયો તે યુક્ત છે, પણ તેણે એ ઉચ્છૃંખલતા વાપરી તે ઠીક ન કર્યું. પરાક્રમી વણિકો પણ પોતાનું પરાક્રમ પ્રકટ ન કરે. વળી સરલ સાગરચંદ્રે માયાવી અશોકદત્તની સાથે મિત્રાઈ કરી છે, તે પણ અયુક્ત છે. ' એમ લાંબો વિચાર કરી તેણે સાગરચંદ્રને બોલાવીને સમજાવ્યું કે—

" હે વત્સ ! શાસ્ત્રાભ્યાસથી તું વ્યવહારનો જાણીતો થયો છે. માટે તને કંઈક કહું તે સાંભળ—" આપણે વણિક કળા-કૌશલ્યથી વર્તનારા લોકને ઉદ્ભટ ન લાગે તેવા [illegible] વેષમાં રહીએ તો નિંદા સાંભળવાનો આપણને પ્રસંગ ન આવે. તારે યૌવનવયમાં પણ ગૂઢ પરાક્રમી થઈને જ રહેવું. જેમ [illegible] શરીર ગુપ્ત શોભે, તેમ આપણા વિષય, ક્રીડા, દાન કે [illegible] ગુપ્ત જ શોભે, પોતાની જાતિને અયોગ્ય [illegible] નહિ. માટે હે પુત્ર ! પરંપરાથી ચાલ્યા આવતા ઉચિત વ્યવહારમાં [illegible] આપણે [illegible] [illegible] જ તેની [illegible] [illegible] કરજે. [illegible] [illegible] કે [illegible] કે— [illegible] [illegible] [illegible]

છે. ઠીક છે—જેવી એમની મરજી ! ' એમ ચિંતવી સાગરચંદ્ર વિનયથી કહેવા લાગ્યો—' તાત ! આપની આજ્ઞા મને પ્રમાણ છે. સંતાનોએ વડીલોના વચનનું અપમાન નજ કરવું જોઈએ. છતાં કોઈવાર એવું કાર્ય હોય કે તે વિચાર કરવા જઈએ તો કાર્યકાળ વ્યતીત થઈ જાય છે. તાત ! હવે હું પ્રાણાંત કષ્ટ પડતાં પણ આપના વિચાર પ્રમાણે વર્તીશ. વળી અશોકદત્ત સંબંધી જે તમે વિચાર દર્શાવ્યો, તો તેના દોષે હું દોષિત નથી અને તેના ગુણે ગુણી નથી. સદાનો સહવાસ, બાળક્રીડા, સમાન જાતિ, તુલ્ય વય, સમાન આચાર અને સરખી વિદ્યા વિગેરેના કારણોથી મારે તેની સાથે દોસ્તી થઈ છે. તેનામાં કોઈ જાતનું કપટ હોય, એમ મને લાગતું નથી. એના સંબંધમાં આપને કોઈએ વિરૂદ્ધ કહ્યું લાગે છે. દુર્જનો એક બીજાની મિત્રતા સહન કરી શકતા નથી; તેઓ બીજાને ભેદ પમાડવાનેજ શૂરા હોય છે. કદાચ તે કપટી હશે, તો પણ તે મને શું કરવાનો હતો ? '

એટલું બોલીને સાગરચંદ્ર મૌન રહ્યો. ત્યારે ચંદનદાસે કહ્યું—' વત્સ ! તું મતિમાન્ અને ચાલાક છે, છતાં બીજાના અંતરને જાણી શકતો નથી. ' પછી શેઠે પુત્રને માટે પૂર્ણભદ્ર પાસે પ્રિયદર્શનાની માગણી કરી એટલે-' પૂર્વે તમારા પુત્રે ઉપકાર કરવાથી મારી પુત્રીને ખરીદેલીજ છે ' એમ કહીને તેણે તેનું વચન માન્ય રાખ્યું. એટલે શુભ દિવસે શ્રેષ્ઠીએ સાગરચંદ્રનો પ્રિયદર્શના સાથે વિવાહ કર્યો. પોતાને અભીષ્ટ વિવાહ થવાથી

રાખવાનું બીજું કંઈ પણ કારણ નથી. તો પછી આ વૃત્ત કેમ ગુપ્ત રખાય? સંસારમાં વામાઓ અમાવાસ્યાની રજની જેમ અંધકાર ફેલાવે છે, તે તો તમે જાણોજ છો.

સાગરચંદ્ર બોલ્યો—'બંધુ! શું તમે અત્યારે કો સ્ત્રીના સંકટમાં સપડાયા?' એટલે અશોકદત્ત બનાવટી શરમ બતાવતો બોલ્યો—'પ્રિયદર્શના ઘણા વખતથી મારી પાસે અયોગ્ય માગણી કર્યા કરતી, પણ 'વખતસર એ પોતે શરમાઈને સુધરશે.' એમ ધારીને મેં તેની અવજ્ઞાર્થે ઉપેક્ષા કરી તો પણ તે અસભ્ય વચનોથી અટકી નહિ. અહા! કામિનીઓનો કદાગ્રહ તો જુઓ! મિત્ર આજે આપની તપાસ કરવા તમારા ઘરે ગયો. ત્યાં તેણીએ મને રાક્ષસીની જેમ અટકાવ્યો. પરંતુ હું બલાત્કારથી મુક્ત થઈને ઉતાવળો અત્રે આવ્યો. રસ્તામાં મેં નિશ્ચય કરી લીધો કે—' એ માનિની મને જીવતાં સુધી મૂકે તેમ નથી, માટે મારે આત્મઘાત કરી દેહત્યાગ કરવો. અગર તો આમ મરણ પામવું. તે પણ અયોગ્ય છે. તેથી મારા મિત્રને હું જાતેજ એ કામિનીની કુટિલ વાત કહું કે જેથી એ તેમાં વિશ્વાસ રાખીને વિનાશ ન પામે. અથવા તો તેમ કરવું પણ ઉચિત નથી. મેં તે કામુકાની વાંછા પૂર્ણ ન કરી. તો તેનું દુઃશીલ પ્રગટ કરીને ક્ષતપર ક્ષાર નાખવા જેવું શા માટે કરૂં? આવા ચિંતનમાં હું ચકચૂર હતો, એવામાં તમે મને જોઈને બોલાવ્યો. હે બંધુ! એજ મારા ખેદનું કારણ છે.”

છે. તે વખતે કલ્પવૃક્ષોનો પ્રભાવ કંઈક ન્યુન, પૃથ્વી સ્વાદમાં ન્યૂન તથા જળમાં મધુરતા કંઈક ઓછી હોય છે. તેમ સર્વ વસ્તુમાં ન્યુનતા સમજવી. ત્રીજા આરાના માણસો એક પલ્યોપમના આયુષ્યવાળા, શરીરે એક ગાઉ ઉંચા અને બીજે દિવસે ભોજન કરનારા હોય છે. તેમ દરેક બાબતમાં તેવી ન્યુનતા સમજવી. ચોથા આરાના માણસો કોટિપુર્વ વરસના આયુષ્યવાળા, શરીરે પાંચસેં ધનુષ્ય ઉંચા તથા કલ્પવૃક્ષાદિ બધા પૂર્વના પ્રભાવરહિત હોય છે. પાંચમા આરાનાં માણસો સો વર્ષના આયુષ્યવાળા તથા સાત હાથ ઉંચા હોય છે. તેમજ છઠ્ઠા આરામાં માણસો સોળ વરસના આયુષ્યવાળા અને એક હાથ ઉંચા હોય છે. તેમ ઉત્સર્પિણીના એકાંત દુઃખમા નામના પહેલા આરાથી માંડીને છઠ્ઠા આરા સુધી ઉલટા ક્રમથી બધું સમજી લેવું.

તે સાગરચંદ્ર અને પ્રિયદર્શના ત્રીજા આરાના અંતે ઉત્પન્ન થયા. તે શરીરે નવસેં ધનુષ્ય ઉંચા અને પલ્યોપમના દશમા ભાગ આયુષ્યવાળા [illegible] થયા. તે વજ્રઋષભ નારાચ સંઘયણવાળા [illegible] અશોકદત્ત પણ પુર્વે કરેલ [illegible] દંતવાળો શ્વેત હાથી થયો. [illegible] પોતાના [illegible] તેવો તેને [illegible] તેમ [illegible]

પર તેને બેસાર્યો. તે વખતે પરસ્પર વારંવાર જોવાથી તે બંને મિત્રોને પુર્વ જન્મનું સ્મરણ થયું. ચતુર્દંત હસ્તીના સ્કંધ પર બેઠેલ તે, બીજા યુગલીયાઓને આશ્ચર્ય ઉપજાવે તેવા ઈંદ્ર જેવો લાગતો હતો. તે વિમલ (શ્વેત) હાથીપર બેઠેલ હોવાથી યુગલીયાઓ તેને **વિમલવાહન** એ નામથી બોલાવવા લાગ્યા. જાતિસ્મરણજ્ઞાનથી તમામ પ્રકારની નીતિને જાણનાર તે વિમલ હસ્તીને લીધે તથા સ્વભાવે સ્વરૂપવાન હોવાથી સર્વ કરત અધિક થયો.

હવે કેટલોક વખત જતાં કલ્પવૃક્ષોનો પ્રભાવ મંદ મંદ થવા લાગ્યો. એટલે કાળના પ્રભાવથી યુગલીયાઓને પણ કલ્પવૃક્ષોપર મમત્વભાવ થવા લાગ્યો. એકે સ્વીકારેલ કલ્પવૃક્ષનો જો અન્ય આશ્રય કરવા જાય તો પરસ્પર કંકાસ થતો. તેથી બધા યુગલીયાઓએ મળીને વિમલવાહનને પોતાનો સ્વામી બનાવ્યો. નીતિને જાણનાર વિમલવાહને યુગલીયાઓને કલ્પવૃક્ષો વહેંચી આપ્યા અને જો એ મર્યાદાનું કોઈ ઉલ્લંઘન કરે, તેને માટે હાકાર નીતિ પ્રકાશિત કરી. એટલે—'હા! તેં દુષ્કર્મ કર્યું.' એ શબ્દથી શિક્ષા પામેલા યુગલીયા તે મર્યાદાને ઓળંગતા ન હતા. તે વખતે યુગલીયા તે હાકાર દંડને દંડાદિના પ્રહાર કરતાં પણ વધારે સખત શિક્ષા માનવા લાગ્યા. વિમલવાહનનું છ માસનું આયુષ્ય રહ્યું, ત્યારે તેની ચંદ્રયશા સ્ત્રીથી એક યુગલ (જોડકું) જન્મ્યું. તેમનું અસંખ્ય પુર્વ આયુષ્ય, પ્રથમ સંઘયણ અને પ્રથમ સંસ્થાન, શ્યામ વર્ણ અને આઠસેં

ધનુષ્ય ઉંચું શરીર હતું. માતપિતાએ તેમના **ચક્ષુષ્માન** અને **ચંદ્રકાંતા** એવા નામ રાખ્યા. પછી છ માસ સુધી તેમનું પાલન કરી, જરા કે રોગ વિના મરણ પામીને વિમલવાહન સુવર્ણકુમાર દેવલોકમાં અને ચંદ્રયશા નાગકુમારમાં ગઇ. તેમજ હસ્તી પણ પોતાનું આયુષ્ય પૂર્ણ કરીને નાગકુમાર નિકાયમાં દેવ થયો.

હવે ચક્ષુષ્માન પોતાના પિતા વિમલવાહનની જેમ હાકાર નીતિથી યુગલીયાઓની વ્યવસ્થા ચલાવતો હતો. તેમણે પણ અલ્પ આયુષ્ય રહેતાં એક યુગલને જન્મ આપ્યો અને તેના **યશસ્વી** અને **સુરૂપા** એવા નામ રાખ્યા. તે પણ તેવાજ સંઘયણ અને સંસ્થાનવાળાં તથા કંઇક ન્યૂન આયુષ્યવાળા હતા. તેમનું શરીર સાડા સાતસે ધનુષ્ય ઉંચું હતું. તે બંને વય અને બુદ્ધિની જેમ અનુક્રમે વધવા લાગ્યા. એવામાં આયુષ્ય પૂર્ણ થતાં ચક્ષુષ્માન સુવર્ણકુમારમાં અને ચંદ્રકાંતા નાગકુમારમાં ગઇ. યશસ્વી પોતાના પિતાની જેમ યુગલીયાઓનું પાલન કરવા લાગ્યો. પણ તે વખતે યુગલીયા હાકાર દંડને ઓળંગવા લાગ્યા. એટલે યશસ્વીએ તેમને માકાર નીતિની શિક્ષા શરૂ કરી. તે મહામતિ અલ્પ અપરાધીને માટે હાકારનીતિ, મધ્યમ અપરાધીને માટે માકારનીતિ અને મોટા અપરાધીને માટે તે બંને નીતિ વાપરતો હતો. તેમનું સ્વલ્પ આયુષ્ય રહેતાં તેમનાથી એક યુગલ જન્મ્યું. માતપિતાએ પુત્રનું નામ **અભિચંદ્ર**

અને પુત્રીનું **પ્રતિરૂપા** એવું નામ રાખ્યું. માતપિતાથી તે કંઇક ન્યૂન આયુષ્યવાળા અને શરીરે સાડા છસેં ધનુષ્ય ઉંચા હતા. તે પરસ્પર પ્રીતિની સાથે વૃદ્ધિ પામ્યા અને યશસ્વી તથા સુરૂપા મરણ પામીને દેવતા થયા.

અભિચંદ્ર પણ પોતાના પિતાની જેમ તે બંને નીતિથી યુગલીયાઓના વ્યવસ્થા કરતો. પ્રાંત અવસ્થાએ તેમનાથી એક જોડલું જન્મ પામ્યું. માતપિતાએ પુત્રનું નામ **પ્રસેનજીત્** અને પુત્રીનું **ચક્ષુઃકાંતા** નામ પાડયું. માતપિતા કરતાં ન્યૂન આયુષ્યવાળા, શરીરે શ્યામ અને છસેં ધનુષ્ય તે ઊંચા હતા. અભિચંદ્ર અને પ્રતિરૂપા મરણ પામીને દેવતા થયા. પ્રસેનજિત્ પિતાની જેમ યુગલીયાઓની વ્યવસ્થા કરવા લાગ્યો. સમયના પ્રભાવથી યુગલીયા હાકાર અને માકાર–એ બંને નીતિને ઓળંગવા લાગ્યા, ત્યારે પ્રસેનજિતે ધિક્કાર નીતિને ચાલુ કરી. તે ચતુર ત્રણે નીતિથી યુગલીઆઓને શિક્ષા કરવા લાગ્યો. અલ્પ આયુષ્ય રહેતાં તેમણે એક યુગલને જન્મ આપ્યો, તે શરીરે સાડા પાંચસેં ધનુષ્ય ઉંચા હતા. તથા **મરૂદેવ** અને **શ્રીકાંતા** એવા નામથી તે પ્રસિદ્ધ થયા. પ્રસેનજીત તથા ચક્ષુઃકાંતાએ જોડલાને જન્મ આપ્યો, તેમનું નાભિ અને **મરૂદેવા** એવું નામ રાખવામાં આવ્યું, તે સવા પાંચસેં ધનુષ્ય ઉંચા હતા. માતપિતા કરતાં તેમનું આયુષ્ય કંઇક [illegible] પરંતુ હતું. મરૂદેવ અને શ્રીકાંતા મરણ પામીને [illegible] થયા. તેમના મરણ પછી

નાભિરાજા યુગલીયાઓના સાતમા કુલકર થયા. તે પણ પ્રથમની ત્રણ નીતિથીજ યુગલીયાઓને શિક્ષા કરવા લાગ્યા.



પ્રકરણ ૯ મું.

સ્વપ્નદર્શન.

હવે ત્રીજા આરાના ચોરાશી લાખ પૂર્વ, ત્રણ વરસ અને સાડા આઠ મહિના બાકી રહ્યા. તે વખતે આષાઢ માસની કૃષ્ણ ચતુર્દશીના દિવસે ઉત્તરાષાઢા નક્ષત્રની સાથે ચંદ્રમાનો યોગ થતાં વજ્રનાભનો જીવ તેત્રીશ સાગરોપમનું આયુષ્ય ભોગવી સર્વાર્થસિદ્ધ વિમાનથી ચવીને નાભિકુલકરના પત્ની મરૂદેવાના ઉદરમા અવતર્યો. ભગવંત ગર્ભમાં આવ્યા, તે સમયે સમસ્ત પ્રાણીઓના દુઃખનો છેદ થઈ જતાં ત્રણે લોકને સુખ થયું તથા સર્વત્ર ઉદ્યોત થયો. જે રાત્રે પ્રભુ માતાના ઉદરે આવ્યા, તે રાત્રે પોતાના નિવાસભવનમાં સુખે સુતેલા મરૂદેવાએ નીચે બતાવેલા ચૌદ મહા સ્વપ્નો જોયા.

પ્રથમ સ્વપ્નમા તેવું ઉજ્વળ, પુષ્ટ, ઊંચા અને સરલ પુચ્છવાળો વૃષભ જોયો. બીજે સ્વપ્ને શ્વેત ક્રમોન્નત મદ ઝરતો જાણે ચાર દાંતવાળો હસ્તી જોયો, ત્રીજે સ્વપ્ને લાંબી જીભ વાળો, પીળા લોચનવાળો, ચંચલ કેસરાયુક્ત અને પુંછડાને ઊંચું કરતો, કેસરીસિંહ દીઠો. ચોથે સ્વપ્ને પદ્મ સમાન નેત્રવાળી

અને પદ્મમાં નિવાસ કરતી લક્ષ્મીદેવી જોઈ, પાંચમે સ્વપ્ને પારિજાતક વિગેરે વિવિધઃપુષ્પોથી ગુંથેલી તથા ધનુષ્ય જેવી લાંબી પુષ્પમાળા દીઠી, છઠ્ઠે સ્વપ્ને જાણે પોતાના વદનનું પ્રતિબિંબ હોય તથા ચાંદનીથી ચોતરફ પ્રકાશતું ચંદ્રમંડળ જોયું, સાતમે સ્વપ્ને રાત્રે પણ દિનનો ભ્રમ કરાવનાર તથા તિમિરનો નાશ કરનાર સૂર્ય જોયો, આઠમે સ્વપ્ને ઘુઘરીઓથી ઘમકાર કરતો અને પતાકાઓથી શોભતો મહાધ્વજ જોયો, નવમે સ્વપ્ને વિકસિત કમળોથી વિરાજતો તથા અમૃત સમાન જળથી ભરેલો સુવર્ણ કુંભ દીઠો, દશમે સ્વપ્ને ગુંજારવ કરતા મધુકરો યુક્ત કમળોથી શોભાયમાન મોટું પદ્મ સરોવર જોયું, અગ્યારમે સ્વપ્ને શરદ ઋતુના મેઘ સમાન તથા ઉન્નત તરંગોથી આનંદ પમાડનાર ક્ષીરસાગર દીઠો, બારમે સ્વપ્ને જાણે ભગવંતના દેવપણાના સ્નેહથી આવ્યું હોય તેવું તેજસ્વી વિમાન જોયું, તેરમે સ્વપ્ને જાણે તારા સમૂહ એકત્ર થયો હોય તેવો રત્નપુંજ દીઠો. અને ચૌદમે સ્વપ્ને તેજસ્વી પદાર્થોના પિંડભૂત નિર્ધૂમ અગ્નિ જોયો. પ્રભાત સમયે એ સ્વપ્નો જોઈ મરૂદેવા સ્વામિની જાગ્રત થયા. તે વખતે જાણે પોતાના અંતરમાં આનંદ સમાતો ન હોય તેમ તેણે સ્વપ્નનો બધો વૃત્તાંત કોમળ વાણીથી નાભિ રાજાને કહી સંભળાવ્યો; એટલે પોતાના સરલ સ્વભાવને લઈને રાજાએ કહ્યું કે—'તને ઉત્તમ કુલકર પુત્રરત્નની પ્રાપ્તિ થશે.'

એવા અવસરે ઇંદ્રોના આસનો ચલાયમાન થયા. એટલે 'અકસ્માત્ અમારાં આસનો કેમ કંપ્યા ?' તે જાણવાને

અવધિજ્ઞાનથી ઉપયોગ આપતાં, ભગવંતનું ચ્યવન ઇંદ્રોના જાણવામાં આવ્યું. ત્યારે બધા ઇંદ્રો ભેગા થઇને સ્વપ્નોનો અર્થ સંભળાવવાને પ્રભુની માતા પાસે આવ્યા; અને અંજલિ જોડીને વિનય પૂર્વક આ પ્રમાણે સ્વપ્નાર્થ કહેવા લાગ્યા—

"હે સ્વામિની ! તમે વૃષભ જોયો, તેથી તમારો પુત્ર, મોહરૂપ કાદવમાં મગ્ન થયેલા ધર્મરૂપ રથનો ઉદ્ધાર કરશે. હે દેવી ! તમે હાથી જોયો તેથી તમારો સુત મહા પુરૂષોનો પણ ગુરૂ તથા મહા બલિષ્ઠ થશે. સિંહના જોવાથી તમારો પુત્ર પુરૂષોમાં સિંહ સમાન, ધીર, નિર્ભય અને શૂરવીર થશે. લક્ષ્મી દેવીના જોવાથી તમારો પુત્ર, ત્રૈલોક્યની સામ્રાજ્ય લક્ષ્મીનો સ્વામી થશે. પુષ્પમાળા જોઇ તેથી તમારા પુત્રની આજ્ઞા, સમસ્ત જગત માળાની જેમ મસ્તકે ધારણ કરશે. હે જગન્માતા ! તમે પૂર્ણ ચંદ્ર જોયો તેથી તમારો પુત્ર ચંદ્રની જેમ મનોહર અને નેત્રને આનંદકારી થશે. સૂર્ય દીઠો તેથી તમારો પુત્ર, મોહરૂપ અંધકારનો નાશ કરીને જગતમાં જ્ઞાનનો ઉદ્યોત કરશે. મહાધ્વજના દર્શનથી તમારો પુત્ર, આપના વંશમાં ધ્વજ સમાન થશે. હે દેવી ! તમે પૂર્ણ કુંભ જોયો તેથી તમારો પુત્ર, બધા અતિશયોનો ભંડાર થશે. પદ્મ સરોવર જોવાથી તમારો પુત્ર, ભવાટવીમાં ભટકતા મનુષ્યોના પાપ–તાપને હરશે. તમે સમુદ્ર જોયો તેથી તમારો પુત્ર, અધૃષ્ય છતાં અભિગમ્ય-સેવનીય થશે. હે માત ! તમે વિમાન દીઠું તેથી તમારો પુત્ર વૈમાનિક

દેવોથી સેવાશે. તમે રત્ન સમૂહ જોયો તેથી તમારો પુત્ર, ગુણ-રત્નોની ખાણ થશે અને નિર્ધૂમ અગ્નિ જોયો તેથી તમારો પુત્ર, અન્ય તેજસ્વીઓ કરતાં અધિક તેજસ્વી થશે. હે દેવી! તમે ચૌદ સ્વપ્નો જોયા તેથી તમારો પુત્ર, ચૌદ રાજલોકનો સ્વામી થશે.” એ રીતે સ્વપ્નાર્થ કહી પ્રણામ કરીને ઈંદ્રો પોતપોતાના સ્થાને ગયા. મરૂદેવા માતા પણ સ્વપ્નાર્થની વ્યાખ્યારૂપ સુધાસિંચનથી અતિશય ઉલ્લાસ પામ્યા.

—•◎•—

પ્રકરણ ૧૦ મું.

જિન-જન્મોત્સવ.

મહાદેવી મરૂદેવા, ઉદરમાં વૃદ્ધિ પામતા ગર્ભના પ્રભાવથી વિશેષ લાવણ્ય-લક્ષ્મીને ધારણ કરવા લાગ્યા. ત્રૈલોક્યના સારરૂપ ગર્ભને ધારણ કર્યા છતાં તીર્થંકરના પ્રભાવથી તેમને કંઈ ખેદ થતો ન હતો, ગર્ભના માહાત્મ્યથી તે અધિક જગ- [illegible] થયા. [illegible] પ્રભુના પ્રભાવથી નાભિરાજા, [illegible] પણ વધારે માન્ય થયા [illegible] અધિક વૃદ્ધિ પામી, [illegible] થઈ ગયો. [illegible] ચૈત્ર માસની [illegible]

ઉત્તરાષાઢા નક્ષત્રની સાથે ચંદ્રમાનો યોગ થતાં મહાદેવી મરૂ દેવાએ પ્રભુને પુત્રરૂપે જન્મ આપ્યો. તે સમયે દિશાઓ પ્રસન્ન થઈ અને લોકો આનંદના કલ્લોલમાં મગ્ન થયા. તે વખતે ઉત્પન્ન થયેલા એક દેવની જેમ ઓર તથા રૂધિર વિગેરે કલંકથી રહિત ભગવાન અત્યંત શોભવા લાગ્યા. ત્રણે જગતમાં ઉદ્યોત થયો અને આકાશમાં પોતાની મેળે દુંદુભિનાદ થયો. ત્યારે નારક જીવો પણ ક્ષણવાર સુખ પામ્યા, તો દેવતા, મનુષ્યો અને તિર્યંચોને સુખ થાય તેમાં શું નવાઈ ? મંદ મંદ પ્રસરતા પવને પૃથ્વીની રજ દૂર કરવા માંડી અને મેઘોએ વસ્ત્રક્ષેપ તથા સુગંધિ જળની વૃષ્ટિ કરી, તેથી અંદર વાવેલા બીજની જેમ વસુધા વિકસિત થઈ.

તે અવસરે આસન ચલાયમાન થતાં અધોલોકની આઠ દિક્કુમારીઓ તરત ત્યાં આવી જિન તથા જિનમાતાને પ્રદક્ષિણા પૂર્વક નમીને નીચે પ્રમાણે કહેવા લાગી—"હે જગન્માતા ! હે જગદીપક ધરનારી દેવી ! તમને નમસ્કાર થાઓ. અમે અધોલોકમાં વસનારી દિક્કુમારીઓ છીએ. શ્રી તીર્થંકરનો પવિત્ર જન્મ જાણીને અમે જન્મમહોત્સવ કરવા આવી છીએ, માટે તમે અમારાથી ભીતિ ન પામશો." એમ કહીને તેમણે પૂર્વાભિમુખ એક હજાર સ્તંભવાળું સુતિકાગૃહ બનાવ્યું અને તેની ચોતરફ સંવર્ત વાયુથી એક યોજન સુધી કાંટા કાંકરા દૂર કર્યા પછી પ્રભુને પ્રણામ કરી ગીતગાન કરતી ઉભી રહી. તે રીતે મેરૂપર્વત પર વસનારી આઠ કુમારીઓએ આવી વંદન કરી

વાદળ વિકુર્વી, સુગંધિ જળની વૃષ્ટિ કરીને સૂતિકાગૃહની ચારેબાજુ એક યોજન સુધી જાનુ પ્રમાણ પંચવર્ણી પુષ્પોની વૃષ્ટિથી વસુધાને શોભીતી બનાવી. પછી જિનગુણ ગાતી તે યોગ્ય સ્થાને ઉભી રહી. તેમ પૂર્વ રૂચકાદ્રિથી આઠ કુમારીઓ આવી, વંદનક્રિયા કરી, હાથમાં દર્પણો લઇ મંગળગીત ગાતી ઉભી રહી. દક્ષિણ રૂચકાદ્રિથી આઠ કુમારીઓ આવી પૂર્વવત્ વંદન કરી હાથમાં કળશો લઇને ઉભી રહી. તેમ પશ્ચિમ રૂચકાદ્રિમાં વસતી આઠ કુમારીઓ આવી વંદન કરી, હાથમાં પંખા લઇને ઉભી રહી. ઉત્તર રૂચક પર્વતથી આઠ કુમારીઓ આવી વંદન કરી, હાથમાં ચામર ધરીને ઉભી રહી. તે પ્રમાણે વિદિશાના રૂચક પર્વતની ચાર કુમારીઓએ દીપક ધારણ કર્યા. રૂચકદ્વીપની ચાર કુમારીઓએ પ્રભુના નાભિનાલને ચાર [illegible]

વસ્ત્રાલંકારોથી તેમને અલંકૃત કરીને તે દિક્કુમારીઓ ભગવંત તથા ભગવંતની માતાને ઉત્તર બાજુના ચોકમાં લઈ ગઇ. ત્યાં તેમને સિંહાસનપર બેસારી પોતાના આભિયોગિક દેવો પાસે ક્ષુદ્ર હિમવંત પર્વત થકી બાવના ચંદન મંગાવી, તેનો હોમ કરી તે અગ્નિની ભસ્મની બે રક્ષા પોટલી કરી બંનેના હાથે બાંધી. પછી 'તમે દીર્ઘાયુષી થાઓ' એમ ભગવંતના કાનમાં કહી બે પાષાણ ગોલક તેમણે ઉછાળ્યા, અને જિન તથા જિન માતાને નમન કરી, મંગલગીત ગાતી, પ્રભુ તથા તેમની માતાને મૂલ સૂતિકાભવનમાં શય્યાપર સુવારીને તે બધી પોતપોતાના સ્થાને ગઈ.

એવામાં દેવલોકમાં શાશ્વત ઘંટાઓના નાદ સાથે ઈંદ્રોના આસનો કંપાયમાન થયા. એટલે સૌધર્મ દેવલોકનો સ્વામી સૌધર્મેંદ્ર ક્રોધથી પોતાના અધર ફરકાવતો બોલ્યો —'આજે કૃતાંતે કોનાપર કટાક્ષ કર્યો છે?' એમ બોલી પોતાનું વજ્ર લેવા જતા ઈંદ્રને સેનાપતિએ આવીને અરજ કરી કે—'હે સ્વામિન્! મારા જેવો પદાતિ છતાં આપ પોતે આ માટે તકલીફ ઉઠાવો છો? મને આજ્ઞા કરો તો આપના શત્રુનો નાશ કરૂં.' ત્યારે અવધિજ્ઞાનથી અવલોકન કરતાં ઇંદ્રે પ્રથમ પ્રભુનો જન્મ જોયો. એટલે તેનો કોપાવેશ તરત શાંત થઇ ગયો. 'અહા! મને ધિક્કાર છે કે મેં આવો વિચાર કર્યો. એ મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ.' એમ કહી સાત આઠ પગલા પ્રભુની સન્મુખ ચાલી અંજલિ જોડી નમસ્કાર પૂર્વક

રોમાંચિત થતો તે ભગવંતની સ્તુતિ કરવા લાગ્યો—'હે તીર્થનાયક! હે કરૂણાના સાગર! હે જગતના નાથ! હું આપને નમસ્કાર કરૂં છું. હે નાભિનંદન! આપ જન્મતાંજ ત્રણ જ્ઞાનથી અલંકૃત છો. હે દેવ! તમારાથી અલંકૃત થયેલ આ ભરતક્ષેત્ર આજે સ્વર્ગને પણ હસી કહાડે છે. હે લોકદીપક! આપના જન્મથી આજે નારક જીવો પણ સુખ પામ્યા. આપના જન્મકલ્યાણકથી પાવન થયેલ આજનો દિવસ વંદનીય છે. આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં ધર્મ નષ્ટ થઇ ગયો હતો, તે હવે આપના જ્ઞાન પ્રકાશના પ્રભાવથી પ્રકાશિત થશે. આપના ચરણનો આશ્રય લઇને હવે આ સંસારથી કોણ નહિ તરે? હે ભગવન! ભરતક્ષેત્રમાં આપ સાક્ષાત્ કલ્પવૃક્ષરૂપે લોકોના અસાધારણ પુણ્યને લીધેજ અવતર્યા છો.'

એ પ્રમાણે સૌધર્મેંદ્રે સ્તુતિ કરીને પોતાના નૈગમેષી સેનાપતિને હુકમ કર્યો કે—'જંબુદ્વીપના દક્ષિણાર્ધ ભરતક્ષેત્રમાં પ્રથમ તીર્થનાથનો જન્મ થયો છે, તેમના જન્મસ્નાત્રને માટે બધા દેવોને બોલાવો.' ઇંદ્રના આ આદેશથી તેણે એક યોજનની સુઘોષા ઘંટા ત્રણ વખત વગાડી. એટલે તેની પાછળ બધા વિમાનોની ઘંટાઓ વાગી અને તે અવાજ બત્રીશ લાખ વિમાનોમાં પ્રસરી રહ્યો. આથી પ્રમાદની પથારીમાં પ્રમોદ પામતા દેવતાઓ 'આ શું છે?' એમ બોલતા સાવધાન થયા. ત્યારે સેનાપતિએ ઇંદ્રનો આદેશ કહી સંભળાવ્યો કે—'હે દેવતાઓ! તમને ઇંદ્ર આજ્ઞા કરે છે કે—

જંબુદ્વીપના દક્ષિણાર્ધના ભરતખંડના મધ્યમાં નાભિકુલકરના ઘરે આદ્ય જિનેશ્વરનો જન્મ થયો છે. તેમનો જન્મ મહોત્સવ કરવા જવાને તૈયાર થાઓ. એના જેવું બીજું એકે પણ ઉત્કૃષ્ટ કામ નથી.' આથી કેટલાક દેવતાઓ ભગવંત ઉપરના ભક્તિ-રાગથી ચાલ્યા, કેટલાક ઇંદ્રના આદેશને તાબે થઇને ચાલ્યા, કેટલાક દેવીઓના આગ્રહથી ચાલ્યા અને કેટલાક કૌતુક નિહાળવાના રસથી પણ ભેગા ભળ્યા.

તે વખતે ઇંદ્રે પોતાના પાલક નામના આભિયોગિક દેવને અદ્ભુત વિમાન રચવાનો હુકમ કર્યો. એટલે સ્વામીની આજ્ઞા થતાં તેણે તરતજ હજારો રત્ન–સ્તંભો, ગવાક્ષો, ધ્વજાઓ, વેદિકાઓ તથા કનક-કળશો સહિત પાંચસેં યોજન ઉન્નત અને એક લાખ યોજન વિસ્તૃત વિમાન રચ્યું. ત્રણ સોપાન પંક્તિઓ, તોરણો, રત્નની શિલાઓ, અપ્સરા સમાન પૂતળીઓ, સભામંડપ, માણિક્ય પીઠિકા, સિંહાસન, વિજયવસ્ત્ર, તથા મોતીની માળાઓથી તે અતિશય શોભતું હતું. સિંહાસનની ત્રણે બાજુ ચોરાશી હજાર સામાનિક દેવોના ભદ્રાસનો હતા. આઠ અગ્રમહિષીઓના આસનો, તથા મધ્યમાં બાર હજાર સભાસદોના આસનો હતા. ચૌદ હજાર મધ્ય સભાસદોના, સોળ હજાર બાહ્ય સભાસદોના, સાત સેનાપતિઓના તથા મેરૂની ચોતરફ નક્ષત્રોની જેમ ઇંદ્ર-સિંહાસનની ચોતરફ ચોરાશી હજાર આત્મરક્ષક દેવતાઓના આસનો શોભતા હતા.

રોમાંચિત થશો ને ભગવંતની સ્તુતિ કરવા લાગ્યો—' હે તીર્થનાયક ! હે કરુણાના સાગર ! હે જગતના નાથ ! હું આપને નમસ્કાર કરું છું. હે નાભિનંદન ! આપ જન્મતાંજ ત્રણ જ્ઞાનથી અલંકૃત છો. હે દેવ ! તમારાથી અલંકૃત થયેલ આ ભરતક્ષેત્ર આજે સ્વર્ગને પણ હસી કહાડે છે. હે લોકદીપક ! આપના જન્મથી આજે નારક જીવો પણ સુખ પામ્યા. આપના જન્મકલ્યાણકથી પાવન થયેલ આજનો દિવસ વંદનીય છે. આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં ધર્મ નષ્ટ થઇ ગયો હતો, તે હવે આપના જ્ઞાન પ્રકાશના પ્રભાવથી પ્રકાશિત થશે. આપના ચરણનો આશ્રય લઇને હવે આ સંસારથી કોણ નહિ તરે ? હે ભગવન ! ભરતક્ષેત્રમાં આપ સાક્ષાત્ કલ્પવૃક્ષરૂપે લોકોના અસાધારણ પુણ્યને લીધેજ અવતર્યા છો.'

એ પ્રમાણે સૌધર્મેન્દ્રે સ્તુતિ કરીને પોતાના નૈગમેષી સેનાપતિને હુકમ કર્યો કે—' જંબુદ્વીપના દક્ષિણાર્ધ ભરતક્ષેત્રમાં પ્રથમ તીર્થનાથનો જન્મ થયો છે, તેમના જન્મ સ્નાત્રને માટે બધા દેવોને બોલાવો.' ઇંદ્રના આ આદેશથી તેણે એક યોજનની સુઘોષા નામની ઘંટા ત્રણ વખત વગાડી. એટલે તેની પાછળ બધા વિમાનોની ઘંટાઓ વાગી અને તે અવાજ બત્રીશ લાખ વિમાનોમાં પ્રસરી રહ્યો. આથી પ્રમાદની પથારીમાં પ્રમોદ પામતા દેવતાઓ ' આ શું હશે ? ' એમ બોલતા સાવધાન થયા. ત્યારે સેનાપતિએ ઇંદ્રનો આદેશ કહી સંભળાવ્યો કે—' હે દેવતાઓ ! તમને ઇંદ્ર આજ્ઞા કરે છે કે—

જંબુદ્વીપના દક્ષિણાર્ધના ભરતખંડના મધ્યમાં નાભિકુલકરના ઘરે આદ્ય જિનેશ્વરનો જન્મ થયો છે. તેમનો જન્મ મહોત્સવ કરવા જવાને તૈયાર થાઓ. એના જેવું બીજું એકે પણ ઉત્કૃષ્ટ કામ નથી.' આથી કેટલાક દેવતાઓ ભગવંત ઉપરના ભક્તિ-રાગથી ચાલ્યા; કેટલાક ઈંદ્રના આદેશને તાબે થઇને ચાલ્યા, કેટલાક દેવીઓના આગ્રહથી ચાલ્યા અને કેટલાક કૌતુક નિહાળવાના રસથી પણ ભેગા ભળ્યા.

તે વખતે ઈંદ્રે પોતાના પાલક નામના આભિયોગિક દેવને અદ્‌ભુત વિમાન રચવાનો હુકમ કર્યો. એટલે સ્વામીની આજ્ઞા થતાં તેણે તરતજ હજારો રત્ન-સ્તંભો, ગવાક્ષો, ધ્વજાઓ, વેદિકાઓ તથા કનક-કળશો સહિત પાંચસે યોજન ઉન્નત અને એક લાખ યોજન વિસ્તૃત વિમાન રચ્યું. ત્રણ સોપાન પંક્તિઓ, તોરણો, રત્નની શિલાઓ, અપ્સરા સમાન પુતળીઓ, સભામંડપ, માણિક્ય પીઠિકા, સિંહાસન, વિજયવસ્ત્ર, તથા મોતીની માળાઓથી તે અતિશય શોભતું હતું. સિંહાસનની ત્રણે બાજુ ચોરાશી હજાર સામાનિક દેવોના ભદ્રાસનો હતા. આઠ અગ્રમહિષીઓના આસનો, તથા મધ્યમાં બાર હજાર સભાસદોના આસનો હતા. ચૌદ હજાર મધ્ય સભાસદોના, સોળ હજાર બાહ્ય સભાસદોના, સાત સેનાપતિઓના તથા મેરૂની ચોતરફ નક્ષત્રોની જેમ ઈન્દ્ર-સિંહાસનની ચોતરફ ચોરાશી હજાર આત્મરક્ષક દેવતાઓના આસનો શોભતા હતા.

રોમાંચિત થતો તે ભગવંતની સ્તુતિ કરવા લાગ્યો—'હે તીર્થનાયક! હે કરૂણાના સાગર! હે જગતના નાથ! હું આપને નમસ્કાર કરૂં છું. હે નાભિનંદન! આપ જન્મતાંજ ત્રણ જ્ઞાનથી અલંકૃત છો. હે દેવ! તમારાથી અલંકૃત થયેલ આ ભરતક્ષેત્ર આજે સ્વર્ગને પણ હસી કહાડે છે. હે લોકદીપક! આપના જન્મથી આજે નારક જીવો પણ સુખ પામ્યા. આપના જન્મકલ્યાણકથી પાવન થયેલ આજનો દિવસ વંદનીય છે. આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં ધર્મ નષ્ટ થઇ ગયો હતો, તે હવે આપના જ્ઞાન પ્રકાશના પ્રભાવથી પ્રકાશિત થશે. આપના ચરણનો આશ્રય લઇને હવે આ સંસારથી કોણ નહિ તરે? હે ભગવન! ભરતક્ષેત્રમાં આપ સાક્ષાત્ કલ્પવૃક્ષરૂપે લોકોના અસાધારણ પુણ્યને લીધેજ અવતર્યા છો.'

એ પ્રમાણે સૌધર્મેંદ્રે સ્તુતિ કરીને પોતાના નૈગમેષી સેનાપતિને હુકમ કર્યો કે—'જંબુદ્વીપના દક્ષિણાર્ધ ભરતક્ષેત્રમાં પ્રથમ તીર્થનાથનો જન્મ થયો છે, તેમના જન્મ સ્નાત્રને માટે બધા દેવોને બોલાવો.' ઈંદ્રના આ આદેશથી તેણે એક યોજનની સુઘોષા ઘંટા ત્રણ વખત વગાડી. એટલે તેની પાછળ બધા વિમાનોની ઘંટાઓ વાગી અને તે અવાજ બત્રીશ લાખ વિમાનોમાં પ્રસરી રહ્યો. આથી પ્રમાદની પથારીમાં પ્રમોદ પામતા દેવતાઓ 'આ શું હશે?' એમ બોલતા સાવધાન થયા. ત્યારે નૈગમેષીએ ઇંદ્રનો આદેશ કહી સંભળાવ્યો કે—'હે દેવતાઓ! તમને ઇંદ્ર આજ્ઞા કરે છે કે—

જંબુદ્વીપના દક્ષિણાર્ધના ભરતખંડના મધ્યમાં નાભિકુલકરના ઘરે આદ્ય જિનેશ્વરનો જન્મ થયો છે. તેમનો જન્મ મહોત્સવ કરવા જવાને તૈયાર થાઓ. એના જેવું બીજું એકે પણ ઉત્કૃષ્ટ કામ નથી.' આથી કેટલાક દેવતાઓ ભગવંત ઉપરના ભક્તિ-રાગથી ચાલ્યા, કેટલાક ઇંદ્રના આદેશને તાબે થઇને ચાલ્યા, કેટલાક દેવીઓના આગ્રહથી ચાલ્યા અને કેટલાક કૌતુક નિહાળવાના રસથી પણ ભેગા મળ્યા.

તે વખતે ઇંદ્રે પોતાના પાલક નામના આભિયોગિક દેવને અદ્ભુત વિમાન રચવાનો હુકમ કર્યો. એટલે સ્વામીની આજ્ઞા થતાં તેણે તરતજ હજારો રત્ન-સ્તંભો, ગવાક્ષો, ધ્વજાઓ, વેદિકાઓ તથા કનક-કળશો સહિત પાંચસેં યોજન ઉન્નત અને એક લાખ યોજન વિસ્તૃત વિમાન રચ્યું. ત્રણ સોપાન પંક્તિઓ, તોરણો, રત્નની શિલાઓ, અપ્સરા સમાન પૂતળીઓ, સભામંડપ, માણિક્ય પીઠિકા, સિંહાસન, વિજયવસ્ત્ર, તથા મોતીની માળાઓથી તે અતિશય શોભતું હતું. સિંહાસનની ત્રણે બાજુ ચોરાશી હજાર સામાનિક દેવોના ભદ્રાસનો હતા. આઠ અગ્રમહિષીઓના આસનો, તથા મધ્યમાં બાર હજાર સભાસદોના આસનો હતા. ચૌદ હજાર મધ્ય સભાસદોના, સોળ હજાર બાહ્ય સભાસદોના, સાત સેનાપતિઓના તથા મેરૂની ચોતરફ નક્ષત્રોની જેમ ઇંદ્ર-સિંહાસનની ચોતરફ ચોરાશી હજાર આત્મરક્ષક દેવતાઓના આસનો શોભતા હતા.

રોમાંચિત થતો તે ભગવંતની સ્તુતિ કરવા લાગ્યો—'હે તીર્થનાયક ! હે કરૂણાના સાગર ! હે જગતના નાથ ! હું આપને નમસ્કાર કરૂં છું. હે નાભિનંદન ! આપ જન્મતાંજ ત્રણ જ્ઞાનથી અલંકૃત છો. હે દેવ ! તમારાથી અલંકૃત થયેલ આ ભરતક્ષેત્ર આજે સ્વર્ગને પણ હસી કહાડે છે. હે લોકદીપક ! આપના જન્મથી આજે નારક જીવો પણ સુખ પામ્યા. આપના જન્મકલ્યાણકથી પાવન થયેલ આજનો દિવસ વંદનીય છે. આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં ધર્મ નષ્ટ થઇ ગયો હતો, તે હવે આપના જ્ઞાન પ્રકાશના પ્રભાવથી પ્રકાશિત થશે. આપના ચરણનો આશ્રય લઇને હવે આ સંસારથી કોણ નહિ તરે ? હે ભગવન ! ભરતક્ષેત્રમાં આપ સાક્ષાત્ કલ્પવૃક્ષરૂપે લોકોના અસાધારણ પુણ્યને લીધેજ અવતર્યા છો.'

એ પ્રમાણે સૌધર્મેંદ્રે સ્તુતિ કરીને પોતાના નૈગમેષી સેનાપતિને હુકમ કર્યો કે—'જંબુદ્વીપના દક્ષિણાર્ધ ભરતક્ષેત્રમાં પ્રથમ તીર્થનાથનો જન્મ થયો છે, તેમના જન્મ સ્નાત્રને માટે બધા દેવોને બોલાવો.' ઈંદ્રના આ આદેશથી તેણે એક યોજનની સુઘોષા ઘંટા ત્રણ વખત વગાડી. એટલે તેની પાછળ બધા વિમાનોની ઘંટાઓ વાગી અને તે અવાજ બત્રીશ લાખ વિમાનોમાં પ્રસરી રહ્યા. આથી પ્રમાદની પથારીમાં પ્રમોદ પામતા દેવતાઓ 'આ શું હશે ?' એમ બોલતા સાવધાન થયા. ત્યારે સેનાપતિએ ઇંદ્રનો આદેશ કહી સંભળાવ્યો કે—'હે દેવતાઓ ! તમને ઇંદ્ર આજ્ઞા કરે છે કે—

જગન્માતા ! તમને નમસ્કાર છે. તમે ધન્ય અમ કૃતપુણ્ય છો. પુત્રવતી પ્રેમદાઓમાં તમે શિરોમણિ છો. મોક્ષપથ-દર્શક આદિ પ્રભુને તમે જન્મ આપ્યો તેથી જગતને પૂજનીય છો. હે મહાદેવી ! તમે ભય ન પામશો. હું સૌધર્મેંદ્ર તમારા પુત્ર-જિનેશ્વરનો જન્મોત્સવ કરવા આવ્યો છું.'

એમ કહી મરૂદેવા પર અવસ્વાપિની નિદ્રા નાખી, ત્યાં એક પ્રભુનું કૃત્રિમ પ્રતિબિંબ મૂકીને ભક્તિભાવિત ઈંદ્રે પોતાના પાંચ રૂપ કર્યાં. તેમાં એક રૂપથી પ્રભુને વિનયપૂર્વક પ્રણામ કરી—'હે ભગવન ! આજ્ઞા આપો.' એમ કહી તેણે બાવનાચંદનથી ચર્ચિત પોતાના હાથમાં સ્વામીને ગ્રહણ કર્યા, એક રૂપથી તેણે ભગવંતના મસ્તક પર છત્ર ધારણ કર્યું, બે રૂપથી બંને બાજુ બે ચામર ધારણ કર્યાં અને એક રૂપથી વજ્ર ધારણ કરીને તે આગળ ચાલ્યો. એ રીતે પ્રભુને લઈ જય જય શબ્દથી આકાશને પૂરતો અને દેવતાઓને આનંદ ઉપજાવતો ઈંદ્ર મેરૂ પર્વત ઉપર ગયો. ત્યાં પાંડુક વનમાં દક્ષિણ ચૂલિકા ઉપર અતિપાંડુકંબલા નામની શિલાપર જિનસ્નાત્રોચિત સિંહાસન ઉપર ઈંદ્ર, ભગવંતને આનંદપૂર્વક પોતાના ઉત્સંગમાં લઈને બેઠો.

એવામાં મહાઘોષા ઘંટાના નાદથી સાવધાન થયેલા અઠ્ઠાવીશ લાખ વિમાનવાસી દેવતાઓથી પરવરેલ ઈશાનેંદ્ર પણ વિમાનમાં બેસીને પ્રથમ ઈંદ્રની જેમ ત્યાં આવ્યો. તેમ સનત્કુમારેંદ્ર, બાર લાખ દેવો અને મહેંદ્ર, આઠ લાખ

જગન્માતા ! તમને નમસ્કાર છે. તમે ધન્ય અમ કૃતપુણ્ય છો. પુત્રવતી પ્રેમદાઓમાં તમે શિરોમણિ છો. મોક્ષપથ-દર્શક આદિ પ્રભુને તમે જન્મ આપ્યો તેથી જગતને પૂજનીય છો. હે મહાદેવી ! તમે ભય ન પામશો. હું સૌધર્મેંદ્ર તમારા પુત્ર-જિનેશ્વરનો જન્મોત્સવ કરવા આવ્યો છું.'

એમ કહી મરૂદેવા પર અવસ્વાપિની નિદ્રા નાખી, ત્યાં એક પ્રભુનું કૃત્રિમ પ્રતિબિંબ મૂકીને બહુરૂપકારી ઇંદ્રે પોતાના પાંચ રૂપ કર્યા. તેમાં એક રૂપથી પ્રભુને વિનયપૂર્વક પ્રણામ કરી—' હે ભગવન ! આજ્ઞા આપો.' એમ કહી તેણે બાવનાચંદનથી ચર્ચિત પોતાના હાથમાં સ્વામીને ગ્રહણ કર્યા, એક રૂપથી તેણે ભગવંતના મસ્તક પર છત્ર ધારણ કર્યું, બે રૂપથી બન્ને બાજુ બે ચામર ધારણ કર્યા અને એક રૂપથી વજ્ર ધારણ કરીને તે આગળ ચાલ્યો. એ રીતે પ્રભુને લઇ જય જય શબ્દથી આકાશને પૂરતો અને દેવતાઓને આનંદ ઉપજાવતો ઇંદ્ર મેરૂ પર્વત ઉપર ગયો. ત્યાં પંડુક વનમાં દક્ષિણ ચૂલિકા ઉપર અતિપાંડુકંબલા નામની શિલાપર જિનસ્નાત્રોચિત સિંહાસન ઉપર ઇંદ્ર, ભગવંતને આનંદપૂર્વક પોતાના ઉત્સંગમાં લઈને બેઠો.

એવામાં મહાઘોષા ઘંટાના નાદથી સાવધાન થયેલા અઠ્ઠાવીશ લાખ વિમાનવાસી દેવતાઓથી પરવરેલ ઇશાનેંદ્ર પુષ્પક વિમાનમાં બેસીને પ્રથમ ઇંદ્રની જેમ ત્યાં આવ્યો. તેમ સનત્કુમારેંદ્ર, બાર લાખ દેવો અને મહેંદ્ર, આઠ લાખ

એ રીતે વિમાન તૈયાર થતાં પોતાની આઠ પટ્ટરાણીઓ સહિત શચીપતિ મુખ્ય સિંહાસન પર બેઠા. એટલે બીજા સામાનિક વિગેરે દેવતાઓ પણ પોતપોતાના ઉચિત આસન [illegible] થયા. ત્યારે દુંદુભીનાદ, જયધ્વનિ, નાટક, [illegible] અને વાજીંત્રોના [illegible] ગગનને ગજાવતું તે વિમાન [illegible] ભાગમાંથી ચાલ્યું. તે સમયે [illegible] બોલવા લાગ્યા કે—"હે [illegible]! [illegible] હાથીને [illegible] કરી [illegible] [illegible] [illegible] [illegible] હે [illegible]! [illegible] [illegible] [illegible] અરે! [illegible]! [illegible]

[illegible]

જગન્માતા ! તમને નમસ્કાર છે. તમે ધન્ય અમ કૃતપુણ્ય છો. પુત્રવતી પ્રેમદાઓમાં તમે શિરોમણિ છો. મોક્ષપથ-દર્શક આદિ પ્રભુને તમે જન્મ આપ્યો તેથી જગતને પૂજનીય છો. હે મહાદેવી ! તમે ભય ન પામશો. હું સૌધર્મેંદ્ર તમારા પુત્ર-જિનેશ્વરનો જન્મોત્સવ કરવા આવ્યો છું.'

એમ કહી મરૂદેવા પર અવસ્વાપિની નિદ્રા નાખી, ત્યાં એક પ્રભુનું કૃત્રિમ પ્રતિબિંબ મૂકીને ભક્તિભાવિત ઇંદ્રે પોતાના પાંચ રૂપ કર્યા. તેમાં એક રૂપથી પ્રભુને વિનયપૂર્વક પ્રણામ કરી—' હે ભગવન્ ! આજ્ઞા આપો. ' એમ કહી તેણે બાવનાચંદનથી ચર્ચિત પોતાના હાથમાં સ્વામીને ગ્રહણ કર્યા, એક રૂપથી તેણે ભગવંતના મસ્તક પર છત્ર ધારણ કર્યું, બે રૂપથી બંને બાજુ બે ચામર ધારણ કર્યા અને એક રૂપથી વજ્ર ધારણ કરીને તે આગળ ચાલ્યો. એ રીતે પ્રભુને લઇ જય જય શબ્દથી આકાશને પૂરતો અને દેવતાઓને આનંદ ઉપજાવતો ઇંદ્ર મેરૂ પર્વત ઉપર ગયો. ત્યાં પાંડુક વનમાં દક્ષિણ ચૂલિકાઉપર અતિપાંડુકંબલા નામની શિલાપર જિનસ્નાત્રોચિત સિંહાસન ઉપર ઇંદ્ર, ભગવંતને આનંદપૂર્વક પોતાના ઉત્સંગમાં લઇને બેઠો.

એવામાં મહાઘોષા ઘંટાના નાદથી સાવધાન થયેલા અઠ્ઠાવીશ લાખ વિમાનવાસી દેવતાઓથી પરવરેલ ઇશાનેંદ્ર પુષ્પક વિમાનમાં બેસીને પ્રથમ ઇંદ્રની જેમ ત્યાં આવ્યો. તેમ સનત્કુમારેંદ્ર, બાર લાખ દેવો અને મહેંદ્ર, આઠ લાખ

દેવતાઓ સહિત ત્યાં આવ્યો. બ્રહ્મેંદ્ર, ચાર લાખ દેવોથી અને લાંતકેંદ્ર પચાશ હજાર દેવોથી ત્યાં આવ્યો. એજ પ્રમાણે પોતપોતાના પરિવાર સહિત ચોસઠે ઈંદ્રો ત્યાં મેરૂ પર્વત પર હાજર થયા.

હવે અચ્યુતેંદ્રે, ભગવંતના જન્મ મહોત્સવ માટે જોઈતા ઉપકરણો લાવવાને આભિયોગિક દેવતાઓને આદેશ કર્યો. એટલે તેમણે ઈશાન દિશા ભણી જઈ વૈક્રિય સમુદ્ઘાતથી ઉત્તમ પુદ્ગલોને આકર્ષીને કનકના, રૂપાના, રત્નના, સુવર્ણ અને રૂપાના, કનક અને રત્નના કનક–રજત અને રત્નના; રૂપા અને રત્નના તેમજ મૃત્તિકાના–એમ એક યોજન ઉંચા, આઠ જાતિના દરેક એક હજારને આઠ મનહર કળશો બનાવ્યા. તે કળશોની સંખ્યા પ્રમાણે કનકાદિ વસ્તુઓથી ઝારીઓ, દર્પણો, કરંડીયા, થાળ, ડાબલા, પાત્રિકા તથા પુષ્પોની ચંગેરીઓ–એ બધી ચીજો તરતજ બનાવીને તે ત્યાં લઇ આવ્યા. પછી ઇંદ્રના આદેશથી તેમણે તે કળશો ક્ષીરસાગરના જળથી ભરી લીધા, તેની સાથે સાથે પુંડરીક, ઉત્પલ, કોકનદ વિગેરે જાતિના કમળો ત્યાંથી લઇ લીધા, તેમજ માગધાદિ તીર્થોમાંથી જળ અને મૃત્તિકા લીધી, ગંગા વિગેરે નદીઓનું જળ લીધું, ક્ષુદ્ર હિમવંત પર્વત પરથી સિદ્ધાર્થ, ગંધ દ્રવ્ય અને સર્વૌષધિ ગ્રહણ કરી, તેજ પર્વતના પદ્મદ્રહમાંથી સુગંધિ જળ અને કમળો લીધા, તેમજ અન્ય પર્વત, દ્રહ તીર્થ વિગેરે સ્થાનોથી જોઈતા સુગંધિ ઉત્તમ દ્રવ્યો લઇને તરત તેઓ મેરૂપર્વત પર આવ્યા

પછી પોતાના પરિવાર સહિત આરણ તથા અચ્યુત દેવલોકનો ઇંદ્ર પવિત્ર થઇને પ્રભુને સ્નાન કરાવવા તત્પર થયો. પ્રથમ ઉત્તરાસંગ ધારણ કરીને પારિજાતક વિગેરે વિકસિત પુષ્પોની અંજલિ તેણે ભગવંત પાસે મૂકી. એટલે, પુષ્પોને લીધે જાણે પ્રભુના સાંનિધ્યપણાથી હસતા હોય તેવા કળશો, દેવતાઓએ લાવીને ત્યાં મૂક્યા. પછી અચ્યુતેંદ્રે પોતાના સામાનિક દેવતાઓની સાથે એક હજારને આઠ કળશો ગ્રહણ કર્યા, અને કળશને નમાવતાં તેણે સ્વામીને સ્નાન કરાવવાનો પ્રારંભ કર્યો. તે વખતે આનંદથી ઓતપ્રોત થયેલા કેટલાક દેવો મૃદંગ, કેટલાક દુંદુભિ, કેટલાક કાંસીઓ કેટલાક ભેરી, કેટલાક ઢોલ અને કેટલાક દેવો ત્યાં મુરજ વગાડવા લાગ્યા, તથા કેટલાક શંખ અને ઝાલરો વગાડવા લાગ્યા. એવા અવસરે ચારણ મુનિઓ—'હે જગત્પાલક ! હે કરૂણા સમુદ્ર ! હે મોક્ષદાતા ! હે ધર્મ પ્રવર્ત્તક ! હે જગન્નેત્ર ! તમે જયવંત રહો' એમ ઘોષ કરવા લાગ્યા. ત્યારે આકાશ એક નાદમય થઇ ગયું. આવા જયઘોષપૂર્વક અચ્યુતેંદ્ર સ્વામી ઉપર ધીમે ધીમે કુંભજળ નામવા લાગ્યો. એક યોજન મુખવાળા કુંભોમાંથી નીકળતી જળધારાઓ, ગિરિગુફામાંથી નીકળતા નિર્ઝરણા જેવી શોભતી હતી. તે કુંભજળ, ભગવંતના મસ્તકથી નીચે ઉતરતાં ભિન્ન ભિન્ન ઉપમાને પામતું હતું. તે વખતે કેટલાક દેવતાઓ સ્નાનજળ પૃથ્વીપર પડતાંજ શ્રદ્ધાથી લેવા લાગ્યા, કેટલાક—'આવું જળ ફરી ક્યાં મળશે ?' એમ ધારીને પોતાના શિરપર છાંટવા લાગ્યા તથા કેટલાક તે જળ

દેવતાઓ સહિત ત્યાં આવ્યો. બ્રહ્મેંદ્ર, ચાર લાખ દેવો અને લાંતકેંદ્ર પચાશ હજાર દેવોથી ત્યાં આવ્યો. એ પ્રમાણે પોતપોતાના પરિવાર સહિત ચોસઠે ઈંદ્રો ત્યાં મેરૂ પર્વત પર હાજર થયા.

હવે અચ્યુતેંદ્રે, ભગવંતના જન્મ મહોત્સવ માટે જોઈતા ઉપકરણો લાવવાને આભિયોગિક દેવતાઓને આદેશ કર્યો. એટલે તેમણે ઇશાન દિશા ભણી જઈ વૈક્રિય સમુદ્ઘાતથી ઉત્તમ પુદ્ગલોને આકર્ષીને કનકના, રૂપાના, રત્નના, સુવર્ણ અને રૂપાના, કનક અને રત્નના કનક-રજત અને રત્નના; રૂપા અને રત્નના તેમજ મૃત્તિકાના-એમ એક યોજન ઉંચા, આઠ જાતિના દરેક એક હજારને આઠ મનહર કળશો બનાવ્યા. તે કળશોની સંખ્યા પ્રમાણે કનકાદિ વસ્તુઓથી ઝારીઓ, દર્પણો, કરંડીયા, થાળ, ડાબલા, પાત્રિકા તથા પુષ્પોની ચંગેરીઓ-એ બધી ચીજો તરતજ બનાવીને તે ત્યાં લઇ આવ્યા. પછી ઇંદ્રના આદેશથી તેમણે તે કળશો ક્ષીરસાગરના જળથી ભરી લીધા, તેની સાથે સાથે પુંડરીક, ઉત્પલ, કોકનદ વિગેરે જાતિના કમળો ત્યાંથી લઇ લીધા, તેમજ માગધાદિ તીર્થોમાંથી જળ અને મૃત્તિકા લીધી, ગંગા વિગેરે નદીઓનું જળ લીધું, ક્ષુદ્ર હિમવંત પર્વત પરથી સિદ્ધાર્થ, ગંધ દ્રવ્ય અને સર્વૌષધિ ગ્રહણ કરી, તેજ પર્વતના પદ્મદ્રહમાંથી સુગંધિ જળ અને કમળો લીધા, તેમજ અન્ય પર્વત, દ્રહ તીર્થ વિગેરે સ્થાનોથી જોઈતા સુગંધિ ઉત્તમ દ્રવ્યો લઇને તરત તેઓ મેરૂપર્વત પર આવ્યા.

પછી પોતાના પરિવાર સહિત, આરણ તથા અચ્યુત દેવલોકનો ઇંદ્ર પવિત્ર થઈને પ્રભુને સ્નાન કરાવવા તત્પર થયો. પ્રથમ ઉત્તરાસંગ ધારણ કરીને પારિજાતક વિગેરે વિકસિત પુષ્પોની અંજલિ તેણે ભગવંત પાસે મૂકી. એટલે, પુષ્પોને લીધે જાણે પ્રભુના સાંનિધ્યપણાથી હસતા હોય તેવા કળશો, દેવતાઓએ લાવીને ત્યાં મૂકયા. પછી અચ્યુતેંદ્રે પોતાના સામાનિક દેવતાઓની સાથે એક હજારને આઠ કળશો ગ્રહણ કર્યા, અને કળશને નમાવતાં તેણે સ્વામીને સ્નાન કરાવવાનો પ્રારંભ કર્યો. તે વખતે આનંદથી ઓતપ્રોત થયેલા કેટલાક દેવો મૃદંગ, કેટલાક દુંદુભિ, કેટલાક કાંસીઓ કેટલાક ભેરી, કેટલાક કાહલ અને કેટલાક દેવો ત્યાં મુરજ વગાડવા લાગ્યા, તથા કેટલાક શંખ અને ઝાલરો વગાડવા લાગ્યા. એવા અવસરે ચારણ મુનિઓ—'હે જગત્પાલક ! હે કરૂણા સમુદ્ર ! હે મોક્ષદાતા ! હે ધર્મ પ્રવર્ત્તક ! હે જગન્નેત્ર ! તમે જયવંત રહો' એમ ઘોષ કરવા લાગ્યા. ત્યારે આકાશ એક નાદમય થઈ ગયું. આવા જયઘોષપૂર્વક અચ્યુતેંદ્ર સ્વામી ઉપર ધીમે ધીમે કુંભજળ નામવા લાગ્યો. એક યોજન મુખવાળા કુંભોમાંથી નીકળતી જળધારાઓ, ગિરિગુફામાંથી નીકળતા નિઝરણા જેવી શોભતી હતી. તે કુંભજળ, ભગવંતના મસ્તકથી નીચે ઉતરતાં ભિન્ન ભિન્ન ઉપમાને પામતું હતું. તે વખતે કેટલાક દેવતાઓ સ્નાનજળ પૃથ્વીપર પડતાંજ શ્રદ્ધાથી લેવા લાગ્યા, કેટલાક—'આવું જળ ફરી કયાં મળશે ?' એમ ધારીને પોતાના શિરપર છાંટવા લાગ્યા તથા કેટલાક તે જળ

પોતાના શરીરે સિંચવા લાગ્યા. એ પ્રમાણે એક પછી એક કળશો લેતાં ઇંદ્રે સ્વામીને સ્નાન કરાવ્યું અને પછી દિવ્ય સુગંધિ વસ્ત્રથી પ્રભુનું અંગ લુંછયું. તે વખતે સ્વામીનું શરીર મેરૂપર્વતના એક ભાગ જેવું શોભતું હતું.

ત્યારબાદ આભિયોગિક દેવોએ બાવનાચંદનનો કર્દમ રકાબીમાં ભરીને અચ્યુતેંદ્ર પાસે મૂકયો. એટલે ઇંદ્રે તેનાથી ભગવંતના અંગે વિલેપન કર્યું. તે અવસરે કેટલાક દેવો ધૂપ ઉખેવતા, કેટલાક છત્ર અને કેટલાક ચામર ઢાળવા લાગ્યા. કેટલાકે આયુધ લીધા અને કેટલાક પંખાવતી પવન નાખવા લાગ્યા. કેટલાક પુષ્પવૃષ્ટિ અને કેટલાક ચોતરફ સુગંધિ ચૂર્ણ ઉછાળવા લાગ્યા. કેટલાક રત્નવૃષ્ટિ, કેટલાક ગુણગાન અને કેટલાક વાજિંત્ર વગાડવા લાગ્યા. કેટલાક નૃત્ય, કેટલાક નાટક અને કેટલાક સિંહનાદ કરવા લાગ્યા. એ રીતે ઇંદ્રે પ્રભુને વિલેપન કર્યું અને વિકસિત પારિજાતાદિક પુષ્પોથી ભવ્ય ભક્તિપૂર્વક ભગવંતની પૂજા કરી. તે રીતે બીજા બાસઠ ઇંદ્રોએ પણ સ્નાત્ર, વિલેપન અને પૂજન કર્યું.

પછી સૌધર્મેંદ્રની જેમ ઇશાનેંદ્રે પોતાના પાંચ રૂપ બનાવ્યા. એક રૂપે અરિહંતને ઉત્સંગમાં બેસાર્યા, એક રૂપે છત્ર ધર્યું, બે રૂપે બંને બાજુ ચામર ધર્યા અને એક રૂપે હાથમાં ત્રિશૂળ લઇને તે પ્રભુની સન્મુખ ઉભો રહ્યો. તે વખતે સૌધર્મેંદ્રે ચારે બાજુ સ્ફટિક મણિના ચાર વૃષભનાં રૂપ કર્યા. તેમના આઠ ઉન્નત શીંગડાંમાંથી આઠ જળધારાઓ છુટવા

લાગી. ફુવારાની જેમ શૃંગોમાંથી નીકળતી જળધારાવતી ઈંદ્રે પ્રભુને સ્નાન કરાવ્યું; પછી દેવદુષ્ય વસ્ત્રથી પ્રભુનું અંગ લુંછીને તેણે ભગવંતની આગળ રૂપાના અખંડ અક્ષતથી અષ્ટ મંગળ આળેખ્યા. પછી પૂજા કરીને તેણે ભગવંતને વજ્રમાણિક્યનો મુગટ તથા બે સુવર્ણ—કુંડલ પહેરાવ્યા. કંઠે મુક્તામાળા તથા ભુજામાં બે બાજુબંધ પહેરાવ્યા. કેડમાં કંદોરો અને ચરણમાં બે તોડા પહેરાવ્યા. ઈંદ્રે ભગવંતના અંગને અલંકૃત કરવા જે જે આભૂષણો પહેરાવ્યા, તે તે આભૂષણો ઉલટા ભગવાનના અંગસંગથી વધારે શોભીતા થયા. પછી આરતી ઉતારીને હર્ષથી રોમાંચિત થતો ઈંદ્ર આ પ્રમાણે સ્વામીની સ્તુતિ કરવા લાગ્યો:—

"હે વિશ્વબંધો! હે કરૂણાનિધાન! હે જગદુદ્ધારક! હું આપને વંદન કરૂં છું. હે વિભો! જે મુહુર્તમાં આપનો જન્મ થયો, તે મુહુર્ત પણ વંદનીય છે. હે નાથ! નિરંતર આપનું દર્શન કરનાર મનુષ્યો ધન્ય છે. હે સ્વામિન્! આપની દેશના તો દૂર રહો પરંતુ આપનું દર્શન પણ પ્રાણીઓના ભવની ભાવઠ ભાંગે છે. હે ભવતારક! આપની ઉપમા આપનેજ ઘટે છે. હે સ્વામિન્! આપના સદ્‌ભૂતાર્થ ગુણો વર્ણવાને હું સમર્થ નથી. સ્વયંભૂરમણ સાગરના જળને કોણ માપી શકે!"

એ રીતે પ્રભુની સ્તુતિ કરીને ઈંદ્રે પ્રમોદપૂર્વક પ્રથમની જેમ પાંચરૂપ કર્યા, અને ત્યાંથી ભગવંતને ગ્રહણ કરીને તે મરૂદેવા માતા પાસે આવ્યો. ત્યાં પ્રથમ મૂકેલ જિન-પ્રતિ-

બિંબ તેણે સંહરી લીધું અને માતા પાસે પ્રભુને સ્થાપીને તેની અવસ્વાપિની નિદ્રા દૂર કરી. પછી દિવ્ય વસ્ત્રયુગલ તથા બે રત્નકુંડલ પ્રભુને ઓશીકે મૂકયા. તેમજ ભગવંતને વિનોદ પમાડવા માટે રત્નના હારથી વ્યાપ્ત એક ગેડીદડો ત્યાં ચંદ્રવામાં લટકાવ્યો. પછી ઇંદ્રે કુબેરને હુકમ કર્યો કે—'સ્વામીના ભવનમાં બત્રીશકોટી હિરણ્ય, તેટલું સુવર્ણ, બત્રીશ નંદાસન, બત્રીશ ભદ્રાસન તથા અન્ય પણ વસ્ત્રાદિ અતિ મનોહર તથા સાંસારિક સુખ ઉપજાવે તેવી મહાકીમતી વસ્તુઓ વરસાવો (ભરી મૂકો) એટલે કુબેરે તરતજ જૃંભક દેવતા પાસે તેમ કરાવ્યું. ત્યારબાદ ઇંદ્રે આભિયોગિક દેવતાના મુખથી ચારે નિકાયના દેવોમાં ઉદ્‌ઘોષણ કરાવી કે— 'ભગવંતની માતાનું જે કોઇ અશુભ ચિંતવશે તેનું મસ્તક અર્જકમંજરીની જેમ સાત પ્રકારે છેદન થશે.' પછી ઇંદ્રે પ્રભુના હાથના અંગુઠામાં અમૃતનો સંચાર કર્યો. કારણકે તીર્થંકરો સ્તનપાન કરતા નથી. જ્યારે તેમને ક્ષુધા લાગે ત્યારે તે અમૃતમય અંગુઠો મુખમાં રાખીને ચૂસે છે. છેવટે પ્રભુનું ધાત્રી કર્મ કરવાને ઇંદ્રે, પાંચ અપ્સરાઓને ધાવમાતા તરીકે ત્યાં રહેવાનો હુકમ કર્યો. સ્વામીનો સ્નાત્ર મહોત્સવ થઇ રહ્યા પછી ઇંદ્રો અને દેવતાઓ નંદીશ્વર દ્વીપમાંના ચૈત્યોની શાશ્વત જિનપ્રતિમાઓનો અઠ્ઠાઇ મહોત્સવ કરીને બધા પોતપોતાના સ્થાને ગયા.

અહીં મરૂદેવા સ્વામિનીએ પ્રાતઃ સમયે જાગ્રત થતાં

રાત્રે દેવતાઓના આગમન સંબંધી બધો વૃત્તાંત પોતાના સ્વામી નાભિરાજાને કહી સંભળાવ્યો. ભગવંતના સાથળમાં ઋષભ (વૃષભ)નું લક્ષણ હોવાથી તથા સમસ્ત સ્વપ્નોમાં માતાએ પ્રથમ ઋષભ જોવાથી હર્ષ પામતા માતપિતાએ શુભ દિવસે ભગવંતનું ઋષભ એવું નામ રાખ્યું, તથા સાથે જન્મેલ કન્યાનું સુમંગલા એવું નામ પાડ્યું. ઈદ્રે સંક્રમાવેલા અંગુષ્ઠામૃતનું પાન કરતાં વિભુ વૃક્ષની જેમ વધવા લાગ્યા. પિતાના ઉત્સંગમાં બિરાજેલા બાળ વિભુ, ગુફામાં રહેલા કેસરી સિંહની જેમ શોભતા હતા. ઈંદ્રની આજ્ઞાથી રહેલી પાંચ ધાત્રીઓ ભગવંતને કોઈ વાર દૃષ્ટિ બહાર મુકતી ન હતી. એ રીતે ત્રણ જ્ઞાન સહિત ઋષભ પ્રભુ બાળ-કાળ વ્યતીત કરવા લાગ્યા.

—※(◎)※—

પ્રકરણ ૧૧ મું.

લગ્નમહોત્સવ.

'લોકોત્તર પુરૂષો પણ વ્યવહારપ્રવૃત્તિને માન આપે છે.'

ભગવંત એક વરસના થયા, ત્યારે સૌધર્માધિપતિ વંશ સ્થાપવાને ત્યાં આવ્યો. 'ખાલી હાથે સેવકે, સ્વામીનું દર્શન ન કરવું' એમ ધારીને ઈદ્રે સેલડીનો એક મોટો સાંઠો સાથે લીધો અને નાભિરાજાના ઉત્સંગમાં બિરાજેલા ભગવંત પાસે

તે આવ્યો. એટલે અવધિજ્ઞાનથી ઇંદ્રનો અભિપ્રાય જાણીને સ્વામીએ તે ઇક્ષુદંડ લેવાને પોતાનો હાથ લંબાવ્યો. ત્યારે પ્રભુના મનોભાવને જાણી, ઇંદ્ર શિર નમાવીને તે ઇક્ષુદંડ આદિનાથને અર્પણ કર્યો. ભગવંતે ઇક્ષુગ્રહણ કરવાથી ઇક્ષ્વાકુ એવા નામથી તેમના વંશની સ્થાપના કરીને ઇંદ્ર સ્વસ્થાને ગયો.

યુગાદીશનો દેહ સ્વેદ, રોગ અને મલ (મેલ) રહિત, સુગંધી, સુંદરાકાર અને કનકકમળ સમાન શોભતો હતો. તેમના દેહના માંસ અને રૂધિર ગોદુધ સમાન શ્વેત અને દુર્ગંધરહિત હતા. તેમના આહાર, નિહારને ચર્મચક્ષુ જનો જોઈ શકતા નહિ. તેમના શ્વાસોશ્વાસનો પરિમલ, વિકસિત કુમુદ સમાન સુગંધિ હતો. એ ચાર અતિશય, આદિદેવને જન્મથીજ સિદ્ધ હતા. વજ્રઋષભ નારાચ સંઘયણ તથા સમચતુરસ્ર સંસ્થાનથી વિભુ વિરાજીત હતા. પ્રભુ જે કાંઇ ગ્રહણ કરતા, તે છીનવી લેવાને કોઈ મોટો દેવ પણ સમર્થ ન હતો. સ્વામીના બળની પરીક્ષા કરવા કોઇ દેવ આંગળી પકડતો, તો સ્વામીના શ્વાસવાયુથી તે રજકણની જેમ દૂર ઉડીને પડતો. તે વખતે કેટલાક દેવકુમારો ભગવંતને રમાડવાને મયૂર બની કેકારવથી ષડ્જ સ્વરમાં સંગીત કરીને નૃત્ય કરતા હતા, કેટલાક હંસરૂપે ગાંધાર સ્વરથી ગાયન કરી આદિનાથની આસપાસ ફરતા હતા, કેટલાક ક્રૌંચ પક્ષીરૂપે મધ્યમ સ્વરથી બોલતા, કેટલાક કોકિલરૂપે નજીકના તરૂવરપર બેસીને પંચમ સ્વરે બોલતા, કેટલાક અશ્વરૂપે આવી ધૈવત સ્વરના ધ્વનિથી હેષારવ કરતા,

કેટલાક ગજરૂપથી નિષાદ સ્વરમાં બોલતા અને કેટલાક વૃષભરૂપ થઈને ઋષભ સ્વરે વદીને વિભુને વિનોદ પમાડતા હતા. એ રીતે દેવકુમારોના વિવિધ વિનોદથી અને પંચધાત્રીઓના લાલન–પાલનથી ઋષભ પ્રભુ દિવસે દિવસે વૃદ્ધિ પામવા લાગ્યા.

અંગુષ્ઠના અમૃતપાનથી વય વ્યતીત થતાં ગૃહવાસી જિનેશ્વરો રાંધેલ અન્નનું ભોજન કરે છે. પણ નાભિનંદન તો ઉત્તર કુરૂક્ષેત્રમાંથી દેવતાઓએ આણેલ કલ્પવૃક્ષના ફળો આરોગતા અને ક્ષીર સમુદ્રના જળનું પાન કરતા હતા. વખત જતાં વિભુ યૌવનવય પામ્યા. યૌવનાવસ્થા પ્રાપ્ત થયો છતાં સ્વામીના બંને ચરણ કમળના મધ્યભાગ જેવા કોમળ, રક્ત, ઉષ્ણ, કંપ અને સ્વેદરહિત તથા સમાન તળીયાવાળા હતાં. અને તેમાં ચક્ર, અંકુશ, ધ્વજ, શંખ, કુંભ અને સ્વસ્તિકના ચિન્હો હતાં, તેમજ અંગુષ્ઠમાં શ્રીવત્સનું લાંછન હતું. તેમનાં બંને ચરણના તળીયા ઉપરનો ભાગ કૂર્મની જેમ અનુક્રમે ઉન્નત, નસો ન દેખાય તેવો, રૂવાંટારહિત તથા સ્નિગ્ધ કાંતિમય હતો. ગૌરવર્ણી જંઘાઓ પુષ્ટ, વર્તુલાકાર અને મૃગજંઘા કરતાં વધારે શોભતી હતી. ઉત્તરોત્તર ચડતા સ્નિગ્ધ ઉરૂ (સાથળ) કદલી સ્તંભની ઉપમા પામતા હતા. કટિભાગ વિશાલ, પુષ્ટ, સ્થૂલ અને બહુ કઠિન હતો, મધ્યભાગ બહુ જાંકુશ હતો, કુક્ષિના બંને ભાગ, સ્નિગ્ધ, માંસલ, કોમળ, અને સરલ હતા, વક્ષઃસ્થલ, સુવર્ણ શિલા સમાન વિશાલ અને ઉન્નત હતું, પુષ્ટ ભુજાઓ જાનુ સુધી લાંબી હતી, બંને હસ્ત નવ પલ્લવ સમાન રક્ત તળીયા·

વાળા, સ્વેદરહિત તથા જરા ગરમ હતા, અને તેમાં પણ દંડ, ચક્ર, ધનુષ, મત્સ્ય, શ્રીવત્સ, વજ્ર, અંકુશ, ધ્વજ, કમળ, ચામર, છત્ર, શંખ, કુંભ, સિંહ, અશ્વ, રથ, સ્વસ્તિક તથા તોરણાદિ ચિન્હો હતાં, ગંભીર ધ્વનિ કરતો કંઠ શંખ સમાન ગંભીર હતો, નિર્મળ અને વર્તુલાકાર મુખ કલંકરહિત ચંદ્રમા જેવું શોભતું હતું. બંને કપોળ કોમળ, સ્નિગ્ધ અને માંસથી ભરેલા હોવાથી દર્પણ જેવા ભાસતા હતા. હોઠ બિંબફળ સમાન રક્ત હતા, ડોલરની કળી જેવા બત્રીશ દાંત હતા, તેમના લોચન અંદર શ્યામ અને પ્રાંતભાગમાં રક્ત હતા, લલાટભાગ અષ્ટમીના ચંદ્રમા જેવો હતો, તથા તેમના મસ્તક પરના કાળા કેશ યમુના નદીના તરંગ જેવા શોભતા હતા. આવા અસાધારણ સુલક્ષણોથી લક્ષિત પ્રભુ કોને સેવનીય ન હોય? તે સુરાસુર અને મનુષ્યો—સર્વાને સેવવા યોગ્ય હતા. ઇંદ્ર તેમને હાથનો ટેકો આપતો, બલેંદ્ર ચામર ઢાળતા, ધરણેંદ્ર, તેમના દ્વારપાલ બનતો, વરુણ છત્ર ધરતો, તથા 'ચિરં જીવો, ચિરં નંદો' એમ બોલતા અનેક દેવતાઓ તેમની આસપાસ [illegible]

[illegible]

રમતું હતું તેવામાં ઉપરથી એક મોટું ફળ બાળકના શિરપર પડવાથી તે અકસ્માત્ મરણ પામ્યો, એટલે યુગ્મબાળા એકલી થઈ ગઈ. તેના માતપિતાએ કેટલાક દિવસ તેને ઉછેરી અને તેનું સુનંદા એવું નામ રાખ્યું. તેના માબાપ મરણ પામ્યા પછી તે બાળા નિરાધાર બની ગઈ. 'શું કરવું ?' એવો તેને વિચાર થઈ પડ્યો. યૂથભ્રષ્ટ હરણીની જેમ તે એકલી વનમાં ભમવા લાગી. કામદેવના કનકભાથા જેવી તેની બે જંઘા, હાથીની સુંઢ જેવા વિશાળ અને ગોળાકાર તેના બે સાથળ, પુષ્ટ નિતંબ, કટીનો કૃશ મધ્યભાગ, રતિ—પ્રીતિના બે કેલિ પર્વત જેવા તેના બે સ્તન, પક્વ બિંબફળ સદૃશ રક્ત અધર, ગૌર અને માંસથી પુષ્ટ તેના બે ગાલ તથા અર્ધચંદ્રાકાર લલાટ વિગેરે સુંદર અવયવોથી તે બાળા એક વનદેવી સમાન શોભતી હતી. છતાં તે વખતે જડ જેવી બની ગયેલી તે મુગ્ધ બાળાને યુગલીયાઓ નાભિરાજા પાસે લઈ આવ્યા. એટલે—'આ ઋષભની ધર્મપત્ની થશે.' એમ કહેતાં નાભિરાજાએ તેનો સ્વીકાર કર્યો.

હવે એકદા સૌધર્મેંદ્ર અવધિજ્ઞાનથી વિભુનો વિવાહ સમય જાણી, ત્યાં આવી પ્રણામ કરીને આ પ્રમાણે બોલ્યો —'હે નાથ ! આપનો અભિપ્રાય જાણ્યા વિના હું કહું છું. તો આપ મારા પર અપ્રસાદ ન કરશો. આપ ગર્ભવાસથીજ વીતરાગ છો, અન્ય પુરૂષાર્થની અપેક્ષા ન રાખતાં માત્ર ચોથા પુરૂષાર્થ (મોક્ષ) ને સાધવા માટેજ તૈયાર થયા છો. છતાં

પણ હે વિભો ! મુક્તિમાર્ગની જેમ લોકનો વ્યવહારમાર્ગ પણ આપનાથીજ પ્રગટ થવાનો છે. એ લોક વ્યવહારના પ્રવર્ત્તન માટે હું આપનો પાણિગ્રહણ મહોત્સવ કરવા ઇચ્છું છું. હે સ્વામિન્ ! આપ પ્રસન્ન થાઓ. સ્ત્રીઓમાં મુગટમણિ સમાન રૂપવતી **સુનંદા** અને **સુમંગલા** આપને પરણવાને યોગ્ય છે.' એટલે અવધિજ્ઞાનથી પોતાનું ત્યાશીલાખ પૂર્વનું ભોગાવલિ કર્મ અવશ્ય ભોગવવાનું જાણીને સ્વામીએ મસ્તક ધુણાવીને મુખ નીચું કરી દીધું. પ્રભુનો મનોભાવ જાણીને ઇંદ્રે તરતજ લગ્ન-કર્મનો આરંભ કરવા દેવતાઓને બોલાવ્યા. સુરપતિની આજ્ઞા થતાં આભિયોગિક દેવોએ ત્યાં એક મનોહર મંડપ રચ્યો. તેમાં રત્નોના થાંભલાઓ પર રહેલી પૂતળીઓ નૃત્ય કરવાથી શ્રમિત થઇ ગયેલ નર્ત્તકીઓ જેવી લાગતી હતી, નીલમણિનાં તોરણો શુકપંક્તિ જેવા ભાસતા હતા, મંડપની ભૂમિકા સ્ફટિક રત્નથી બાંધવામાં આવી હતી. કોઇસ્થલે પદ્મરાગ મણિની શિલાઓ અને કોઇ જગ્યાએ નીલમણિની શિલાઓ ગોઠવી દેવામાં આવી હતી, મંડપના ઉપલા ભાગમાં એક દિવ્ય શ્વેત વસ્ત્રનો ચંદ્રવો બાંધેલો હતો, તેની ચોતરફ થાંભલાઓ ઉપર મોતીની માળાઓ લટકાવેલી હતી, મંડપના મધ્યભાગમાં રત્ન કળશની ચાર ગગનચુંબી શ્રેણિઓ ઉભી કરી હતી, શ્રેણિકળશોના ટેકારૂપ લીલા વાંસો તે ભગવંતના વંશની વૃદ્ધિ સૂચવતા હતા.

તે વખતે લગ્નની તૈયારી માટે અપ્સરાઓમાં આ

પ્રમાણે આપસમાં કોલાહલ મચી રહ્યો—' હે રંભા ! તું માળા તૈયાર કર. હે ઉર્વશી ! અર્ઘ્યને માટે તું ઘૃત, દધિ વિગેરે લઈ આવ. હે તિલોત્તમા ! તું સખીઓને ધવલ-મંગલ ગવરાવ. હે મેના ! તું દ્વાર પર સ્વસ્તિક બનાવ. હે સુકેશી ! તું આવેલા લોકોનો સત્કાર કર. હે ચિત્રલેખા ! તું સુગંધિ વસ્તુઓ તૈયાર કર. હે રામા ! તું માયરામાં સુંદર ચિત્ર આલેખ. હે હેમા ! તું વર-વહુને માટે કેશાભરણ તૈયાર કર. હે સુમુખી ! તું ઉન્મુખી કેમ થઇ ગઈ છું ? હે દિવ્યા ! તું રમત કેમ કર્યા કરે છે ? લગ્ન સમય હવે નજીક આવ્યો છે, માટે પોતપોતાના કામમાં સહુ ઉતાવળ કરો.'

પછી અપ્સરાઓએ સુનંદા અને સુમંગલાને મંગલ સ્નાન કરાવવા બેસારી. ધવલ મંગલ ગાતાં પ્રથમ સર્વાંગે તેલથી મર્દન કર્યું, અને ઉદ્વર્તન પૂર્વક તેમના બે ચરણ, બે હાથ, બે જાનુ, બે ખભા અને એક કેશમાં—એમ નવ સ્થાને તિલક કર્યાં. ત્યારબાદ બીજા આસન પર બેસારીને તેમણે કનકકળશમાંના સુગંધિ જળથી તેમને સ્નાન કરાવ્યું, તથા કોમળ ગંધકાષાયી વસ્ત્રથી અંગ લુંછીને કોમળ વસ્ત્રથી તેમના વાળ વેષ્ટિત કર્યા, પછી તેમાંથી જળ ખેરવી નાખી તે કેશ ધૂપ-ધૂમથી ધૂપિત કર્યા તથા લેપન કરીને કંઠે, ખભે, સ્તને તથા બાહુ પર પત્રવલ્લી આળેખી અને લલાટ પર તેમને સુંદર તિલક કર્યું. ભ્રમર જેવા તેમના નેત્રોને કાજળથી સુશોભિત કર્યાં, તેમજ પુષ્પમાળાઓથી તેમનો અંબોડો

બાંધ્યો, પછી વિવાહ યોગ્ય બંનેને શ્વેત વસ્ત્રો પહેરાવીને સૂર્ય અને ચંદ્ર જેવા ચળકતા બે મુગટ મસ્તકે પહેરાવ્યા. એ રીતે કંઠે મોતીનો હાર, હાથે કંકણ, કટીમેખલા તથા ચરણમાં ઝણુકાર કરતા રત્નના ઝાંઝરો પહેરાવ્યા. એ પ્રમાણે બંને બાળાઓને વસ્ત્રાલંકારોથી અલંકૃત કરીને અપ્સરાઓએ તેમને માતૃભવન (માયરા)માં બેસારી.

તે વખતે ઇંદ્રે આવીને ઋષભ પ્રભુને વિવાહમાં તૈયાર થવા માટે વિનંતી કરી. ત્યારે—' લોકોને વ્યવહાર માર્ગ બતાવવો પડશે અને મારે ભોગાવલિ કર્મ અવશ્ય ભોગવવાનું છે ' એમ ધારીને ભગવંતે ઇંદ્રની વિનંતી માન્ય રાખી. એટલે તરતજ ઇંદ્રે આદિનાથને મર્દન, સ્નાન કરાવી વિલેપનપૂર્વક અલંકારોથી અલંકૃત કર્યા. પછી પ્રભુ વાહનમાં બેસીને વિવાહમંડપ તરફ ચાલ્યા, તે વખતે ઇંદ્ર છડીદારની જેમ સ્વામીની આગળ ચાલવા લાગ્યો, અપ્સરાઓ બંને બાજુ લુણ ઉતારતી અને ઇંદ્રાણીઓ ધવલ—મંગલ ગાતી હતી. સામાનિક દેવીઓ ઓવારણા લેતી તથા ગંધર્વો આનંદથી વાજિંત્રો વગાડવા લાગ્યા. એ રીતે વિવાહમંડપના દ્વાર પાસે આવી વાહન થકી ઉતરીને પ્રભુ ઉભા રહ્યા. એટલે મંડપમાંની એક અબળાએ અગ્નિ અને લવણ મળવાથી તડતડાટ કરતું એક સરાવસંપુટ દ્વારની વચ્ચે મૂક્યું. એમ એક એક રમણીએ ત્યાં આવીને અર્ઘ્યાદિ બધો વિધિ કર્યો. પછી પ્રભુ માયરામાં ગયા, ત્યાં વધૂવરના હાથે મદન ફળ સહિત હસ્ત

સૂત્ર બાંધીને વરરાજાને સુવર્ણના સિંહાસનપર બેસાર્યા. ત્યાર બાદ શુભલગ્નનો સમય થતાં વિભુએ બંને બાળાના હાથ, પોતાના હાથથી ગ્રહણ કર્યા. તે વખતે હસ્તસંપુટમાં ઇંદ્રે એક મુદ્રિકા નાખી. એટલે તારામેલક પર્વમાં વધવરની દૃષ્ટિ, દૃષ્ટિની સાથે અને મન મનની સાથે પરસ્પર જોડાઈ ગયા. સમાનિક દેવો વિભુના અનુચર થઈને રહ્યા હતા. પછી સ્વામીના ઉત્તરીય વસ્ત્રના છેડા સાથે ઇંદ્રે બંને વધૂના છેડા બાંધ્યા. તે વખતે ઇંદ્ર પોતે પ્રભુને અને ઇંદ્રાણીઓ બંને કન્યાને કટી ઉપર તેડી હાથેવાળો છુટો ન પડે તેમ સ્વામીની સાથે વેદીગૃહમાં લઈ ગઈ. ત્યાં મંગલગીત પૂર્વક પ્રભુએ સુનંદા અને સુમંગલાની સાથે અગ્નિની પ્રદક્ષિણા કરી. આ સમયે ઇંદ્ર, ઇંદ્રાણીઓ સહિત હર્ષથી નાચવા લાગ્યો, તેમ ઇંદ્રની પાછળ કેટલાક દેવો નૃત્ય કરવા લાગ્યા, કેટલાક જયજય શબ્દ બોલવા લાગ્યા, કેટલાક વાદ્ય વગાડવા લાગ્યા અને કેટલાક વિદૂષકો જેવા બનીને લોકોને હસાવવા લાગ્યા. એ રીતે વિવાહવિધિ આનંદપૂર્વક સમાપ્ત થતાં પોતાની બંને બાજુએ રહેલ સુનંદા અને સુમંગલા પત્નીથી શોભતા સ્વામી દિવ્ય વાહનમાં બેસીને સ્વસ્થાને આવ્યા, અને મહોત્સવ સમાપ્ત કરીને સુરપતિ સ્વર્ગે ગયો. વિભુએ દર્શાવેલ વિવાહ વિધિ, ત્યારથી લોકોમાં પ્રવૃત્ત થયો.

'મહાપુરૂષોનું વ્યાવહારિક આચરણ એજ સામાન્ય જનોનો વ્યવહાર—માર્ગ ગણાય છે.'

—※◎※—

પ્રકરણ ૧૨ મું.

વ્યવહારપથ–પ્રવૃત્તિ.

હવે ભગવંતે અનાસક્ત ભાવથી બંને રમણીઓ સાથે ભોગ ભોગવતાં કંઈક ન્યૂન એવા છ લાખ પૂર્વ વ્યતીત કર્યાં એવામાં બાહુ અને પીઠના જીવ સર્વાર્થસિદ્ધ વિમાનથી ચવીને સુમંગલાના ઉદરે યુગલરૂપે ઉત્પન્ન થયા તથા સુબાહુ અને મહાપીઠના જીવ પણ તેજ વિમાનથી ચવીને સુનંદાના ઉદરે અવતર્યા. સુમંગલાએ ગર્ભના પ્રભાવથી ચૌદ મહા સ્વપ્નો જોયા. તેણે પ્રભુને તે નિવેદન કર્યા, એટલે ભગવંતે કહ્યું કે—' તમને ચક્રવર્ત્તી પુત્ર થશે.' સમય થતાં સુમંગલાએ ભરત અને બ્રાહ્મીને જન્મ આપ્યો તથા સુનંદાએ બાહુબલિ અને સુંદરીને જન્મ આપ્યો. તે પછી સુમંગલાએ અનુક્રમે પુત્રોના ઓગણપચાશ જોડલાંને જન્મ આપ્યો. એટલે બહુ શાખાવાળા વૃક્ષની જેમ પુત્રોની ચોતરફ વીંટાયેલા વિભુ અતિશય શોભવા લાગ્યા

તે અવસરે કાળના દોષથી કલ્પવૃક્ષોનો મહિમા ઓછો થઈ ગયો હતો. તેથી યુગલીયાઓમાં હળવે હળવે કષાયો થવા લાગ્યા. 'હકાર' આદિ ત્રણ પ્રકારની નીતિને તે ઓળંગવા લાગ્યા એટલે તેમણે પ્રભુ પાસે આવીને તેવા બનાવો બધા [illegible] વિભુએ તેમને

કહ્યું કે—' લોકમાં મર્યાદા ઓળંગનારને શિક્ષા કરનાર રાજા હોય છે, તેને ઉંચા આસને બેસારીને તેનો અભિષેક કરવામાં આવે છે, તે ચતુરંગ સૈન્ય સહિત અખંડ શાસનવાળો હોય છે. ' એટલે તેમણે કહ્યું—' હે સ્વામિન્ ! તમે અમારા રાજા થાઓ. અમારી ઉપેક્ષા ન કરો. અમારામાં આપ સમાન બીજું કોઇ નથી. ' ઋષભ વિભુએ કહ્યું—' તમે નાભિકુલકર પાસે જઇને માગણી કરો, તે તમને રાજા આપશે. ' ત્યારે તેમણે નાભિકુલકર પાસે જઇને તેની માગણી કરી, એટલે તેણે—' ઋષભ તમારો રાજા થાઓ ' એમ કહ્યું. પછી બધા યુગલીયા આનંદ પામતા પ્રભુ પાસે આવીને બોલ્યા કે—' નાભિકુલકરે તમને અમારા રાજા ઠરાવ્યા છે. ' એમ બોલી, સ્વામીના અભિષેક માટે તે બધા જળ લેવા ગયા.

એવામાં ઇંદ્રનું સિંહાસન કંપાયમાન થયું. એટલે અવધિજ્ઞાનથી આદિ પ્રભુના રાજ્યાભિષેકનો અવસર જાણીને તે તરતજ ત્યાં આવ્યો, અને સુવર્ણવેદિકા પર એક દિવ્ય સિંહાસન રચીને તીર્થના પવિત્ર જળથી તેણે સ્વામીનો રાજ્યાભિષેક કર્યો. પછી ચંદ્ર જેવા નિર્મળ દિવ્ય વસ્ત્રો, મુગટ તથા રત્નાલંકાર પ્રભુને પહેરાવ્યા. એવામાં યુગલીયા કમળપત્રમાં જળ લઇને આવ્યા, ત્યાં સ્વામીને સર્વાંગે અલંકૃત જોઇને ' આ જળ પ્રભુના મસ્તકપર તો ન નખાય ' એમ ધારીને તેમણે તે જળ ભગવંતના ચરણમાં નાખ્યું, એટલે

'આ બધા યુગલીયા હવે બરાબર વિનીત થઇ ગયા છે.' એ સમજી તેમને રહેવા માટે એક **વિનીતા** નામે નગરી બનાવવા કુબેરને હુકમ આપીને ઇંદ્ર પોતાના સ્થાને ગયો.

ઇંદ્રના આદેશ પ્રમાણે ધનપતિએ બાર યોજન લાંબી અને આઠ યોજન વિસ્તૃત વિનીતા નગરી રચી તેનું બીજુ નામ અયોધ્યા રાખ્યું, તે નગરીને તેણે ધન, ધાન્ય તથા વસ્ત્રાદિકથી ભરપૂર કરી. તેમાં ઇંદ્રનીલમણિ તથા વૈડૂર્ય મણિની ઉંચી હવેલીઓ, અને સુવર્ણની હવેલીઓ, આકાશમાં ભીંત વિના ચિત્ર ખડા કરતી હતી. તેના ઉપવનના ઉંચા વૃક્ષો સાથે ઘણીવાર વિદ્યાધરીઓના વિમાનો અથડાતા હતા. ત્યાં રાત્રે ચંદ્રકાંત મણિની ભીંતોમાંથી ઝરતા જળથી રસ્તાઓની રજ વિના પ્રયત્ને શમી જતી. જન્મથી વીશ લાખ પૂર્વ જતાં પ્રજા પાળવાને પ્રભુ રાજા થયા. તેમણે અસન્માર્ગે જનારાને શિક્ષા આપવા તથા સત્પુરૂષોને પાળવાને મંત્રીઓ નીમ્યા, રાજ્યમાં ચોરી વિગેરેથી રક્ષા કરવાને દક્ષ આરક્ષકો નીમ્યા, સેનાનો સમુદાય વધારવાને તેમણે હસ્તીઓ, અશ્વો, રથો અને પાયદળો એકઠા કર્યાં, તેમાં બલવંત સેનાપતિ નીમ્યા અને બીજા પણ ગાય, બળદ, મહિષ, ઉંટ, ખચ્ચર વિગેરે પશુઓનો પણ સંગ્રહ કર્યો.

હવે તે વખતે કલ્પવૃક્ષોનો અભાવ થવાથી લોકો કંદમૂળ, અને ફળાદિક ખાતા, તથા શાળ, ઘઉં, ચણા, મગ વિગેરે ધાન્ય તથા ઓષધિઓ ઘાસની જેમ પોતાની મેળે

ઉગવા લાગી, તેને પણ તેઓ કાચી લઈને ખાતા હતા. તે કાચા ધાન્યનો આહાર અજીર્ણ થવાથી તેમણે ભગવંતને વિનંતી કરી, ત્યારે વિભુએ તેમને ફોતરાં કહાડી નાખીને ખાવાનું બતાવ્યું. તેમ કરતાં પણ તે કઠિન હોવાથી જીર્ણ ન થયું. એટલે ફરી વિનંતી કરી, ત્યારે પ્રભુએ તેમને, હાથવતી ઘસી, પાણીમાં પલાળીને ખાવાની ભલામણ કરી. તેમ કરતાં પણ તેઓ અજીર્ણના દુઃખથી મુક્ત ન થયા. ત્યારે મુઠીમાં કે કાખમાં ગરમી લાગે તેમ રાખીને પછી ખાવાની તેમને ભલામણ કરી. તેમ કરતાં પણ અજીર્ણ થવાથી લોકો કાયર થઈ ગયા. એવામાં વૃક્ષની શાખાના ઘસારાથી અગ્નિ ઉત્પન્ન થયો, તે તૃણાદિકને બાળવા લાગ્યો. તેને રત્ન સમજીને લોકો, હાથ લંબાવીને લેવા જતાં બળવા લાગ્યા. એટલે તેમણે ભગવંતને ફરીયાદ કરી કે—' વનમાં કોઈ નવીન ભૂત જાગ્યો છે. ' ત્યારે સ્વામીએ કહ્યું કે—' સ્નિગ્ધ અને રૂક્ષ કાળનો સંગમ થવાથી અગ્નિ ઉત્પન્ન થયો છે. એકાંત રૂક્ષકાળમાં કે એકાંત સ્નિગ્ધ કાળમાં અગ્નિ ઉત્પન્ન થતો નથી. તેમાં ધાન્ય નાખી પકાવીને ખાઓ. ' તે મુગ્ધ જનોએ તેમ કરતાં ધાન્ય બધું બળી ગયું. ત્યારે સ્વામી પાસે આવીને તેમણે તે હકીકત નિવેદન કરી—' હે ભગવન ! અમોએ નાખેલ ધાન્ય તે પોતેજ ખાઇ જાય છે, અમને કંઇ આપતો નથી, ' તે વખતે પ્રભુ હાથીપર બેઠેલા હતા. એટલે તેમની પાસે લીલી માટીનો પિંડ મગાવ્યો, અને હાથીના

કુંભ ઉપર તેવા આકારનું એક પાત્ર બનાવી આપ્યું.
શિલ્પોમાં પ્રથમ તેમણે કુંભકારનું શિલ્પ પ્રગટ કર્યું.
પ્રભુએ તેમને કહ્યું કે—'તમે આવા બીજા પણ પાત્રો બ
તેમાં ધાન્ય નાખી, અગ્નિમાં પકાવીને ખાઓ.' તે
સ્વામીના આદેશ પ્રમાણે કર્યું. ત્યારથી પ્રથમ કુંભકાર કારી
થયા. લોકોને ઘર બાંધવાની કળા તથા ઘર વિગેરે
કળા પણ બતાવીને વિભુએ તેમને વાર્ધકિ અને
બનાવ્યા. કેટલાકને વસ્ત્ર બનાવવાની કળા બતા
તથા કેટલાકને કેશ, નખ દૂર કરવાને નાપિત બનાવ્યા. એ
કુંભકાર, ચિત્રકાર, વાર્ધકિ, વણકર અને નાપિત—એ પાં
દરેકના વીશ ભેદ થવાથી સો પ્રકારના શિલ્પો પ્રગટ થયા.
તેમજ કૃષિકર્મ, વ્યાપાર વિગેરેના કાર્યોમાં પણ લોકોને
જાણીતા કર્યા. રાજ્ય વ્યવસ્થા માટે વિભુએ સામ, દામ, ભેદ
અને દંડ-એ ચાર ઉપાય સ્થાપ્યા. ભગવંતે પોતાના મોટા
પુત્ર ભરતને બહોંતેર કળા શીખવી, અને ભરતે પોતાના બીજા
ભાઇઓ તથા પુત્રોને તે શીખવી. બાહુબલિને સ્વામીએ
હસ્તી, અશ્વ તથા સ્ત્રી-પુરૂષના લક્ષણોનું જ્ઞાન આપ્યું.
બ્રાહ્મીને જમણા હાથથી અઢાર લિપીઓ બતાવી ને સુંદરીને
તેમણે ડાબા હાથથી ગણિત બતાવ્યું. વસ્તુઓના માનની
તથા મણિ, મોતી વિગેરે પરોવવાની કળા પણ પ્રભુએ
પ્રવર્તાવી. ત્યારથી આ માતા, આ પિતા, આ ભાઈ, આ
સ્ત્રી, આ પુત્ર, આ ઘર અને આ મારું ધન-એવી મમતા,

લોકોમાં પ્રસરતી થઈ. પ્રભુએ કરેલ પાણિગ્રહણનો વિધિ, અદ્યાપિ પ્રવર્તમાન જ છે. વિભુના વિવાહથી દત્તકન્યા એટલે બીજાએ આપેલ કન્યા સાથે પાણિગ્રહણ કરવાનું ચાલુ થયું. આ બધી ક્રિયાઓ જો કે સાવદ્ય છે, છતાં લોકોની અનુકંપાથી પોતાનું કર્તવ્ય સમજીને પ્રભુએ તે પ્રવર્તાવી, અને તેમની આમ્નાયથી અદ્યાપિ તે પૃથ્વી ઉપર પ્રવર્તે છે. કારણકે ઉપદેશક વિના માણસો પણ પશુ જેવું આચરણ આચરે છે. અપરાધી લોકોને યોગ્ય દંડ મળવાનું હોવાથી લોકો ચોરી વિગેરે કંઈ અપરાધ કરતા ન હતા. દંડનીતિ એ અન્યાયરૂપ નાગને વશ કરવાને જાંગુલિમંત્ર તુલ્ય છે. એટલે કોઈ, કોઈનાક્ષેત્ર, ઉદ્યાન તથા ઘર વિગેરેની મર્યાદાને ઓળંગતા ન હતા. બરાબર સમય પ્રમાણે વરસાદ વરસતો એટલે ધાન્યના ક્ષેત્રો, ઈક્ષુના વાડ, તથા ગોકુલ વિગેરે-સમૃદ્ધિથી દેશ શોભતા-આબાદ હતા. વિભુએ લોકોને ત્યાજ્ય અને ગ્રાહ્યના વિવેકથી વિચક્ષણ બનાવ્યા. આવા સુખ-સામ્રાજ્યથી આ ભરતક્ષેત્ર, તે વખતે લગભગ મહા-વિદેહ ક્ષેત્ર સદૃશ બની ગયું. એ રીતે ઋષભસ્વામીએ રાજ્યાભિષેક પછી પૃથ્વીનું પાલન કરતાં ત્રેસઠ લાખ પૂર્વ વ્યતીત કર્યાં.



પ્રકરણ ૧૩ મું.

વસંત વિહારમાં વિરાગ.

એક દિવસે પરિજનના અત્યાગ્રહથી ઋષભપ્રભુ વસંતથી ખીલેલા ઉપવનમાં આવ્યા. ત્યાં પુષ્પગૃહમાં વિભુ બિરાજમાન થયા. તે સમયે માકંદ પુષ્પના મકરંદથી મસ્ત થયેલા મધુકરો જાણે આદિનાથને આવકાર આપતા હતા. પંચમ સ્વરથી કલરવ કરતી કોકિલાઓએ પૂર્વરંગનો આરંભ કર્યો અને મલયાનિલ નટ બનીને લતાના સ્વરૂપે નૃત્ય દર્શાવતો હતો. કામિનીઓ જેમ પોતાના કામુક પુરૂષને આલિંગન આપે તેમ અશોક, બકુલાદિક વૃક્ષોને તે આલિંગનાદિ આપતી હતી. તિલકવૃક્ષ, પોતાના પરિમલથી મધુકરોને મદમસ્ત બનાવી રહ્યું હતું. કૃશોદરીકાંતા પોતાના કુચકુંભના ભારથી જેમ નમી જાય, તેમ લવલીલતા પુષ્પગુચ્છના ભારથી નમી ગઇ હતી. કામી પુરૂષ જેમ નવોઢા યુવતિને આલિંગન કરે, તેમ મલયવાયુ, આમ્રલતાને મંદ મંદ આલિંગન કરી રહ્યો હતો. નર-નારીઓ યૌવનથી જેમ શોભા પામે, તેમ વૃક્ષો-લતાઓ વસંતઋતુથી અતિશય શોભતી હતી. ત્યાં કેટલીક પ્રેમદાઓ પુષ્પ ચુંટવાને તત્પર થઈ હતી. એટલે આપણે મોજુદ છતાં મન્મથને બીજા પુષ્પાયુધની શી જરૂર છે ? કોઇ પીનસ્તની પ્રમદા પુષ્પ વીણવા

જતાં પોતાની ભુજલતાને ઉંચે કરતાં સ્તન બતાવીને યુવકોને મદનવશ બનાવતી હતી. તાજાં પુષ્પ-ગુચ્છો હસ્તમાં હોવાથી કેટલીક યુવતીઓ જંગમલતા જેવી શોભતી હતી. પુષ્પો ચુંટવાને શાખાઓમાં લટકી રહેલી રામાઓને લીધે વૃક્ષોને જાણે રમ્ય રમણીરૂપ ફળો આવ્યા હોય તેમ જણાતું હતું. તે વખતે કોઇ પુરૂષ પોતાની પ્રાણપ્રિયાને પોતે બનાવેલ પુષ્પાભરણ આપતો, કોઇ પ્રિયતમાના કેશકલાપને પ્રફુલ્લિત પુષ્પોથી પૂરતો, કોઈ પોતાના હાથે પંચવરણા પુષ્પોની ગુંથેલી માળા આપીને અપૂર્વ આનંદ પમાડતો, કોઇ કામી પ્યારીએ લીલાથી ઉછાળેલો પુષ્પદડો પોતાના હાથે પાછો આપતો, તથા કોઇ કામુક પોતાની બીકણ નવોઢા સાથે બેસીને ગાઢ આલિંગન કરવાના ઇરાદાથી હિંચકાને ખુબ ચલાવતો હતો. એ વખતે ઘણા યુવક-યુવતિ, દંપતીઓ શરમના મરમને મરડી મચોડીને ત્યાં કામ-ક્રીડા કરવાને ઉતરી પડયા હતા.

એ રીતે ત્યાં નાગરિકોને ક્રીડામાં કલ્લોલ કરતા જોઈને વિભુને વિચાર થયો કે—'આવી ક્રીડા કોઈ અન્ય સ્થાને હશે ખરી?' એમ ચિંતવતાં પોતે પૂર્વે ભોગવેલા ઉત્તરોત્તર અનુત્તર વિમાન સુધીના સુખો, અવધિજ્ઞાનથી જોવામાં -જાણવામાં આવ્યાં, વિશેષ વિચાર કરતાં તેમનું મોહાવરણ તૂટી ગયું, એટલે પ્રભુ ચિંતવવા લાગ્યા કે—" અહો! આ વિષયના વેગમાં ગાંડાતૂર બની ગયેલા મોહાંધ જનોને

ધિક્કાર છે કે જેઓ આત્મહિતનું પોતાના હાથે છેદન કરે છે. જીવો, આ સંસારરૂપ કૂપમાં પોતાના કર્મથી અરઘટ્ટ ઘટિકાયંત્રની જેમ આવાગમન કર્યા કરે છે ?. ઉંઘતા માણસની રાત્રિ જેમ વૃથા ચાલી જાય છે. તેમ અજ્ઞાનનિદ્રામાં પડેલા જીવનો જન્મ નિષ્ફળ જાય છે. ઉંદર જેમ વૃક્ષના મૂળને છેદી નાખે છે, તેમ રાગ, દ્વેષ, અને મોહ, પ્રાણીઓના ધર્મને મૂળથી છેદે છે. અહો ! મૂઢજનો ક્રોધને વધારે છે કે જે ક્રોધ પોતાને વધારનારનું જ ભક્ષણ કરે છે. માનરૂપ ગજેંદ્રપર ચડેલા લોકો મર્યાદાનું ઉલ્લંઘન કરી કોઈને પણ ગણકારતા નથી. સંતાપ કરનારી માયાને માણસો મનથી મૂકતા નથી અને કાજળથી જેમ વસ્ત્ર મલીન થાય, તેમ લોભથી મનુષ્ય પોતાના નિર્મળ ગુણને દૂષિત બનાવે છે. સંસારરૂપ કેદખાનાના રખવાલ સમાન આ ચાર કષાયો જ્યાંસુધી જાગત છે, ત્યાંસુધી મનુષ્યોને મુક્તિ ક્યાંથી મળે ? અહો ! જાણે ભૂતનો વળગાડ થયો હોય, તેમ અ[illegible]. અ[illegible]માં આકુળ વ્યાકુળ થયેલા પ્રાણીઓ પોતાના [illegible] કરતા નથી. ઔષધથી [illegible] ઔષધ [illegible] આહારથી [illegible]

થાય, તેમ વાણાદિ વાદ્યના નાદમાં મસ્ત થયેલ મનુષ્ય પોતાના સ્વાર્થથી ભ્રષ્ટ થાય છે, એકીસાથે જોરમાં આવેલા વાત, પિત્ત અને કફની જેમ વેગમાં આવેલા વિષયોથી મનુષ્ય પોતાની વિચાર શક્તિને વિનષ્ટ કરી નાખે છે. એ મોહમૂઢ પ્રાણીઓને ધિક્કાર છે કે જેઓ પોતાના હાથે પોતાની જ્ઞાન–સંપત્તિ લુંટાવે છે."

એ પ્રમાણે વિચાર કરતાં ભગવંતનું અંતર તરત જ વૈરાગ્યથી વ્યાપ્ત થઈ ગયું, એવામાં લોકાંતિક દેવોએ પ્રભુ પાસે આવીને વીનંતી કરી કે—' હે ત્રૈલોક્ય દીપક! ભરત-ક્ષેત્રમાં લુપ્ત થયેલા મોક્ષમાર્ગને પ્રકાશો. હે નાથ! જેમ લોકવ્યવહારની વ્યવસ્થા પ્રવર્ત્તાવી, તેમ હવે ધર્મતીર્થને પ્રવર્ત્તાવી ભવ્યજનોને મોક્ષપથના પથિક બનાવો. આપ પોતે જ્ઞાનથી બધું જાણી રહ્યા છો, છતાં આપને એ સૂચના કરવી–તે માત્ર અમારી વ્યવહારિક ફરજ છે.' એ રીતે ભગવંતને અરજ કરીને દેવતાઓ સ્વસ્થાને ગયા અને દીક્ષાના ભવ્ય ભાવને વિકસાવતા વિભુ પોતાના આવાસ તરફ આવ્યા.

' આત્મસમૃદ્ધિ પાસે બાહ્ય સામ્રાજ્ય તુચ્છ લાગે છે.'



પ્રકરણ ૧૪ મું.

સંયમ-સામ્રાજ્યનો સ્વીકાર.

પોતાના આવાસમાં આવીને તરતજ ઋષભસ્વામી પોતાના સામંત વર્ગને અને ભરત, બાહુબલિ પુત્રોને પોતાની પાસે બોલાવ્યા. એટલે તેમણે ભરતને પ્રણામ કરતાં કહ્યું કે—'હે વત્સ! તું આ રાજ્યની લગામ હાથમાં લે, અમે હવે સંયમ-સામ્રાજ્યનો સ્વીકાર કરીશું.' આથી ભરત વિલક્ષ થઇ ગયો. ક્ષણવાર પછી તેણે અંજલિ જોડી નમસ્કાર કરીને કહ્યું કે—'હે સ્વામિન્! આપના ચરણ-કમળ આગળ આળોટતાં મને જે સુખ ઉપજે છે, તેવું સુખ રત્નસિંહાસનપર બેસતાં મળવાનું નથી. આપની આગળ પગે ચાલતાં જે સુખ મને થાય છે, તેવું સુખ ગજેંદ્રની પીઠપર આરૂઢ થતાં નહિ મળે, આપના ચરણપ્રસાદની છાયામાં હું જે સુખ પામું છું, તે સુખ ઉજ્જવળ છત્રની છાયાથી મને મળવાનું નથી. આપનો વિરહી થતાં મને સામ્રાજ્ય લક્ષ્મી શા કામની?'

ભરતની આવી ભક્તિમય વાણી સાંભળીને વિભુ બોલ્યા કે—'અમે રાજ્યનો ત્યાગ કરીએ અને પછી જો કોઇ રાજા ન હોય, તો પૃથ્વીમાં માત્સ્ય ન્યાય પ્રવર્તે, એટલે 'સમર્થ અસમર્થને હણે'. માટે હે વત્સ! તમે આ પૃથ્વીનું પાલન

કરો. તમે આજ્ઞાકારી છો અને અમારી પણ એજ આશા છે.' એ રીતે સ્વામીનો સિદ્ધાદેશ થતાં ઓળંગવાને અસમર્થ ભરતે તેનો સ્વીકાર કર્યો અને વિનયથી મસ્તક નમાવી, પ્રણામ કરીને તેણે તાતના સિંહાસનને અલંકૃત કર્યું. એટલે પ્રભુની આજ્ઞાથી મંત્રી, સામંત તથા સેનાપતિ વિગેરેએ ભરતનો રાજ્યાભિષેક કર્યો. ત્યારે મુગટ, છત્ર, ચામર, વિગેરે રાજચિન્હોથી ભરતભૂપ અતિશય શોભવા લાગ્યા.

વિભુએ બાહુબલિ વિગેરે પુત્રોને તેમની લાયકાત પ્રમાણે દેશ વહેંચી આપ્યા, અને પોતે કલ્પવૃક્ષની જેમ વાર્ષિકદાન આપવાનો પ્રારંભ કર્યો. તે વખતે રાજમાર્ગ તથા મુખ્ય દ્વારોપર ઉદ્ઘોષણા કરાવી કે—' સ્વામી દાન આપે છે, માટે જેને જે વસ્તુ જોઇએ, તેણે તે વસ્તુ લઇ જવી. તે સુવર્ણ, રત્નાદિ બધું, ઇંદ્રના આદેશથી ધનપતિએ પુરૂં પાડ્યું. દરરોજ સૂર્યોદયથી ભોજન સમય સુધી પ્રભુ એક ક્રોડ ને આઠ લાખ સોનૈયાનું દાન આપતા હતા. એ રીતે એક વરસમાં ત્રણસેં અઠ્યાશી ક્રોડ અને એંશી લાખ સોનૈયાનું તેમણે દાન કર્યું. ભગવંત દીક્ષા લેવાના છે એમ જાણી લોકોને પણ વૈરાગ્ય થવાથી ફક્ત શોભા માત્ર તેઓ દાન લેતા હતા, જો કે ઋષભસ્વામી ઇચ્છા પ્રમાણે આપતા, તોપણ તેઓ અધિક બદલ કરતા ન હતા, સંયમ-સમય આવતાં આસન ચલાયમાન થવાથી ઇંદ્ર ભક્તિ સહિત ભગવંત પાસે આવ્યો, અને બત્રીશ હજાર રાજાઓ સહિત પ્રીત

ઈંદ્રોની સાથે તેણે પ્રભુનો દીક્ષા—ઉત્સવનો અભિષેક કર્યો. પછી વિભુએ દિવ્ય વસ્ત્રાલંકાર ધારણ કર્યાં. ઈંદ્રે એક સુદર્શના નામની શિબિકા સ્વામીને માટે તૈયાર કરી. સ્વામી તે શિબિકાપર આરૂઢ થયા, એટલે દેવતા અને મનુષ્યોએ તે ઉપાડી. તે વખતે દેવતાઓ બંદીજનોની જેમ જય જય શબ્દ કરવા લાગ્યા. નગરજનો બાલકોની જેમ પાછળ દોડવા લાગ્યા. કોઇ ઉંચા વૃક્ષોની શાખાપર ચઢીને નાથને નિહાળવા લાગ્યા, ઉતાવળથી ચાલતાં કેટલીક લલનાઓના હાર તૂટી જતા હતા, કુચકુંભના ભારથી મંદમંદ ગમન કરતી કેટલીક કામિનીઓ, જાણે બે પાંખો કરી હોય તેમ બંને બાજુએ સાહેલીઓની ભુજાને અવલંબીને ચાલતી હતી, કેટલીક રમણીઓ પ્રભુને જોવાની ઇચ્છા છતાં ગતિનો ભંગ કરતા એવા પોતાના ભારે નિતંબોની નિંદા કરતી હતી.

તે વખતે આવેલા દેવતાઓના વિમાનો આકાશમાં છવાઇ રહેવાથી પૃથ્વીતલ એકછાયાવાળું બની ગયું. ભરત અને બાહુબલિ ભગવંતની બંને બાજુએ ચાલતા, બીજા સઘળા પુત્રો પાછળ અને માતા મરૂદેવા, પત્ની સુનંદા, સુમંગલા, પુત્રી બ્રાહ્મી, સુંદરી, તેમજ અન્ય સ્ત્રીઓ પ્રભુની પાછળ ચાલતી હતી. એ રીતે ચાલતાં ભગવંત સિદ્ધાર્થ નામના ઉદ્યાનમાં પધાર્યા. ત્યાં અશોકવૃક્ષ નીચે વિભુએ વસ્ત્રાલંકારો તજી દીધા, એટલે ઈંદ્રે દેવદુષ્ય વસ્ત્ર, સ્વામીના સ્કંધ પર સ્થાપન કર્યું. પછી ચૈત્ર માસના કૃષ્ણપક્ષની અષ્ટમીના

દિવસે ઉત્તરાષાઢા નક્ષત્રનો ચંદ્રમા સાથે યોગ થતાં દિવસના પાછલા પહોરે અસંખ્ય દેવતાઓ અને મનુષ્યો સમક્ષ સ્વામીએ ચાર મુષ્ટિથી પોતાના કેશનો લોચ કર્યો. તે કેશને સૌધર્મેંદ્રે પોતાના વસ્ત્રના છેડામાં બાંધી લીધા. પછી પાંચમી મુષ્ટિથી બાકીના કેશનો લોચ કરવા જતાં, ઇંદ્રે પ્રભુને વિનંતી કરી કે—' હે સ્વામિન્ ! હવે તેટલા કેશ રહેવા દ્યો. કારણ કે પવનના યોગે એ જ્યારે આપના સુવર્ણ સમાન ચળકતા ખભા ઉપર આવે છે, ત્યારે મરકત મણિના જેવા તે શોભે છે. ' ઇંદ્રની આ અરજ સ્વીકારીને તે કેશ, સ્વામીએ તેવીજ રીતે રહેવા દીધા. કારણ કે સ્વામીઓ પોતાના એકાંત ભક્તોની યાચનાનું ખંડન કરતા નથી. તે કેશ ઇંદ્ર ક્ષીર સમુદ્રમાં નાખી આવ્યો, પછી તેણે વાજીંત્રોને અટકાવતાં, સ્વામીએ છઠ્ઠ તપથી સિદ્ધને નમસ્કાર કરી—' સર્વ સાવદ્ય યોગનું હું પ્રત્યાખ્યાન કરું છું. ' એમ કહીને સંયમનો સ્વીકાર કર્યો. તે વખતે નારક જીવોને પણ ક્ષણવાર સુખ થયું. દીક્ષા લેતાંજ ભગવંતને મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું. તે વખતે મિત્રોએ, બંધુઓએ, તથા ભરતેશ્વરે વાર્યા છતાં સ્વામીનો વિરહ ન સહન થવાને લીધે કચ્છ, મહાકચ્છ, વિગેરે ચાર હજાર રાજાઓએ ' સ્વામીની ગતિ તે અમારી ગતિ ' એમ ધારી રાજ્યાદિકનો ત્યાગ કરીને પ્રભુ સાથે દીક્ષા અંગીકાર કરી. પછી ઇંદ્ર તથા દેવતાઓએ ભગવંતની સ્તુતિ કરી કે—' હે નાથ ' આપના [illegible], ગુણ, સર્વથા કહેવાને

તા કિંપાકનાં ફળની જેમ મિષ્ટ ફળોનું ભક્ષણ કરતાં નથી, સ્વાદિષ્ટ જળ પીતા નથી, શરીરે સ્નાન, વિલેપન કે વસ્ત્રાલંકાર ધારણ કરતા નથી. ધૂલિ કે તાપને સહન કરે છે, શયન રહિત છતાં થાકતા નથી. ક્ષુધા, તૃષાને ગણકારતા નથી, નિદ્રાને સેવતા નથી. આપણે તેમના અનુચર થયા છતાં કોઈ વાર આપણી સન્મુખ પણ જોતા નથી, તો બોલવાની શી વાત ? તે પુત્રાદિકના સંયોગી છતાં મનમાં શાનું ચિંતન કરે છે, તે આપણે જાણી શકતાં નથી.' એમ ધારીને બધા તપસ્વીઓ પોતાના અગ્રેસર કચ્છ અને મહાકચ્છને કહેવા લાગ્યા—' ક્ષુધાને જીતનાર ભગવંત ક્યાં અને અન્નના કીડા સમાન આપણે ક્યાં ? તૃષાને જીતનાર વિભુ ક્યાં અને જલના દેડકા આપણે ક્યાં ? તાપને સહન કરનાર પ્રભુ ક્યાં અને છાયાના માંકડ આપણે ક્યાં ? સ્વામી શીત, નિદ્રાદિનો જય કરનાર છે અને આપણે કાયર છીએ, સમુદ્ર ઓળંગવાને ગરુડની પાછળ જેમ કાગડા દોડે, તેમ વ્રતમાં આપણે સ્વામીને અનુસર્યા છીએ. તો હવે આજીવિકાની ખાતર આપણાં રાજ્યો પાછાં લેવાં કે કેમ ? અથવા તે તો ભરતે લઈ લીધાં છે. ત્યારે હવે આપણે ક્યાં જવું ? શું આપણે ભરતના શરણે જવું ? પ્રભુને મૂકીને ત્યાં જતાં તો આપણને તેનો ભય લાગે છે. તો હે આર્યો ! અમે વિચારમૂઢ બની ગયા છીએ, અમારે શું કરવું, તેનો માર્ગ બતાવો.'

એટલે તેમણે કહ્યું—' જેમ સમુદ્રનો અંત મેળવવો

દુર્લભ છે, તેમ વિભુનો વિચાર જાણવો દુર્લભ છે. પ્રભુ મૌનધારી છે, એટલે કંઇ આજ્ઞા જ કરતા નથી, જેમ તમે કંઈ જાણતા નથી, તેમ અમે પણ કંઇ જાણતા અત્યારે તો આપણે બધા એક સરખા છીએ. માટે તમે તેમ કરીએ.' પછી તે બધા એક વિચાર કરીને ગંગા પાસેના વનમાં ગયા. ત્યાં સ્વેચ્છાએ કંદમૂળ, આહાર કરવા લાગ્યા, ત્યારથી વનવાસી, જટાધારી તા પ્રવૃત્તિ પૃથ્વીપર ચાલુ થઇ.

—❀—

પ્રકરણ ૧૫ મું.

નમિ–વિનમિની વિશિષ્ટતા.

કચ્છ અને મહાકચ્છના નમિ અને વિનમિ નામે વિનયી પુત્ર હતા. ભગવંતે દીક્ષા લીધા પહેલાં તેમની આજ્ઞાથી તે દૂર દેશમાં ગયા હતા. ત્યાંથી પાછા ફરતાં તેમણે પોતાના પિતાને વનમાં જોયા. તેમને જોતાં નમિ, વિનમિ વિચારમાં પડ્યા કે—' ઋષભ સ્વામી જેવા નાથ છતાં આ અમારા પિતા આવી ભિક્ષુક જેવી અવસ્થા કેમ પામ્યા? ક્યાં બારીક વસ્ત્ર, એ [illegible], એ [illegible] ઘોડાઓ [illegible] અને એ [illegible] ક્યાં? અને આ વલ્કલ વસ્ત્ર, આ [illegible] ધૂળ, [illegible] જેવા [illegible] અને [illegible]

જેમ પગે ચાલવાનું કયાં ?' પછી તેમણે પિતાને પ્રણામ કરીને બધી હકીકત પૂછી, એટલે કચ્છ, મહાકચ્છે જણાવ્યું કે—'ઋષભસ્વામીએ રાજ્ય તજી, ભરતાદિકને બધા દેશ વહેંચી આપીને દીક્ષા લીધી છે. અમે પણ તેમની સાથે વ્રત લીધું, પરંતુ ક્ષુધા, તૃષા, શીત, તાપાદિક સહન ન કરી શકવાથી અમે વ્રતને તજી દીધું, છતાં ગૃહવાસનો સ્વીકાર ન કરતાં તાપસ થઇને આ તપોવનમાં રહીએ છીએ.' એમ સાંભળતાં—'અમે પણ સ્વામી પાસે ભૂભાગ માગીએ.' એમ કહીને નમિ વિનમિ સ્વામી સમીપે આવ્યા. 'ભગવંત નિઃસંગ છે.' એમ ન જાણતા તેમણે કાઉસ્સગ્ગ ધ્યાને રહેલા પ્રભુને પ્રણામ કરીને વિનંતી કરી કે—'હે સ્વામિન્ ! અમ બંનેને દૂર દેશાંતર મોકલી ભરતાદિકને તમે દેશ વહેંચી આપ્યા અને અમને એક તસુમાત્ર પણ જમીન આપી નથી. માટે હે નાથ ! હવે પ્રસાદ લાવીને અમને ભાગ આપો. અમે એવો તે શો અપરાધ કર્યો છે કે આપવું તો દૂર રહ્યું, પરંતુ અમને જવાબ પણ આપતા નથી ?' એ રીતે કહ્યા છતાં ભગવંતે તેમને કંઇ ઉત્તર આપ્યો નહીં. નિર્મમ પુરૂષો, આ લોક સંબંધી ચિંતા શા માટે કરે ? એટલે—'સ્વામી બોલતા નથી, પણ પ્રભુજ આપણી ગતિ છે.' એમ ધારી તે બંને સ્વામીને સેવવા લાગ્યા. ભગવંતના સમીપ ભાગની રજ શાંત કરવાને તેઓ કમળપત્રમાં જળ લાવીને છાંટતા હતા, પ્રભુની આગળ સુગંધિ પુષ્પો લાવીને પાથરતા હતા, તથા સ્વામીની બંને બાજુએ ખુલ્લી તરવારથી ઉભા રહીને પહેરો ભરતા

હતા, અને ત્રણે કાળ અંજલિ જોડીને અરજ કરતા હતા કે—'હે વિભો ! અમને રાજ્ય આપો. આપ વિના અન્ય કો અમારે સ્વામી નથી.'

એકદા ધરણેંદ્ર ભગવંતને વંદન કરવા આવ્યો, ત્યાં બંને સરલ કુમારોને રાજ્યની માગણી અને પ્રભુની સેવા કરતા તેણે જોયા. એટલે ધરણેંદ્રે તેમને કહ્યું કે—'તમે કોણ છો ? અને આવો આગ્રહ કરીને શું માગી રહ્યા છો ? ભગવંતે એક વર્ષ પર્યંત અવિરતપણે ઇચ્છિત મહાદાન આપ્યું ત્યારે તમે ક્યાં ગયા હતા ? હાલ તો પ્રભુ પરિગ્રહની મમતાથી રહિત છે, પોતાના દેહમાં પણ એમને અત્યારે મમત્વ નથી, તેમજ રોષ–તોષ લેશ પણ લાવતા નથી.' ત્યારે—'આપણા સ્વામીનો સેવક લાગે છે.' એમ ધારીને નમિ વિનમિ બોલ્યા—'આ અમારા સ્વામી છે અને અમે એમના સેવક છીએ. એમણે હુકમ કરીને અમને દૂર દેશે મોકલ્યા અને પાછળથી ભરતાદિ પુત્રોને રાજ્ય વહેંચી આપ્યું. ભલે ! એમણે સર્વસ્વ આપી દીધું છે, છતા અમને તો એઓ જ રાજ્ય આપશે. સ્વામી પાસે છે કે નહિ–એવી સેવકે શા માટે ચિંતા કરવી ? સેવકની ફરજ તો સેવા કરવાની છે.' એટલે ધરણેંદ્રે તેમને કહ્યું—'તમે ભરત પાસે જઇને રાજ્યની માગણી કરો. તે ભગવંતનો વડીલ પુત્ર હોવાથી પ્રભુ સમાન છે.' ત્યારે તે બોલ્યા—'આવા જગત્પતિ મળતાં, તેમને મૂકીને બીજો સ્વામી તે કોણ કરે ? કલ્પવૃક્ષને મૂકીને કેરડાનું સેવન કોણ

કરે ? ભરતનું કલ્યાણ થાઓ. તમારે અમારી ચિંતા કરવાની શી જરૂર છે ? અમારા સ્વામી થકી ભલે જે થવાનું હોય તે થાઓ, તેમાં તમારે શું ? ' આથી નાગરાજ સંતુષ્ટ થયો અને બોલ્યો કે—' હું પાતાલપતિ ધરણેંદ્ર, આ સ્વામીનો દાસ છું. તમારી દૃઢ પ્રતિજ્ઞાથી મને સંતોષ થયો છે. સ્વામીની સેવાથી તમામ પ્રકારની સમૃદ્ધિઓ સ્વયમેવ આવીને પ્રાપ્ત થાય છે. ભગવંતની સેવાના ફળરૂપ વિદ્યાધરોનું ઐશ્વર્ય હું તમને આપું છું. સ્વામીની સેવાથી જ એ તમે પામ્યા, એમ સમજી લેજો.' એમ કહી, માત્ર પાઠ કરવાથી સિદ્ધ થાય, તેવી ગૌરી, પ્રજ્ઞપ્તિ વિગેરે અડતાલીશ હજાર વિદ્યાઓ આપી અને આજ્ઞા કરી કે—' વૈતાઢ્ય પર્વતપર બંને શ્રેણિમાં નગર વસાવીને તમે અક્ષત રાજ્ય કરો.'

પછી ભગવંતને નમી, પુષ્પક નામે વિમાન બનાવી, ઈંદ્રની સાથે તેમાં બેસી, પ્રથમ પોતાના પિતા પાસે આવીને તેમણે સ્વામીની સેવાનું ફળ નિવેદન કર્યું. પછી ભરતરાજ પાસે આવી બધી વાત નિવેદન કરી, પોતાના સ્વજન, પરિજનોને સાથે લઈને તેઓ વૈતાઢ્ય ગિરિ તરફ ચાલતા થયા.

એ વૈતાઢ્ય પર્વત ભરતક્ષેત્રના મધ્ય ભાગમાં આવેલો છે. તેથી તે ક્ષેત્રના ઉત્તર અને દક્ષિણ એવા બે વિભાગ થાય છે. તે ઉત્તર દક્ષિણ પચાસ યોજન વિસ્તૃત છે, સવા છ યોજન પૃથ્વીની અંદર અને પચીશ યોજન ઉંચો છે, તેમાં બંડ

પ્રભા અને તમિસ્રા નામની બે ગુફા આવેલી છે. શાશ્વત પ્રતિ સહિત સિદ્ધાયતન કૂટથી તે સુશોભિત છે. વિવિધ રત્ન નવ શિખરોથી તે અલંકૃત છે. ત્યાં વ્યંતરોની બે નિવ શ્રેણીઓ આવેલી છે. નમિ અને વિનમિ એ પર્વતપર આવ્ ત્યાં પૃથ્વીથી દશ યોજન ઉંચે નમિ નૃપતિએ પચાસ નગ વસાવ્યા, ને નગરોના મધ્યમાં આવેલ રથનૂપુર ચક્રવાલ ન રમાં તેણે નિવાસ કર્યો, અને ધરણેંદ્રના હુકમથી ઉત્તર શ્રેણિ વિનમિએ સાઠ નગરો વસાવ્યા, તેઓના મધ્યમાં આવે ગગનવલ્લભ નગરમાં વિનમિએ નિવાસ કર્યો તે સર્વ નગરોમ તેમણે ઋષભ સ્વામીને સ્થાપન કર્યા. વિદ્યાધરો વિદ્યાથ મદોન્મત્ત બનીને દુર્વિનય ન સેવે, તેટલા માટે ધરણેં મર્યાદા કરી આપી કે–' જે મદોન્મત્ત પુરૂષો જિનેશ્વર, જિન ચૈત્ય, ચરમ શરીરી કે કાયોત્સર્ગે રહેલા કોઇપણ મુનિનો પરાભવ કે ઉલ્લંઘન કરશે, તેની વિદ્યાઓ તરત ચાલી જશે, તેમજ જે વિદ્યાધર, કોઇ દંપતીને મારી નાખશે અથવા સ્ત્રીની ઇચ્છા વિના તેની સાથે રમત કરશે, તેને પણ વિદ્યાઓ તરત તજી દેશે. ' એ મર્યાદા ધરણેંદ્રે પોતે બધાને ઉંચેથી સંભળાવી અને તે यावच्चन्द्र दिवाकरौ રહે, તે માટે રત્ન ભિત્તિની પ્રશસ્તિમાં તે લખી કઢાવી. પછી નમિ, વિનમિને વિદ્યાધરના રાજ્યપદે સ્થાપન કરીને ધરણેંદ્ર પોતાના સ્થાને ગયો.

હવે વિદ્યાધર રાજ્યની સમૃદ્ધિ ભોગવતા નમિ, વિનમિ [illegible] વિલાસ કરતા, કોઈવાર

નંદીશ્વરાદિ તીર્થોની યાત્રા કરવા જતા, કોઇવાર મહાવિદેહમાં વિચરતા અરિહંતના સમવસરણમાં જઇ પ્રભુના વચનામૃતનું પાન કરતા તથા કોઇવાર ચારણ મુનિઓ પાસે ધર્મ દેશના શ્રવણ કરતા હતા. એ રીતે ધર્મ, અર્થ અને કામને હરકત ન પહોંચે તેમ તેઓ રાજ્ય ચલાવતા હતા.

અહીં કચ્છ અને મહાકચ્છ રાજતાપસો, ગંગા નદીના દક્ષિણ તટપર વનેચર થઇ ફરતા, વલ્કલ વસ્ત્રને ધારણ કરતા તથા ગૃહસ્થના આહારનો તેઓ સ્પર્શ કરતા ન હતા. ઉપવાસાદિ તપ કરવાથી તેમનું શરીર કૃશ થઇ ગયું હતું. પારણામાં પણ સડી ગયેલા અને જમીનપર પડી ગયેલા પાંદડાં તથા ફલાદિકનું ભક્ષણ કરીને તેઓ અંતરમાં નિરંતર ભગવંતનું ધ્યાન ધરતા ત્યાં રહ્યા હતા.



પ્રકરણ ૧૬ મું.



શ્રેયાંસકુમારની સંભાવના.

" वित्तस्य सारं किल पात्रदानं. "

ઋષભ સ્વામી મૌનપણે આર્ય—અનાર્ય દેશોમાં વિચરતા, એમ એક વર્ષ નિરાહારપણે વ્યતીત કરતાં તેમણે વિચાર કર્યો કે–' દીપક જેમ તેલથી અને વૃક્ષ જેમ જળથી

પ્રભા અને તમિસ્રા નામની બે ગુફા આવેલી છે. શાશ્વત પ્રતિમા સહિત સિદ્ધાયતન કૂટથી તે સુશોભિત છે. વિવિધ રત્નમય નવ શિખરોથી તે અલંકૃત છે. ત્યાં વ્યંતરોની બે નિવાસ શ્રેણીઓ આવેલી છે. નમિ અને વિનમિ એ પર્વતપર આવ્યા. ત્યાં પૃથ્વીથી દશ યોજન ઉંચે નમિ નૃપતિએ પચાસ નગર વસાવ્યા, ને નગરોના મધ્યમાં આવેલ રથનૂપુર ચક્રવાલ નગરમાં તેણે નિવાસ કર્યો, અને ધરણેંદ્રના હુકમથી ઉત્તર શ્રેણિએ વિનમિએ સાઠ નગરો વસાવ્યા, તેઓના મધ્યમાં આવેલ ગગનવલ્લભ નગરમાં વિનમિએ નિવાસ કર્યો તે સર્વ નગરોમાં તેમણે ઋષભ સ્વામીને સ્થાપન કર્યા. વિદ્યાધરો વિદ્યાથી મદોન્મત્ત બનીને દુર્વિનય ન સેવે, તેટલા માટે ધરણેંદ્રે મર્યાદા કરી આપી કે–' જે મદોન્મત્ત પુરૂષો જિનેશ્વર, જિનચૈત્ય, ચરમ શરીરી કે કાયોત્સર્ગે રહેલા કોઇપણ મુનિનો પરાભવ કે ઉલ્લંઘન કરશે, તેની વિદ્યાઓ તરત ચાલી જશે, તેમજ જે વિદ્યાધર, કોઇ દંપતીને મારી નાખશે અથવા સ્રીની ઇચ્છા વિના તેની સાથે રમત કરશે, તેને પણ વિદ્યાઓ તરત તજી દેશે. ' એ મર્યાદા ધરણેંદ્ર પોતે બધાને ઉંચેથી સંભળાવી અને તે યાવચ્ચંદ્ર દિવાકરો રહે, તે માટે રત્નભિત્તિની પ્રશસ્તિમાં તે લખી કઢાવી. પછી નમિ, વિનમિને વિદ્યાધરના રાજપદે સ્થાપન કરીને ધરણેંદ્ર પોતાના સ્થાને ગયો.

હવે વિદ્યાધર રાજ્યના સમૃદ્ધિ ભોગવતા નમિ, વિનમિ કોઈવાર જંબુદ્વીપની જગતીના [illegible] વિલાસ કરતા, કોઈવાર

નંદીશ્વરાદિ તીર્થોની યાત્રા કરવા જતા, કોઇવાર મહાવિદેહમાં વિચરતા અરિહંતના સમવસરણમાં જઈ પ્રભુના વચનામૃતનું પાન કરતા તથા કોઇવાર ચારણ મુનિઓ પાસે ધર્મ દેશના શ્રવણ કરતા હતા. એ રીતે ધર્મ, અર્થ અને કામને હરકત ન પહોંચે તેમ તેઓ રાજ્ય ચલાવતા હતા.

અહીં કચ્છ અને મહાકચ્છ રાજતાપસો, ગંગા નદીના દક્ષિણ તટપર વનેચર થઈ ફરતા, વલ્કલ વસ્ત્રને ધારણ કરતા તથા ગૃહસ્થના આહારનો તેઓ સ્પર્શ કરતા ન હતા. ઉપવાસાદિ તપ કરવાથી તેમનું શરીર કૃશ થઈ ગયું હતું. પારણામાં પણ સડી ગયેલા અને જમીનપર પડી ગયેલા પાંદડાં તથા ફલાદિકનું ભક્ષણ કરીને તેઓ અંતરમાં નિરંતર ભગવંતનું ધ્યાન ધરતા ત્યાં રહ્યા હતા.

પ્રકરણ ૧૬ મું.

શ્રેયાંસકુમારની સંભાવના.

" वित्तस्य सारं किल पात्रदानं. "

ઋષભ સ્વામી મૌનપણે આર્ય–અનાર્ય દેશોમાં વિચરતા, એમ એક વર્ષ નિરાહારપણે વ્યતીત કરતાં તેમણે વિચાર કર્યો કે–' દીપક જેમ તેલથી અને વૃક્ષ જેમ જળથી

પ્રભા અને તમિસા નામની બે ગુફા આવેલી છે. શાશ્વત પ્રતિ[મા] સહિત સિદ્ધાયતન કૂટથી તે સુશોભિત છે. વિવિધ રત્ના[ના] નવ શિખરોથી તે અલંકૃત છે. ત્યાં વ્યંતરોની બે નિવા[સ] શ્રેણીઓ આવેલી છે. નમિ અને વિનમિ એ પર્વતપર આ[વ્યા], ત્યાં પૃથ્વીથી દશ યોજન ઉંચે નમિ નૃપતિએ પચાસ ન[ગરો] વસાવ્યા, ને નગરોના મધ્યમાં આવેલ રથનૂપુર ચક્રવાલ ન[ગ]રમાં તેણે નિવાસ કર્યો, અને ધરણેંદ્રના હુકમથી ઉત્તર શ્રેણિ[માં] વિનમિએ સાઠ નગરો વસાવ્યા, તેઓના મધ્યમાં આવે[લ] ગગનવલ્લભ નગરમાં વિનમિએ નિવાસ કર્યો તે સર્વ નગરોમાં તેમણે ઋષભ સ્વામીને સ્થાપન કર્યા. વિદ્યાધરો વિદ્યા[થી] મદોન્મત્ત બનીને દુર્વિનય ન સેવે, તેટલા માટે ધરણેં[દ્રે] મર્યાદા કરી આપી કે - 'જે મદોન્મત્ત પુરૂષો જિનેશ્વર, જિન ચૈત્ય, ચરમ શરીરી કે કાયોત્સર્ગે રહેલા કોઇપણ મુનિ[નો] પરાભવ કે ઉલ્લંઘન કરશે, તેની વિદ્યાઓ તરત ચાલી જશે તેમજ જે વિદ્યાધર, કોઇ દમ્પતીને મારી નાખશે અથ[વા] સ્ત્રીની ઇચ્છા વિના તેના સાથે રમણ કરશે, તેને પણ વિદ્યા[ઓ] તરત તજી દેશે.' એ મર્યાદા ધરણેંદ્ર પોતે બધાને [illegible] [illegible] અને તે [illegible] નહિ, તે માટે [illegible] [illegible] નમિ, વિનમિને [illegible] [illegible] ધરણેંદ્ર પોતાના [illegible]

હવે [illegible] નમિ, વિન[મિ] [illegible]

'હે સ્વામિન્! દેવાંગના સમાન મારી કન્યાનો કર ગ્રહણ કરો.' કોઈ બોલ્યા—'હે રાજકુંવર! આપ પગે ન ચાલતાં, મારા હસ્તીપર આરૂઢ થાઓ.' કોઈ બોલ્યા—'આપ આ પાકા આમ્રફળને લ્યો.' ઇત્યાદિ અનેક પ્રકારની વસ્તુઓ લાવીને લોકોએ સામે ધરી, પણ તે અકલ્પનીય હોવાથી તેમાંનું કંઈ પણ ન સ્વીકારતાં ભગવંત ઘેર ઘેર ફરવા લાગ્યા. પૌર લોકોનો એ કોલાહલ, પોતાના આવાસમાં રહેલા શ્રેયાંસકુમારના સાંભળવામાં આવતાં તેણે—'આ શેનો કોલાહલ છે?' તે જાણવાને પોતાના પ્રતિહારને મોકલ્યો. એટલે તે પાછો આવીને શ્રેયાંસને કહેવા લાગ્યો.—

'હે રાજકુમાર! સર્વ સાવદ્ય યોગનો પરિહાર કરનાર, અષ્ટકર્મરૂપ દિગ્ગજોને ભેદવામાં કેસરી સમાન, નિઃસંગ, મમત્વ રહિત શ્રી ઋષભદેવ પાદ વિહારથી પૃથ્વીને પાવન કરતા અહીં પધાર્યા છે. તેમની પાછળ દોડતા નાગરિકોનો આ મોટો કોલાહલ છે.' એમ સાંભળતાં યુવરાજ તરત પગે દોડ્યો, એટલે તેની સભા પણ ઉપાન રહિત તેની પાછળ દોડી. પોતાના ભવનાંગણે આવેલા ભગવંતના ચરણ-કમળમાં આળોટીને તેણે પ્રદક્ષિણાપૂર્વક પ્રભુને પ્રણામ કર્યા. પછી પ્રભુના મુખકમળને નિર્નિમેષ નયને જોતાં—'આવો વેષ મેં ક્યાંક જોયો છે' એમ ચિંતવતાં તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેથી તેના જાણવામાં આવ્યું કે—'પૂર્વે પૂર્વ વિદેહમાં પ્રભુ વજ્રનાભ ચક્રવર્તી હતા, ત્યારે હું તેમનો સારથિ હતો, તેજ ભવમાં સ્વામીના વજ્રસેન પિતા તીર્થંકર હતા, તેમને

આવા લક્ષણવાળા જોયા હતા. વજ્રનાભે દીક્ષા લેતાં મેં પણ તેમની સાથે દીક્ષા લીધી, તે વખતે વજ્રસેન અરિહંતના મુખથી મેં સાંભળ્યું હતું કે—' આ વજ્રનાભ, ભરતખંડમાં પ્રથમ તીર્થંકર થશે. ' અહો ! તે પ્રભુ સાક્ષાત આજ મારે આંગણે અનુગ્રહ કરવા પધાર્યા છે. '

એ પ્રમાણે તે વિચાર કરે છે, તેવામાં કોઇએ તાજા ઇક્ષુરસના ઘડા શ્રેયાંસકુમારને ભેટ કર્યા. એટલે-જાતિ સ્મરણને લીધે નિર્દોષ ભિક્ષાવિધિને જાણનાર કુમારે પ્રભુને કહ્યું—' હે ભગવન્ ! આ કલ્પનીય રસ ગ્રહણ કરો. ' ત્યારે વિભુએ હસ્તપાત્ર તેની આગળ ધર્યું, એટલે કુમારે ઇક્ષુરસના ઘડા લઇને તેમાં ખાલી કરવા માંડ્યા. તે વખતે પ્રભુના હસ્તપાત્રમાં ઘણો રસ પણ સમાઇ ગયો, પરંતુ શ્રેયાંસના અંતરમાં તેટલો હર્ષ સમાયો નહિ. જાણે રસ ઠરી ગયો હોય તેમ સ્વામીની અંજલિમાં રસે શિખરનું રૂપ ધારણ કર્યું, પણ રસનું એક બિંદુ પણ નીચે ન પડ્યું. કારણકે તીર્થંકરોનો પ્રભાવ અચિંત્ય હોય છે. વિભુએ તે રસથી પારણું કર્યું, તે વખતે આકાશમાં દુંદુભિનાદ થયો, દેવતાઓએ રત્નવૃષ્ટિ, પંચ વર્ણના પુષ્પોની વૃષ્ટિ, ગંધોદકની વૃષ્ટિ તથા દિવ્ય વસ્ત્રોની વૃષ્ટિ કરી. વૈશાખ માસની શુકલ તૃતીયાના દિવસે તે અક્ષય દાન આપેલ હોવાથી અદ્યાપિ અક્ષય તૃતીયાના નામથી તે પર્વ પ્રવર્ત્તે છે. એ સુપાત્રદાનની પ્રવૃત્તિ શ્રેયાંસકુમારથી ચાલુ થઇ. બાકીના બધા વ્યવહાર ઋષભસ્વામીથી પ્રવર્ત્યો.

ભગવંતના પારણા વખતે થયેલ રત્નાદિકની વૃષ્ટિથી વિસ્મય પામતા રાજાઓ તથા પૌરજનો શ્રેયાંસના મંદિરમાં આવ્યા. ત્યારે તે વાત સાંભળતાં કચ્છ, મહાકચ્છ વિગેરે તાપસો પણ ત્યાં આવ્યા. તે બધા શ્રેયાંસને કહેવા લાગ્યા કે—'હે કુમાર ! તમે ધન્ય છો, તમારો ઇક્ષુરસ પણ સ્વામીએ સ્વીકાર્યો અને અમે સર્વસ્વ આપતા હતા તે પણ તેમણે ન લીધું. અમારા ઘરે વિશ્રાંતિ કે અમારૂં આપેલ દાન તો દૂર રહ્યો, પરંતુ વચનમાત્રથી પણ સ્વામીએ અમને સંભાવિત ન કર્યા.' ત્યારે શ્રેયાંસે કહ્યું—'તમે એમ ન કહો. અત્યારે પ્રભુ પરિગ્રહધારી રાજા નથી. હવે તો સંસારના ભ્રમણથી નિવૃત્ત થવાને એ સંયમી થયા છે. તો એ વિરક્ત વિભુને તેવી વસ્તુઓની શી જરૂર છે ? જે મદનની મસ્તીમાં મસ્ત હોય તે કન્યાને સ્વીકારે, પ્રભુ તો મદનના મદને મારનારા છે; તેથી તેઓ પ્રમદાઓને પાષાણની પૂતળી સમાન સમજે છે. જેને રાજ્યની અભિલાષા હોય, તે હાથી, ઘોડા લે, ભગવંત તો તેથી વિરક્ત છે, જે હિંસક હોય તે સજીવ ફલ વિગેરે લે, ભગવાન તો દયાળુ છે, એઓ માત્ર એષણીય, કલ્પનીય અને પ્રાસુક અન્નાદિ સ્વીકારે છે, પણ તમે મુગ્ધલોકો તે જાણતા નથી.'

એટલે તેઓએ કહ્યું—'યુવરાજ ! વિભુએ એવું કંઇ બતાવ્યું ન હતું, તેથી અમે કોઇ જાણતા નથી, પણ તમે એ બાબત શી રીતે જાણી ? તે તો કૃપા કરીને કહો.' ત્યારે

શ્રેયાંસકુમારે કહ્યું—' ભગવંતના દર્શનથી મને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું છે. સ્વર્ગ અને મૃત્યુલોકમાં હું સ્વામી સાથે આઠ ભવ ફર્યો છું. આ ભવની પહેલાં ત્રીજા ભવમાં વિદેહ ક્ષેત્રમાં ભગવંતના પિતા વજ્રસેન તીર્થંકર હતા, તેમની પાસે સ્વામીએ સંયમ લેતાં મેં પણ વ્રત ગ્રહણ કર્યું, તે ભવના સ્મરણથી આ બધું મારા જાણવામાં આવ્યું. તેમજ ગઈ રાત્રે મને, મારા પિતાને તથા સુબુદ્ધિ શેઠને આવેલ સ્વપ્નનું મને સાક્ષાત્ ફળ મળ્યું. મેં સ્વપ્નમાં શ્યામ થઈ ગયેલા કનકગિરિને દૂધથી અભિષિક્ત કરેલો જોયો, તેથી આજે તપથી કૃશ થયેલા ભગવંતને ઇક્ષુરસથી પારણું કરાવ્યું. મારા પિતાએ શત્રુઓની સાથે જંગમાં લડતા જોયા તે આ ભગવંત પોતે, તેમણે મારા કરાવેલ પારણાની સહાયતાથી પરિષહરૂપ શત્રુઓને પરાજિત કર્યા. તથા સુબુદ્ધિ શ્રેષ્ઠીએ જોયું કે—સૂર્યમંડળમાંથી પડી ગયેલા હજાર કિરણોને મેં પાછાં તેમાં સ્થાપિત કર્યા. તે સૂર્ય સમાન આ સ્વામીનું હજાર કિરણરૂપ કેવળ [illegible] પારણાથી મેં જોડી દીધું. એ રીતે સાંભળીને [illegible] પોતપોતાના સ્થાને ગયા.

[illegible]

જ્યાં જ્યાં ભગવંત ભિક્ષા ગ્રહણ કરતા, ત્યાં ત્યાં લોકો તે પ્રમાણે પીઠિકા કરતા, અને તેથી લોકોમાં તે 'આદિત્ય પીઠ' એવા નામથી પ્રસિદ્ધ થયા.

પ્રકરણ ૧૭ મું.

આશામાં નિરાશા.

એક વખતે વિહાર કરતા સ્વામી સાયંકાલે બાહુબલિની તક્ષશિલા નગરી પાસે આવીને બહારના ઉદ્યાનમાં કાયોત્સર્ગે રહ્યા. એટલે ઉદ્યાનના રખવાળે તરતજ જઇને બાહુબલિને ભગવંતના આગમનની ખબર આપી, ત્યારે બાહુબલિએ નગરરક્ષકોને હુકમ કર્યો કે—' તમામ નગરના બજારો વિગેરેને શણગારીને સુશોભિત કરો. ' પોતાના સ્વામીની આજ્ઞા થતાં તેમણે નગરમાં મોટા માર્ગોપર કદલીના સ્તંભો તોરણો સહિત ઉભા કર્યા, વિમાનો જેવા સુશોભિત માંચડા ગોઠવ્યા, ધ્વજ, પતાકાઓ દરેક સ્થાને બાંધી, માર્ગે માર્ગે કુંકુમ જળનો છંટકાવ કર્યો તથા જગે જગે પુષ્પોના પગર પાથરવામાં આવ્યા. એમ પ્રભુના દર્શનની ઉત્કંઠાથી સમસ્ત નગર જાણે વિકસિત થઇ ગયું. તે વખતે ' પ્રભાતકાળે સ્વામીના દર્શનથી મારા આત્માને કૃતાર્થ કરીશ. ' એવી ભાવના ભાવતાં બાહુબલિને ત્રિયામા તે શતયામા જેવી થઇ પડી. અહીં પ્રભાત થતાં પ્રતિમા ધ્યાન પારીને આદિનાથ અન્યત્ર વિહારકરી ગયા.

હવે પ્રભાતકાળે બાહુબલિએ મોટા ઉમંગથી ઉપવનમાં જવાની તૈયારી કરી–તે વખતે મુગટધારી મોટા મંડલેશ્વરો તથા ઘણા મંત્રીઓને તેણે સાથે લીધા. લાખો અશ્વો અને હજારો હાથીઓને તેણે શણગાર્યા. પાતાલ કન્યાઓ જેવી અંતઃપુરની અંગનાઓથી તે અધિક શોભવા લાગ્યો. બંને બાજુએ ઉભી રહેલી વારાંગનાઓ તેને ચામર ઢાળતી, તેના શિરપર શ્વેત છત્ર શોભતું, સુવર્ણનો દંડ લઇને આગળ આગળ ચાલતો પ્રતિહાર તેને માર્ગ દર્શાવતો હતો. રત્નાભરણોથી ભૂષિત, નગરના સંખ્યાબંધ સાહુકારો અશ્વારૂઢ થઇને તેની પાછળ આવવાને સજ્જ થયા હતા. બાહુબલિ પોતે એક મોટા ઐરાવણ જેવા હાથી પર આરૂઢ થયો. દિવ્ય વસ્ત્રાલંકારોથી દેદીપ્યમાન તે એક દેવ સમાન શોભતો હતો. એ રીતે આડંબર અને બંદીજનોના જય જય શબ્દ સાથે તે પ્રભુથી પાવન થયેલ ઉપવનની પાસે આવ્યો. ત્યાં હસ્તી પરથી નીચે ઉતરી છત્રાદિ રાજચિન્હોને તજીને તેણે ઉત્સાહપૂર્વક ઉદ્યાનમાં પ્રવેશ કર્યો. એવામાં ચંદ્ર વિનાના ગગનતળ સદૃશ સ્વામી વિનાના તે ઉદ્યાનને જોતાં તેણે ઉદ્યાનપાલકોને પૂછ્યું કે—'ભગવંત ક્યાં બિરાજમાન છે? તેમણે કહ્યું —' પ્રભુ તો અહીંથી વિહાર કરી ગયા છે. અમને ખબર પડતાં અમે આપને કહેવા આવતા હતા, તેટલામાં આપજ અહીં આવી ગયા ' એ પ્રમાણે નાથનું નિર્ગમન સાંભળતાં બાહુબલિ ખિન્ન મનથી ચિંતવવા લાગ્યો–'અહો! સ્વામીના દર્શન કરવાનો મારો મનોરથ વ્યર્થ થયો. પ્રજાજનોના આગ્રહથી મેં કંઇક વિલંબ કર્યો. તેથી પ્રભુનાં દર્શન ન થયા.

ર્શાવતો હતો. રત્નાભરણોથી ભૂ
હુકારો અશ્વારૂઢ થઈને તેની પાછ
ા. બાહુબલિ પોતે એક મોટા ચૈ
ક થયો. દિવ્ય વસ્ત્રાલંકારોથી દેદીપ્ય
તો હતો. એ રીતે આડંબર અને ૯
સાથે તે પ્રભુથી પાવન થયેલ ઉપ
તી પરથી નીચે ઉતરી છત્રાદિ રા
હપૂર્વક ઉદ્યાનમાં પ્રવેશ કર્યો. એ
સદૃશ સ્વામી વિનાના તે ઉદ્યાનને
છયું કે—'ભગવંત ક્યાં બિરાજ
ભુ તો અહીંથી વિહાર કરી ગયા
મે આપને કહેવા આવતા હતા,
ા ગયા' એ પ્રમાણે નાથનું નિગમ

માટે મને ધિક્કાર છે! નાથના ચરણકમલને જોવામાં વિઘ્ન કરનાર રાત્રિ તથા મારી અદિતિને પણ ધિક્કાર છે! અહા! રાત્રે જગત્પતિ અહીં પ્રતિમારૂપે રહ્યા અને નિદ્રાવશ આ દુર્મતિ પોતાના મહેલમાં સુઈ રહ્યો!"

આવી ચિંતામાં વ્યાકુળ થયેલા [illegible] મંત્રીએ [illegible] હે દેવ! તેં અહીં [illegible] ભગવંતને ન જોયા' એવો [illegible] [illegible]

—————

મદજળથી સ્વર્ગાંગણને સુગંધિ બનાવતો હતો. તેના આઠ લલાટ અને આઠ મુખ શોભતા હતા. દરેક મુખે તેને આઠ આઠ ઉન્નત વાંકા દાંત હતા. દરેક દાંતે સ્વાદિષ્ટ જળપૂર્ણ એક એક વાવ હતી. દરેક વાવમાં આઠ આઠ કમળ હતા. દરેક કમળે આઠ આઠ વિસ્તૃત પત્રો હતા. દરેક પત્ર પર આઠ આઠ નાટક શોભતા અને દરેક નાટકમાં બત્રીશ બત્રીશ પાત્રો હતા. આવી અદ્ભુત રચનાથી શોભતા તે ઐરાવણ પર ઇંદ્ર પોતાના પરિવાર સહિત આરૂઢ થયો. માર્ગે ચાલતાં શરીરને સંકોચતો તે ગજરાજ, પ્રભુએ પાવન કરેલા તે ઉદ્યાનમાં તરતજ આવી પહોંચ્યો. તેમજ અચ્યુતાદિ બીજા ઇંદ્રો પણ ત્યાં ઉતાવળથી આવી પહોંચ્યા

એ વખતે વાયુકુમાર દેવતાએ સમવસરણને માટે એક યોજન ભૂમિ સાફ કરી, મેઘકુમાર દેવતાએ સુગંધિ જલથી તેને સિક્ત કરી. એટલે વ્યંતર દેવોએ સુવર્ણ, માણિક્ય અને રત્નોથી તે ભૂમિતલ બાંધ્યું. તેના પર પંચરંગી પુષ્પો પાથર્યા. સમવસરણનો ઉપરનો પ્રથમ ગઢ વૈમાનિક દેવોએ રત્નમય બનાવ્યો, તેના પર મણિઓના કાંગરા કર્યા. જ્યોતિષીઓએ બીજો સુવર્ણનો ગઢ બનાવ્યો, તેના પર રત્નના કાંગરા કર્યા, અને ભવનપતિ દેવોએ ત્રીજો રૂપાનો પ્રાકાર બનાવ્યો, તેના પર સુવર્ણના કાંગરા કર્યા. દરેક પ્રાકારના ચાર ચાર દરવાજા હતા. વળી ત્યાં ધ્વજાઓ, પતાકાઓ, તોરણો, સ્વસ્તિક, અષ્ટ

ત્યાં ત્રીજા પ્રાકારમાં બેઠા હતા. આ અવસરે ઇંદ્રે અંજલી જોડી નમસ્કાર કરી, પ્રભુની સ્તુતિ કરી કે–'હે સ્વામિન! ગુણના ભંડાર આપ ક્યાં અને મતિદરિદ્ર હું ક્યાં ?ઃહે નાથ! રત્નાકર જેમ રત્નોથી શોભે છે, તેમ આપ અનંત જ્ઞાન, દર્શન અને ચારિત્રાદિ ગુણોથી સુશોભિત છો. હે દેવ! ભરતમાં ચિરકાલથી નષ્ટ થયેલ ધર્મરૂપ વૃક્ષને ઉત્પન્ન કરવામાં આપ અમોઘ બીજ સદૃશ છો. હે જ્ઞાનનિધાન! આપનો મહિમા અપાર છે, અનુત્તર વિમાનના દેવોનો સંદેહ, તમે અહીં રહ્યા છતાં જાણીને નિવારો છો. સ્તુતિ કે નિંદા કરનાર પર પણ આપની સદા સમાન દૃષ્ટિજ છે, આપ સમતાના સાગર અને શમરસના સરોવર છો. હે ભગવન્! સ્વર્ગની લક્ષ્મી કરતાં આપની ભક્તિથી મારા અંતરમાં અધિક આનંદ થાય છે. એ પ્રમાણે સ્તવના કરીને ઇંદ્ર પોતાના ઉચિત સ્થાને બેઠો.

હવે અહીં અયોધ્યામાં વિનયી ભરત પ્રભાતે મરૂદેવા માતાને નમન કરવા ગયો. પુત્ર (ઋષભ) ના વિરહાશ્રુના સતત્ પ્રવાહથી મરૂદેવાની આંખે પડલ આવી ગયા હતા. એટલે આ આપનો જ્યેષ્ઠ પૌત્ર ભરત આપને નમસ્કાર કરે છે, એમ કહીને ભરતે પ્રણામ કર્યા, ત્યારે આશિષ આપીને અંતરના શોકથી ઘેરાએલા મરૂદેવા માતા બોલ્યા–'હે ભરત! મારો પુત્ર ઋષભ, તને, મને અને સમસ્ત પ્રજા તથા રાજ્ય સંપત્તિને તૃણવત્ ત્યાગીને ચાલ્યો ગયો. છતાં આ મરૂદેવા મરણ ન પામી એ પુત્રનું સુખ જોવું છે ક્યાં અને હાલ

પડતો સૂર્યનો તાપ ક્યાં ? એ ગજાદિ વાહનો ક્યાં અને આ પગે ચાલવાનું ક્યાં ? તે દિવ્ય આહારનું ભોજન ક્યાં અને હાલનું ભિક્ષા ભોજન ક્યાં ? તે રત્નસિંહાસન ક્યાં અને અત્યારે આસન હિનતા ક્યાં ? તે અંગરક્ષકોની સેવા ક્યાં અને અત્યારે શ્વાપદ વ્યાપ્ત વનમાં ભમવાનું ક્યાં ? તે દિવ્ય ગાયનો ક્યાં અને હાલના મસ્ત સર્પોના ફુંફાડા ક્યાં ? અહો ! પૂર્વની સ્થિતિ ક્યાં અને અત્યારની સ્થિતિ ક્યાં ? અહા ! મારો પુત્ર, કેટલું બધું સંકષ્ટ ભોગવતો હશે ? હે ભરત ! મારા મનમાં દુઃખ ન સમાવાથી ઉદ્દગાર કહાડીને તને પણ દુઃખી કરૂં છું. '

મરૂદેવા માતાના શોકમય વચનો સાંભળીને આશ્વાસન આપતાં ભરત અંજલિ જોડીને બોલ્યો કે 'હે મહાદેવી ! સ્થિરતાના પર્વતરૂપ તથા સાત્વીક જનોમાં શિરોમણિ એવા મારા પિતાની જનેતા થઇને તમે આવો ખેદ કેમ કરો છો ? મારા પિતા આ ભવસાગર તરવાને પ્રવૃત્તમાન થયા છે. વનમાં વિહાર કરતાં શ્વાપદ પશુઓ, તેમના પ્રભાવથી જાણે પત્થરના બનાવેલા હોય તેવા થઇ જાય છે, આ તાપ, ક્ષુધા, તૃષાદિ દુઃસહ પરીષહો તો કર્મ શત્રુઓને જીતવામાં પિતાજીને ઉલટા સહાયક બને છે, તે છતાં જો તમને વિશ્વાસ ન આવતો હોય, તો અલ્પ સમયમાં તમારા પુત્રને કેવલજ્ઞાન ઉત્પન્ન થવાના સમાચાર સાંભળતાં પ્રતીતિ થશે. '

એવામાં યમક અને શમક નામના બે સેવકોએ ત્યાં

આવીને ભરત મહારાજાને પ્રણામ કરીને વીનવ્યું કે—' હે દેવ! આજે શકટાનન ઉદ્યાનમાં શ્રીયુગાદીશને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે. તેથી અપૂર્વ ભાગ્ય વર્ધમાન છે.' ત્યારે શમકે ઉંચેથી નિવેદન કર્યું કે—' હે મહારાજ! આપની આયુધશાળામાં અત્યારે ચક્રરત્ન ઉત્પન્ન થયું છે.' આ બે શુભ સમાચારથી ભરત રાજાને ક્ષણવાર વિચાર થઈ પડયો કે—' એક તરફ પિતાજીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું અને આ તરફ ચક્રરત્ન ઉત્પન્ન થયું. તો હવે પ્રથમ મારે કોનું પૂજન કરવું ?' પણ—' જગતને અભય આપનાર તાત ક્યાં અને પ્રાણીઓના પ્રાણ લેનાર એ ચક્ર ક્યાં ?' એમ ધારીને પ્રથમ સ્વામીની અર્ચા માટે તૈયારી કરવા માણસોને આજ્ઞા ફરમાવી યમક, શમકને મનમાનતું ઇનામ આપીને તેણે વિદાય કર્યા. પછી મરૂદેવા માતાને કહ્યું—' હે દેવી! તમારા પુત્રને માટે હંમેશાં કલ્પાંત કરતા હતા. પણ હવે તમારા પુત્રની સંપત્તિ તો જુઓ.' એમ કહીને તેણે મરૂદેવાને હાથીપર બેસાર્યા, અને પોતે ચતુરંગ સૈન્ય લઈને ભગવંતને વંદન કરવા ચાલ્યો. રસ્તામાં દૂરથી રત્નપ્રાકાર જોવામાં આવતાં ભરત રાજાએ મરૂદેવાને કહ્યું કે—' હે દેવી! જુઓ, દેવતાઓએ પ્રભુનું આ સમવસરણ રચ્યું છે. ભગવંતની સેવામાં તત્પર દેવતાઓના આ જય જય શબ્દ સંભળાય છે. હે માતા! જુઓ, આકાશમાં આ મધુર દુંદુભિ વાગે છે. વીતરાગને વંદન કરવા આવતા દેવતાઓના વિમાનોમા થતો આ ઘુઘરીઓનો અવાજ આપણા સાંભળવામા આવે છે. આ દેવતાઓનો સિંહનાદ અને આ ગાંધર્વોના ગીત બરાબર સંભળાય છે.'

આ પ્રમાણે ભરતના કથનથી આનંદાશ્રુ આવતાં મરૂદેવ માતાની દૃષ્ટિપર વળેલા પડલ ધોવાઇ ગયાં. એટલે પોતાના પુત્રની તીર્થંકરપણાની સમૃદ્ધિ તેણે પોતાની નજરે જોઇ. તે જોતાં મરૂદેવા આનંદમય થઇ ગયા. ત્યારે તરતજ સમકાળે અપૂર્વકરણના ક્રમથી ક્ષપકશ્રેણીએ આરૂઢ થઇ, અષ્ટકર્મને ક્ષીણ કરીને તે કેવલજ્ઞાન પામ્યા. એવામાં તેજ વખતે આયુષ પૂર્ણ થતાં અંતકૃત કેવલી થઇ મરૂદેવા માતા, હસ્તીના સ્કંધ ઉપર બેઠાં બેઠાં મુક્તિને પામ્યા. આ અવસર્પિણીમાં મરૂદેવા પ્રથમ સિદ્ધ થયા. તેમના શરીરને દેવતાઓએ અગ્નિસંસ્કાર કર્યો. ત્યારથી લોકમાં મૃતકની ક્રિયા પ્રવર્ત્તી. મરૂદેવાને સિદ્ધ થયેલા જાણી ભરત રાજાને સમકાળે હર્ષ અને શોક થયો, પછી પોતાના રાજચિન્હોનો ત્યાગ કરી, સમવસરણમાં આવી, ભગવંતને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક પ્રણામ કરી, અંજલિ જોડીને ભરતરાજા ભગવંતની સ્તુતિ કરવા લાગ્યા.

" હે અભયદાતા ! હે પ્રથમ તીર્થનાથ ! હે સંસાર-તારક ! તમે જયવંત રહો. આ અવસર્પિણી કાળમાં અંધકારનો નાશ થવાથી આજે પ્રભાત ખીલ્યું છે. હે વીતરાગ ! ભવ્યાત્માઓના અંતરને આનંદમાં ઓતપ્રોત કરનારી આપની વિમલ વાણી વિજયવંતી વરતે છે. હે કારૂણ્ય રત્નાકર ! જે આપના શાસનરૂપ મહારથનો આશ્રય લે છે, તે જરૂર મોક્ષનગરે પહોંચે છે. હે જગદ્બંધુ ! આપ સવિતા સમાન છો, તેથી હવે ભવ્ય-કમળો વિકાસ પામશે. હે સ્વામિન્ ! આ સંસારમાં રહ્યા છતાં આપના દર્શનથી મહાનંદનો કિંચિત્

અનુભવ થાય છે. હે નાથ ! કર્મબંધનમાં જકડાયેલા ભવ્ય જીવોને આપ બંધનમુક્ત કરીને મોક્ષમાર્ગની સીધી સડકે ચડાવો છો, તેથી નિષ્કારણ ઉપકારી છો. હે પરમાત્મન્ ! આઠ કર્મના આવરણને દૂર કરી આત્માના નિરાવરણ અનંતજ્ઞાન, દર્શનાદિ પામ્યા છો, તેથી આપને કોની ઉપમા આપીએ ? હે જગત્પતે ! આપ સમસ્ત જગતના રક્ષક છો, તો આપની પાસે મારે શી યાચના કરવી ? અનેક સંગ્રામો કરી એક બીજાનું રાજ્ય છીનવી લેનારા શત્રુ રાજાઓ, આપની સભામાં બધા બંધુ થઈને બેઠા છે. આપના સમવસરણની ભૂમિમાં આવેલ આ હસ્તી પોતાની સુંઢવતી કેસરીસિંહનો કર ગ્રહીને પોતાના ગંડસ્થળને તેનાથી ખંજવાળે છે. આ મહિષ (પાડો) પોતાની જીભવતી આ હણહણતા અશ્વને ચાટે છે. પોતાના પુંછડાને હલાવતો આ મૃગ પોતાની નાસિકાથી આ વાઘના મુખને સુંઘે છે ! આ તરૂણ બીલાડો પોતાના પડખે રહેલા ઉંદરને પોતાનાં બચ્ચાંની જેમ આલિંગન કરે છે. આ સર્પ, નકુલની પાસે નિર્ભય થઈને બેઠો છે. હે જગદ્ગુરો ! હે જ્ઞાન સુધાના સાગર ! હે અચિંત્ય માહાત્મ્યના ભંડાર ! આપના અતુલ્ય પ્રભાવથી આ પ્રાણીઓ, તેમજ બીજા પણ અતિવેર ધરનારા ક્રૂર પ્રાણીઓ અત્યારે આપની છાયા નીચે વૈરભાવ તજી, નિર્ભય થઈ એકાગ્ર મનથી આપના વચનામૃતનું પાન કરી રહ્યા છે. હે વિભો ! આપને વાર વાર વંદન છે " એ રીતે ભગવંતની સ્તુતિ કરીને ભરત ચક્રવર્તી સભામાં ઉચિત સ્થાને બેઠા.

પ્રકરણ ૧૯ મું.

ધર્મ-દેશના.

તીર્થપતિના પ્રભાવથી એક યોજનમાત્ર ક્ષેત્રમાં કોટાનુકોટિ પ્રાણીઓ બાધારહિત બેસી શકે છે. સર્વ ભાષાને અનુસરતી, પાંત્રીશ અતિશય યુક્ત તથા યોજનગામિની વીતરાગ જિનેશ્વરની વાણી સાંભળતાં તૃપ્તિ ન થાય, સંશય ન રહે અને મીઠાશમાં શર્કરા કરતાં વધારે મધુર કે જે સાંભળતી વખતે પ્રાણી પોતાના પૂર્વના દુઃખ ભૂલી જાય છે. શ્રી યુગાદીશ પ્રભુએ એવી વાણીથી સુરાસુર અને મનુષ્યોની પર્ષદા સમક્ષ ધર્મદેશના આપવાનો પ્રારંભ કર્યો:—

"હે ભવ્ય પ્રાણીઓ ! આ સંસાર આધિ, વ્યાધિ, જરા, મૃત્યુ વિગેરે અનેક ધગધગતી જ્વાળાઓથી વ્યાપ્ત છે, માટે તેને જ્વલંત અગ્નિની ઉપમા આપવી અનુચિત નથી. તેમાં ક્ષણમાત્ર પણ પ્રમાદ કરવો, તે સુજ્ઞ જનોને ઉચિત નથી. ચોરાશીલક્ષ જીવાયોનિરૂપ આવર્ત્તોથી ઓતપ્રોત એવા આ સંસાર સમુદ્રમાં ભ્રમણ કરતા જીવોને કીંમતી રત્નની જેમ મનુષ્યજન્મ મળવો અતિ દુર્લભ છે. તો કુશળ જનો પરલોકના સાધનથી તેને સફલ કરે છે. શઠ લોકોના વચનની જેમ શરૂઆતમાં મધુર છતાં પરિણામે અત્યંત ભયંકર વિષયો વિશ્વને છેતરે છે. સંયોગમાં તો વિયોગ અંતર્ગતજ છે, પ્રાણીઓના આયુષ્ય,

યૌવન અને ધન એ અસ્થાયિ-વિનશ્વરજ હોય છે. મારવાડમાં જેમ મિષ્ટ જળ મળવું મુશ્કેલ છે, તેમ સંસારમાં સત્યસુખની પ્રાપ્તિ છેજ નહિ. ક્ષેત્રદોષ અને પરમાધામીઓથી પીડા પામતા નારક જીવોને તો સુખનું નામ પણ નથી. ક્ષુધા, તૃષા, શીત, તાપ, વધ, બંધનાદિકથી કષ્ટકોટિને સહન કરતા તિર્યંચો પણ બિચારાં સુખનો સ્વાદ મેળવી શકતા નથી. ગર્ભાવાસ, જન્મ, જરા, મરણ, વ્યાધિ, દરિદ્રતા વિગેરેના કષ્ટ-કાદવમાં ખુંચી રહેલા મનુષ્યો પણ સુખથી સો યોજન દૂર છે. તેમજ પરસ્પર મત્સર, ઈર્ષ્યા, કલહ, ચ્યવનાદિ દુઃખો જોતાં દેવતાઓને પણ વિષમિશ્રિત દુધપાકના સ્વાદ સમાન સુખ છે. તેમ છતાં જળ જેમ નીચે ગમન કરે છે, તેમ અજ્ઞાનને તાબે થયેલા પ્રાણીઓ સંસાર તરફજ ઘસડાતા જાય છે. હે સુજ્ઞજનો ! સર્પને દુધ પાવાથી જેમ વિષની વૃદ્ધિ થાય છે, તેમ તમે વિષયાદિથી સંસારને વૃદ્ધિ પમાડશો નહિ. હે વિવેકવિલાસી ભવ્યો ! આ સંસારના સંખ્યાબંધ સંકટોનો વિચાર કરીને તેનાથી મુક્ત થવા મોક્ષને માટે સતત પ્રયત્ન કરો. નરકના જેવું ગર્ભાવાસનું દુઃખ, મોક્ષમાં કદિ થતું નથી. કુંભીપાકની પીડા જેવી પ્રસવવેદના, મુક્તિમાં કદિ ન થાય. આધિ અને વ્યાધિના દુઃખો ત્યાં નથી, યમરાજની દૂતી સમાન જરાનું ત્યાં જરા પણ જોર નથી. ચાર ગતિમાં ગમનાગમન કરાવનાર મરણ પણ ત્યાં નથી. ત્યાં અદ્વૈત, અવ્યય અને શાશ્વત મહાનંદ છે. ત્યા કેવળજ્ઞાનની અખંડ જ્યોતિ ઝગમગે છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર-એ રત્નત્રયીની

યત્નથી સંભાળ રાખનારા સંત જનોજ તે મોક્ષને પામી શકે છે. તેમાં જીવાદિ નવતત્ત્વોનો સંક્ષિપ્ત અથવા વિસ્તૃત અવબોધ–તે સમ્યગ્જ્ઞાન. મતિ, શ્રુતિ, અવધિ, મનઃપર્યવ તથા કેવલ–એ અન્વયયુક્ત જ્ઞાન પાંચ પ્રકારે છે. તેમાં અવગ્રહાદિ ભેદો સહિત તથા ઇંદ્રિય અનિંદ્રિયથી ઉત્પન્ન થાય તે મતિજ્ઞાન. પૂર્વ, અંગ, ઉપાંગ વિગેરે સૂત્રોથી વિસ્તૃત અને સ્યાત્ શબ્દથી લાંછિત એવું શ્રુતજ્ઞાન અનેક પ્રકારે છે. દેવતા અને નારક જીવોને ભવોપગ્રાહી અવધિજ્ઞાન હોય છે. તથા મનુષ્ય અને તિર્યંચ આશ્રી તે અવધિજ્ઞાનના મુખ્ય છ ભેદ થાય છે. મનઃપર્યવ જ્ઞાન–ઋજુમતિ અને વિપુલમતિ–એમ બે પ્રકારે છે, વિશુદ્ધિ અને અપ્રતિપાતિપણાથી વિપુલમતિમાં વિશેષતા છે. સમસ્ત દ્રવ્ય, પર્યાયના વિષયયુક્ત, અનંત અને ઇંદ્રિયાતીત જ્ઞાન તે કેવલજ્ઞાન કહેવાય છે.

શાસ્ત્રોમાં બતાવેલા તત્ત્વોમાં રૂચિ તે સમ્યકત્વ–શ્રદ્ધા કહેવાય. તે ઉપર રૂચિ ગુરૂ ઉપદેશથી અથવા સ્વભાવથી પ્રાપ્ત થાય છે. આ અનાદિ અનંત સંસારના આવર્ત્તમાં ઘુમતા પ્રાણીઓને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય–એ ચાર કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ, ત્રીશ કોટાનુકોટિ સાગરોપમની છે, ગોત્ર અને નામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ કોટાનુકોટિ સાગરોપમની છે, મોહનીય કર્મની સ્થિતિ સિત્તેર કોટાનુકોટિ સાગરોપમની છે. અનુક્રમે ફળના અનુભવથી તે બધાં કર્મો, પર્વતથી નીકળેલી નદીમાં અથડાતો અથડાતો પત્થર

જેમ ઓળ થઈ જાય, તેમ પોતાની મેળે ક્ષય પામે છે. એમ ક્ષય પામતાં કર્મની અનુક્રમે ઓગણત્રીશ, ઓગણીશ અને ઓગણોત્તેર કોટાનુકોટિ સાગરોપમ સુધીની સ્થિતિ ક્ષીણ થાય અને કંઈક ઓછી એક કોટાનુકોટિ સાગરોપમની સ્થિતિ બાકી રહે, ત્યારે જીવ યથા પ્રવૃત્તિકરણથી ગ્રંથિદેશને પામે છે. રાગદ્વેષના દુર્ભેદ્ય પરિણામ–તે ગ્રંથિ કહેવાય છે, કીનારા પાસે આવ્યા છતાં તોફાનથી પ્રેરાયેલ વહાણ જેમ પાછું સમુદ્રમાં ઘસડાઈ જાય, તેમ રાગ દ્વેષને વશ થયેલા કેટલાક જીવો ગ્રંથિને ભેદ્યા વિના પાછા ફરે છે, કેટલાક અધવચજ વિરામ પામે છે, અને કેટલાક અપૂર્વ કરણથી પોતાનું વીર્ય પ્રગટાવી દુર્લંઘ્ય ગ્રંથિને ભેદી નાખે છે, તથા કેટલાક અનિવૃત્તિ કરણથી અંતરકરણ કરી, મિથ્યાત્વને વિરલ કરીને અંતર મુહૂર્ત માત્ર સમ્યગ્દર્શનને પામે છે. તે નૈસર્ગિક સમ્યક્ શ્રદ્ધાન કહેવાય છે. ગુરૂના ઉપદેશ કે આલંબનથી સમ્યકત્વની પ્રાપ્તિ થાય–તે ગુરૂગમથી પ્રાપ્ત થયેલ ગણાય છે. તે સમ્યકત્વના ઔપશમિક, સાસ્વાદન, ક્ષાયોપશમિક, વેદક અને ક્ષાયક–એવા પાંચ પ્રકાર છે, કર્મ ગ્રંથિ ભેદાતા પ્રથમ અંતર્મુહૂર્ત્તમાં જીવને સમકિતનો લાભ થાય છે, તે ઔપશમિક સમ્યકત્વ. તેમજ ઉપશમ શ્રેણિના યોગથી મોહ શાન્ત થતાં પણ ઔપશમિક સમ્યકત્વ ઉત્પન્ન થાય છે. સમ્યકત્વ ભાવનો ત્યાગ કરી મિથ્યાત્વની સન્મુખ થયેલા જીવને અનન્તાનુબન્ધી કષાયનો ઉદય થતા. ઉત્કૃષ્ટ છ આવલી પર્યન્ત તથા જઘન્યથી એક સમય જે સમકિતના પરિણામ રહે તે સાસ્વાદન સમકિત કહેવાય છે.

મિથ્યાત્વ મોહિનીનો ક્ષય કે ઉપશમ થવાથી ઉત્પન્ન થાય ક્ષાયોપશમિક સમ્યકત્વ, તે સમકિત મોહનીના ઉદયવાળા જીવને થાય છે. ચોથું વેદક સમ્યકત્વ તે ક્ષપકશ્રેણિને પ્રાપ્ત થયેલા અનંતાનુબંધીની ચોકડીને ક્ષીણ કરનાર, ક્ષાયિક સમકિતની સન્મુખ થયેલ મિથ્યાત્વ મોહની, અને મિશ્ર મોહનીને બરાબર ક્ષીણ કરનાર તથા સમકિત મોહનીના છેલ્લા અંશને વેદનાર એવા જીવને પ્રાપ્ત થાય છે, અનંતાનુબંધી ચાર કષાય તથા સમકિત મોહની, મિશ્રમોહની અને મિથ્યાત્વમોહની એ સાત પ્રકૃતિનો ક્ષય કરનાર તેમજ શુભ પરિણામી પ્રાણીને પાંચમું ક્ષાયક સમકિત પ્રાપ્ત થાય છે. વળી ગુણથી તે સમ્યકત્વ–રોચક, દીપક અને કારક–એમ ત્રણ પ્રકારે છે. તેમાં શાસ્ત્રમાં બતાવેલા તત્ત્વોમાં હેતુ કે ઉદાહરણ વિના જે દઢ પ્રતીતિ થાય તે રોચક સમ્યકત્વ, જે બીજાના સમકિતને પ્રદીપ્ત કરે તે દીપક સમ્યકત્વ, અને જે સંયમ, તપ વિગેરે ગુણોને ઉત્પન્ન કરે તે કારક સમ્યકત્વ. એ સમ્યકત્વ શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય. એ પાંચ લક્ષણોથી બરાબર ઓળખાય છે. અનંતાનુબંધી કષાયનો ઉદય ન થાય તે શમ, સંસારના અસારતા ચિંતવતાં શિવ [illegible] તરફ જ વૈરાગ્યવૃત્તિ તે સંવેગ, સંસારને કેદખાના સમાન અને સ્વજનોને બંધનરૂપ સમજવા તે નિર્વેદ, સર્વ પ્રાણીઓ તરફ દયા રાખવી [illegible]

[illegible]

એ ક્ષણવાર પ્રાપ્તિ થાય, તો મતિઅજ્ઞાન તે મતિજ્ઞાન થાય, શ્રુતઅજ્ઞાન તે શ્રુતજ્ઞાન થઈ જાય અને વિભંગજ્ઞાન તે અવધિજ્ઞાનના ભાવને પામે.

સર્વ સાવદ્યયોગનો ત્યાગ તે ચારિત્ર કહેવાય. તે અહિંસાદિવ્રતના ભેદથી પાંચ પ્રકારે છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ—એ પાંચ વ્રતો પાંચ પાંચ ભાવનાઓ સહિત હોવાથી મોક્ષના કારણરૂપ છે. પ્રમાદના યોગથી ત્રસ કે સ્થાવર જીવોના જીવિતનો નાશ ન કરવો તે અહિંસાવ્રત. પ્રિય, હિતકારી અને સત્ય વચન બોલવું તે સત્યવ્રત, (અપ્રિય અને અહિતકારી સત્ય વચન પણ અસત્ય ગણાય છે.) અદત્ત વસ્તુનું ગ્રહણ ન કરવું તે અસ્તેયવ્રત. કારણકે દ્રવ્ય એ માણસના બાહ્યપ્રાણ છે, તેથી તેનું હરણ કરનાર પુરૂષ, તેના પ્રાણ હરણ કરે છે એમ સમજવું. વૈક્રિય અને ઔદારિક શરીરથી અબ્રહ્મચર્ય સેવનનો મન, વચન અને કાયાથી કરવું, કરાવવું અને અનુમોદવું—એ ત્રણ પ્રકારે ત્યાગ કરવો તે બ્રહ્મચર્યવ્રત. તેના અઢાર ભેદ થાય છે. સર્વ પદાર્થો પરની મૂર્છાનો ત્યાગ કરવો તે અપરિગ્રહવ્રત. મોહ–મૂર્છાથી અછતી વસ્તુમાં પણ મન મુંઝાય છે. આ સર્વ ચારિત્રને મુનિવરો બરાબર પાળે છે. ગૃહસ્થોને માટે દેશચારિત્ર કહેલ છે.

સમકિત મૂલ પાંચ અણુવ્રત. ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત—એ બારવ્રતો ગૃહસ્થોને સદા આચરવાના હોય છે. નિરાપરાધી ત્રસ જીવોની સંકલ્પથી હિંસા ન કરવી તે પ્રથમ

અણુવ્રત. કન્યાઅસત્ય વિગેરે પાંચ મોટાં અસત્ય મૂકી દેવા તે બીજું અણુવ્રત. (કન્યા, ગાય અને ભૂમિ સંબંધી અસત્ય બોલવું, થાપણ ઓળવવી, અને ખોટી સાક્ષી ભરવી—એ પાંચ મોટા અસત્ય મનાય છે.) સ્થૂલ ચોરીનો ત્યાગ કરવો તે ત્રીજું અણુવ્રત. સ્વદારા સંતોષ અને પરસ્ત્રીનો ત્યાગ કરવો તે ચોથું અણુવ્રત. પરિગ્રહનું પ્રમાણ કરવું તે પાંચમું અણુવ્રત. દરેક દિશામાં હદ બાંધેલી ભૂમિને ન ઓળંગવી તે પ્રથમ ગુણવ્રત. યથાશક્તિ ભોગોપભોગમાં નિયમિત રહેવું તે બીજું ગુણવ્રત. આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, પાપોપદેશ, હિંસા થાય તેવા અધિકરણો—શસ્ત્રાદિ આપવા તથા પ્રમાદાચરણ-ઈત્યાદિ અનર્થદંડનો ત્યાગ કરવો તે ત્રીજું ગુણવ્રત. આર્ત્ત-ધ્યાન અને રૌદ્રધ્યાનને ત્યાગી, સાવદ્ય કર્મથી મુક્ત થઈ બે ઘડી સમતા ધારણ કરવી તે પ્રથમ શિક્ષાવ્રત. દિગ્વ્રતના પરિમાણમાં રાત્રે અને દિવસે સંક્ષેપ કરવો તે બીજું શિક્ષાવ્રત. ચાર પર્વે કે અન્ય દિવસે ઉપવાસાદિ તપ કરવું, કુવ્યાપારનો ત્યાગ કરવો, બ્રહ્મચર્ય પાળવું તથા સ્નાનાદિ શરીર શુશ્રૂષાનો ત્યાગ કરવો તે ત્રીજું શિક્ષાવ્રત. અતિથિ (મુનિ) ને ચતુર્વિધ આહાર, પાત્ર, વસ્ત્ર, સ્થાન વિગેરે આપવું તે ચોથું શિક્ષાવ્રત. [illegible]

મળીને શ્રાવક ધર્મના એ બારવ્રત થયા. યતિ અને શ્રાવકોએ મોક્ષને માટે એ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રણ રત્નોની સદા ઉપાસના કરવી જોઇએ. ”

એ પ્રમાણે ધર્મોપદેશ સાંભળતાં ભરતના પુત્ર ઋષભસેને ભગવંતને નમી, અંજલિ જોડીને વિનંતી કરી કે—' હે નાથ ! કષાયરૂપ દાવાનળથી દારૂણ આ સંસાર—અરણ્યમાં સંતાપ પામતા મને, આજે આપે મેઘની જેમ તત્ત્વામૃત સિંચીને શાંત કર્યો. હે દયાનિધાન ! ડૂબતા માણસને જેમ નૌકા મળે, તૃષિતને જેમ જળાશય મળે, શીતથી પીડિતને જેમ હુતાશન મળે, તાપથી તપ્તને જેમ શીતલ છાયા મળે, અંધકારમાં આથડતાને જેમ દીપક મળે, દરિદ્રને જેમ ધનભંડાર મળે, રોગીને જેમ ઔષધ મળે તથા શત્રુથી સપડાયેલાને જેમ કિલ્લાનો આધાર મળે, તેમ સંસારમાં ભયભીત થતા જીવોને આપ અભય આપનાર મળ્યા છો. હે ત્રિલોકનાથ ! મારી રક્ષા કરો, મારી રક્ષા કરો. હે શરણ્ય ! હે તરણ તારણ ! મેં તો હવે આપનો આશ્રય કર્યો છે. માટે પ્રસન્ન થઇને મને સંયમ આપો.' એમ કહીને ઋષભસેને ભરતના બીજા પાંચસેં પુત્રો તથા સાતસેં પૌત્રોની સાથે ચારિત્ર લીધું. તે વખતે સુરાસુરોએ કરેલ કેવલજ્ઞાનનો મહિમા જોઇને ભરતના પુત્ર મરીચિએ પણ વ્રત લીધું. ભરતની આજ્ઞાથી બ્રાહ્મીએ પણ વ્રત સ્વીકાર્યું. વ્રત લેવા જતા સુંદરીને ભરતે અટકાવી, એટલે તે પ્રથમ શ્રાવિકા થઇ, ભરતે ભગવંતની પાસે શ્રાવક ધર્મ સ્વીકાર્યો. તે વખતે

કોઈએ ચારિત્ર લીધું, કોઈએ શ્રાવકપણું તો કોઈએ સમ્યક્ત્વ ગ્રહણ કર્યું. પ્રથમના રાજતાપસોમાંથી કચ્છ અને મહાકચ્છ સિવાય બધાએ આવીને સ્વામીની પાસે પુનઃ દીક્ષા અંગીકાર કરી, એટલે ઋષભસેન (પુંડરીક) વિગેરે સાધુ, બ્રાહ્મી વિગેરે સાધ્વીઓ, ભરત વિગેરે શ્રાવકો અને સુંદરી વિગેરે શ્રાવિકાઓ—એમ ચતુર્વિધ સંઘની વ્યવસ્થા શરૂ થઈ, જે અદ્યાપિ પ્રવર્તમાન છે. તે વખતે ગણધર નામકર્મવાળા ઋષભસેન પ્રમુખ ચોરાશી બુદ્ધિમાન સ... પ્રભુએ, સર્વ શાસ્ત્રોના સારયુક્ત ઉત્પાદ, વિગમ અને ધ્રૌવ્ય—એ પવિત્ર ત્રિપદીનો ઉપદેશ કર્યો. એટલે એ ત્રિપદીના અનુસારે તેમણે ચૌદ પૂર્વ તથા દ્વાદશાંગીની રચના કરી. પછી દિવ્ય ચૂર્ણનો થાળ ભરીને ઇંદ્રે ભગવંત પાસે મૂક્યો. એટલે વિભુએ ઉભા થઇને અનુક્રમે તેમનાપર વાસક્ષેપ કર્યો, અને સૂત્રથી, અર્થથી, સૂત્રાર્થથી, દ્રવ્યથી, ગુણથી, પર્યાયથી અને નયથી તેમને અનુયોગની અનુજ્ઞા આપી. તે પછી પ્રભુએ પુનઃ સિંહાસનપર બેસીને શિક્ષારૂપ ધર્મદેશના આપી. એવામાં પ્રથમ પોરસી પૂર્ણ થઇ.

તે અવસરે ફોતરા રહિત અખંડ અક્ષતથી બનાવેલ અને ચાર પ્રસ્થ પ્રમાણ બલિ, થાળમાં લઇને સમવસરણના પૂર્વદ્વારથી અંદર લાવવામાં આવ્યો. દેવતાઓએ તેને વધારે સુગંધિ બનાવ્યો હતો. તે મંગલ ગીત અને દુંદુભિના નાદ પૂર્વક પ્રભુની પ્રદક્ષિણા કરાવીને ચોતરફ ઉછાળવામાં આવ્યો.

એટલે અંતરિક્ષમાંજ દેવતાઓએ તેમાંનો અર્ધભાગ લઇ લીધો, પૃથ્વીપર પડતાં તેનો અર્ધ ભાગ ભરત મહારાજાએ ગ્રહણ કર્યો અને બાકી રહેલ લોકોએ વહેંચી લીધો. તે બલિના પ્રભાવથી પૂર્વના રોગો નષ્ટ થાય છે અને છ માસ સુધી નવા રોગ ઉત્પન્ન થતા નથી.

હવે ભગવંત દેવછંદમાં વિશ્રામ લેવા બિરાજમાન થયા. એટલે મુખ્ય ગણધર શ્રી ઋષભસેને ભગવંતના પાદપીઠ ઉપર બેસીને ધર્મદેશના આપી. ગણધરની દેશના થયા પછી પ્રભુને પ્રણામ કરીને બધા પોતપોતાના સ્થાને ગયા.

ધર્મતીર્થની સ્થાપના થતાં ગોમુખ નામે યક્ષ અધિષ્ઠાયક થયો અને પ્રતિચક્રા નામે શાસનદેવી થઇ. પછી મહર્ષિઓથી પરવરેલા ભગવંતે ત્યાંથી અન્યત્ર વિહાર કર્યો. માર્ગે જતાં, વૃક્ષો પ્રભુને પ્રણામ કરતા હતા; કાંટા અધોમુખ થતા, પક્ષીઓ પ્રદક્ષિણા કરતા તથા ઋતુ અને વાયુ અનુકૂળ થતા હતા. તેમની પાસે ઓછામાં ઓછા એક કોટિ દેવતાઓ રહેતા હતા. ભગવંતના કેશ-દાઢી-મુછ અને નખ વધતા ન હતા. વિભુ જ્યાં વિચરતા ત્યાં વૈર, મરકી, ઇતિ, અતિવૃષ્ટિ, દુર્ભિક્ષ, અનાવૃષ્ટિ, સ્વચક્ર તથા અન્ય ચક્રથી થવાનો ભય એ ઉપદ્રવ થતા નહતા. એ રીતે જગતને આશ્ચર્યકારી અતિશયોથી [illegible] અનુગ્રહને માટે પ્રભુ [illegible] વિચરતા હતા.

—:o:—

પ્રકરણ ૨૦ મું.

ભરતની સાધના.

હવે ચક્રરત્નની ઉત્પત્તિના સમાચાર તો પ્રથમજ ભરત રાજાને મળેલા હતા. એટલે તે આયુધશાળામાં આવ્યો અને ચક્રને જોતાંજ તેણે પ્રણામ કર્યા. કારણકે ક્ષત્રીયો અસ્ત્રને સાક્ષાત્ અધિદેવતા માને છે. પછી મોરપીંછી લઇને ભરતે ચક્રનું પ્રમાર્જન કર્યું, પવિત્ર જળથી તેને સ્નાન કરાવ્યું અને બાવના ચંદનથી તેના પર તિલક કર્યા. પછી પુષ્પ, ગંધ, વાસક્ષેપ, વસ્ત્રાલંકારોથી તેણે ચક્રની પૂજા કરી અને તેની આગળ રૂપાના અક્ષતથી અષ્ટમંગલ આળેખ્યા. પછી ચંદન કપૂર મિશ્રિત ધૂપ કરી, ત્રણ પ્રદક્ષિણા દઇ, સાત આઠ પગલા પાછા હઠીને તેણે ચક્રને નમસ્કાર કર્યા. પછી આઠ દિવસ ત્યાંજ નિવાસ કરીને ચક્રરત્નનો તેણે અઠ્ઠાઇ—મહોત્સવ કર્યો. તે વખતે નગરીના બીજા ધનવંત લોકોએ પણ ચક્રની પૂજા કરી મહોત્સવમાં ભાગ લીધો.

ત્યારબાદ મંગલ—સ્નાનાદિક કરી, મુગટ, વસ્ત્રાલંકારો પહેરી, પ્રતિહાર સમાન સોળ હજાર યક્ષોથી પરવરેલ અને શ્વેત છત્રથી વિરાજિત ભરત રાજા પોતાના રત્નકુંજર પર આરૂઢ થયા. તે વખતે ગજરાજે ઉંચેથી ગર્જના કરી, બંદીજનોએ એકી અવાજે જય જય શબ્દ કર્યો, દુંદુભિ નાદથી

યાઓ ગાજવા લાગી તથા બીજા મંગલ વાજિંત્રોનો ધ્વનિ, નિકોને બોલાવવામાં દૂતરૂપ થઇ પડ્યો. પછી મોટા પર્વત વા હાથીઓ, નામીચા અશ્વો, વિશાળ રથો અને શૂરવીર ાયદળોથી પરવરેલ ભરત રાજાએ પૂર્વ દિશા તરફ પ્રયાણ ર્યું. એટલે એક હજાર યક્ષોથી અધિષ્ઠિત અને સૂર્યના બિંબ માન ચળકતું ચક્રરત્ન આકાશમાં આગળ આગળ ચાલવા ગ્યું. દંડરત્નને ધારણ કરનાર સેનાનીરત્ન સુષેણ, અશ્વરત્ન ર આરૂઢ થઇને આગળ ચાલ્યો. પુરોહિતરત્ન, મહારાજાની ાથે સાથે ચાલ્યો, તથા દિવ્ય ભોજન તૈયાર કરવામાં સમર્થ ગૃહપતિરત્ન, પડાવ કરવાને સમર્થ વાર્દ્ધકિરત્ન, ચર્મરત્ન અને છત્રરત્ન એ બધા ભરત રાજાની સાથે ચાલ્યા, તેમજ ણિરત્ન, કાંકિણીરત્ન અને ખડ્ગરત્ન પણ તેની સાથે ચાલ્યા. ચક્રની પાછળ ચાલતા ભરતેશ્વરને અનુકૂળ પવન અને અનુકૂળ શકુનોએ દિગ્વિજયનું સૂચન કર્યું. તે વખતે આગળ ચાલતો સુષેણ સેનાની દંડરત્નથી વિષમ રસ્તાને સરખો કરતો જતો હતો. દિગ્વિજયના ઉત્સવને માટે રથો ચિત્કાર શબ્દોથી, અશ્વો હણહણાટથી અને હાથીઓ ગર્જનાથી પરસ્પર ત્વરા કરવા લાગ્યા. ચોતરફ છવાઇ રહેલ સૈન્યરજથી થયેલા દુર્દિનમાં અસવારોના ભાલાં ચળકતાં હતાં. મુગટધારી રાજાઓથી વીંટાયેલ ભરત મહારાજા, દેવતાથી પરિવૃત ઇંદ્ર સમાન શોભતા હતા. એક યોજન ચાલીને ચક્ર સ્થિર રહેતું, એટલે એક એક યોજનનું પ્રયાણ કરતા ભરત રાજા કેટલેક દિવસે ગંગા

નદીના દક્ષિણ તટપર આવી પહોંચ્યા, અને ત્યાં વિશાળ તટ પર વિશ્રામ કર્યો. ગંગાએ પોતાના ઉછળતા તરંગોના જળ કણોથી સૈન્યના શ્રમને દૂર કર્યો. ત્યાં એક અહોરાત્ર વ્યતીત કરી, આગળ પ્રયાણ કરતાં તે કેટલેક દિવસે માગધતીર્થે આવી પહોંચ્યા. ત્યાં પૌષધશાળામાં અઠ્ઠમ તપથી માગધ તીર્થના કુમાર દેવને તેણે આરાધ્યો, અને પૌષધ ગ્રહણ કર્યું. અષ્ટમ તપ પછી તેણે સ્નાનથી પવિત્ર થઈ તે દેવને ઉદ્દેશીને બલિ કર્યો.

હવે પારણાદિ વિધિ કર્યા પછી રથારૂઢ થઈ, કંઈક સમુદ્રના જળમાં આવીને પોતાના નામથી અંકિતબાણ તેણે માગધપતિની સભા તરફ છોડયું. એટલે ક્ષણવારમાં બાર યોજન ઓળંગીને તે માગધપતિની સભામાં જઈને પડયું. તે જોતાં કોપાયમાન થયેલ માગધપતિ ભયંકર ભમ્મર ચડાવીને બોલ્યો—અરે ! 'આજે યમરાજાએ કોના પર ચીઠી મોકલી છે ? કયા અવિચારી કુબુદ્ધિ પુરૂષે મારી સભામાં આ બાણ નાંખ્યું ? શેષનાગના મસ્તક પર રહેલ મણિને ગ્રહણ કરવાને કયો મૂર્ખ મનોરથ કરે ? ખરેખર ! તે આજે પોતાના પ્રાણ બરબાદ કરવાને જ તૈયાર થયેલો જણાય છે.' એમ કહી આસન થકી ઉભો થઈને તે પોતાના ખડ્ગને કંપાવવા લાગ્યો. એટલે તેના પરિવારમાંના કેટલાક તરવારો ચમકાવવા લાગ્યા, કોઇ ભાલા ઉછાળવા લાગ્યા, કોઈ ફરસીઓ ફેરવવા લાગ્યા, કોઈ મુદ્ગરો ઉપાડવા લાગ્યા, કોઈ પ્રચંડ દંડ ઉગામવા લાગ્યા, કોઈ

ત્રિશૂળ લેવા લાગ્યા, કોઇ સિંહનાદ કરવા લાગ્યા. કોઇ 'મારો મારો' કહેવા લાગ્યા, કોઇ 'પકડો પકડો' બોલવા લાગ્યા, કોઇ 'ચાલો ચાલો' અને કોઇ 'ઉભા રહો ઉભા રહો' પોકારવા લાગ્યા. એ રીતે પરિવાર બધો કોપાયમાન થઇને ચેષ્ટા કરતો હતો, તેવામાં અમાત્યે તે બાણને બરાબર તપાસી જોયું, તો તેના પર નીચેના દિવ્યાક્ષરો જોવામાં આવ્યા—

"સાક્ષાત્ સુરાસુર અને મનુષ્યના સ્વામી શ્રી ઋષભદેવના પુત્ર ભરત ચક્રવર્તી, તમને એવો આદેશ કરે છે કે— જો તમારે રાજ્ય અને જીવિતવ્યની જરૂર હોય, તો અમારી પાસે તમારૂં સર્વસ્વ મૂકી દઇને અમારી સેવા કરો."

આ અક્ષરો જોતાં મંત્રીએ અવધિજ્ઞાનથી વિચારી તે બાણ સર્વને બતાવતાં તેણે ઉંચા સ્વરે કહ્યું કે— અરે ! રાજલોકો ! તમે વૃથા સાહસ ન કરો. અર્થબુદ્ધિથી વિમુખ એવા તમે પોતાના સ્વામીને અનર્થ આપવા તૈયાર થયા છો. સાંભળો—આ ભરતક્ષેત્રમાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભસ્વામીના પુત્ર ભરતરાજા પ્રથમ ચક્રવર્તી થયા છે. તે આપણી પાસેથી દંડ માગે છે, અને આપણુ સર્વને તે પોતાની આજ્ઞામાં રાખવા ઇચ્છે છે. કદિ મેરૂપર્વત ઉપાડી શકાય, સમુદ્ર શોષવી શકાય, અવની ઉલટી કરી નંખાય, વજ્ર હણાય, યમરાજ હણાય અને કદિ વડવાનલ બુઝાવી દેવાય, તથાપિ દુનીયામાં ચક્રવર્તી જીતાય નહિ. માટે હે મતિમાન રાજન ! આ લોકોને તમે વારો. અને દંડને તૈયાર કરી ચક્રવર્તીને પ્રણામ કરવા ચાલો.'

મંત્રીના આ વચનથી માગધપતિ શાંત થયો. પછી તે બાણ અને ભેટણું લઈને ભરત પાસે આવી, પ્રણામ કરીને તે બોલ્યો કે—'હે સ્વામિન્! મારા ભાગ્યયોગે આપના મને દર્શન થયા છે. જેમ આદિનાથ ભગવાન્ તીર્થંકર થઈને વિજય પામે છે, તેમ આપ પણ પ્રથમ ચક્રવર્ત્તી થઈને વિજય પામો. વાયુ કરતાં કોઈ બળવાન્ નથી, આકાશ કરતાં કોઈ વિસ્તૃત નથી, તેમ આપની બરોબરી કરી શકે તેવો કોઈ નથી. હે નૃપશિરોમણિ! આજથી આપની આજ્ઞાને હું શિરસાવંદ્ય માનીશ. આ રાજ્ય, આ પરિવાર અને હું પોતે તથા બીજું બધું તમારૂંજ છે. તમારા એક સેવકની જેમ મને હુકમ ફરમાવો.'

એમ કહીને તેણે તે બાણ, માગધતીર્થનું જળ, મુગટ, અને બે કુંડલ તેને અર્પણ કર્યા. એટલે તે વસ્તુઓનો સ્વીકાર કરીને ભરતરાજાએ તેનો સત્કાર કર્યો. પછી ત્યાં અઠ્ઠાઈ મહોત્સવ કરીને ભરતભૂપ સૈન્ય સહિત દક્ષિણ સમુદ્રના કિનારાપર આવી પ્રથમની જેમ અષ્ટમ તપ કરી, રથારૂઢ થઈ, કંઈક સમુદ્રમાં જઈને તેણે વરદામપતિની સભામાં બાણ છોડ્યું. ત્યારે સભામાં બાણ આવતાં વરદામપતિ કોપાયમાન થઈ, ભ્રકુટી ફેરવતો બોલ્યો—'અહો! આજે સુતેલા સિંહને કોણે જગાડ્યો? આજે કૃતાંતે કોનાપર કટાક્ષપાત કર્યો? આજે પોતાના જીવિતપર કોને વિરાગ થયો? કે જેણે મારી સભામાં આ બાણ નાંખ્યું. બાણ છોડનારને આ બાણથીજ ઠાર કરૂં.' એમ ક્રોધ સહિત બાણને લેતાં તેના પર ચક્રીના પૂર્વોક્ત વર્ણો

(અક્ષરો)જોવામાં આવ્યા. તે વાંચતાં શાંત થઈ તેણે ચિંતવ્યું કે— 'અહો ! બોકડો જેમ હાથીની સામે થાય, દેડકો જેમ કાળા સર્પને તમાચો મારવા જાય અને હાથી જેમ દાંતથી પર્વતને ભેદવા ઇચ્છે, તેમ મંદમતિ મેં ચક્રવર્ત્તી સાથે યુદ્ધ કરવાનું સાહસ કર્યું ! છતાં હજી કાંઈ બાજી બગડી નથી.' એમ ધારી માગધપતિની જેમ તેણે ભરતચક્રીને ભેટ, પ્રણામ, નમ્રતા વિગેરેથી પ્રસન્ન કર્યો. એટલે ભરતરાજા તેનો સત્કાર કરી, પ્રથમની જેમ તેને ત્યાં સ્થાપન કરીને પોતાની છાવણીમાં આવ્યા.

પછી ચક્રના અનુસારે ભરતપતિ, પશ્ચિમ દિશાએ પ્રભાસતીર્થ ભણી ચાલ્યા. ત્યાં પશ્ચિમ સમુદ્ર તટ પર પડાવ નંખાવી, અષ્ટમ તપ અને પૌષધ કરી, રથારૂઢ થઈને તેણે પ્રભાસપતિને ઉદ્દેશીને બાણ છોડ્યું, તે બાર યોજન ઓળંગીને પ્રભાસપતિના સભા સ્થાનમાં જઈને પડ્યું તેના પરના વર્ણોથી ભેટ લઈને પ્રભાસપતિ વરવચક્રી પાસે આવ્યો, અને પ્રણામ કરીને તેણે વિનંતી કરી કે—' હે સ્વામિન્ ! આપનાથી આજે હું સનાથ થયો છું. હે દેવ ! પશ્ચિમ દિશામાં એક સામંતની જેમ રહીને સદા આપની આજ્ઞાને ધારણ કરીશ.' એમ કહી તેણે અલંકારો તથા દ્રવ્યની ભેટ ધરી. એટલે ભરતરાજા પ્રસન્ન થઈ, તેને ત્યાં સ્થાપન કરી સિંધુનદીના કિનારે આવીને તેણે અટ્ઠમ તપથી સિંધુદેવીની આરાધના કરી. તપના પ્રભાવથી આસન

ચલાયમાન થતાં દેવીએ આવીને જય જયના ઘોષપૂર્વક કહ્યું કે—'હે ભરતેશ્વર ! હું તમારી કિંકરી છું, જે ફરમાવો, તે તમારૂં કામ કરૂં' એમ કહીને તેણે રત્નથી ભરેલા એક હજાર અને આઠ કળશ, તથા બીજા કીંમતી અલંકારો ભેટ કર્યા. તે બધું સ્વીકારી, તેને પ્રસન્ન કરી, ઇશાન ખુણા તરફ ચાલતાં ભરતરાજા વૈતાઢ્ય પર્વતની પાસે આવ્યો. ત્યાં તે પર્વતના અધિષ્ઠાયક દેવને ઉદ્દેશીને તેણે અષ્ટમ તપ કર્યો. એટલે આસન કંપતાં અવધિજ્ઞાનથી ભરતચક્રીને જાણીને તે દેવ તેની પાસે આકાશમાં રહીને બોલ્યો—'હે વિભો ! તમે જય પામો. હું તમારો સેવક છું, આપની આજ્ઞા ઉઠાવવાને તૈયાર છું.' એમ કહી કીંમતી રત્નો, રત્નાલંકારો, દિવ્ય વસ્ત્રાદિ તેણે ભરતને અર્પણ કર્યાં. તે સ્વીકારીને ચક્રીએ તેને ગૌરવ સહિત વિદાય કર્યો.

ત્યારબાદ ચક્રના અનુસારે ભરતરાજા વૈતાઢ્યની તમિસ્રા ગુફા પાસે આવ્યો ત્યાં તેના અધિષ્ઠાયક દેવને ઉદ્દેશીને તેણે અષ્ટમ તપ કર્યો. એટલે કૃતમાલ નામે દેવ, અવધિજ્ઞાનથી અવલોકી ત્યાં આવીને કહેવા લાગ્યો—'હે સ્વામિન્ ! આપના દ્વારપાલની જેમ તમિસ્રા ગુફાના દ્વારમાં હું રહ્યો છું.' એમ કહીને તેણે સ્ત્રીરત્નને યોગ્ય રત્નાલંકારો ભેટ ધર્યા, તે બધાનો સ્વીકાર કરી. તેણે પ્રસન્નતા પૂર્વક સત્કાર કરીને તેને વિદાય કર્યો. પછી પોતાના મુખ્ય સેનાપતિને બોલાવીને ભરત રાજાએ આજ્ઞા કરી કે—'તમે ચર્મરત્નથી સિંધુ નદી ઉતરીને સિંધુ, સમુદ્ર અને વૈતાઢ્ય પર્વતની [illegible]

રહેલા દક્ષિણ સિંધુ નિષ્કુટને સાધો અને મ્લેચ્છોને વશ કરો.' એટલે મહાન સૈન્ય લઈ સરિતા ઉતરીને તેણે સિંહલ લોકોને તાબે કર્યા, બર્બર લોકોને કિંકર બનાવ્યા, ટંકણ લોકોને વશ કર્યા, યવનદ્વીપને તેણે જીતી લીધો, કાળમુખ જાતિના મ્લેચ્છોને તથા જોનક નામના મ્લેચ્છોને તાબે કર્યા. વૈતાઢ્ય ભૂમિની નજીકના સર્વ મ્લેચ્છોને તેણે જીતી લીધા. ત્યાંથી આગળ ચાલીને તેણે કચ્છ દેશની ભૂમિને આક્રાંત કરી. ત્યાં મ્લેચ્છ દેશના રાજાઓ ભેટણા લઈને સેનાની પાસે આવ્યા. કોઈએ રત્નોના ઢગલા, કોઈએ હાથીઓ, કોઈએ નામીચા અશ્વો અને કોઈએ કીંમતી રથો આપ્યા. એ રીતે ભેટો આપીને તેમણે સેનાપતિને કહ્યું કે—'આજથી અમે તમારા આજ્ઞાધારક સેવકો છીએ.' એમ બોલતા તે રાજાઓનો યોગ્ય સત્કાર કરીને તેણે વિદાય કર્યા; અને પોતે સેનાપતિએ મ્લેચ્છો પાસેથી લીધેલો દંડ બધો ચક્રી પાસે લાવીને મૂકયો.

હવે એકદા ભરત રાજાએ સેનાપતિને બોલાવીને હુકમ કર્યો કે—'તમિસ્રા ગુફાના દ્વાર ઉઘાડો.' એટલે ગુફા પાસે આવીને તેણે તેના અધિષ્ઠાયક દેવને ઉદ્દેશીને અષ્ટમ તપ કર્યો. તપમાં સર્વ સિદ્ધિઓ સમાયેલી છે. પછી દ્વાર પાસે અષ્ટમંગલ આળેખી, ચક્રીના દંડરત્નવતી તેણે ગુફાના દ્વારને ત્રણ વાર તાડન કર્યું, એટલે કપાટ ઉઘડી ગયા. તે વૃત્તાંત ભરતને નિવેદન કરતા, ભરત મહારાજા હસ્તિરત્નપર

એ રીતે પચાસ યોજન વિસ્તારની ગુફાને ઓળંગીને ભરત મહારાજે ઉત્તર ખંડમાં પ્રવેશ કર્યો. ત્યાં આપાત નામના બલિષ્ઠ દુર્મદ ભીલો રહેતા, જે મોટા કુટુંબી અને પરિવારવાળા હતા. તેઓ યુદ્ધમાં કદિ પરાભવ પામતા ન હતા. જ્યારે ભરતેશ્વરે તેમના પર બળાત્કારથી ચઢાઈ કરી, ત્યારે તેમને ઘણા અનિષ્ટ સૂચક ઉત્પાતો થવા લાગ્યા. તે વખતે ગૃહોદ્યાનની ભૂમિ કંપવા લાગી, દિશાઓમાં દાહ થવા લાગ્યો, દિશાઓ ચોતરફ રજથી વ્યાપ્ત થઈ ગઈ, દુષ્ટ પવનો અથડાવા લાગ્યા, ઉલ્કાપાત થવા લાગ્યો અને આકાશમાં સ્થાને સ્થાને કાકપક્ષીઓ ભમવા લાગ્યા.

અહીં, કવચ, ભાલા, ફરસી, તલવાર, દંડ, મુદ્ગર વિગેરે હથીયારોને ચમકાવતા ભરતના સુભટો પોતાના સ્વામી સાથે આગળ વધ્યા. જય જયારવના ભયંકર ઘોષ કરતા તેમને આવતા જોઇને કિરાત લોકો બહુ કોપાયમાન થયા, અને આપસ આપસમાં કહેવા લાગ્યા કે—'આ કોણ અલ્પબુદ્ધિ પુરૂષ બાળકની જેમ મરણની યાચના કરે છે ? મૃગ જેમ સિંહની ગુફામાં દાખલ થાય તેમ આ આપણા દેશમાં આવેલ લાગે છે.' એમ બોલતા કિરાતોએ કઠણ કવચો ધારણ કર્યા, અને ભાલા તરવાર ત્રિશૂળ વિગેરે હસ્તમાં લઈને તે નચાવવા લાગ્યા. શસ્ત્રોને વરસાવતા મ્લેચ્છો ભરતના સૈન્ય સાથે યુદ્ધ કરવા લાગ્યા. ચોતરફ શસ્ત્રો પડવા લાગ્યા. કિરાતોના બાણોથી ભરતના સૈન્યમાં એવું કોઇ ન રહ્યું કે જે ઘાયલ ન થયું હોય !

મ્લેચ્છોના ઘસારાથી ભરતપતિના ઘોડેસ્વારો વિખરાવા લાગ્યા, બાણોના આઘાતથી હાથીઓ વિરસ શબ્દ કરવા લાગ્યા, પ્રચંડ દંડાયુદ્ધથી વારંવાર તાડન થયેલા પાળાઓ પૃથ્વીમાં અથડાઈને પડવા લાગ્યા. એ રીતે યવનસેનાએ, ભરતના સૈન્યનો અગ્રભાગ ભાંગી નાખ્યો, તેથી મ્લેચ્છ લોકોથી ભરત મહારાજાનું સૈન્ય ત્રાસ પામ્યું, અને અસ્તવ્યસ્ત થવા લાગ્યું.

એ પ્રમાણે પોતાની સેનાને પરાસ્ત થયેલી જોઈને સુષેણ સેનાપતિ ક્રોધાયમાન થયો. તેના નેત્ર અને મુખ રક્ત થઈ ગયા. તેણે તરત જ સુવર્ણનું બખ્તર ધારણ કરી લીધું, અને **કમલાપીડ** નામના અશ્વ ઉપર તે આરૂઢ થયો. તે અશ્વ એંશી અંગુલ ઉંચો હતો, નવ્વાણું આંગળ વિશાળ હતો, એકસો ને આઠ અંગુલ લાંબો હતો, તેના માથાનો ભાગ નિરંતર બત્રીશ આંગળની ઉંચાઈમાં રહેતો હતો, ચાર આંગળના તેના કાન હતા, સોળ આંગળની તેની જંઘા હતી, ચાર અંગુલના તેના ગોઠણ હતા, ચાર આંગલ ઉંચી ખરીઓ હતી, તેનો મધ્ય ભાગ ગોળાકાર અને વળેલો હતો, વિશાળ અને જરા નમેલા પૃષ્ઠ ભાગથી તે શોભતો હતો, તે શ્રેષ્ઠ બાસઠ આવર્ત સહિત હતો, શુદ્ધ લક્ષણોથી લક્ષિત અને પોપટના પીંછા જેવી લીલી કાન્તિથી તે વધારે સુશોભિત હતો. તેના શરીરે ચાબ [illegible] થયો ન હતો, તે સવારની [illegible] નાખી [illegible] ઉપર આરૂઢ

થતાં સેનાપતિએ ખડ્ગરત્ન ગ્રહણ કર્યું. તે પચાશ આંગળ લાંબુ, સોળ આંગળ વિસ્તૃત, અર્ધ આંગળ જાડું અને તીક્ષ્ણ ધારવાળું હતું. ખડ્ગ ફેરવતાં સેનાપતિ સમરાંગણમાં ધસ્યે અને કિરાતો પર તેણે મારો ચલાવ્યો. એટલે કેટલાક શત્રુએ ત્રાસ પામ્યા, કેટલાક આંખો બંધ કરી બેસી રહ્યા, કોઈના હસ્તમાંથી અસ્ત્રો પડી ગયા, કોઈના રથો ભાંગી ગયા અને કોઈના અશ્વો સ્તબ્ધ થઈ ગયા. એ રીતે સર્વ કિરાતો પોતાના પ્રાણ લઈને ફાવે ત્યાં નાશી ગયા. બહુ આઘે નીકળી ગયા પછી તેમણે એકઠા થઈને સિંધુની રેતીમાં નગ્ન અને ઉત્તાન બની, નાગકુમાર નિકાયના પોતાના કુળદેવોને ઉદ્દેશીને અષ્ટમ તપ કર્યો. એટલે આસન ચલાયમાન થતાં અવધિજ્ઞાનથી કિરાતોને કષ્ટમાં આવેલા જાણીને તે દેવો આકાશમાં રહી બોલ્યા—' તમને શી વસ્તુની જરૂર છે? તે કહો.' ત્યારે મેઘમુખ દેવોને આકાશમાં રહેલ જોઈ મ્લેચ્છોએ અંજલિ જોડીને કહ્યું કે—' પૂર્વે આ અમારા દેશને કોઈએ આક્રમણ કરેલ નથી. અત્યારે આ કોઈ ચડી આવ્યો છે, તે પાછો ચાલ્યો જાય તેમ કરો' ત્યારે દેવતાઓએ કહ્યું—' હે કિરાતો! આ ભરત નામે ચક્રવર્ત્તી રાજા છે. ઈંદ્રની જેમ તે દેવ, અસુરો કે મનુષ્યોથી અજેય છે. મંત્ર, તંત્ર, ઝેર, અસ્ત્ર કે વિદ્યાઓ તેને અસર ન કરી શકે, તો પણ તમારા આગ્રહથી તેને ઉપદ્રવ કરીશું.' એમ કહીને તે અંતર્ધાન થયા.

ત્યારબાદ ક્ષણવારમાં શ્યામ વાદળાં ગગનમાં ચડી

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

પૃથ્વી મંડળમાં તમે ઈંદ્ર સમાન છો. હે રાજન્ ! અમારી પૃથ્વીના કિલ્લારૂપ વૈતાઢ્ય પર્વતનું મોટું ગુફાદ્વાર તમારા વિના બીજા કોણ ઉઘાડવાને સમર્થ છે ? હે વિજયવંત નૃપશિરોમણિ ! જ્યોતિષના ચક્રની જેમ આકાશમાં જળ ઉપર સમસ્ત સૈન્યનો પડાવ રાખવાને આપ વિના કોણ સમર્થ છે ? હે સ્વામિન ! અદ્ભુત શકિતને લીધે તમને દેવતાઓ પણ જીતી ન શકે. હે નાથ ! અમ અજ્ઞાનો અપરાધ ક્ષમા કરો. આજથી અમે આપના સેવક થઈને આજ્ઞા ઉઠાવીશું.' આવી તેમની નમ્રતાથી ભરત મહારાજાએ પ્રસન્ન થઈ તેમનો પ્રેમથી સત્કાર કરીનેતેમને વિદાય કર્યા, એટલે સુષેણ સેનાપતિ સિંધુના ઉત્તર નિષ્કુટને સાધી આવ્યો.



પ્રકરણ ૨૧ મું.

ભરતની સાધના (ચાલુ).

એકદા ત્યાંથી ચક્રરત્ન ક્ષુદ્રહિમવંત પર્વત તરફ ચાલ્યું. તેની પાછળ પાછળ ચાલતાં મહારાજા તે પર્વતના દક્ષિણ ભાગ પાસે આવ્યા,ત્યાં ક્ષુદ્રહિમાદ્રિકુમાર દેવને ઉદ્દેશીને તેણે અષ્ટમ તપ કર્યો. પછી પોતાના નામથી અંકિત બાણ તેણે કુમારદેવ પર છોડયું. તે આકાશમાં બહોંતેર યોજન જઈને દેવની આગળ પડયું. એટલે બાણમાંના નામાક્ષર વાંચી ભેટ

લઈને તે તરત ભરતેશ્વર પાસે આવ્યો અને આકાશમાં રહીને બોલ્યો કે—'હે સ્વામિન! ઉત્તર દિશાને છેડે હું આપના સેવકની જેમ રહીશ.' એમ કહીને તેણે દિવ્ય વસ્ત્રાલંકારો ભરતરાજાને ભેટ કર્યા. આથી ભરતભૂપતિએ પ્રસન્ન થઇ તેનો સત્કાર કરીને તેને વિદાય કર્યો. ત્યાંથી ભરત ઋષભકુટ પર્વત તરફ ચાલ્યા. ત્યાં તેના પૂર્વ શિખરપર તેણે કાંકિણી રત્નથી લખ્યું, કે—'અવસર્પિણી કાળના ત્રીજા આરાના પ્રાંત ભાગમાં હું ભરતનામે ચક્રવર્તી થયો છું,' એમ લખી ત્યાં મહોત્સવ કરીને ચક્રના અનુસારે ભરતેશ્વર વૈતાઢ્ય પર્વત પર આવ્યા, અને નમિ, વિનમિ વિદ્યાધર ઉપર તેણે પોતાનું બાણ છોડયું. તે જોઇ બંને વિદ્યાધર પતિ વિચારવા લાગ્યા કે—

'જંબુદ્વીપના ભરતખંડમાં આ ભરતરાજા પ્રથમ ચક્રવર્તી ઉત્પન્ન થયો છે. તે અહીં જય મેળવવા આવ્યો હશે. અને તેણે આ દંડરૂપ બાણ આપણી ઉપર નાખ્યું છે.' એમ વિચારીને તે બંને વિદ્યાધરપતિ યુદ્ધ કરવાને તૈયાર થઈ ગયા. એટલે તેમના હુકમ પ્રમાણે વિદ્યાધરોનું સૈન્ય સજ્જ થયું. કોઈ વિમાનોમાં બેઠા, કોઈ હાથીઓ પર આરૂઢ થયા, કોઈ અશ્વોપર અને કોઈ રથોપર બેસીને ચાલ્યા. બખ્તરને ધારણ કરી વિવિધ શસ્ત્રોને ચમકાવતા બધા વિદ્યાધરો નમિ, વિનમિ સાથે ભરતેશ્વરની પાસે આવ્યા. ત્યાં દુંદુભિ નાદથી ગગનને ગજાવતા [illegible] 'અરે! તું અમારી પાસેથી દંડ લઈશ કે?' એમ બોલતા અને વધાવતા ઉન્મત્ત થયેલા તે

બંને વિદ્યાધરોએ ભરતરાજને યુદ્ધ કરવા બોલાવ્યા. ત્યાં બંને સૈન્યનું યુદ્ધ ચાલ્યું. એ રીતે બાર વરસ સુધી યુદ્ધ ચાલતાં છેવટે ભરતેશ્વરે તે બંને વિદ્યાધરોને જીતી લીધા. એટલે અંજલિ જોડી ભરતને પ્રણામ કરીને તે બંને બોલ્યા કે— "હે સ્વામિન ! સૂર્ય સમાન કોઈ તેજસ્વી નથી, પવન સમાન કોઈ વેગશાળી નથી, તેમ તમારા કરતાં બીજો કોઈ શૂરવીર નથી. હે ઋષભપુત્ર ! આજે આપને જોવાથી અમે સાક્ષાત્ ઋષભસ્વામીનેજ જોયા. અજ્ઞાનપણે થયેલ અમારો અપરાધ આપ ક્ષમા કરજો. હવે અમે આપના સેવક થઈને રહીશું.' એમ કહીને તેમણે અગણિત રત્ન, અલંકાર, અને દિવ્ય વસ્ત્રો ભરત રાજાને ભેટ આપ્યા. તથા રમણીઓમાં રત્નસમાન સુભદ્રા નામે પોતાની પુત્રી વિનમિએ ચક્રીને અર્પણ કરી. તેની સમચોરસ આકૃતિ હતી, યૌવનવતી તે એક દેવી સમાન અત્યંત શોભતી હતી. તે ત્રણ ઠેકાણે શ્યામ, ત્રણ ઠેકાણે શ્વેત, ત્રણ ઠેકાણે તામ્ર, ત્રણ ઠેકાણે ઉન્નત, ત્રણ ઠેકાણે ગંભીર, ત્રણ ઠેકાણે વિસ્તીર્ણ, ત્રણ ઠેકાણે દીર્ઘ અને ત્રણ ઠેકાણે કૃશ હતી. પોતાના કેશકલાપથી તે મયૂરના કલાપને અને વિશાળ લલાટ પ્રદેશથી અષ્ટમીના ચંદ્રને પણ પરાસ્ત કરતી હતી. હીરાકણીઓની પંક્તિ જેવી તેની દંતપંક્તિ હતી. કામદેવના કલ્યાણકળશ જેવા તેના બે સ્તન હતા, કોમળ અને કૃશ તેનું ઉદર હતું, સરિતાની ભમરી સમાન તેનું નાભિમંડળ હતું, મન્મથની શય્યા જેવા તેના બે વિશાળ નિતંબ હતા, સુવર્ણના

સ્તંભ જેવા તેના સાથળ હતા, મૃગલીની જંઘા સદૃશ તેની જંઘા હતી, તેના ચરણ તો કમળનો તિરસ્કાર કરતા હતા. તેની કનક જેવી કાંતિ, આભૂષણોને વધારે અલંકૃત બનાવતી હતી. એક રાજહંસીની જેમ ગમન કરતી તે અપ્સરા કરતાં અધિક શોભતી હતી. એ સ્ત્રીરત્નને સ્વીકારી, તેમનો સત્કાર કરીને ભરત ચક્રીએ તેમને વિદાય કર્યા. પછી નમિ વિનમિએ પોતાના પુત્રોને રાજ્ય સોંપી પોતે વિરકત થઈને ઋષભદેવ ભગવંત પાસે ચારિત્ર અંગીકાર કર્યું.

હવે ચક્રની પાછળ ચાલતાં ભરત મહારાજા ગંગાતટ પર આવ્યા. ત્યાં સુષેણ સેનાપતિએ ગંગાનો ઉત્તર નિષ્કુટ સાધ્યો. ભરત ચક્રીએ અષ્ટમ તપથી ગંગા દેવીની સાધના કરી એટલે તેણે પ્રસન્ન થઈ ભરત રાજાને એ રત્નના સિંહાસનો તથા એક હજારને આઠ રત્નના કુંભો આપ્યા. ત્યાંથી ચક્રી ખંડપ્રપાતા નામની ગુફા તરફ ચાલ્યા, અને ગુફા પાસે આવી, ગુફાના અધિષ્ઠાયક નાટ્યમાલ દેવને ઉદ્દેશીને તેણે અષ્ટમ તપ કર્યો. એટલે તપના પ્રભાવથી આસન કંપતાં તે ભેટ લઈને ભરત પાસે આવ્યો, અને અતિભક્તિથી તેણે સમ્રાટને આભૂષણો અર્પણ કર્યા. રાજાએ પ્રસન્ન થઈને તેને વિદાય કર્યો. પછી ભરતપતિએ પોતાના સુષેણ સેનાપતિને હુકમ કર્યો કે- ખંડપ્રપાતા ગુફાના [illegible] ઉઘાડો. એટલે તેણે ગૌરવપૂર્વક અષ્ટમ તપ અને [illegible] વિધાનાદિ ક્રિયા કરીને દંડરત્નથી [illegible] પછી ચક્રની પાછળ ચાલતા

કાંડિપ્રીરત્નથી મંડળ આલેખતા રસ્તામાં ઉન્મગ્ના અને નિમગ્ના નામની બે નદીઓને પ્રથમની જેમ ઓળંગી અને ગુફાના દક્ષિણ દ્વાર પોતાની મેળે ઉઘડી જતાં ભરતભૂપ ગુફાની બહાર ગંગાના પશ્ચિમ તટ પર આવ્યા. ત્યાં નવ નિધાનને ઉદ્દેશીને તેણે અષ્ટમ તપ કર્યો. તપને અંતે નવે નિધાન પ્રગટ થયા. તે દરેક નિધાન એક એક હજાર યક્ષોથી અધિષ્ઠિત હતા નૈસર્પ, પાંડુક, પિંગલ, સર્વરત્નક, મહાપદ્મ, કાલ, મહાકાલ, માણવ અને શંખક–એવા તેના નામ હતા. નગરને લગતી અર્થાદિ, રત્નાદિ, લોહાદિ ધાતુઓ તથા આયુધાદિ, સંસાર સંપત્તિને લગતી તમામ અખુટ વસ્તુઓ તેમાંથી પ્રગટ થતી, તેમજ નાટય વાજિંત્રાદિક પણ તેમાંથી ઉત્પન્ન થઇને આનંદ પમાડતા, એ નવે નિધાન પ્રગટ થઇને ભરતેશ્વરને કહેવા લાગ્યા—' હે મહાભાગ! તમારા ભાગ્યને લીધે અમે નવે નિધાન તમને વશ છીએ. તમારી ઇચ્છા પ્રમાણે અમારો ઉપભોગ કરો. સમુદ્ર કદિ ક્ષીણ થાય, પણ અમે ક્ષીણ થતા નથી, એમ નિધાન વશ થયા, એટલે મહારાજાએ ત્યાં અઠ્ઠાઇ મહોત્સવ કર્યો. પછી રાજાના હુકમથી સુષેણ સેનાપતિ ગંગાના દક્ષિણ નિષ્કુટને સાધી આવ્યો.

એ પ્રમાણે ભારતક્ષેત્રના છ ખંડ સધાઇ રહેતાં ચક્રરત્ન અયોધ્યા તરફ ચાલ્યું, એટલે ભરતેશ્વર સ્નાન તથા બલિકર્મ કરી દિવ્ય વસ્ત્ર પહેરીને ગજેંદ્રપર આરૂઢ થયા. તે વખતે નવ નિધાન અને ચૌદ રત્નોથી શોભિત, ચોસઠ હજાર રમણી-

સ્તંભ જેવા તેના સાથળ હતા, મૃગલીની જંઘા સદૃશ તે
જંઘા હતી, તેના ચરણ તો કમળનો તિરસ્કાર કરતા હતા. તે
કનક જેવી કાંતિ, આભૂષણોને વધારે અલંકૃત બનાવતી હતી
એક રાજહંસીની જેમ ગમન કરતી તે અપ્સરા કરતાં અધિ
શોભતી હતી. એ સ્ત્રીરત્નને સ્વીકારી, તેમનો સત્કાર કરી
ભરત ચક્રીએ તેમને વિદાય કર્યા. પછી નમિ વિનમિએ પોતાન
પુત્રોને રાજ્ય સોંપી પોતે વિરકત થઈને ઋષભદેવ ભગવં
પાસે ચારિત્ર અંગીકાર કર્યું.

હવે ચક્રની પાછળ ચાલતાં ભરત મહારાજા ગંગાતટ
પર આવ્યા. ત્યાં સુષેણ સેનાપતિએ ગંગાનો ઉત્તર નિષ્કુ
સાધ્યો. ભરત ચક્રીએ અષ્ટમ તપથી ગંગા દેવીની સાધના કરી
એટલે તેણે પ્રસન્ન થઈ ભરત રાજાને બે રત્નના સિંહાસનો
તથા એક હજારને આઠ રત્નના કુંભો આપ્યા. ત્યાંથી ચક્ર
ખંડપ્રપાતા નામની ગુફા તરફ ચાલ્યા, અને ગુફા પાસે
આવી, ગુફાના અધિષ્ઠાયક નાટ્યમાલ દેવને ઉદ્દેશીને તેણે અ
ષ્ટમ તપ કર્યો. એટલે તપના પ્રભાવથી આસન કંપતાં તે ભેટ
લઈને ભરત પાસે આવ્યો, અને અતિભક્તિથી તેણે સમ્રાટ્ને
આભૂષણો અર્પણ કર્યા. રાજાએ પ્રસન્ન થઈને તેને વિદાય કર્યો.
પછી ભરતપતિએ પોતાના સુષેણ સેનાપતિને હુકમ કર્યો કે-
'ખંડપ્રપાતા ગુફાના દ્વાર ઉઘાડો' એટલે તેણે પૌષધપુર્વક
અષ્ટમ તપ અને બલિવિધાનાદિ ક્રિયા કરીને દંડરત્નના
પ્રહારથી ગુફાના કમાડ ઉઘાડ્યા. પછી ચક્રની પાછળ ચાલતા

કાંકિણીરત્નથી મંડળ આલેખતા રસ્તામાં ઉન્મગ્ના અને નિમ-ગ્ના નામની બે નદીઓને પ્રથમની જેમ ઓળંગી અને ગુફાના દક્ષિણ દ્વાર પોતાની મેળે ઉઘડી જતાં ભરતભૂપ ગુફાની બહાર ગંગાના પશ્ચિમ તટ પર આવ્યા. ત્યાં નવ નિધાનને ઉદ્દેશીને તેણે અષ્ટમ તપ કર્યો. તપને અંતે નવે નિધાન પ્રગટ થયા. તે દરેક નિધાન એક એક હજાર યક્ષોથી અધિષ્ઠિત હતા નૈસર્ગ, પાંડુક, પિંગલ, સર્વરત્નક, મહાપદ્મ, કાલ, મહા-કાલ, માણવ અને શંખક—એવા તેના નામ હતા. નગરને લગતી અશ્વાદિ, રત્નાદિ, લોહાદિ ધાતુઓ તથા આયુધાદિ, સંસાર સંપત્તિને લગતી તમામ અખુટ વસ્તુઓ તેમાંથી પ્રગટ થતી, તેમજ નાટ્ય વાજિંત્રાદિક પણ તેમાંથી ઉત્પન્ન થઈને આનંદ પમાડતા, એ નવે નિધાન પ્રગટ થઈને ભરતેશ્વરને કહેવા લાગ્યા—'હે મહાભાગ! તમારા ભાગ્યને લીધે અમે નવે નિ-ધાન તમને વશ છીએ. તમારી ઈચ્છા પ્રમાણે અમારો ઉપભોગ કરો. સમુદ્ર કદિ ક્ષીણ થાય, પણ અમે ક્ષીણ થતા નથી, એમ નિધાન વશ થયા, એટલે મહારાજાએ ત્યાં અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. પછી રાજાના હુકમથી સુષેણ સેનાપતિ ગંગાના દક્ષિણ નિષ્કૂટને સાધી આવ્યો.

એ પ્રમાણે ભરતક્ષેત્રના છ ખંડ સધાઈ રહેતા ચક્રરત્ન અયોધ્યા તરફ આવ્યું, એટલે ભરતેશ્વર સ્નાન તથા બલિકર્મ કરી દિવ્ય વસ્ત્ર પહેરીને ગજેન્દ્રપર આરૂઢ થયા તે વખતે નવ નિધાન અને ચૌદ રત્નોથી શોભિત, બત્રીસ હજાર રમણી

ઓથી પરિવૃત, બત્રીશ હજાર મુગટબંધ રાજાઓ, ચોરાશી લાખ હાથીઓ, ચોરાશી લાખ અશ્વો તથા રથો અને છન્નુ કોટી સુભટોથી વિરાજિત ભરતચક્રી, પ્રથમ દિવસથી સાઠ હજાર વર્ષે અયોધ્યા તરફ ચાલ્યા. માર્ગે ચાલતાં ગ્રામ્ય વૃદ્ધો ભેટણાં આપીને તેને પ્રસન્ન કરતા હતા, નદીઓને પંકિલ બનાવતા, સરોવરોને સોષવતા, વાવ-કુવાને ખાલી કરતા, શત્રુઓને સજા કરતા તથા ગોકુળે ગોકુળે ગોપાંગનાઓનું અર્ઘ્યરૂપ માખણ સ્વીકારતા ભરત મહારાજા અયોધ્યા નગરીની સમીપે આવી પહોંચ્યા.

અહીં મહારાજાના આગમનના ખબર મળતાં અયોધ્યાપુરી એક અમરાવતી સમાન સુશોભિત રીતે શણગારવામાં આવી. સ્થાને સ્થાને ઉંચા તોરણો બાંધવામાં આવ્યા, નગરજનો માર્ગે માર્ગે કુંકુમમિશ્રિત જળ છાંટવા લાગ્યા, માર્ગની બંને બાજુએ માંચડા બાંધવામાં આવ્યા. જગે જગે મોતીના સાથીઆ પૂરવામાં આવ્યા, ધ્વજા, વાવટા અને પતાકાઓ પવનના યોગે લોકોને આવકાર આપતી હતી. એવી શોભાયમાન નગરીમાં પ્રવેશ કરવાને શુભ મુહૂર્તે મહારાજા ગજેંદ્રપર આરૂઢ થયા. તે વખતે ભાટ ચારણો તેમના અદ્ભુત ગુણોનું વર્ણન કરતા હતા, જય જયના શબ્દથી તેઓ ગગનને ગજાવતા હતા, કોઈ અંજલિ જોડીને નમન કરતા, કોઈ શુભાશિષ આપતા, કોઈ વાજિંત્રોના નાદ સાથે સંગીત લલકારીને ભરતપતિને પ્રસન્ન કરતા હતા. કેટલીક નગર નારીઓ

માંચા પર ઉભી રહીને ચક્રીની આરતી કરતી, કેટલીક પુષ્પો અને કેટલીક અક્ષતો ઉછાળતી હતી. એ રીતે પ્રજાજનોના ઉભરાતા હર્ષથી વધાવાતા ભરતેશ્વર પોતાના રાજમહેલ આગળ આવીને ઉતર્યા, અને પછી સર્વનો ઉચિત સત્કાર કરી, બત્રીશ હજાર રાજાઓ, સેનાપતિ, પુરોહિત, ગૃહપતિ વિગેરેને સન્માન સાથે તેણે વિસર્જન કર્યા.

ત્યારબાદ નવરસ નાટકોમાં અને સંગીતમાં કેટલોક વખત ભરતરાજાએ વ્યતીત કર્યો. પછી એકદા સુર-નરોએ આવીને વિનંતિ કરી કે—'હે મહારાજ! વિદ્યાધરો સહિત તમે ભરતક્ષેત્રના છ ખંડ સાધી લીધા છે. માટે હવે અમને આજ્ઞા કરો, તો અમે તમારો આનંદથી રાજ્યાભિષેક કરીએ.' ત્યારે ભરતરાજાએ આજ્ઞા આપી, એટલે દેવતાઓએ નગરની બહાર ઇશાન ખૂણે એક વિશાલ દિવ્ય મંડપ રચ્યો, પછી તેઓ તીર્થો, દ્રહ, નદીઓ અને સમુદ્ર થકી જળ અને ઔષધિ લાવ્યા. ચક્રવર્તીએ પૌષધપૂર્વક અષ્ટમ તપ કર્યો. તપ પૂર્ણ થતાં તે અંતઃપુર સહિત મંડપમાં પધાર્યા. ત્યાં રત્નના સિંહાસન પર મોટા વાજિંત્રોના નાદ સાથે તેમના આભિયોગિક દેવતાઓએ પવિત્ર જળથી અભિષેક કર્યો, ત્યારપછી બત્રીશ હજાર રાજાઓએ અભિષેક કર્યો, અને પછી સેનાપતિ, શ્રેષ્ઠી વિગેરેએ અભિષેક કર્યો. પછી તેમણે અંગમાર્જન કરીને બાવના ચંદનથી અંગે વિલેપન કર્યું, અને દેવતાએ ઇંદ્રે આપેલ ઋષભસ્વામીનો મુગટ તે ચક્રવર્તીને પહેરાવ્યો. બે રત્નકુંડલ,

એક મનોહર મોતીનો હાર તથા બીજા પણ દિવ્ય અલંકારો પહેરાવ્યા. પછી સભા મંડપમાં સિંહાસનને અલંકૃત કરીને મહારાજાએ પોતાના અધિકારીઓને આજ્ઞા કરી કે—'હે અધિકારી પુરૂષો ! તમે વિનીતા નગરીમાં સર્વત્ર ફરી વળીને બાર વરસ સુધી કોઈ પણ જાતની જકાત, કર, દંડ, કુદંડ તથા ભયથી રહિત બનાવો. અર્થાત્ બાર વરસ એમાંનું કશું લેવામાં નહિં આવે એમ લોકોને સમજાવીને આનંદ પમાડો!' એ પ્રમાણે બાર વર્ષે અભિષેક મહોત્સવ સમાપ્ત થતાં મહારાજાએ બધાને સંતુષ્ટ કરીને વિદાય કર્યા, અને પોતે પ્રચ્છાનુસાર ભોગ વિલાસ કરવા લાગ્યા.

મહારાજા ભરતને આયુધશાળામાં ચક્ર, છત્ર, ખડ્ગ અને દંડ એ ચાર એકેંદ્રિય રત્ન હતા, ભંડારગૃહમાં કાંકિણીરત્ન, ચર્મરત્ન, મણિરત્ન અને નવ નિધાનો હતા; પોતાની નગરીમાં ઉત્પન્ન થયેલા સેનાપતિ, ગૃહપતિ, પુરોહિત અને વર્દ્ધકિ—એ ચાર નર રત્નો હતા. વૈતાઢ્યના મૂળમાં ઉત્પન્ન થયેલ ગજરત્ન અને અશ્વરત્ન હતા, અને વિદ્યાધરની શ્રેણિમાં ઉત્પન્ન થયેલ સ્રીરત્ન હતું, એ ચૌદ રત્નોથી તે શોભતા હતા. તેમને સોળ હજાર પારિપાર્શ્વક દેવતાઓ હતા, બત્રીસ હજાર રમણીઓ હતા, ચોરાશી લાખ હાથી, તેટલાજ અશ્વ, તેટલાજ રથ, છન્નુ કોટિ નામના ગામ. તેટલાજ પદાતિઓ હતા. તેમને બત્રીસ હજાર દેશ, બોંતેર હજાર મોટા નગર, [illegible] હજાર [illegible] હતા. એ [illegible] [illegible] હતા.

એકદા સાઠ હજાર વર્ષોના વિરહ પછી ભરતપતિને; પોતાના સંબંધીઓને મળવાની ઇચ્છા થઇ, એટલે અધિકારી પુરૂષોએ સંબંધીઓ બતાવતાં પ્રથમ નામપૂર્વક સુંદરી તેને બતાવી. તે ઘણીજ કૃશ થઇ ગઈ હતી અને તેનું લાવણ્ય બધું નષ્ટ થયું હતું. સુંદરીને આવી હાલતમાં જોતાં મહારાજાએ કોપાયમાન થઇને કહ્યું કે—' શું અમારા ઘરમાં શ્રેષ્ઠ અન્ન નથી ? કે લવણ સમુદ્રમાં લવણ નથી ? શું રસોઇયા નથી ? કે તેઓ તસ્કર જેવા થઇ ગયા છે ? શું મેવો નથી ? કે દુઝણી ગાયો નથી ? અથવા તો આવી ભોજ્યાદિકની સંપત્તિ છતાં સુંદરી કેમ સુકાઇ ગઈ છે ? શું તેને કંઈ રોગ થયો છે કે જેથી ભોજન કરતી નથી ! કદાચ રોગ હોય તો શું વૈદ્યો બધા ખલાસ થઈ ગયા છે ? ઘરમાં દિવ્ય ઔષધી ન હોય, તો શું હિમાચલ હાલ ઔષધિ રહિત થઇ ગયો છે ? હે અધિકારીઓ ! સુંદરીને દુર્બળ જોઈને મને બહુ ખેદ થાય છે. તેથી તમે મને એ બાબતમાં છેતર્યો છે.'

એ પ્રમાણે ભરત મહારાજાનાં કઠણ વચન સાંભળી અધિકારીઓ પ્રણામ પૂર્વક બોલ્યા—' હે મહારાજ ! આપના સદનમાં સર્વ વસ્તુ તૈયાર છે. પણ આપ દિગ્વિજય કરવા પધાર્યા, ત્યારથી આ સુંદરી, ફક્ત પ્રાણ રક્ષણને માટે આંબિલ તપ કરે છે, અને તમે, દીક્ષા લેતાં એમને અટકાવ્યા છે, તેથી એ ભાવ દીક્ષિત થઇને રહ્યા છે.' આ વૃત્તાંત સાંભળતાં ભરતેશ્વર, સુંદરી તરફ જોઇને બોલ્યા—' હે

કલ્યાણી ! શું તમે દીક્ષા લેવા ઇચ્છો છો ? ' ત્યારે સુંદરી બોલી—' હા. ' તે સાંભળતાં ભરતભૂપતિ બોલ્યા—' અહો ! પ્રમાદને લીધે આટલો વખત હું તમારા વ્રતમાં વિઘ્ન કરનાર થઇ પડ્યો ! આયુષ્ય તો જળતરંગ સમાન નાશવંત છે, છતાં મારા જેવા વિષયલુબ્ધ જનો તે જાણતા નથી. મળ, મૂત્ર અને માંસમય આ શરીરને શણગારવું, તે ઘરની ખાળને શણગારવા જેવું છે. હે બ્હેન! વ્હાલી બ્હેન! તમે ધન્ય છો કે મોક્ષદાયક વ્રતને લેવા ઈચ્છો છો. ' ભરત રાજાના આવા સ્તુતિગર્ભિત વચનોથી સુંદરીને અતિ હર્ષ થયો.

એવામાં પૃથ્વીને પાવન કરતાં ઋષભ સ્વામી અષ્ટાપદ પર્વત પર સમોસર્યા, ત્યાં દેવતાઓએ સમવસરણ રચ્યું, એટલે ગિરિરક્ષકોએ તે સમાચાર ભરતપતિને નિવેદન કર્યા, તેથી તેને છ ખંડના વિજય કરતાં અધિક પ્રમોદ થયો. સ્વામીનું આગમન જણાવનારા સેવકોને ભરત રાજાએ સાડી બાર કોટી સોનૈયાનું ઈનામ આપ્યું, અને સુંદરીને કહ્યું કે—' તારા મનોરથ પૂર્ણ કરવાને ભગવંત વિહાર કરતા અહીં પધાર્યા છે. ' પછી ચક્રીએ અંતઃપુરની સ્રીઓ પાસે સુંદરીનો નિષ્ક્રમણ—અભિષેક કરાવ્યો, સ્નાન, વિલેપનાદિ કર્યા પછી સુંદરીએ ઉજ્વળ વસ્ત્ર પહેર્યાં અને શીલ મહા અલંકાર ધારણ કરેલ છતાં આચાર જાળવવાને તેણે બીજા અલંકારો ધારણ કર્યા. તે વખતે સ્રીરત્ન સુભદ્રા કરતાં તે સુંદરી રૂપ સંપત્તિમાં અધિક શોભવા લાગી. પછી તે એક મોટા વસ્ત્રથી

શોભતી શિબિકામાં આરૂઢ થઇ. તેના પર શ્વેત છત્ર અને પડખે બે ચામર શોભતા હતા. ભાટ, ચારણો, તેના વ્રત સંબંધી સ્તુતિપાઠ કરતા હતા, ઉત્તમ સ્ત્રીઓ પગલે પગલે તેના ઉપરથી લૂણ ઉતારતી હતી; એ રીતે મહોત્સવપૂર્વક સુંદરી અષ્ટાપદ ગિરિ પર આવી, અને ભગવંતને નમન કરીને તે યથાસ્થાને બેઠી. તે વખતે ભરત મહારાજાએ ભગવંતને વંદન કરીને સ્તુતિ કરી કે—'હે ભગવન્ ! ચંદ્રના કિરણોથી શેફાલી જાતના વૃક્ષોના પુષ્પો જેમ ગળી જાય છે, તેમ આપના દર્શન માત્રથી મનુષ્યોના પાપ ગળી જાય છે. હે સ્વામિન્ ! જેની ચિકિત્સા ન થઈ શકે તેવા મહા મોહરૂપ સંનિપાતવાળા પ્રાણીઓને પણ અમૃત-ઔષધિ સમાન આપની વાણી જયવંતી વર્તે છે. હે ભગવન્ ! આપની સ્તુતિ કરનારને છેલ્લો ભવ કરવો પડે છે, તો આપની સેવા અને ધ્યાન કરનારની શી વાત કરવી ?'

એ પ્રમાણે સ્તુતિ કરીને ભરતપતિ ઇશાન ખુણે ઉચિત સ્થાને બેઠા. એટલે સુંદરીએ પ્રભુને પ્રણામ કરી અંજલિ જોડીને સ્તુતિ કરી કે—'હે નાથ ! આટલો વખત હું આપને મનથી જોતી હતી, પણ આજે મહા પુણ્યોદયથી આપના સાક્ષાત્ દર્શન થયા. હે ભગવન ! આપ મમતારહિત છતાં જગત પર વાત્સલ્ય રાખો છો. નહિ તો દુઃખસાગરમાંથી તેનો ઉદ્ધાર કેમ થઇ શકે ? હે વિભો ! મારી બ્હેન, બ્રાહ્મી અને તેમના પુત્રો, બધા ઉત્તમ માર્ગને અનુસરવાથી

કુમારે મન અને બહારના આગ્રહથી મેં આટલો વખત ગ્રહ ન કીધું, તેથી હું તમને કહ્યા છું. હે ભિક્ષુનાયક! હવે મને દીક્ષા આપો. હે વિશ્વવત્સલ! આપ પ્રસાદ કરી સંસાર સાગરથી તારવામાં વહાણ સમાન દીક્ષા મને આપીને કૃતાર્થ કરો. 'બોલો— હે ભગવન્! તમે શરણ છો' એમ કહી સામાયિક સૂત્રના ઉચ્ચારપૂર્વક જગદ્ગુરુએ તેને દીક્ષા આપી, અને અનુશાસન શિક્ષા આપી, ત્યારે પોતાને કૃતાર્થ માનતી ને પુષ્પો સહેલી, અને સાધ્વીઓની પરખદામાં બેઠી. જગદ્ગુરૂ દેશના સાંભળી, ભક્તિપૂર્વક પ્રભુના ચરણનું વંદન કરીને સર્વે [illegible] પોતાને સ્થાને ગયા.

પ્રકરણ ૨૨ મું.

[illegible]

[illegible]

તો ભરત ચક્રવર્ત્તીની સેવા અને આજ્ઞા ઉઠાવો.' એમ દૂતોનું વચન સાંભળી, તેઓ બધા વિચાર કરીને બોલ્યા કે—"પિતાજીએ અમને તથા ભરતને રાજ્ય વહેંચી આપેલ છે, તો હવે ભરતની સેવા બજાવવાથી અમને અધિક લાભ શો થવાનો હતો? શું તે કાળ આવતાં તેને અટકાવી શકશે? કે દેહને દબાવનારી જરાને તે જરાવાર થોભાવી શકશે? શું તે અમારી વ્યાધિઓને વિદારી શકશે? કે વધતી જતી તૃષ્ણાને તે ચુર્ણિત કરશે? જો એમાંનું કશું પણ કરવાને ભરત સમર્થ ન હોય, તો સર્વ સામાન્ય મનુષ્યપણામાં કોણ કોને સેવનીય છે? તેના હાથમાં હમણા ઘણું રાજ્ય આવવાથી તેનો અસંતોષ બહુ વધી ગયો લાગે છે. જ્યારે પોતાનું બળ બતાવીને તે અમારા રાજ્ય લેવાને લલચાય છે, તો અમે પણ એકજ પિતાના પુત્રો છીએ. માટે હે દૂતો! પિતાજીને વિદિત કર્યા વિના અમે, તમારા સ્વામી એટલે અમારા મોટા ભાઈ સાથે યુદ્ધ કરવાને ઇચ્છા ધરાવતા નથી. તે અત્યારે મોટો બલિષ્ઠ થઈને તાતની મર્યાદા તોડવાને તત્પર થયો છે, પણ અમે તો સ્વામીના હુકમ વિના એક પગલું પણ ન ભરીએ. તેની પાસે મોટું સૈન્ય હોવાથી તે હવે દેવની પણ દરકાર કરે તેમ નથી; તો અમ લઘુ બંધુઓની તે શા માટે દરકાર રાખે? તેને એટલો પણ વિચાર ન આવ્યો કે—'લઘુ બંધુઓની સાથે ઇરાદાપૂર્વક સંગ્રામ કરવા જતાં જગતના લોકો અવર્ણવાદ બોલશે.' પિતાજી એક તરફ સમવસરણમાં બિરાજમાન થઈને ધર્મદેશનામાં લોકોને કષાયાદિ ન કરવાના

ઉપદેશ આપે અને આ તરફ તેમના પનોતા પુત્રો સંગ્રામાંગણમાં શૂરવીર થઇને આપસમાં યુદ્ધ કરવા સથન કરે ! એ દેખાવ નજરે કેમ જોઈ શકાય ?-શું ભરત મોટો થયો, તેથી તેની મતિ મુંઝાઇ ગઇ છે, કે તેને કોઈ એવો દુષ્ટબુદ્ધિ સલાહકાર મળ્યો છે, કે જેથી તે આસ તાતની મર્યાદાને મદોન્મત્ત મતંગજની જેમ મરડી નાંખવા માગે છે ? તાતની આજ્ઞા પ્રમાણે વર્ત્તવું—એ દરેક સુપુત્રની ફરજ છે. શું તે મોટો મહારાજા બન્યો, એટલે પોતાની ફરજની ગરજ નહિ રાખે ? શું તે પોતાના ધર્મને ધક્કો મારીને અનીતિના ઉંડા ખાડામાં ધકેલી દેશે ? અરે ! તે પિતાનો વડીલ પુત્ર છે, તો તેનામાંથી વિનયનો વિકસિત ગુણ ક્યાં વિદાય થઇ ગયો ? ભલે, તે કદાચ અમારી દરકાર ન કરે, પરંતુ તાતની આજ્ઞાને પણ તે લુબ્ધ થઇને લોપશે ? અસ્તુ ! જે થવાનું હોય તે થાઓ. અમારે તો જે કાંઈ કરવાનું છે, તે પિતાજીની આજ્ઞા લીધા પછીજ થઇ શકશે. ”

એ પ્રમાણે કહીને તે ૯૮ ભાઇઓ સાથે મળીને અષ્ટાપદ પર્વતપર (પિતાજી) ઋષભસ્વામી પાસે આવ્યા. ત્યાં સમવસરણમાં વિરાજમાન ભગવંતને ત્રણ પ્રદક્ષિણા દઇ. અંજલિ જોડી, પ્રણામ કરીને તે સ્તુતિ કરવા લાગ્યા—‘ હે નાથ ! આપના ગુણો જાણવાને દેવતાઓ પણ સમર્થ નથી, તો મનુષ્યોમાં તેવું સામર્થ્ય ક્યાંથી હોઇ શકે ? તો પણ બાલકની જેમ ચપલતાથી અમે આપની સ્તુતિ કરવા ધારીએ છીએ.

હે દેવ ! આપને વંદન કરનાર, જગતને વંદનીય થાય છે, આપની સેવા કરનાર, વિશ્વને સેવનીય થાય છે, હે તારક ! અહર્નિશ આપની ભક્તિ કરનારા પુરૂષો ધન્ય છે. હે સ્વામિન્! સામ કે બળ ચલાવ્યા વિના આપ ત્રૈલોક્યના ચક્રવર્તી છો. જળાશયમાં ચંદ્રબિંબની જેમ આપ સમસ્ત જગતના ચિત્તમાં વસેલા છો. દુઃખ દાવાનળથી તપ્ત થયેલા પ્રાણીઓને આપ મેઘ સમાન છો, મોહાંધકારથી મૂઢ બનેલા જનોને આપ દીપક તુલ્ય છો, રાય, રંક, સમર્થ કે નિર્બળ–સહુ કોઈના તમે એક સરખા ઉપકારી છો. ”

એ રીતે સ્તુતિ કર્યા પછી પોતાની દૃષ્ટિ પ્રભુના ચરણ–કમલમાં સ્થાપીને પોતે નમ્રભાવે વિનંતિ કરવા લાગ્યા કે—'હે સ્વામિન્ ! આપે ભરતને અને અમને પોતપોતાની યોગ્યતા પ્રમાણે જુદા જુદા દેશના રાજ્યો વહેંચી આપ્યા છે, એટલે અમે તો તેટલાથી સંતુષ્ટ થઈને રહીએ છીએ. કારણકે વિનયી જનો, વડીલની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરે, પરંતુ હે નાથ ! અમારા મોટા ભાઈ ભરત, પોતાના રાજ્યથી અને છીનવી લીધેલાં બીજાના રાજ્યોથી પણ હજી સંતોષ પામતા નથી. જેમ બીજાઓના રાજ્ય, તેણે છીનવી લીધાં, તેમ અમારા રાજ્યો પણ તે છીનવી લેવા માગે છે. એ ભરતભૂપતિ, બીજા રાજાઓની જેમ અમને પણ પોતાના દૂતો મોકલીને ફરમાવે છે કે—'તમે રાજ્ય મૂકી દ્યો અથવા તો મારી સેવા સ્વીકારો' હે પ્રભુ ! આવા ભરતના વચન માત્રથી અમે નપુંસકની જેમ

નાહી આપેલ રાજ્ય કેમ મુકી દઈએ ? તેમ અધિક ઋદ્ધિ અમને ઇચ્છા નથી, તો અમે તેની સેવા પણ શા માટે કરીએ જે અસ્વસ્થ કે અસંતુષ્ટ માણસ હોય, તેજ પરસેવાનો સ્વીકાર કરે, રાજ્યને છોડવું અને સેવા પણ ન કરવી, એટલે યુદ્ધ કરવાનું તો સિદ્ધજ થાય છે, તો પણ આપને પૂછ્યા વિના અમારાથી કંઇ પણ થઈ શકે તેમ નથી. હે જગત્પાલક ! હવે માત્ર આપની અનુજ્ઞા લેવાનીજ બાકી છે. કારણકે નહિતો આપની મર્યાદાનો ભંગ થાય, તે અમને ઇષ્ટ નથી. '

એ પ્રમાણે પુત્રોની વિજ્ઞપ્તિ સાંભળી ત્રૈલોક્યદીપક દયાળુ આદિનાથ ભગવંતે તેમને આજ્ઞા કરી કે—"હે વત્સો પુરૂષવ્રતધારી વીર પુરૂષોએ તો અત્યંત દ્રોહ કરનાર વૈરીઓની સાથે યુદ્ધજ કરવું જોઇએ. રાગ, દ્વેષ, મોહ અને કષાયો એ મનુષ્યોને સેંકડો જન્માંતરમાં અનર્થ પમાડનારા શત્રુઓજ છે. સદ્દગતિમા જવાને રાગ, લોઢાની સાંકળ સદૃશ વિઘ્નકારી છે. અને દ્વેષ, નરકવાસમાં નિવાસ કરાવવાને બલિષ્ઠ જમાનરૂપ છે. મોહ, મનુષ્યોને સંસાર સમુદ્રની ઘુમરીમાં નાંખે છે, અને કષાય, અનલની જેમ પોતાનો આશ્રય કરનારને જ બાળે છે. માટે અવિનાશી ઉપાયરૂપ અસ્ત્રોથી સતત્ સંગ્રામ ચલાવીને પુરૂષોએ તે વૈરીઓને જીતવા જોઇએ, અને સત્ય શરણરૂપ ધર્મની સેવા કરવી કે જેથી શાશ્વત સુખમય પદની પ્રાપ્તિ સુલભ થાય. આ રાજ્યલક્ષ્મી તો અનેક યોનિમાં ભમાવનારી, અસહ્ય પીડા આપનારી, અભિમાન ફલને

પ્રગટ કરનારી અને નાશવંત છે. હે વત્સો ! પૂર્વે સ્વર્ગના સુખોથી પણ તમારી તૃષ્ણા પૂરી ન થઈ, તો અંગારકારકની જેમ મનુષ્યના ભોગોથી તે શી રીતે પૂરાય ? તે અંગારકારકનો સંબંધ નીચે પ્રમાણે:—

કોઈ અંગારકારક પુરૂષ જળની મસક લઈને અંગારા કરવાને નિર્જળ જંગલમાં ગયો, ત્યાં મધ્યાન્હ કાળના તથા અંગારાના તાપથી ઉત્પન્ન થયેલ ઉત્કટ તૃષ્ણાને લીધે તે મસકમાંનું જળ બધું પી ગયો. છતાં તેની તરસ શાંત ન થઈ, તેથી તે સુઈ ગયો. એટલે સ્વપ્નમાં તે પોતાના ઘરે ગયો અને ઘરમાં રહેલ કળશ, ગોળા, ગાગર વિગેરેનું પાણી બધું પી ગયો. તો પણ તેલથી જેમ અગ્નિ શાંત ન થાય, તેમ તેની તરસ છીપી નહિ. એટલે તેણે વાવ, કુવા અને સરોવરોનું બધું પાણી પીને ખલાસ કર્યું, તથા નદીઓ અને સમુદ્રનું જળ પીને પણ ખલાસ કર્યું, છતાં નારક જીવોની જેમ તેની તૃષ્ણા શાંત ન થઈ ! પછી મારવાડમાં જઈ તેણે જળ કહાડવાને દોરડીથી દર્ભનો પુળો બાંધીને કુવામાં નાંખ્યો. આર્ત જન શું ન કરે ? વાવમાં જળ બહુ ઉંડું હોવાથી દર્ભનો પુળો કહાડતાં અધવચ જ જળ ઝમી ગયું, છતાં ભિખારી જેમ તેલનું પોતું નિચોવીને ખાય, તેમ તે પુળાને નિચોવીને પીવા લાગ્યો. જે તૃષ્ણા સાગરના જળથી ન છેદાઇ, તે પુળાના નિચોવેલા પાણીથી કેમ પૂરાય ? !

હે વત્સો ! તેમ સ્વર્ગના સુખથી જે તમારી તૃષ્ણા શાંત

ત્યારે અમાત્ય બોલ્યો—'હે સ્વામિન્! એ આપના સંકટ આપનો નાનોભાઈ દૂર કરશે, સામાન્ય ગૃહસ્થોમાં એવો આચાર ચાલે છે કે મોટો ભાઈ આજ્ઞા કરે અને નાનો ભાઈ તે પાળે માટે આપ લોકરિવાજ પ્રમાણે દૂત મારફતે સંદેશો મોકલી તેને આજ્ઞા કરો. હે દેવ! પછી જો તમારો નાનોભાઈ આપની આજ્ઞા નહિ માને, તો તમે તેને શિક્ષા કરજો, અને તેથી તમને લોકાપવાદ નડશે નહિ.' મંત્રીના આ વચન પ્રમાણે ભરતપતિએ સુવેગ નામના દૂતને શિખામણ આપીને બાહુબલિ પાસે મોકલ્યો એટલે સ્વામીની આજ્ઞા મેળવી, રથારૂઢ થઈને તે તક્ષશિલા તરફ ચાલતો થયો. તે વખતે વિનીતા નગરીની બહાર નીકળતાં તેની ડાબી આંખ ફરકવા લાગી. રોગ વિના પણ તેની જમણી નાડી વારંવાર વહેવા લાગી, તોતડા માણસની જીભની જેમ સરખા રસ્તામાં પણ તેનો રથ વારંવાર સ્ખલના પામવા લાગ્યો, તેના અસવારોએ અટકાવ્યા છતાં કૃષ્ણસારમૃગ તેની જમણી બાજુએ થઈને ડાબી બાજુએ નીકળ્યો, કાકપક્ષીઓ તેની આગળ કઠુસ્વરથી બોલવા લાગ્યા, એક કાળી અર્ગલાની જેમ કાળો સર્પ તેની આડે ઉતર્યો, સુવેગને જાણે પાછા વળવા ઇચ્છતો હોય તેમ પ્રતિકૂળ પવન તેના નેત્રોમાં રજ નાખીને વાવા લાગ્યો, અને ગર્દભ તેની જમણી બાજુએ રહીને વિરસ શબ્દ કરવા લાગ્યો. આવા બધા શુકનો વારંવાર તેને અટકાવતા હતા, છતાં પણ તે ચતુર [illegible] [illegible] નહીં.

ઘણા ગામ, નગરને ઓળંગતો સુવેગ દૂત, સતત્ પ્રયાણ કરતાં એક મહા ભયંકર અટવીમાં આવી પહોંચ્યો. ધનુર્ધારી ભીલ લોકો ત્યાં ઠેકઠેકાણે જોવામાં આવતા. ચિત્રા, ચમૂરૂ મૃગ, સિંહ, વાઘ વિગેરે ક્રૂર શ્વાપદોની તે ખાણ હતી, શકુડાઓમાં લડતા સર્પ—નકુલથી તે ભયંકર ભાસતી હતી, ક્યાંક ભીલડીઓ ફરતી હતી, પરસ્પર યુદ્ધ કરતા મહિષો (પાડાઓ) ત્યાં જીર્ણ વૃક્ષોને ભાંગી નાખતા હતા તથા ગગનસ્પર્શી ઉંચા વૃક્ષોની ઘટાથી ત્યાં સૂર્ય દેખાતો ન હતો. એ અટવીને ઓળંગતાં તે બહલી દેશમાં આવી પહોંચ્યો, ત્યાં આભૂષણોથી અલંકૃત અંગનાઓ રસ્તામાં વૃક્ષો નીચે વિરામ લેતી. દેશની આબાદી સુચવતી હતી, દરેક ગોકુળે હર્ષઘેલા બનેલા ગોપાળપુત્રો ઋષભ ચરિત્રને ગાતા હતા, દરેક ગામમાં ઘેરઘેર દાનવતી ગૃહસ્થો ભિક્ષુકોની શોધ કરતા હતા. ભરતના છ ખંડથી તે જાણે અલગ ખંડ હોય, તેમ ત્યાંના લોકો ભરતની આજ્ઞા કે નામને પણ જાણતા ન હતા. એ રીતે પ્રજાના ઉત્કર્ષથી આનંદ પામતો અને પોતાના સ્વામીનો સંદેશો સંભારતો સુવેગ તક્ષશિલા નગરી પાસે આવી પહોંચ્યો. ત્યાં બાહ્ય ઉદ્યાનમાં ધનુર્વિદ્યાનો વિલાસ કરતા સુભટોના ભુજાસ્ફોટથી તેના અશ્વો ત્રાસ પામ્યા, નગરની સમૃદ્ધિ જોતા સારથિનું રથ ચલાવવામાં ધ્યાન ન રહેવાથી તેનો રથ, આડે માર્ગે ઉતરીને રખડવા લાગ્યો, બહારના ઉદ્યાન જ્યાં પાસે

રાજ્યાભિષેક કર્યો. તે વખતે તેમની પાસે દેવતાઓ સહિત ઇંદ્ર આવ્યો હતો, તોપણ પોતાના નાના ભાઈઓને ન જોવાથી ભરતેશ્વર પ્રમોદ ન પામ્યા. બાર વરસ રાજ્યાભિષેક ચાલતાં ભાઈઓને ન આવેલા જાણીને મહારાજાએ તેમને બોલાવવાને દૂતો મોકલ્યા. તેમણે આપસમાં કંઈક મસલત કરી, ભરતપતિ પાસે ન આવતાં ભગવંત પાસે જઈને વ્રત લઈ લીધું. હવે તો તેઓ ત્યાગી થયા, એટલે તેમને પોતાનો કે પારકો કોઇ નથી. તો તેમનાથી હવે મહારાજાનું ભ્રાતૃવાત્સલ્યનું કૌતુક પૂરાય તેમ નથી. માટે તમારો જો તેમના પર ભ્રાતૃસ્નેહ હોય, તો તમે ત્યાં પધારો અને વડીલ બંધુને પ્રમોદ પમાડો. મોટા ભાઈ લાંબા કાળે દિગંતથી આવ્ય, તે છતાં તમે તમારા સ્થાને બેસી રહ્યા છો, તેથી તમારૂં અંતઃકરણ વજ્ર કરતાં પણ કઠોર લાગે છે! આવો તમારો અવિનય ભરત મહારાજા તો સહન કરી લેશે, પણ તેથી દુર્જનોને નિંદા કરવાનો અવકાશ મળશે, અને એ નિંદાના છાંટા મહારાજાના મનને દૂષિત કરશે. 'આટલો વખત ન આવ્યો તેથી હવે હું કેમ આવી શકું?' એવી શંકા ન લાવતાં હજી પણ ચાલવાની જરૂર છે. તમે ત્યાં આવતાં દુર્જનોનાં મુખ બંધ થશે, નિગ્રહ અને અનુગ્રહ કરવામાં સમર્થ એવા ચક્રવર્તી સર્વ રાજાઓને સેવનીય છે. ઇંદ્ર પણ અર્ધાસન આપીને મહારાજાનો મિત્ર બની ગયો છે. તો આગમન માત્રથી તમે તેમને કેમ પ્રસન્ન કરવા ઇચ્છતા નથી? જો તમે વીરમાની થઇ તે મહારાજનું અપમાન

કર્યો, તો તમે તેમના પરાક્રમના પૂરમાં સૈન્ય સહિત ડૂબી જશો. તેમના પર્વત સમાન ચોરાશી લાખ હાથીઓને તમારામાં કોણ સહન કરી શકશે? સાગરના કલ્લોલ જેવા ચોરાશી લાખ અશ્વો અને રથોને પણ કોણ રોકી શકશે? વળી છન્નુ કોટી પાળાઓથી કોણ ત્રાસ નહિ પામે? હાથમાં દંડ લઈને આવતા, તેમના એક સુષેણ સેનાપતિને પણ કોઈ સહન કરી શકે તેમ નથી. ચક્રને ધારણ કરતા ભરતચક્રીને ત્રણ લોક પણ કંઈ હિસાબમાં નથી. માટે હે બાહુબલિ! રાજ્ય અને જીવિતની સલામતી ચાહતા હો, તો ભરત મહારાજાને સેવાથી પ્રસન્ન કરો."

સુવેગના એ વચન સાંભળતાં બાહુબલિ ગંભીર ધ્વનિથી બોલી ઉઠ્યા "હે દૂત! તું તો વાચાલશિરોમણિ લાગે છે, કે મારી આગળ આમ બેધડક બોલી ગયો. મોટા ભાઈ ભરત, અમારે પિતા તુલ્ય છે. તેઓ બંધુનો સમાગમ ચાહે છે, તે તેમને ઉચિત છે. પણ સુરાસુર અને રાજાઓની લક્ષ્મીથી સમૃદ્ધિમાન થયેલા તે, અલ્પ ઋદ્ધિવાળા અમારા આવવાથી લજ્જા પામશે, એમ ધારીને અમે આવ્યા નહિ. પરરાજ્યો ગ્રહણ કરવામાં સાઠ હજાર વરસ રોકાયેલા હતા, તેજ, કનિષ્ઠ બંધુઓના રાજ્યો લઈ લેવામાં વિલંબ થવાનું કારણ હતું. જો બંધુત્વસ્નેહ હોત, તો પોતાના ભાઈઓ પાસે, રાજ્ય કે સંગ્રામની અભિલાષાથી એક એક દૂત તે શા માટે મોકલત? 'લોભી એવા મોટાભાઈ સાથે કોણ સંગ્રામ કરે?'

એમ ધારીને મહા સત્ત્વવંત અમારા નાના ભાઈએ પિતાને પગલે અનુસર્યા છે. તેમના રાજ્ય લઈ લેવાથી છલાન્વેષી તારા સ્વામીની બકચેષ્ટા, હવે બરાબર પ્રગટ થઈ ગઈ. એવી રીતે એવો સ્નેહ બતાવવા માટે એ ભરતે તને વાણીમાં વિચક્ષણ સમજીને મારી પાસે મોકલ્યો છે. એ નાના ભાઈઓએ સંયમ લઈ, પોતાના રાજ્યદાનથી તેને જે આનંદ ઉપજાવ્યો છે, તેવો હર્ષ મારા આવવાથી શું એ રાજ્યલુબ્ધને થશે? હું વજ્ર કરતાં પણ કઠોર છું, કારણ કે અલ્પ ઋદ્ધિવાળો છતાં ભાઈને તિરસ્કાર પમાડવાના ભયથી તેની સમૃદ્ધિ લઈ લેતો નથી. તે કુસુમ કરતાં કોમળ છે, છતાં માયાવી છે! કે જેણે, અવર્ણવાદથી ભય પામેલા પોતાના નાના ભાઈઓના રાજ્યો લઈ લીધા. હે દૂત! ગુરુજનોનો વિનય રાખવો તે ઠીક છે, પણ ગુરુ પોતે ગુરુપણામાં રહેતા હો. પણ જે ગુરુના ગુણથી હીન હોય એવા ગુરુજનનો વિનય [illegible] અમે તેના હાથી, ઘોડા લીધા [illegible]

[illegible]

પણાના સંબંધમાંજ ગણાય. કારણકે લોકોના મુખને કોણ અટકાવી શકે તેમ છે? હું તેમનો નિર્ભય બંધુ છું, અને તે આજ્ઞા કરવા યોગ્ય છે, પણ જાતિપણાના સ્નેહનું તેમાં શું કામ છે? સુરાસુર અને રાજાઓની ઉપાસનાથી તે ભલે પ્રસન્ન થાય, પણ તેમાં મારે શું? ઈંદ્ર પિતાજીનો ભક્ત છે, તેથી તેને તાતનો જ્યેષ્ઠ પુત્ર ગણી, પોતાના અર્ધ આસન ઉપર તેને બેસારે, તો તેથી શું તે અભિમાન કરે છે? હું એકલો તેના સૈન્યને પૂરો પડું તેમ છે. બાળપણમાં મેં તેને ગગનમાં ઉછાળ્યો હતો, અને નીચે પડતાં 'એ મરણ ન પામે' એમ ધારી મેંજ તેને પુષ્પની જેમ ઝીલી લીધો હતો, પરંતુ અત્યારે રાજાઓની ખુશામતથી એ બધું તે ભૂલી ગયો લાગે છે. જ્યારે વખત આવશે, ત્યારે તે બધા રાજા ભાગી છુટશે અને એ એકલો બાહુબલિના બાહુબળથી થયેલ વ્યથાને સહન કરશે!! હે દૂત! તું હવે અહીંથી સત્વર ચાલ્યો જા. રાજ્ય અને જીવિતની અભિલાષાથી તે ભલે અહીં આવે! પિતાએ આપેલ રાજ્યથી સંતુષ્ટ થઈ રહેલ હું તેની અવનીની ઉપેક્ષા કરું છું. તેથી મારે ત્યાં આવવાની જરૂર નથી."

એ પ્રમાણે બાહુબલિના કહેવાથી અન્ય રાજાઓ કોપરક્ત નેત્રોથી સુવેગને જોવા લાગ્યા. 'મારો મારો' એમ બોલતા કુમારો તેના પર વારંવાર વિકટ કટાક્ષ નાખવા લાગ્યા તરવારને કંપાવતા અંગરક્ષકો તેને ભ્રકુટી ચડાવીને જોઈ રહ્યા. 'સ્વામીનો કોઈ સાહસિક પદાતિ, એને મારી તો નહિ નાંખે'

એમ મંત્રીઓને તેની ચિંતા થઈ પડી. તે વખતે દૂત ઉઠવા જતો હતો, તો પણ છડીદારે તેને આસન પરથી ઉઠાડ્યો. આથી તે અંતરમાં ક્ષોભ પામ્યો, છતાં ધીરજ પકડીને સુવેગ સભાસ્થાનમાંથી બહાર નીકળ્યો. બાહુબલિના ક્રોધભર્યા શબ્દોથી દ્વારપરનું પદાતિ સૈન્ય રોષે ભરાણું. તેમાંના કેટલાક ક્રોધમાં આવીને ઢાલ ફેરવવા લાગ્યા, કેટલાક તરવાર નચાવવા લાગ્યા, કેટલાક ચક્ર અને મુદ્‌ગર લેવા લાગ્યા, કેટલાક બાણ રાખવાના ભાથા બાંધવા લાગ્યા અને કેટલાક દંડ લેવા લાગ્યા! તેમની આવી સ્થિતિ જોતાં ભય પામતો સુવેગ ત્યાંથી નીકળી રથારૂઢ થઈને ચાલતો થયો. રસ્તામાં નગરજનોની પરસ્પર થતી એવી ચર્ચા તેણે સાંભળી કેઃ—

પહેલો પુરૂષ—'અરે! આ રાજભવનમાંથી નવીન પુરૂષ કોણ નીકળ્યો?'

બીજો પુરૂષ—'હા, એ તો ભરતરાજાનો દૂત લાગે છે.'

પહેલો—'પૃથ્વીપર શું બાહુબલિ સિવાય બીજો પણ કોઈ રાજા છે અરો?'

બીજો—'હા. અયોધ્યામાં બાહુબલિનો મોટો ભાઈ ભરત નામે ભૂપતિ છે.'

પહેલો—'તેણે આ દૂતને અહીં શા માટે મોકલ્યો હશે?'

બીજો—'પોતાના બંધુ બાહુબલિ રાજાને બોલાવવા માટે.'

પહેલો—'આપણા સ્વામીના ભાઈ તે આટલો વખત સુધી ક્યાં ગયો હતો?'

બીજો—'ભરતક્ષેત્રના છ ખંડનો તે વિજય કરવા ગયો હતો.'

પહેલો—'અત્યારે ઉત્કંઠાથી તેણે પોતાના ભાઈને શા માટે બોલાવ્યા હશે?'

બીજો—'બીજા સામાન્ય રાજાની જેમ તેમની પાસે પોતાની સેવા કરાવવા માટે.'

પહેલો—'બધા રાજાઓને છતીને હવે તે આ ખીલા પર શા માટે ચઢે છે?'

બીજો—'અખંડ ચક્રવર્તીપણાના અભિમાનને લીધે.'

પહેલો—'આ કનિષ્ઠ બંધુ જ્યારે તેને જીતી લેશે, ત્યારે તે જગતને પોતાનું મુખ કેમ બતાવી શકશે?'

બીજો—'જેણે સર્વત્ર જય મેળવ્યો હોય, તે પોતાના ભાવી પરાભવને જોઈ શકતો નથી.'

પહેલો—'એ ભરતભૂપને સમજાવનાર કોઈ મંત્રી પણ નહિ હોય?'

બીજો—'કુળક્રમાગત ઘણા ચાલાક મંત્રીઓ તેની સભામાં હાજર રહે છે.'

પહેલો—'તો શેષનાગના શિરને ઘર્ષવાને ઈચ્છતા એ ભરતને તે મંત્રીઓ કેમ વારતા નહિ હોય?'

બીજો—'તેમણે વારવાને બદલે ઉલટો તેને વધારે પ્રેર્યો છે. ભવિતવ્યતા કોઈથી ફેરવી ન શકાય. વિનાશ કાળે વિપરીત બુદ્ધિ થાય છે.'

આવવાને હિતકારી વચનથી વિનયપૂર્વક કહ્યું, ત્યારપછી તીવ્ર વચનથી તેને સમજાવ્યો, પણ તેણે કોઇ રીતે આપની સેવા સ્વીકારી નહિ. સંનિપાતનો વિકાર થતાં ઔષધ શું કામ કરી શકે? તે ગર્વિષ્ઠ અને બલવાન્ બાહુબલિ, ત્રણે લોકને તૃણસમાન માને છે. તે પોતાનો પ્રતિમલ્લ કોઇને સમજતોજ નથી. આપના સુષેણ સેનાપતિનું અને સૈન્યનું મેં તેની આગળ વર્ણન કર્યું, ત્યારે—'એ શું હિસાબમાં છે' એમ બોલતાં તેણે પોતાની નાસિકા મરડી. જ્યારે આપનો છ ખંડનો વિજય વર્ણવ્યો, ત્યારે તે ન સાંભળતાં પોતાના ભુજદંડને તે જોવા લાગ્યો, અને બોલ્યો કે—'પિતાજીએ આપેલા રાજ્ય ભાગથીજ સંતુષ્ટ થઇ રહેલા–અમારી ઉપેક્ષાથીજ ભરતે ભરતના છ ખંડ લીધા છે. આપની સેવા કરવી તો દૂર રહી, પરંતુ તે ઉલટો આપને સંગ્રામ કરવાને આમંત્રણ કરે છે! તેના સામંત રાજાઓ પણ પ્રચંડ પરાક્રમી છે અને તેના રાજકુમારો રાજતેજના બહુજ અભિમાની છે. રણ કરવાની તેમની ભુજામાં ખુજલી આવ્યા કરે છે. તેથી તેઓ બાહુબલિ કરતાં વધારે પરાક્રમી હોય તેવા જણાય છે. તેના અભિમાની મંત્રીઓ પણ તેવાજ વિચારના છે સતી સ્ત્રીઓ જેમ પર પુરૂષને સહન ન કરે, તેમ તેની પ્રેમાળ પ્રજા, દુનીયાના અન્ય રાજાને સહન કરતી નથી. દેશના મજુર વિગેરે લોકો પણ સ્વામીનું પ્રિય કરવાને પોતાના પ્રાણ પાથરે છે. હે સ્વામિન્! [illegible] દર્શનની ઉત્કંઠાવાળા નહિ પણ

સંગ્રામની અભિલાષાથી આપને જોવાને ઈચ્છે છે. હવે આપને રૂચે તેમ કરો. " એ પ્રમાણે સુવેગનાં મુખથી સાંભળતાં ભરત મહારાજા સમકાળે વિસ્મય, કોપ, ક્ષમા અને હર્ષનો દેખાવ લાવીને બોલ્યા—' સુરાસુર અને મનુષ્યોમાં બાહુબલિ સમાન બીજો કોઈ નથી. એમ બાલ્યાવસ્થામાં રમત કરતાં મેં જાતે અનુભવ કર્યો છે. ત્રિલોકના સ્વામીનો પુત્ર અને મારો નાનો ભાઈ એ બાહુબલિ ત્રણે લોકને તૃણ સમાન સમજે તે યથાર્થ છે. એવા નાના ભાઈથી મારે પણ મગરૂર થવાનું છે. સિંહ જો બંધન સહન કરે અને અષ્ટાપદ જો વશ થાય, તો બાહુબલિ વશ થાય. અને એ વશ થાય ત્યારે બાકી શું રહે ? તેનો દુર્વિનય હું સહન કરીશ. તેમ કરતાં લોકો ભલે મને અશક્ત કહે, બધી વસ્તુઓ પુરૂષાર્થ કે ધનથી મળી શકે, પણ એવો ભાઈ કોઈ રીતે મળી ન શકે. હે મંત્રીઓ ! મારે એમ વર્તવું યોગ્ય છે કે નહિ ? તમે ઉદાસીન થઈને કેમ મૌન ધરી બેઠા છો ? જે સત્ય લાગે તે કહો. '

ત્યારે બાહુબલિના અવિનયથી અને પોતાના સ્વામીની ક્ષમાથી દુભાયેલ સુષેણ સેનાપતિ બોલ્યો—"ઋષભસ્વામીના પુત્ર ભરતપતિ ક્ષમા ધારણ કરે, તે ઉચિત છે, પરંતુ તે કૃપાપાત્ર જનોમાં હોવી જોઈએ. જે જેના ગામમાં રહેતા હોય, તે તેને આધીન થાય, અને તે બાહુબલિ તો એક આખા દેશને ભોગવે છે, તથાપિ તે વચનમાત્રથી પણ તમને વશ થતો નથી. આપના નાશ કર્યા છતાં પ્રતાપને વધારનાર વૈરી સારો,

પણ બંધુના પ્રતાપનો નાશ કરનાર સગો ભાઈ સારો નહિ. ભૂપતિઓ, સૈન્ય, ભંડાર, પુત્ર, મિત્ર અને શરીરથી પણ પોતાના તેજ—સત્વની રક્ષા કરે છે; સત્વ એજ તેમનું જીવિત છે. આપને પોતાના રાજ્યથી શું અપૂર્ણ હતું કે આ છ ખંડનો વિજય કર્યો ? એ બધું તેજને માટેજ છે. એકવાર શીલભ્રષ્ટ થયેલી સતી, સર્વથા અસતીજ કહેવાય. તેમ એક સ્થાને તેજ નષ્ટ થયું, તો સર્વત્ર તે નષ્ટ થયુંજ સમજવું. સમસ્ત ભરતક્ષેત્રનો વિજય મેળવ્યા છતાં અહીં જો આપનો અવિજય થાય, તો સમુદ્ર ઉતર્યાં પછી ખાબોચીયામાં ડુબવા જેવુંજ થાય. ચક્રવર્તીનો પ્રતિસ્પર્ધી કોઈ રાજા હોય—એમ ક્યાંઇ જોયું કે સાંભળ્યું પણ નથી. હે સ્વામિન્ ! એ અવિનયી બંધુ સાથે સ્નેહનો સંબંધ રાખવો, તે એક હાથે તાલી પાડવા બરોબર છે, સ્નેહ રહિત બાહુબલિ સાથે ભરત મહારાજા સ્નેહ ધરાવે છે—એમ બોલતા અમને તમે ભલે અટકાવી રાખો, પણ 'સર્વ શત્રુને જીત્યા પછીજ હું અંદર પ્રવેશ કરીશ' એવા નિશ્ચયથી બહાર રહેલા ચક્રરત્નનો આપ શી રીતે નિષેધ કરી શકશો ? બંધુના બાને રિપુ રૂપે રહેલા બાહુબલિની ઉપેક્ષા કરવી આપને ઉચિત નથી. આપ તે વિષે ભલે બીજા મંત્રીઓને પણ પૂછો.

[illegible]
[illegible]
[illegible]

છે ? જે પરાક્રમ અને પ્રયાસમાં બીકણ હોય, તે પોતાના સ્વામીના તેજની ઉપેક્ષા કરે છે. હે સ્વામિન ! આ સેનાપતિ આપના ચક્રરત્નની જેમ અવશેષ રહેલા એક પણ શત્રુને જીત્યા સિવાય સંતુષ્ટ થવાનો નથી. માટે હવે વિલંબ કરવો ઉચિત નથી. પ્રયાણ ભેરી વગડાવો અને વાહનો તથા પરિવાર સહિત સૈનિકો બધા સજ્જ થાઓ. તક્ષશિલા તરફ આપ પ્રયાણ કરો તથા પોતે જઇને ભાઇનો સ્નેહ જુઓ. અને સુવેગના વચનો સાચા છે કે ખોટાં ? તેની ખાત્રી કરો.' મંત્રીશ્વરના એ વચનથી ભરત મહારાજાએ કહ્યું કે—' ભલે એમજ થાઓ.' પછી શુભ દિવસે મંગલપૂર્વક ગજારૂઢ થઇને મોટા સૈન્ય સહિત ભરતપતિએ તક્ષશિલા તરફ પ્રયાણ કર્યું.

" भावि नैव तदन्यथा " ' જે થવાનું છે, તે અન્યથા થતું નથી.'

પ્રકરણ ૨૪ મું.

ભ્રાતૃ–યુદ્ધની તૈયારી.

ચક્ર રત્નની પાછળ સમસ્ત સૈન્ય ચાલતાં રજ સમૂહથી દિગંતનો તમામ ભાગ છવાઇને અંધકારમય થઇ ગયો. રસ્તે ચાલતાં દરેક શહેર, ગામ અને માર્ગમાં આ પ્રમાણે તેમણે

લોકોનું કથન સાંભળ્યું—" આ ભરતભૂપતિએ સમસ્ત ભરતક્ષેત્ર સાધ્યું, ચૌદ રત્નો મેળવ્યાં અને નવ નિધાન વશ કર્યાં, છતાં એ પ્રયાણ કરીને ક્યાં જાય છે? કદાચ પોતાનો દેશ જોવા જતો હોય; તો તેમની આગળ ચક્ર શા માટે ચાલે? પરંતુ દિશાના અનુમાનથી તેણે બાહુબલિ ઉપર ચડાઈ કરી હોય—એમ લાગે છે. અહો! આવા મોટા જનો પણ કષાયના વેગમાં તણાય છે. એ બાહુબલિ તો સુરાસુરોને પણ દુર્જેય છે, તેથી તેને જીતવા જતાં આ ભરતભૂપ આંગળીથી મેરૂપર્વતને ઉપાડવાનું સાહસ કરે છે. વળી આ કામમાં તો નાનો ભાઈ મોટાભાઇને જીતશે અથવા મોટો ભાઇ નાનાભાઇને જીતશે—પણ ગમે તે રીતે ભરત મહારાજાને મોટો અપવાદ લાગશે.' એમ લોકોના વિવિધ પ્રકારનાં વાક્યો સાંભળતાં, સૈન્યના વાજિંત્રોના તથા વાહનોના નાદથી ગગનને ગજાવતા, રસ્તામાં આવતી સરિતાઓને સોસવતા, સેનાના ભારથી દબાતી વસુધાને મતંગજોના મદજળથી શાંત કરતા મહારાજા ભરતપતિ, પ્રતિદિવસ ચક્રાનુસારે પ્રયાણ કરતાં બહુલી દેશમાં આવી પહોંચ્યા, અને ત્યાં તે દેશની સરહદપર તેમણે પોતાના સાગર જેવડા સૈન્યનો પડાવ નાંખ્યો.

તે વખતે પોતાના ચરપુરૂષો મારફતે ચક્રીને સૈન્યસહિત આવેલા જાણીને બાહુબલિએ તરત પ્રયાણની ભંભા વગડાવી. એટલે રાજકુમારો, સામંતો, પ્રધાનો અને વીરપુરૂષો તૈયાર થયા, કેટલાક હાથીપર બેસી, કેટલાક અશ્વોપર આરૂઢ

થયું. કેટલાક રથમાં બેસી તથા કેટલાક પદાતિ થઈને લાખો સુભટો તરતજ શહેરની બહાર નીકળી પડ્યાઃ એ વીરસૈન્યથી પરવરેલ બાહુબલિ ભદ્ર હસ્તીપર બેસીને આગળ ચાલ્યો. 'હું એકલો છું છતાં બધાને જીતીશ' એમ પોતાના સુભટોના શૌર્યથી ભરેલા શબ્દો સાંભળતો બાહુબલિ આગળ ચાલ્યો. જો કે સીમાડો દૂર હતો, છતાં રણોત્સાહને લીધે તે સત્વર ત્યાં આવી પહોંચ્યો, અને ભરતપતિની છાવણીથી બહુ દૂર નહિ, તેમજ બહુ પાસે પણ નહિ એવા ગંગાના તટપર બાહુબલિએ પડાવ નાંખ્યો.

હવે પ્રભાત થતાં ભાટ ચારણોએ બંને ઋષભકુમારોને સંગ્રામને માટે નિમંત્રણ કર્યું. તે પહેલાં રાત્રે બાહુબલિએ સર્વ રાજાઓની સંમતિથી પોતાના સિંહરથ નામના પુત્રને સેનાપતિ નીમ્યો. તે વખતે બીજા રાજાઓને પણ યુદ્ધ કરવાને બાહુબલિએ આદેશ આપીને વિદાય કર્યા. અહીં ભરતેશ્વરે સર્વની સંમતિથી સુષેણને સેનાપતિ નીમ્યો, અને અન્ય રાજાઓ, સામંતો તથા કુમારોને બોલાવીને ભરત મહારાજે આજ્ઞા કરી કે—" હે શૂરવીરો ! મારા લઘુ બંધુ બાહુબલિ સાથે સંગ્રામ કરતાં તમારે પ્રમાદરહિત સુષેણ સેનાપતિને અનુસરવું. હે પરાક્રમી વીરો ! તમે સંખ્યાબંધ દુર્મદ રાજાઓને વશ કર્યા છે, તથા વૈતાઢ્ય પર્વત ઓળંગીને દુર્જય કિરાતોનો તમે જય કર્યો છે, પણ તેઓમાં બાહુબલિ જેવો પદાતિ એક પણ ન હતો. પવન રૂને જેમ ઉડાડી મૂકે, તેમ બાહુબલિનો જ્યેષ્ઠ

પુત્ર સોમયશા એકલો, સમસ્ત સૈન્યને દશે દિશામાં ઉડાડી દેવા શક્તિમાન્ છે, તેનો સિંહરથ નામે નાનો ભાઈ, શત્રુસૈન્યમાં દાવાનળ સમાન છે, વધારે શું કહું ? તેના પુત્ર અને પૌત્રોમાંના એક એક યમરાજને પણ ભય ઉપજાવે તેવા છે. સ્વામિભકત, તેના સામંતો પણ તેનાથી ઉતરે તેવા નથી. મહાબાહુ બાહુબલિ તો દૂર રહો, પણ તેનો એક સેનાવ્યૂહ પણ વજ્ર સમાન દુઃસ્ફોટ છે. માટે સુષેણની પાછળ તમે સાવધાન થઈને અનુસરો. ”

એ પ્રમાણે પોતાના સ્વામીના વચનામૃતથી વીર સુભટો હર્ષથી રોમાંચિત થયા. તે વખતે બંને પક્ષના વીર લડવૈયા સંગ્રામને માટે સજ્જ થયા. પોતાના કૃપાણ, ધનુષ, ભાથા, ગદા, શક્તિ વગેરે આયુધોને દેવતાની જેમ તેમણે પૂજ્યા, અને ઉત્સાહથી નૃત્ય કરતા તે મહાવીરો આયુધોની આગળ ઉંચેથી વાજિંત્રો વગાડવા લાગ્યા. બંને સૈન્યોમાં યુદ્ધની કથા ચાલતી, તેથી વીર સુભટોના શસ્ત્રથી જાણે ભય પામી હોય, તેમ તેમને રાત્રે નિદ્રાજ ન આવી અને યુદ્ધોત્સાહના ઉભરામાં ઓતપ્રોત થયેલા તેમને ત્રિયામા શતયામા જેવી થઈ પડી.

હવે પ્રભાત થતાં ઋષભપુત્રોના રણોત્સાહનું કૌતુક જોવા ઈચ્છતો રવિરાજ, ઉદયાચલ પર આરૂઢ થયો. એટલે બંને સૈન્યમાં પુષ્કરાવર્ત્ત મેઘના જેવો, અથવા વજ્રથી તાડન પામતા પર્વતોના જેવો રણવાદ્યોનો મહાનાદ થયો. તે ગગનગર્જી નાદથી દિગ્ગજો ત્રાસ પામ્યા, જલજંતુઓ

ભયભ્રાંત થયા, સમુદ્ર ક્ષોભ પામ્યો, હિંસક પ્રાણીઓ ભય પામી ગુફાઓમાં પેઠા, મોટા સર્પો રાફડા શોધવા લાગ્યાં, પર્વતોના શિખરો તૂટવા લાગ્યા અને પૃથ્વી જાણે ફાટતી હોય તેમ ડગમગવા લાગી. એ રણવાદ્યના નાદથી પ્રેરાયેલા અને સૈન્યના સૈનિકો, યુદ્ધને માટે તૈયાર થઇ ગયા. રણોત્સાહથી શરીર ફુલતાં કવચો તૂટી જવાથી કેટલાક વીરો નવાં બખ્તર ચઢાવવા લાગ્યા, કેટલાક યોદ્ધાઓ પોતાના અશ્વોને પણ બખ્તર પહેરાવવા લાગ્યા, કેટલાક અશ્વોની તાલીમ જોવા લાગ્યા, કેટલાક સુભટો હણહણતા પોતાના અશ્વને પૂજવા લાગ્યા, કેટલાક બખ્તર રહિત અશ્વ મળવાથી પોતાના બખ્તરને પણ ઉતારવા લાગ્યા, કોઇ 'રણમાં સ્ખલિત થતાં તારી ચતુરાઈ બરાબર બતાવજે' એમ પોતાના સારથિને શિખામણ આપવા લાગ્યા, કેટલાક રણવીરો— 'લાંબો વખત સંગ્રામ ચાલશે' એમ ધારી અસ્ત્રોથી પોતાના રથો પૂરવા લાગ્યા, કોઇ સારથિને બખ્તર આપવા લાગ્યા, કોઈ રથમાં અશ્વોને જોડવા લાગ્યા, અને કેટલાક લોખંડી મુદ્‌ગરો લેવરાવવા લાગ્યા.

આ વખતે રાજાના અધિકારીઓએ આજ્ઞા ફરમાવી કે- 'અસ્ત્રોથી ભરેલા ઉંટ અને ગાડા, સૈન્યની પાછળ સત્વર લઇ જાઓ, નહિં તો ચાલાક સુભટોને અસ્ત્રો પૂરા નહિ પડે, બખ્તરોથી લાદેલા ઉંટો પણ ઉતાવળથી ત્યાં લઇ જાઓ, વીરોના અગાઉના બખ્તરો વખતસર તૂટી જશે, રથીઓની

આવે છે. હે દેવ! આપના ચરણ-કમળને જેઓ પ્રતિદિન ભાવથી પૂજે છે, તે મનુષ્યો ધન્ય છે. હે ભગવન્! જેઓ આપને અનિમેષ નયનથી નિહાળે છે તેમને અનિમેષત્વ (દેવપણું) દુર્લભ નથી. હે નાથ! જેણે આપની ભક્તિરૂપ બખ્તર ધારણ કરેલ છે. તેને વજ્ર ભેદી શકતું નથી અને શસ્ત્ર છેદી શકતું નથી.' એ રીતે ભક્તિ કરીને બાહુબલિ નરેશ નિવૃત્ત થયો. પછી તેણે વજ્રનું બખ્તર ધારણ કર્યું. તથા મસ્તકપર મુગટ પહેર્યો, તે વખતે આપ્તજનોના આશીર્વાદોથી વધાવાતો બાહુબલિ ધનુષ્ય-બાણ લઈને ગજરાજપર આરૂઢ થયો.

આ તરફ ભરત મહારાજાએ પણ સ્નાન કરી, શ્રી આદિનાથની પ્રતિમાને સ્નાત્રાદિપૂર્વક પૂજી, બાવનાચંદનથી વિલેપન કરી, તથા આરતી ઉતારી, અંજલિ જોડીને તેણે આ પ્રમાણે સ્તુતિ કરી—'હે નાથ! બાલકોની અવ્યક્ત વાણી પણ ગુરૂજનોની પાસે જેમ યુક્ત ગણાય, તેમ હું અજ્ઞાન છતાં આપની સ્તુતિ કરવા તત્પર થયો છું. હે દેવ! સિદ્ધરસના સ્પર્શથી લોખંડ જેમ કનક બની જાય, તેમ આપનો આશ્રય કરવાથી ભારેકર્મી જીવ પણ મુક્તિપદને પામે છે. હે સ્વામિન્! આપનું ધ્યાન, સ્તવન અને પૂજન કરનાર મનુષ્યોજ પોતાના મન, વચન અને કાયાનું ફળ પામે છે. હે નાથ! સ્વાભાવિક મોહથી જન્માંધ થયેલા સંસારી પ્રાણીઓને વિવેકરૂપ લોચન આપવાને આપ એકજ સમર્થ છો.

મનને જેમ મેરૂગિરિ દૂર નથી, તેમ આપના ચરણ-કમળની સેવા કરનારા મનુષ્યોને લોકાગ્ર (મોક્ષ) દૂર નથી. હે ભગવન્ ! મેઘના જળથી જેમ જંબૂફળ ગળી જાય, તેમ આપની, વાણીરૂપ પાણીથી પ્રાણીઓના કર્મરૂપ પાશ ગળી જાય છે. હે વીતરાગ ! વારંવાર પ્રણામ કરીને હું એટલુંજ માગું છું કે આપના પ્રસાદથી મારી આપનામાં અખંડ ભકિત જાગ્રત રહો' એ રીતે સ્તુતિ કરીને ભરતપતિ દેવાલયની બહાર નીકળ્યા. પછી કવચ, મુગટ, ધનુષ્ય અને બાણ ધારણ કરીને ચક્રી ગજેંદ્રપર આરૂઢ થયા.

તે વખતે યાચકોને મનવાંછિત દાન આપતા અને રણુવાર્તાથી પુલકિત થતા તે બંને ઋષભપુત્રો, પોતપોતાના સૈન્યના મધ્યભાગમાં આવ્યા. બંને સૈન્ય શ્રેણિબંધ ચાલતા અને સુભટો સંગીતના તાલ પ્રમાણે સમાન પગલે ચાલતા હતા. બંને સૈન્યોના લાખો ગજ, અશ્વાદિ વાહનો ચાલતાં ઉડતી રજથી આકાશ આચ્છાદિત થઇ ગયું. પ્રસિદ્ધ ધ્વજાઓના ચિન્હથી ઓળખીને પરાક્રમી, પ્રતિવીરોના નામ લઇને તેને વર્ણવતા હતા, તેમજ અભિમાની વીરો યુદ્ધને માટે પરસ્પર બોલાવતા હતા. એ રીતે બંને સૈન્યના હસ્તીવાળા હસ્તીવાળા સામે, અશ્વવાળા અશ્વવાળા સામે, રથવાળા રથવાળા સામે, અને પદાતિઓ પદાતિ સામે આવીને ઉભા. સમસ્ત સુભટો, ભાલા, તલવાર, મુદ્ગર, દંડ વિગેરે આયુધો મેળવીને એક બીજાની નજીક આવ્યા. એવામાં

ત્રણલોકના નાશની શંકા ધરાવતા દેવતાઓ આકાશમાં આવીને વિચારવા લાગ્યા કે—'અરે! આ બંને ઋષભપુત્રો પોતાની સામસામે કેમ સંઘર્ષ પામે છે? એમ ધારીને તેમણે બંને પક્ષના સૈનિકોને સમજાવ્યું કે—'જ્યાં સુધી અમે તમારા બંને પક્ષના સ્વતંત્ર સ્વામીને પ્રતિબોધ ન કરીએ ત્યાં સુધી કોઈ યુદ્ધ કરશો તો તમને ઋષભસ્વામીની આણ છે.' આથી બંને પક્ષના સૈનિકો ચિત્રની જેમ સ્થિર થઇ ગયા. અને દેવતાઓ 'બાહુબલિનો પક્ષ કરે છે કે ભરત રાજાનો?' એમ વિચારવા લાગ્યા. ત્યારે 'કામ નષ્ટ ન થાય અને લોકોનો બચાવ થાય.' એમ વિચારતા દેવતાઓ પ્રથમ ચક્રવર્તી પાસે ગયા અને જય જયના શબ્દપૂર્વક યુક્તિ ભરેલાં વચનોથી તેને સમજાવવા લાગ્યા—

"હે નરપતિ! તમે છ ખંડ ભરતનો વિજય કર્યો તે ઠીક કર્યું. હજી તમારો રણોત્સાહ પૂર્ણ થયો નથી. જેથી ભાઈની સાથે સંગ્રામ કરવાને સજ્જ થયા છો, પણ તે પોતાનાજ એક હાથે બીજા હાથને મારવા જેવું છે, મોટા હાથીને વૃક્ષની સાથે ગંડસ્થળનું ઘર્ષણ કરવામાં જેમ તેની ખુજલી કારણભૂત છે. તેમ ભાઈ સાથે લડવામાં તમારી ભુજાની ખુજલીજ નિમિત્તરૂપ છે, પરંતુ મદોન્મત્ત હાથીઓના તોફાનથી જેમ વનનો ભંગ થાય, તેમ તમારી આ બાહુક્રીડાથી જગતનો સંહાર થશે. એક ક્રીડા માત્રને માટે તમે વિશ્વનો સંહાર શા માટે આરંભ્યો છે? ચંદ્રથી જેમ અનલપાત

સ્પર્ધી છે. પૂર્વે નિંદાભીરૂ, શરમાળ, વિવેકી અને વિનયી એ મુગ્ધ બાહુબલિ, મને પિતા સમાન માનતો હતો, પણ સાઠ હજાર વર્ષે હું દિગ્વિજય કરીને આવ્યો, ત્યારબાદ હમણાં એ જુદોજ થઇ ગયો લાગે છે. ઘણા કાળના વિયોગથી તેમ થયું જણાય છે. બાર વરસ સુધીના રાજ્યાભિષેકમાં બાહુબલિ ન આવ્યો, ત્યારે મેં તેનો પ્રમાદ કલ્પી લીધો. ત્યારપછી તેને બોલાવવાને માટે ખાસ દૂત મોકલ્યો, તથાપિ તે ન આવ્યો, ત્યારે તેના મંત્રીઓના વિચાર દોષની મેં કલ્પના કરી. મેં તેને ક્રોધ કે લોભથી બોલાવ્યો ન હતો; પરંતુ એકાદ રાજા પણ નમ્યા વિનાનો રહે, ત્યાંસુધી ચક્ર નગરમાં પ્રવેશ કરતું નથી, તેનું શું કરવું ? બાહુબલિ નમે નહિ, અને ચક્ર નગરમાં પેસે નહિ; આ બન્ને તે બનેની સ્પર્ધા ચાલતી હોય એમ લાગે છે. તેથી હું મહા સંકટમાં આવી પડ્યો છું. મારો મનસ્વી બંધુ એકવાર મારી પાસે આવે અને મારી પાસેથી બીજી ભૂમિ, તેની ઇચ્છાનુસાર ગ્રહણ કરે. એક ચક્રના અપ્રવેશ વિના મારે યુદ્ધ કરવાનું અન્ય કંઇ પણ પ્રયોજન નથી અને ન નમેલા તે નાના ભાઇથી મારે માન મેળવવાની પણ કંઇ ઇચ્છા નથી. ”

ત્યારે દેવતાઓ બોલ્યા—‘ હે રાજન્ ! રણકર્મનું કંઇ મોટું કારણ હોવું જોઇએ કારણકે નજીવા કારણની ખાતર આપ જેવા મોટા પુરૂષોની આવી પ્રવૃત્તિ સંભવે નહિ ! અમે હવે બાહુબલિ પાસે જઇને સમજાવીશું; અને કલ્પાંતકાળની જેમ આ થતો જનવિનાશ અટકાવીશું. વધારી

જેમ તે પણ સંગ્રામના બીજા કારણો બતાવશે, તોપણ તમારે આવું અધમ યુદ્ધ તો નજ કરવું. મોટા પુરૂષોએ તો દૃષ્ટિયુદ્ધ, બાહુયુદ્ધ, દંડયુદ્ધ—એ વિગેરે ઉત્તમ યુદ્ધો કરવાં કે જેથી તે નિરપરાધી ગજ, અશ્વાદિકનો ઘાત ન થાય.' એ રીતે દેવતાઓની સલાહ, ભરતરાજાએ સ્વીકારી, એટલે તેઓ બીજા સૈન્યમાં બાહુબલિ પાસે ગયા. 'અહો! આ બલિષ્ઠ બાહુબલિ સાક્ષાત્ સ્વરૂપથીજ અધૃષ્ય છે.' એમ ધારી વિસ્મય પામતા દેવતાઓ તેને નીચે પ્રમાણે કહેવા લાગ્યા—

"હે ઋષભનંદન! તમે ચિરકાલ જય પામો, અને સદા આનંદમાં રહો. સાગરની જેમ તમે કદાપિ મર્યાદાનું ઉલ્લંઘન કરતા નથી કાયર જનો જેમ સંગ્રામથી બીક ધરે, તેમ તમે લોકાપવાદથી ભય પામો તેવા છો. સ્વસંપત્તિમાં તમે ગર્વરહિત અને પરની સમૃદ્ધિમાં ઈર્ષ્યારહિત છો, દુર્વિનીતોને તમે શિક્ષા કરો છો અને ગુરૂજનોનો યોગ્ય વિનય સાચવો છો. જગતને અભય આપનાર ઋષભસ્વામીના તમે લાયક સુત છો. તેથી સંખ્યાબંધ મનુષ્યોની હાનિ થાય તેવા આ અધમ કામમાં પ્રવૃત્તિ કરવી તમને ઉચિત નથી. વડીલ બંધુની સામે ચડાઈ કરવી તે તમને ઘટતું નથી; અમૃતથી જેમ મરણ ન સંભવે, તેમ તમારાથી એવું સંભવે પણ નહિ. તેમ છતાં હજી કાંઈ બગડ્યું નથી, દુર્જન પુરૂષની મિત્રતાની જેમ તમે આ સંગ્રામનો સમારંભ મૂકી દ્યો. હે વીર! આ વીર સુભટોને તમારી આજ્ઞાથી યુદ્ધના વેગ થકી પાછા વાળો,

અને તમારા વડીલ બંધુ ભરતરાયને વશ થાઓ. તેમ કરવાથી તમે સમર્થ છતાં વિનયને લઈને જગતમાં પ્રશંસા-પાત્ર થશો; ભરતરાયના મેળવેલા ભરતના છ ખંડને તમે આનંદથી ભોગવો; કારણકે તેનામાં ને તમારામાં કાંઈ અંતર નથી." એમ કહીને દેવતાઓ વિરામ પામ્યા. એટલે બાહુબલિ કાંઈક હસીને બોલ્યા—

"હે દેવતાઓ! તમે અમારા સત્કર્મનું કારણ સારૂ રીતે સમજ્યા સિવાય પોતાની મરજી પ્રમાણે કહો છો. તમે પિતાજીના ભક્ત છો, અને અમે તેમના પુત્રો છીએ. એ આપણા સંબંધને લીધે તમે કહો છો, તે ઉચિત છે. પ્રથમ સંયમના સમયે પિતાજીએ યાચકોને જેમ કનક દાનથી સંતુષ્ટ કર્યા, તેમ અમને અને ભરતને દેશ વ્હેંચી આપીને સંતુષ્ટ કર્યા હતા. એટલે તાતના આપેલા દેશથીજ હું તો સંતુષ્ટ રહ્યો. કારણ કે ધનની ખાતર પરદ્રોહ કોણ કરે? પરંતુ મહાસાગરમાંના મોટા મત્સ્યો જેમ છોટા મત્સ્યોને ગળી જાય, તેમ ભરતક્ષેત્રના સમસ્ત રાજાઓના રાજ્યોને એ ભરત ગળી ગયો. (લઈ લીધાં) પછી પેટભરો પુરૂષ જેમ ભોજનથી સંતુષ્ટ ન થાય તેમ તેટલા રાજ્યોથી સંતોષ ન પામતાં તેણે પોતાના લઘુ બંધુઓના રાજ્યો પણ છીનવી લીધાં! તે વખતે તેણે પોતાનું ગુરૂપણું પોતાની મેળેજ ગુમાવ્યું. અવસ્થા ઉપરથી ગુરૂપણું ગણાતું નથી, પણ આચરણથી તે સમજાય છે. નાના ભાઈઓને રાજ્યથી દૂર કરતાં તેણે પોતાના ગુરૂપણાનું આ

ચરણુ બરાબર બતાવી આપ્યું છે. આટલો વખત મેં માત્ર ભ્રાંતિને લીધે તેને ગુરૂબુદ્ધિથી માન્યો હતો, પિતાએ કે વંશના કોઇ પણ પૂર્વજે કોઇને પૃથ્વી આપી હોય, તો તેના અપરાધ વિના અલ્પ રાજ્ય ભોગવનાર રાજા પણ તે ભૂમિ પાછી લઇ ન શકે, તો એ ભરતથી કેમ લેવાય ? નાના ભાઇઓના રાજ્યો છીનવી લેતાં પણ એ લજ્જા ન પામ્યો. તેથી મારૂં રાજ્ય લેવા હવે મને બોલાવે છે !! વહાણુ જેમ મહાસાગરનો પાર પામીને તટપર કોઇ ખડક સાથે અથડાય. તેમ સમસ્ત ભરતનો વિજય કરીને તે મારી સાથે અથડાણો છે. લુબ્ધ અને મર્યાદામુક્ત એ ભરતને મારા નાના ભાઇઓએ લજ્જાથી ભજ્યો નહિ, તો હું તેના કયા ગુણુથી તેને ભજું ? હે દેવતાઓ ! તમે તટસ્થ વૃત્તિથી સભાસદની જેમ મને કહો. એ ભરત મને પોતાના પરાક્રમથી આક્રાંત કરવા ધારતો હોય તો ભલે તેમ કરે, ક્ષત્રીયોનો એ સ્વતંત્ર માર્ગ છે, તેમ છતાં એ લાંબો વિચાર કરીને પાછો ચાલ્યો જતો હોય તો ભલે ખુશીથી જાય. હું કાંઇ તેના જેવો લુબ્ધ નથી કે પાછા જતા તેને કંઇ હરકત કરૂં. એનું આપેલું સમસ્ત ભરતક્ષેત્ર હું ભોગવું–એ પણ કેમ બને ? શું કેસરીસિંહ કોઇનું આપેલું ક્યારેય ભક્ષણુ કરે ખરો કે ? સાઠ હજાર વર્ષો વીતાવતાં એણે સમસ્ત ભરત સાધ્યું, પણ હું જો તે લેવાની ચાહના કરૂં તો તરતજ લઇ શકું. પણ હું નાનોભાઇ થઇને તેમ કેમ કરૂં ? માત્ર અનિચ્છાથીજ મેં તેની ઉપેક્ષા કરી છે. આ વખતે તેના મંત્રીઓ મને ભંડાર, ગજ, અશ્વ તથા યશ વિગેરે બધું

ર્પણ કરવાને માટેજ એ ભરતને અહીં ખેંચી લાવ્યા છે.
ાટે હે દેવતાઓ ! જો તમે તેનું હિત ચાહતા હો, તો તેને
ગ્રામથી અટકાવો. તે યુદ્ધ નહિ કરે તો હું પણ યુદ્ધ
રવાનો નથીજ."

બાહુબલિના આવા ઉત્કટ વચનો સાંભળતાં દેવતાઓ
વિસ્મય પામીને ફરી તેને કહેવા લાગ્યા—"એક તરફ ચક્રી
તાના સંગ્રામનું કારણ, ચક્રનો નગરમાં અપ્રવેશ—એ દ-
ર્વે, છે તેથી તેનો નિરોધ કરવો અશક્ય છે. અને બીજી
ફ—'યુદ્ધ કરનારની સાથે હું યુદ્ધ કરીશ' એમ તમે કહો
. તેથી તમને સંગ્રામથી નિવારવાને ઇંદ્ર પણ અસમર્થ છે.
ને બંને ઋષભસ્વામીના મહા બુદ્ધિશાળી પુત્ર છો, વિવેકી
ને દયાળુ છો, અત્યારે જગતના ભાગ્ય ક્ષીણ થવાથીજ આ
હાયુદ્ધનો ઉત્પાત ઉપસ્થિત થયો છે. તથાપિ હે વીર ! અમે
ન થઈને આપને વીનંતિ કરીએ છીએ કે—તમારે ઉત્તમ
દ્ધ કરવું, અધમ યુદ્ધ ન કરવું. કારણ કે તમે બંને
તાઓના અધમ યુદ્ધમાં ઘણા જીવોનો સંહાર થવાથી
કાળે પ્રલયકાળ ઉપસ્થિત થશે ! માટે તમારે દૃષ્ટિ વિગેરેથી
દ્ધ કરવું, કે જેથી તમારા પોતાના માનની સિદ્ધિ થશે
ને જીવોનો પ્રલય થતો અટકશે." દેવતાઓનું આ વચન
ાહુબલિએ કબુલ રાખ્યું, એટલે તેમનું યુદ્ધ જોવાને નગર
નોની જેમ દેવતાઓ નજીકમાં આવીને ઉભા રહ્યા.

—•ः॰ः—

પ્રકરણ ૨૫ મું.

રણરંગનો ભંગ.

ઉત્તમ યુદ્ધનો નિશ્ચય થયાં પછી બાહુબલિના હુકમથી એક બળવાન્ પ્રતિહારે ગજારૂઢ થઈને પોતાના સૈનિકોને ઉંચેથી ઉદ્દઘોષણા કરીને સંભળાવ્યું કે—"હે વીર સુભટો! ચિરકાળથી ચિંતવતાં તમને સ્વામીનું કાર્ય કરવાનો શુભ અવસર પ્રાપ્ત થયો, પરંતુ તમારા ઓછા સુકૃતને લીધે આપણા બલવાન્ રાજાને દેવતાઓએ ભરતની સાથે દ્વંદ્વ યુદ્ધ કરવાની વીનંતિ કરી, આપણા સ્વામી પોતે દ્વંદ્વ યુદ્ધનેજ પસંદ કરે છે, તેમાં વળી દેવતાઓની પ્રાર્થના થઇ એટલે કહેવુંજ શું? માટે હવે બાહુબલિ મહારાજા તમને રણભૂમિમાં મુકવાનો નિષેધ કરે છે. હવે તમે પણ એ દેવતાઓની જેમ તટસ્થ રહીને સ્વામીને યુદ્ધ કરતા જુઓ, અને તમારા રથ, અશ્વ અને ગર્જના કરતા ગજેંદ્રોને પાછા વાળો, તમારી તરવારને મ્યાનમાં નાંખો, ભાલાને કોષમાં મૂકો, મુદ્દગરોને હાથમાંથી છોડી દ્યો, તમારા ધનુષનાં પણછો ઉતારી નાખો, બાણોને ભાથામાં ભરો અને બીજા પણ ત્રિશૂલાદિ આયુધોને સંકેલી લ્યો!

પ્રતિહારની આ ગંભીર ઘોષણાથી ઘૂર્ણિત થયેલા બાહુબલિના સુભટો માંહોમાંહે વિચાર કરવા લાગ્યા કે—"અહો! જાણે ભરતપતિના સૈનિકો પાસેથી લાંચ લીધી હોય અથવા

ાં જન્મના વૈરી નીવડ્યા હોય તેવા આ દેવતાઓએ ઓચિંતા
ી સ્વામીને વિનવીને આપણો યુદ્ધોત્સવ અટકાવ્યો. અરે!
જન કરવા બેઠેલા માણસ પાસેથી જેમ કોઇ ભોજન
થી લે, તેમ ભાગ્યયોગે આવેલા આ આપણા રણોત્સવને
હરી લીધો. ભરતપતિના જેવો બીજો કોણ પ્રતિપક્ષી
શે કે જેની સામે સંગ્રામમાં ઉતરીને આપણે સ્વામીના
માંથી મુક્ત થઇશું. પિશાચીઓની જેમ બાહુબલિનું વૃથા
લીધું અને આપણા ભુજદંડનું બળ વ્યર્થ ગયું. નપુંસકે
ા સ્ત્રી સંગ્રહની જેમ આપણો શસ્ત્ર સંગ્રહ વૃથા થયો
પોપટના શાસ્ત્રાભ્યાસની જેમ આપણો શસ્ત્રાભ્યા-
નકામો ગયો. તાપસકુમારોએ ધારેલા કામશાસ્ત્રના
ાનની જેમ આપણું પદાતિપણું નિષ્ફળ થયું. આપણે
ીઓને કરાવેલ યુદ્ધાભ્યાસ તથા અશ્વોને કરાવેલ શ્રમ
ળ નીવડ્યો. શરદઋતુના મેઘની જેમ આપણે ફોગટ
ભેદક ગર્જના કરી મોટા ઉમંગથી કરેલ આપણી બધી
રીઓ નકામી થઇ. એટલે કે યુદ્ધોત્સાહ ન પૂરાવાથી આ-
બતાવેલ અહંકાર વૃથા થયો." એમ ચિંતવી ખેદ કરતા
કો પાછા ફર્યા. તે વખતે ભરત મહારાજે પણ પોતાની
ને પાછી વાળી. એટલે ભરતચક્રીના શૂરવીર યુદ્ધાઓ
ે પગલે ભેગા મળીને વિચારવા લાગ્યા—" આપણા
મીએ કયા મંત્રીના મંત્રથી દંદ યુદ્ધ પસંદ કર્યું ?
ના ભોજનની જેમ આપણા સ્વામીએ આવું યુદ્ધ

અને પોતાના ડાબા હાથ પર તેણે ઉપરા ઉપરી એક હજાર સાંકળો બાંધી, પછી તેમણે બધા સૈનિકોને કહ્યું કે—'હે વીર યોદ્ધાઓ ! તમે તમારા બળ અને વાહન સહિત નિર્ભયતાથી મને ખેંચો, અને તમારા બધાના એકત્ર બળથી ખેંચીને મને આ ખાડામાં પાડો. મારા ભુજની પરીક્ષા માટે 'સ્વામીની અવજ્ઞા થશે.' એમ ધારીને તમારે બળ છુપાવવું નહીં. મેં એવું એક ખરાબ સ્વપ્ન જોયું છે, તેને તમે મિથ્યા કરો.' એમ જ્યારે ચક્રવર્તીએ વારંવાર તેમને આગ્રહથી કહ્યું, ત્યારે સૈનિકોએ માંડ માંડ તેમ કરવાનું સ્વીકાર્યું. પછી બધા સૈનિકો ભરતપતિની ભુજાએ બાંધેલી સાંકળો ખેંચવા લાગ્યા. તે ભુજા સાથેની શૃંખલાઓમાં લટકી રહેલા સૈનિકો, તે વખતે વૃક્ષની શાખામાં લટકતા વાંદરા જેવા લાગતા હતા. ત્યારે કૌતુક જોવાની ખાતર ચક્રીએ, પોતાને ખેંચતા તે સૈનિકોની થોડીવાર ઉપેક્ષા કરી. પછી મહારાજાએ પોતાનો હાથ છાતી સુધી ખેંચ્યો, એટલે તે બધા પંક્તિબંધ એકીસાથે નીચે પડી ગયા. એ રીતે પોતાના સ્વામીના ભુજબળથી પ્રમોદ પામેલા સૈનિકોએ પોતાની પૂર્વની શંકા દૂર કરી. અને એક તરફ ઉભા રહીને દ્વંદ્વ યુદ્ધનો રણરંગ જોવા ઉત્સુક થયા, દેવતાઓને પણ એ દ્વંદ્વયુદ્ધનું કૌતુક જોવાની ઇચ્છા થઇ, તો મનુષ્યોની શી વાત ?

— ❖ —

પ્રકરણ ૨૬ મું.

બાહુબલિનું બળ.

હવે પોતાના સૈનિકો તથા બંદીજનોના હર્ષ અને જયઘોષથી વધાવાતા ભરત મહારાજા ગજારૂઢ થઈને રણભૂમિમાં આવ્યા. તે વખતે જગતનો થતો સંહાર અટકાવાથી પ્રમોદ પામતો પવન, હળવે હળવે ભૂમિની રજને દૂર કરવા લાગ્યો. અને દેવતાઓએ ત્યાં સુગંધી જળનો છંટકાવ કર્યો, તેમજ રણભૂમિમાં વિકસિત પુષ્પો વરસાવ્યા. રાજકુંવર બાહુબલિ પણ સમરાંગણમાં સત્વર આવી પહોંચ્યા. મહાપરાક્રમી અને લીલાથી ચાલતા તે બંને, કૂર્મેંદ્રને પણ પ્રાણ–સંશય પમાડતા હતા. પ્રથમ દૃષ્ટિયુદ્ધ કરવાની પ્રતિજ્ઞાથી તે બંને વીર અનિમેષ, લોચન રાખીને સામસામા ઉભા રહ્યા. સન્મુખ રહીને રક્ત નેત્ર કરી તેઓ એક બીજાની સામે જોતાં, સંધ્યાકાલના સમયે સામસામા રહેલા સૂર્ય-ચંદ્રના જેવા શોભતા હતા. ધ્યાનસ્થ યોગીઓની જેમ તેઓ લાંબા વખત સુધી નિશ્ચળ નયન રાખીને ઉભા રહ્યા. છેવટે ઋષભસ્વામીના જ્યેષ્ઠ પુત્ર ભરતના લોચન મીંચાઈ ગયા, અને ભરતના છ ખંડનો જય કરવાથી પ્રાપ્ત થયેલ મહાન યશ પરિશ્રમના અતિશયપણાથી ભરતના નેત્રોમાંથી અશ્રુજળધારા વહી રહ્યો હોય તેમ ભાસ થવા લાગ્યો. તે વખતે મસ્તક ધુણાવતા દેવતાઓ

એ બાહુબલિ ઉપર પુષ્પની વૃષ્ટિ કરી! બાહુબલિનો વિજય થવાથી સોમપ્રભાદિક વીરોએ હર્ષથી મોટો કોલાહલ કરી મૂકયો. કીર્તિરૂપ નર્ત્તકીએ જાણે નૃત્યની શરૂઆત કરી હોય તેમ ઉદ્યત થયેલા બાહુબલિના સૈનિકોએ જયવાદ્ય વગાડ્યા. તે વખતે ભરતરાયના યોદ્ધાઓ જાણે મૂર્છિત પામ્યા હોય, અથવા જાણે નિદ્રિત થયા હોય તેમ મંદ થઇ ગયા, એટલે બંને પક્ષના સૈન્યો હર્ષ અને ખેદ પામ્યા.

એવામાં બાહુબલિએ ભરતપતિને કહ્યું કે—'કાકતાલીય ન્યાયથી તમે જીત મેળવી છે.' એમ ન કહેશો. જો તમારા અંતરમાં એમ હોય, તો હવે વાગ્યુદ્ધ પણ કરો.' બાહુબલિના આ કથનથી, પગથી દબાયેલા સર્પની જેમ ચક્રવર્ત્તીએ તેમ કરવાનું કબૂલ કર્યું, અને તેમણે એક મોટો સિંહનાદ કર્યો. તે દિગંતમાં વ્યાપી જતાં જાણે આકાશમાંથી ગ્રહ, નક્ષત્ર અને તારાઓને પાડતો હોય અથવા પર્વતોના ઉંચા શિખરોને જાણે ચલાયમાન કરતો હોય તેવો જણાયો. સિંહનાદની ઘોર ગર્જનાથી રથમાંના અશ્વો લગામ અવગણવા લાગ્યા. હાથીઓએ અંકુશની અવગણના કરી, ઉંટોએ નાસિકાની નાથની અને ખચ્ચરોએ ચાબુકના પ્રહારની અવગણના કરી. એ રીતે ભરતપતિના સિંહનાદથી ત્રાસ પામીને બધા અસ્થિર થઇ ગયા. ત્યારપછી બાહુબલિએ એક ભયંકર સિંહનાદ કર્યો. તે સાંભળતાં નીચે ઉતરતા ગરૂડની શંકાથી સર્પો ત્રાસ પામ્યા, મંદરાચલની શંકાથી સમુદ્રમાના જલજંતુઓ ત્રાસ પામના આમ

તેમ નાસવા લાગ્યા, ઈંદ્રના વજ્રની શંકાથી કુલપર્વતો કંપવા લાગ્યા. ભયભીત મનુષ્યો, કલ્પાંતકાળના ભયથી પૃથ્વીપર આમ-તેમ આળોટવા લાગ્યા અને દેવતાઓ આકાશે દૈત્યોના ઉપદ્રવની શંકાથી વ્યાકુલ થવા લાગ્યા. એ રીતે તે [illegible] સિંહનાદ અધિક અધિક વધવા લાગ્યો, બાહુબલિએ સિંહનાદ કર્યો ને ભરતચક્રીએ ફરી સિંહનાદ કર્યો. એમ બન્નેએ ઘણા સિંહનાદ કર્યા. તેમાં ભરતના સિંહનાદો બધા અનુક્રમે ન્યૂન-હીન થતા ગયા અને બાહુબલિના તો અધિક અધિક વધતા ગયા. એ પ્રમાણે [illegible] વાગ્યુદ્ધમાં પણ [illegible] બાહુબલિએ ભરતરાયને જીતી લીધા. પછી બન્ને [illegible], [illegible] [illegible] તૈયાર થયા. એટલે લોકોની [illegible] [illegible] [illegible] બાહુબલિનો એક મુખ્ય પ્રતિહાર [illegible] [illegible] કે —

[illegible]

આસ્ફોટ કરવા લાગ્યા. પદન્યાસ કરતા તે બંને લીલાથી સામસામા ચાલવા લાગ્યા. બળવંત હાથીઓ મદોન્મત્ત થઈ પોતાના દાંતને જેમ સામસામા ભટકાવે, તેમ તેઓ પોતાના હાથ પરસ્પર ભટકાવવા લાગ્યા. તે વીરો ક્ષણવાર જોડાઈ જતા, અને ક્ષણવાર જુદા પડતા હતા. ક્ષણવાર ઉંચે ઉછળતા, અને ક્ષણવારમાં નીચે પડતા હતા. ક્રોધથી તે બંને દોડી પરસ્પર બાથભીડી પગમાં આંટી નાંખી પાડવાની ચેષ્ટા કરતા હતા. કર્મવશ પ્રાણીની જેમ કોઈવાર તેઓ ઉંચે અને કોઈવાર નીચે જતા હતા, જલસ્થ મત્સ્યની જેમ વારંવાર વેગથી પરિવર્તન કરતાં તેઓને લોકો—'આ ઉંચે છે આ નીચે' એમ જાણી શકતા ન હતા. મોટા સર્પની જેમ તેઓ એકબીજાને બંધનરૂપ થઈ જતા અને પાછા તરતજ ચપળ વાંદરાની જેમ છુટા પડી જતા હતા. વારંવાર અવનીતલપર આળોટવાથી ધુલિધુસર થયેલા તે બંને ધુલિમદવાળા હસ્તી જેવા લાગતા હતા. તેમના ચરણઘાતના અવાજના મિષથી ધરણી જાણે ચિત્કાર કરતી હોય તેવી લાગતી હતી. છેવટે ક્રોધાયમાન થયેલા બાહુબલિએ ચક્રીને હાથમાં પકડીને આકાશમાં ઉછાળ્યો. ધનુષથી છુટેલા બાણ અને યંત્રથી છુટેલા પાષાણની જેમ ભરતપતિ, ગગનમાં બહુ ઉંચે ગયા, અને ત્યાંથી નીચે પડતાં ચક્રીના ભયથી બધા ખેચરો પલાયન થઈ ગયા. તે વખતે બંને સૈન્યોમાં હાહાકાર થઈ રહ્યો. મહાપુરૂષોને આપત્તિ પડતાં કોને ખેદ ન થાય? એવામાં બાહુબલિને વિચાર આવ્યો કે—"અરે! મારા બળને ધિક્કાર છે! મારા બાહુને ધિક્કાર

છે, સાહસ કામ કરનાર મને ધિક્કાર છે! અને આવા કામની ઉપેક્ષા કરતા બંને રાજ્યના મંત્રીઓને ધિક્કાર છે! અથવા તો અત્યારે આવી નિંદા કરવાની શી જરૂર છે? જ્યાં સુધી આ મારો જ્યેષ્ઠ બંધુ, પૃથ્વીતલપર પડીને વિશીર્ણ ન થઈ જાય ત્યાં સુધીમાં આકાશથી પડતા તેને હું ઝીલી લઉં, એમ ચિંતવીને તેણે પોતાની બંને ભુજા પસારી અને કંદુક (દડા) ની જેમ ઉપરથી પડતા ભરતરાયને ઝીલી લીધા. તે વખતે બંને સૈન્યોને, ચક્રીને ઉંચે ઉછાળવાથી ખેદ અને તેના રક્ષણથી હર્ષ થયો. વડીલ બંધુનું રક્ષણ કરતાં બાહુબલિના, વિવેક, વિદ્યા, શીલ અને ગુણની જેમ તેના પરાક્રમને પણ લોકો વખાણવા લાગ્યા. ત્યારે દેવતાઓએ બાહુબલિ ઉપર પુષ્પવૃષ્ટિ કરી. એવા વીરવ્રતધારી પુરૂષને તેથી પણ શું? આ બનાવને લીધે ભરતરાજાના અંતરમાં ખેદ અને ક્રોધ બંને ઉત્પન્ન થયા.

તે વખતે લજ્જાથી નતમુખ થયેલા મોટા ભાઈને ધીરજ આપવા બાહુબલિ ખેદ દર્શાવતાં બોલ્યા—'હે મહાભુજ! હે ભરતપતિ! તમે ખેદ ન કરો. દૈવયોગે વિજયી જનો પણ પરાજિત થાય છે. પરંતુ આટલેથી મેં તમને જીત્યા નથી અને હું વિજયી થયો. નથી આ મારો વિજય ઘુણાક્ષર ન્યાય [illegible] હું [illegible] હે [illegible] સુધી આ તમે એક [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

જેમ તમે અટકી કેમ રહ્યા? રણસંગ્રામને માટે સત્વર સજ્જ થાઓ.'

એટલે ભરતેશ્વરે કહ્યું—' આ મારો ભુજદંડ, (મુષ્ટિને તૈયાર કરી) પોતાના દોષને દૂર કરશે.' એમ કહી, કોપથી રક્ત લોચનવાળા ભરતેશ્વરે પોતાની મુષ્ટિ ઉપાડી, બાહુબલીની છાતીમાં તેણે પ્રહાર કર્યો, પણ કુપાત્રે આપેલ દાનની જેમ, ક્ષારભૂમિમાં વરસતા મેઘની જેમ, તથા જંગલમાં કરેલા સંગીતની જેમ બાહુબલિની છાતીમાં કરેલ તે મુષ્ટિપ્રહાર વ્યર્થ ગયો. ત્યારપછી બાહુબલિએ મુષ્ટિ ઉપાડી ભરતરાયની સામે આવીને તેણે તેના ઉરસ્થલમાં પ્રહાર કર્યો. એટલે વજ્રથી પર્વત જેમ પડી જાય તેમ તે મુષ્ટિના પ્રહારથી ભરતરાજા વ્યાકુલ થઈ મુર્છા પામીને ધરણીપર ઢળી પડ્યા! તેમના પડવાથી કુલીન કાંતાની જેમ ભૂમિ કંપાયમાન થઈ અને પર્વતો ચલાયમાન થયા. મોટા ભાઈને મૂર્છિતાવસ્થામાં જોઈ બાહુબલિને ચિંતા થઈ કે—' ક્ષત્રીયોના વીરવ્રતમાં એવો તે કેવો કદાગ્રહ હશે કે બંધુને પણ મરણ પમાડવા સુધીનો વિગ્રહ થાય. હવે આ જ્યેષ્ઠ બંધુ નહિ છતે, તો મારે પણ જીવવાથી શું?' એમ ચિંતવી આધાર અશ્રુઓથી પૃથ્વીને પલાળતો બાહુબલિ પોતાના ઉત્તરીય વસ્ત્રથી ભરતપતિને પવન કરવા લાગ્યો. અહો! આખરે બંધુ તે બંધુ જ! ક્ષણવાર પછી સાવધાન થઈ ચક્રવર્તી બેઠા થયા અને દાસની જેમ આગળ ઉભેલો બાહુબલિ તેના જોવામાં આવ્યો. ત્યારે

બંને બાંધવ નતમુખ થઈ રહ્યા. અહો ! મહાપુરૂષોને જય અને પરાજય બંને લજ્જાના કારણરૂપ થાય છે.

પછી ચક્રવર્તી જરા પાછા હઠયા, એટલે બાહુબલિને લાગ્યું કે—' આર્ય ભરત હજી કોઇ પણ પ્રકારનું યુદ્ધ કરવા ઇચ્છે છે. માની પુરૂષો જીવતાં સુધી માનને ન મૂકે, પણ ભ્રાતૃહત્યાથી મને મોટો અવર્ણવાદ પ્રાપ્ત થશે.' એમ બાહુબલિ વિચારે છે, તેવામાં હાથમાં દંડ લઈને ભરતપતિ તેને આકાશમાં ક્ષણવાર ભમાડવા લાગ્યા. પછી તે દંડવતી તેણે બાહુબલિને મસ્તકમાં પ્રહાર કર્યો. તે દંડના સખ્ત પ્રહારથી બાહુબલિના મસ્તકનો મુગટ ચુર્ણ થઈ ગયો અને તેમાં રહેલા વિવિધ રત્નો જમીનપર ખરી પડયા. તે પ્રહારથી બાહુબલિના લોચન ક્ષણભર મીંચાઇ ગયા અને તેના ઘોર અવાજથી લોકો પણ આકુળ—વ્યાકુળ થઇ ગયા પછી બાહુબલીએ નેત્ર ખોલીને લોખંડનો એક પ્રચંડ દંડ ઉપાડયો. તે વખતે 'આ શું મને પાડી નાખશે ? ' એમ આકાશને શંકા થઈ અને ' આ શું મને ભેદી નાંખશે ? ' એવી વસુધાને પણ શંકા થઈ પડી. યમરાજના વાવટા જેવા તે લોહદંડને પ્રથમ બાહુબલિએ ભમાવ્યો અને પછી તે દંડવતી તેણે ભરતપતિના હૃદયપર નિર્દય રીતે ઘા કર્યો. ચક્રીનું બખ્તર જો કે બહુ મજબુત હતું, છતાં તે પ્રહારથી માટીના ઘડાની જેમ તે ભૂક્કે ભૂકા થઇ ગયું. ત્યારે ભરતેશ્વર થોડીવાર વ્યાકુલ થઇને કંઈ પણ વિચાર કરી ન શકયા. પછી સાવધાન થતાં ફરીવાર દંડ ઉગામીને

તેઓ બાહુબલિ તરફ ધસ્યા, અને ભમ્મર ચડાવી, વડવાનલના જેવા ભયંકર બનીને ચક્રીએ તે દંડને ખૂબ ભમાવ્યો. પછી તેણે બાહુબલિના મસ્તકમાં ઘા કર્યો. તે દંડના પ્રહારથી બાહુબલિ ઢીંચણ સુધી જમીનમાં પેસી ગયો અને તે દંડ બાહુબલિપરના પ્રહારથી વિશીર્ણ થઇ ગયો. તે ઘાતની વેદનાને લીધે બાહુબલિ શિર ધુણાવવા લાગ્યો. અને ક્ષણવાર તેને કંઇ પણ ભાન ન રહ્યું. પછી તરતજ જમીનમાંથી બહાર નીકળી તે પોતાના ભુજદંડ અને પ્રચંડ દંડને જોવા લાગ્યો. તે દંડ પોતાના હાથમાં રાખીને બાહુબલિ, અતિ વેગથી ભમાવવા લાગ્યો. એટલે ભમતા તે દંડને જોઇ લોકોના લોચનને પણ ભ્રમ થઇ જતો. તે વખતે સૈન્યના સમસ્ત સૈનિકો તથા દેવતાઓને શંકા થઇ પડી કે—' બાહુબલિના હાથમાંથી પડતાં જો દંડ ઉછળશે, તો કાંસાના થાળની જેમ સૂર્યને પણ ફોડી નાખશે, પક્ષીના ઈંડાની જેમ ચંદ્ર-મંડલને ચુર્ણ કરશે, તારાઓને નીચે પાડી દેશે, વૈમાનિક દેવોના વિમાનોને ઉડાડી દેશે, પર્વતના શિખરોને રાફડાની જેમ ભાંગી નાખશે અને કાચી માટીના ગોળાની જેમ પૃથ્વીને ભેદી નાખશે.' એવામાં બાહુબલિએ તે દંડ, ભરતપતિના મસ્તકપર માર્યો. તે જબરજસ્ત દંડાઘાતથી ચક્રી કંઠ સુધી પૃથ્વીમા પેસી ગયા. અને તેના સૈનિકો પણ ખેદ પામતા પૃથ્વીપર પડી ગયા. ચક્રી જમીનમાં નિમગ્ન થતાં ગગનમાં દેવતાઓનો અને પૃથ્વી પર મનુષ્યોનો મોટો કોલાહલ થઇ પડ્યો. તે વખતે નેત્ર મીંચાઇ જતાં અને મુખ શ્યામ થઇ જતાં ભરતપતિ, ક્ષણવાર

ભૂમિની અંદરજ સ્થિર થઈ ગયા. પછી તરતજ પૃથ્વીમાંથી બહાર નીકળી ચક્રીએ ચિંતવ્યું કે—' બાહુબલિએ મને બધી જાતના યુદ્ધમાં પરાજિત કર્યો; તેથી હવે મારૂં સાધેલું આ ભરતક્ષેત્ર, શું બાહુબલિના ઉપયોગમાં આવશે ? એક મ્યાનમાં જેમ બે તરવાર ન હોય, તેમ સમકાળે આ ભરતક્ષેત્રમાં બે ચક્રવર્ત્તી જોયા કે સાંભળ્યા પણ નથી. દેવતાઓથી ઇંદ્ર અને રાજાઓથી ચક્રવર્ત્તી જીતાય—એવુ પ્રથમ કોઇ વખત સાંભળ્યું નથી. ત્યારે બાહુબલિથી જીતાયેલ હું શું પૃથ્વીમાં ચક્રવર્ત્તી નહિ થાઉં ? અને મારાથી ન જીતાયેલ એ બાહુબલિ ચક્રી થશે. '

એ પ્રમાણે ભરતપતિ ચિંતવે છે, એવામાં યક્ષોએ તેના હાથમાં ચક્ર મૂક્યું. એટલે તેના પ્રત્યયથી પોતાનામાં ચક્રીત્વ માનનાર ચક્રી, તે ચક્રને આકાશમાં ભમાવવા લાગ્યા. ગગનમાં ભમતું તે ચક્ર, અકાળે કલ્પાંતકાળના ભયંકર અગ્નિ સમાન, વડ્વાનલ સમાન, ઉલ્કાપુંજ સદૃશ અને વીજળીના ગોળા તુલ્ય ભાસવા લાગ્યું. પ્રહાર કરવાને ઉપાડેલ તે ચક્રને જોતાં મનસ્વી બાહુબલિએ વિચાર કર્યો કે—' પોતાને ઋષભસ્વામીના પુત્ર તરીકે મનાવનાર ભરત રાજાને ધિક્કાર છે, અને એના ક્ષાત્રવ્રતને પણ ધિક્કાર છે, કે મેં દંડાયુધ ધારણ કર્યું અને એણે ચક્ર ઉપાડ્યું. દેવતાઓની સમક્ષ ઉત્તમ યુદ્ધની તેણે પ્રતિજ્ઞા લીધી હતી, પણ આમ કરવાથી એણે તે પ્રતિજ્ઞા પર પાણી ફેરવ્યું છે, માટે એને ધિક્કાર છે. ચક્ર

બતાવીને એણે સમસ્ત વિશ્વને ભીતિ ઉપજાવી, તેમ મને પણ એ ભય પમાડવા ધારે છે, પણ પોતાના ભુજદંડનું બળ જેમ એના જાણવામાં આવી ગયું, તેમ આ ચક્રનું બળ પણ ભલે એ જોઇ લે.' એમ વિચારતા બાહુબલિ તરફ ચક્રીએ પોતાના સર્વ બળથી ચક્ર છોડ્યું. ત્યારે પોતાની પાસે ચક્ર આવતું જોઇને બાહુબલિ ચિંતવવા લાગ્યો કે—

"અરે! જીર્ણ પત્રની જેમ આ ચક્રને ચૂર્ણ કરી નાખું, કંદુકની લીલાની જેમ સામે આઘાત કરી તેને ફેંકી દઉં, પત્થરના કટકાની જેમ તેને ગગનમાં ઉછાળી દઉં, ચપળ ચકલીના બચ્ચાંની જેમ તેને હાથમાં પકડી લઉં, બાળકના નાળની જેમ તેને પૃથ્વીમાં દાટી દઉં, કે ઘંટીમાં નાખેલા કણની માફક તેના અધિષ્ઠાયક હજાર યક્ષોને દંડથી દળી નાખું, અથવા તો એ બધા વિધાન મુલત્વી રાખી પ્રથમ તે ચક્રનું બળ તો જોઉં.' એમ બાહુબલિ ચિંતવે છે, તેવામાં ચક્રે તેની પ્રદક્ષિણા કરી. સામાન્ય સગોત્રી પુરૂષ ઉપર પણ ચક્રવર્તીનું ચક્ર ચાલી ન શકે, તો તેવા ચરમશરીરી પુરૂષ ઉપર શી રીતે ચાલે? એટલે ચક્ર પાછું આવીને ભરતપતિના હાથમાં બેઠું. એવામાં બાહુબલિને વિચાર આવ્યો કે— 'મારવાની વિધિમાં વિષધારી સર્પના વિષની જેમ ચક્રીને અમોઘ અસ્ત્ર તો એક ચક્રજ હતું, હવે એની પાસે તેના જેવું બીજું અસ્ત્ર તો નથીજ. માટે હું દંડાયુધથી સામે થનાર છતાં મારા પર ચક્ર છોડી અન્યાય કરનાર એ ભરતને

તેમજ તેના ચક્રને મુષ્ટિ પ્રહારથી ચોળી નાખું.' એમ અમર્ષથી ચિંતવીને બાહુબલિ, યમરાજની જેમ ભયંકર મુષ્ટિ ઉગામીને ભરતપતિ તરફ દોડ્યો.



પ્રકરણ ૨૭ મું.

સમરાંગણે સંયમ.

મહા બલિષ્ઠ બાહુબલિ, ભરતરાયની નજીક દોડી આવ્યો, સમુદ્ર જેમ પોતાની મર્યાદામાં રહે, તેમ તે ત્યાં સ્થિર થઇ ઉભો રહી ગયો, અને મહા સમર્થ તે પોતાના અંતઃકરણમાં ચિંતવવા લાગ્યો કે—" અહો ! આ ચક્રીની જેમ હું પણ રાજ્યમાં લુબ્ધ બની મોટા ભાઇનો વધ કરવા તૈયાર થયો છું, તેથી હું એક શિકારી કરતાં પણ વધારે પાપી છું. જ્યાં ભાઇ કે ભત્રીજાને મારી નાખવા પડે તેવા અધમ રાજ્યને મેળવવા કોણ પ્રયત્ન કરે ? રાજ્યલક્ષ્મી પામ્યા છતાં અને ઇચ્છાનુસાર તેને ભોગવ્યા છતાં મદિરા પિનાર પુરૂષની જેમ રાજાઓને તેનાથી તૃપ્તિ થતી નથી. આરાધ્યા છતાં અલ્પ છિદ્રને પામીને રાજ્યલક્ષ્મી ક્ષણવારમાં વિમુખ થઇ જાય છે. અમાવાસ્યાની રજનીની જેમ એ મહાતમ (તિમિર) વાળી છે, નહિ તો પિતાજી તૃણની જેમ તેનો શા માટે ત્યાગ કરે ? તે પિતાનો હું પુત્ર છતાં મેં લાંબા

કાળે તેને અનર્થકારક જાણી. માટે એ રાજ્યલક્ષ્મી સર્વથા ત્યાગ કરવા લાયકજ છે.'' એમ દૃઢ નિશ્ચય કરી મહાત્મા બાહુબલિએ ભરતપતિને કહ્યું કે—' હે ક્ષમાનાથ ! હે વડીલ ભ્રાતા ! એક નજીવા રાજ્યની ખાતર શત્રુની જેમ મેં તમને ખેદ પમાડ્યો તે ક્ષમા કરજો. આ સંસારરૂપ મહાદ્રહમાં તંતુપાશ જેવા ભાઇ, પુત્ર, કલત્રાદિ તથા રાજ્યથી પણ મારે સર્યું. હું તો હવે જગતસ્વામી પિતાજીના પંથે પ્રવર્તીશ !'

એમ કહી સાહસિક શિરોમણિ બાહુબલિએ તે ઉગામેલ મુષ્ટિથીજ તૃણની જેમ પોતાના મસ્તકપરના કેશનો લોચ કરી નાખ્યો. તે વખતે દેવતાઓએ જય જય શબ્દના નાદ સાથે તેનાપર પુષ્પવૃષ્ટિ કરી. પછી પાંચ મહાવ્રત ધારણ કરીને બાહુબલિએ પોતાના મનમાં વિચાર કર્યો કે—' જો અત્યારે હું પિતાજીના ચરણ પાસે જાઉં, તો પૂર્વે વ્રત લેનારા મારા નાના ભાઇઓમાં મને લઘુતા મળે. માટે હાલ તો અહીંજ રહી, ધ્યાનરૂપ પ્રબળ અગ્નિથી ઘાતિકર્મોને ભસ્મ કરી, કેવળજ્ઞાન પ્રગટાવીને પછી પ્રભુની પર્ષદામાં જઇશ.' એમ ચિંતવીને મનસ્વી બાહુબલિ પોતાના બન્ને હાથ લાંબા કરીને ત્યાંજ કાયોત્સર્ગમાં રહ્યા. પોતાના બંધુની આવી સ્થિતિ જોઇ, ભરતપતિ પોતાના કુકર્મને વિચારી જાણે પૃથ્વીમાં પેસી જવા માગતા હોય તેમ નતમુખ થઇને ત્યાં ઉભા રહ્યા. ક્ષણવારમાં [illegible] સાક્ષાત્ શાંતરસની મૂર્તિ જેવા પોતાના બંધુ બાહુબલિને [illegible] બાહુબલિ મુનિની

ગુણસ્તુતિ પૂર્વક તેઓ પોતાની નિંદા કરવા લાગ્યા—' હે પુરૂષ શિરોમણિ! તમે ધન્ય છો. મારી અનુકંપા લાવીને તમે રાજ્યનો પણ ત્યાગ કર્યો. હું દુર્મદ અને પાપી છું કે અસંતુષ્ટ થઇને મેં તમને ઉપદ્રવ કર્યો પોતાની શક્તિથી અજ્ઞાત અન્યાયી અને લોભી–એવા જનોમાં હું મુખ્ય છું. આ રાજ્યને જેઓ સંસારરૂપ વૃક્ષના બીજ સમાન જાણતા નથી, તેઓ અધમ પુરૂષો છે. હું તેથી પણ અધિક અધમ છું. કારણ કે તેવું જાણ્યા છતાં આ રાજ્યને હું તજતો નથી, પિતાજીના તમે સાચા પુત્ર છો કે પિતાના પંથે પ્રવર્ત્યા. હું પણ જો તમારા જેવો બનું, તો પિતાનો સાચો પુત્ર કહેવાઉં. ' એમ પશ્ચાતાપથી પોતાના ખેદને તેણે દૂર કર્યો. પછી ભરતપતિએ બાહુબલિના પુત્ર ચંદ્રયશાને તેના રાજ્યપર બેસાર્યો. ત્યારથી પૃથ્વીપર ચંદ્રવંશ પ્રવર્ત્તમાન થયો.

પછી બાહુબલિ મુનિને નમસ્કાર કરીને ભરતેશ્વર, સામંત પરિવારસહિત પોતાની અયોધ્યા નગરીમાં આવ્યા. બાહુબલિ મહાત્મા ત્યાં એક સ્થાને કાયોત્સર્ગે ધ્યાને ઊભા રહ્યા. અગ્નિના [illegible]

વહેતા જળથી ઉત્પન્ન થયેલા સેવાળથી તેમના બંને પગ લિપ્ત થઈ ગયા. હેમંતઋતુની રાત્રિઓમાં પણ કોલરના પુષ્પની જેમ બાહુબલિ મુનિનું ધર્મધ્યાન વિશેષ વધવા લાગ્યું. વનમહિષો વૃક્ષના થડની જેમ તેમના શરીરે શૃંગના આઘાતપુર્વક પોતાના સ્કંધ ખંજવાળતા હતા. સલ્લકી વૃક્ષના પલ્લવની ભ્રાંતિથી વનગજો તે મહાત્માના હાથપગને ખેંચતા હતા. ચમરીગાયો નિઃશંકપણે ત્યાં આવી, ઉંચાં મુખ કરી, કરવતી જેવી કાંટાવાળી પોતાની જીભથી તેમને ચાટતી હતી. ઉંચી પ્રસરતી સેંકડો લતાઓ તેમના શરીરે વીંટાઈ રહી હતી. વર્ષાકાળના કાદવમાં નિમગ્ન થયેલા તેમના ચરણુને વીંધીને દર્ભની શુળો ઉગી નીકળી હતી. વેલોથી આચ્છાદિત થયેલા તેમના શરીરે સીંચાણા અને ચકલાઓ પરસ્પર વિરોધ વિના માળા બાંધીને રહ્યા હતા. વનમયૂરના કેકારવથી ત્રાસ પામતા સેંકડો મોટા સર્પો, તેમના શરીરે ચઢતા અને લટકતા હતા. તે લાંબા સર્પોથી મહાત્મા બાહુબલિ જાણે સેંકડો હાથવાળા હોય તેવા લાગતા હતા. તેમના ચરણ પાસેના રાફડામાંથી નીકળતા સર્પો પગના કડાંની જેમ તેમના ચરણે વીંટાઈ રહેતા હતા!

એ રીતે ધ્યાનમગ્ન થયેલા બાહુબલિ મુનિને એક વર્ષ વ્યતીત થયું તે વખતે વિશ્વવત્સલ ભગવંતે બ્રાહ્મી અને સુંદરીને બોલાવીને કહ્યું કે—' અત્યારે બાહુબલિ મુનિ પોતાના પ્રચુર કર્મને ક્ષીણ કરી, શુકલપક્ષની ચતુર્દશીના ચંદ્ર જેમ તમ રહિત થયા છે. પણ પડદામાં રહેલ પદાર્થ જેમ જોવામાં ન

આવે, તેમ મોહનીય કર્મના અંશરૂપ માનથી તે કેવળજ્ઞાન પ્રગટાવી શકતા નથી. અત્યારે તમો બંનેના વચનથી તે માન મૂકી દેશે. માટે તમે બન્ને તેમને ત્યાં ઉપદેશ કરવા જાઓ. કારણ ઉપદેશનો અવસર છે.' ભગવંતની એ પ્રમાણે આજ્ઞા થતાં બ્રાહ્મી અને સુંદરી, પ્રભુને નમસ્કાર કરીને બાહુબલિ પાસે ગઈ. જ્ઞાની ભગવાન, બાહુબલિના માનને અવશ્યમેવ જાણતા હતા, છતાં એક વર્ષ સુધી તેની ઉપેક્ષા કરી રહ્યા હતા. કારણ કે તીર્થંકરો અવસરેજ ઉપદેશ આપે છે.

સાધ્વી બ્રાહ્મી અને સુંદરી ત્યાં ગયા, પણ [illegible] વેલડીઓથી વીંટાયેલ રહેલા તે મહામુનિ ક્યાંય તેમના જોવામાં ન આવ્યા. [illegible]

[illegible]

મોટા અને વયથી નાના મારા ભાઇઓને હું નમસ્કાર કેમ કરૂં ?" આવા માનરૂપ હસ્તીપર હું નિર્જયરીતે આરૂઢ થયો હું ત્રિલોકગુરૂની આટલો વખત મેં સેવા કરી, તોપણ મારામાં વિવેક ન આવ્યો. જેથી પૂર્વના વ્રતધારી એ મારા મહાત્મા ભ્રાતાઓને 'એકનિષ્ઠ છે.' એમ સમજી તેમને વાંદવાની ઇચ્છા મને ન થઇ. હવે અત્યારે જ ત્યાં જઇને એ મહામુનિઓને વંદન કરૂં.'

એમ વિચારી મહાબલિષ્ઠ બાહુબલિએ પોતાનો પગ ઉપાડયો, એટલે તેજ વખતે ચોતરફથી લતાઓ અને વેલડીઓ સાથે તેમના ઘાતીકર્મો પણ તૂટી ગયા અને તેજ પગલે તેમને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. પછી કેવલજ્ઞાની અને કેવલ દર્શની બાહુબલિ મહાત્મા, શ્રીઆદિનાથ ભગવંત પાસે આવ્યા, ત્યાં પ્રભુને પ્રદક્ષિણા દઇ, તીર્થને નમસ્કાર કરી, પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરનાર મહામુનિ બાહુબલિ કેવલીની પર્ષદામાં જઇને બેઠા.



પ્રકરણ ૨૮ મું.

મરીચિના મનોભાવ.

ઋષભસ્વામીના શિષ્ય મરીચિ અગીઆર અંગ ભણ્યો. તે ભરતપુત્ર મરીચિ, સ્વામીની સાથે વિહાર કરતો હતો

એક વખત ગ્રીષ્મઋતુના મધ્યાન્હ સમયે સૂર્યના તાપથી રસ્તાઓની રજ સખ્ત તપી ગઈ હતી. જાણે અદ્રશ્ય થયેલી અગ્નિજ્વાળાઓ હોય તેવા ગરમાગરમ વંટોળીયાથી બધા રસ્તા વ્યાપ્ત હતા. આ વખતે પગથી માથા સુધી મરીચિનું શરીર પરસેવાથી તરબોળ થઈ ગયું. પરસેવાથી ભીંજાયેલા વસ્ત્રોને લીધે તેના શરીરના મેલનો દુઃસહ ગંધ છૂટતો હતો. તેના ચરણ બળતા હતા અને સખ્ત ગરમીને લીધે તે તૃષાતુર થઈ ગયો હતો. આ પ્રસંગે અકળામણ પામતો મરીચિ પોતાના મનમાં વિચારવા લાગ્યો કે—

"અહો! કેવલજ્ઞાની અને ત્રણ જગતના ગુરૂ એવા ઋષભસ્વામીનો હું પૌત્ર છું. તેમજ ભરતક્ષેત્રના છ ખંડના ભોક્તા ભરત મહારાજાનો હું પુત્ર છું. વળી ચતુર્વિધ શ્રીસંઘ સમક્ષ ઋષભસ્વામી પાસે મેં પંચ મહાવ્રતના ઉચ્ચારપૂર્વક દીક્ષા લીધી છે. માટે વીરવ્રતીને જેમ રણાંગણમાંથી ભાગી જવું ઉચિત નથી, તેમ પંચ મહાવ્રતથી પતિત થઈ મારે ઘરે જવું યુક્ત નથી. વળી મેરૂપર્વત સમાન ચારિત્રને વહન કરવાને એક મુહૂર્ત પણ હું સમર્થ નથી, તેમ તેનો ત્યાગ કરીને ઘેર જતાં કુલને કલંક લાગે છે તેથી નદી-વ્યાઘ્રનો ન્યાય મને લાગુ પડે છે અહો! ઠીક છે, મારા મનમાં આવ્યું કે—આ વિષમ માર્ગમાં પણ સુગમ માર્ગ છે. આ મુનિઓ મનદંડ, વચનદંડ અને કાયદંડને જીતનારા છે, અને હું [illegible]

મુંડન કરાવીને શિખાધારી થઈશ. એ સંયતો સ્થુલ અને સૂક્ષ્મ પ્રાણીઓના વધાદિકથી વિરમ્યા છે, તો હું માત્ર સ્થુલ પ્રાણીઓના વધથી વિરમીશ. એ મહાત્માઓ અકિંચન થઈને વિચરે છે અને હું સુવર્ણમુદ્રાદિક રાખીશ. એ રૂષિઓએ ઉપાનનો ત્યાગ કર્યો છે, તો હું ઉપાનને ધારણ કરીશ. એ સાધુઓ અઢાર હજાર શીલાંગથી સુગંધિત છે અને હું તેથી રહિત હોવાથી દુર્ગંધયુક્ત છું તેથી ચંદનાદિકને ગ્રહણ કરીશ. એ શ્રમણો મોહરહિત છે અને હું મોહસહિત છું, તેથી તેની નિશાનીરૂપ છત્રને મસ્તકપર ધારણ કરીશ. એ મહાત્માઓ કષાયરહિત હોવાથી શ્વેત વસ્ત્રને ધારણ કરે છે અને હું કષાયસહિત હોવાથી તેના સ્મરણ તરીકે કષાયેલાં વસ્ત્રને ધારણ કરીશ. એ મુનિઓએ ઘણા જીવવાળા સચિત્ત જળનો ત્યાગ કર્યો છે; પણ હું તો પરિમિત સચિત્ત જળથી સ્નાન અને પાન કરીશ."

એ પ્રમાણે પોતાની બુદ્ધિથી વેષ (લિંગ) કલ્પીને તે ધારણ કરીને મરીચિ, સ્વામીની સાથે વિહાર [illegible] [illegible] કે [illegible] [illegible] [illegible] [illegible] છે, તેને મરીચિ, [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. પરંતુ [illegible]

રીતે કેમ આચરતો નથી ?' એમ કોઈ પૂછતા ત્યારે તે પોતાની નિર્બળતા બતાવતો એમ કરતાં પ્રતિબોધ પામી કોઈ ભવ્ય જીવ દીક્ષા લેવા તત્પર થાય તો તેને તે ભગવંતની પાસે મોકલતો. એટલે સ્વામી પોતે તેને દીક્ષા આપતા હતા.

વિભુ સાથે વિહાર કરતા એ મરીચિને એક વખત મહા ઉત્કટ રોગ પેદા થયો. એટલે વ્રતભ્રષ્ટ તે મરીચિની સાધુઓએ સારવાર ન કરી. શેલડીનો વાડો જેમ રક્ષક વિના ડુક્કરાદિકથી વિશેષ બાધા પામે, તેમ ઉપચાર વિના મરીચિનો એ રોગ વધારે કષ્ટદાયક થઇ પડ્યો. મહા–અરણ્યમાં સહાયતા વિનાના પુરૂષની જેમ ભયંકર રોગથી પીડાતો મરીચિ પોતાના મનમાં ચિંતવવા લાગ્યો કે—"અહો ! મારે આ ભવમાં જ કોઈ અશુભ કર્મનો ઉદય થયો લાગે છે, જેથી પોતાના સાધુઓ પણ મારી ઉપેક્ષા કરે છે. પરંતુ ઘુવડ સૂર્યને ન જોઈ શકે, તેમાં સૂર્યનો દોષ નથી તેમ મારો ઉપચાર ન કરતાં એવા એ મુનિઓનો કંઈ દોષ નથી, કારણકે કુલીન જનો જેમ મ્લેચ્છની સેવા ન કરે તેમ એ સાધુઓ સાવદ્ય કર્મથી વિરમેલા છે અને હું સાવદ્ય કર્મ કરનાર છું, તો તેઓ મારું વૈયાવચ્ચ કેમ કરે ? વળી તેમની પાસે વૈયાવચ્ચ કરાવવી, તે પણ મારે ઉચિત નથી. હવે તો મારા ઉપચારને માટે કોઈ મંદધર્મી પુરૂષને [illegible] પછી તે મરીચિ કેટલાક [illegible] [illegible]

હવે એકદા ભગવંત ઋષભસ્વામી ધર્મદેશના આપતા હતા, ત્યાં કોઈ દૂરભવ્ય કપિલ નામે રાજપુત્ર આવીને ધર્મ સાંભળવા બેઠો. એટલે ચકવાને જેમ ચાંદની ન ગમે, ઘુવડને જેમ દિવસ ન રૂચે, વાયુરોગવાળાને જેમ શીતલ પદાર્થ ન ગમે અને બકરાને જેમ મેઘ ન રૂચે, તેમ તે કપિલને ભગવંતે કહેલો ધર્મ રૂચ્યો નહિ. તે વખતે કોઈ જુદા પ્રકારનો ધર્મ સાંભળવાની ઈચ્છાથી તેણે આમતેમ નજર ફેરવી, ત્યાં મુનિઓમાં રહેલા વિલક્ષણ વેષધારી મરીચિ તેના જોવામાં આવ્યો. એટલે કપિલ ત્યાંથી ઉઠીને મરીચિ પાસે આવ્યો, અને તેણે મરીચિને ધર્મનો માર્ગ પૂછયો. ત્યારે મરીચિએ તેને કહ્યું કે—"અમારી પાસે ધર્મ નથી, જો ધર્માર્થી હો, તો સ્વામીનોજ આશ્રય કરો.' મરીચિના આવા કથનથી કપિલ પાછો ભગવંત પાસે આવ્યો, અને પ્રથમની જેમ ધર્મદેશના સાંભળવા લાગ્યો. તેના ગયા પછી મરીચિને વિચાર આવ્યો કે—'અહો ! સ્વકર્મથી દૂષિત આ પુરૂષને ભગવંતનો ધર્મ રૂચ્યો નહિ. સંપૂર્ણ સરોવર છતાં ચાતકને તેથી શો લાભ ?'

થોડીવાર થતાં કપિલ પાછો મરીચિ પાસે આવીને કહેવા લાગ્યો—'શું તમારી પાસે જેવો તેવો ધર્મ પણ નથી ? જો તે ન હોય, તો તેના મત પણ શી રીતે સધાય ?' એટલે મરીચિએ વિચાર કર્યો કે—"નસીબયોગે આ કોઈ મને છેડસે તેવો મળી આવ્યો લાગે વખત વરખે વરખાનો યોગ કર્યો છે માટે સહાય વિનાના મને એ ભલે સહાયકારી થાય.'

એમ વિચારી મરીચિએ કપિલને કહ્યું કે—"ત્યાં પણ ધર્મ છે અને અહીં પણ ધર્મ છે." આ એક દુર્ભાષણ (ઉત્સૂત્ર કથન) થી તેણે પોતાને માટે કોટાકોટિ સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સંસાર વધારી મૂક્યો. પછી તેણે કપિલને દીક્ષા આપીને પોતાનો સહાયક બનાવ્યો ત્યારથી પરિવ્રાજક મતનું પાખંડ પ્રવર્તમાન થયું.

પ્રકરણ ૨૯ મું

ભગવાનની ભક્તિ.

જગદ્ગુરુ શ્રી ભગવંત શ્રી વર્ધમાનસ્વામી વિહારથી પૃથ્વીને

છ ઋતુઓ સમકાલે તેમની ઉપાસના કરવી, વૃક્ષો બાજુ દૂરથી નીચા થઈને તેમને નમતા હોય તેવા લાગતા, શીતલ મૃદુ અને અનુકૂળ થઈને પવન તેમની નિરંતર સેવા કરતો, પક્ષીઓ તેમને નીચે ઉતરીને પ્રદક્ષિણા કરતા, ઓછામાં ઓછા એક કોટિ દેવતાઓ તેમની પાસે રહેતા, છત્ર અને ચામરોથી તેઓ વિરાજીત હતા તથા લાખ્ખો શ્રમણોથી પરિવૃત થયેલા ભગવંત વિચરતા એકદા અષ્ટાપદ પર્વત-પર પધાર્યા.

એ અષ્ટાપદ ગિરિ શ્વેત હોવાથી શરદઋતુના વાદળા જેવો અથવા ક્ષીરસાગર સમાન લાગતો હતો. પોતાના બચ્ચાંઓને ધવરાવતી હરણીઓના ઝરતા દુધથી તેના લતાવનને સિંચન થતું, અપ્સરાઓના સ્નાન કરવાના ઘસારાથી તેનાં સરોવરનું જળ તરંગિત થયું હતું, અનેક પ્રકારની ક્રીડા કરતા યક્ષોનો ત્યાં કોલાહલ થઈ રહ્યો હતો, વળી ત્યાં કોઈ સ્થળે કિન્નરીઓ, કયાંક ભીલડીઓ અને કોઈ ઠેકાણે વિદ્યાધરીઓ ગમ્મતના ગીત ગાતી હતી, પાકેલા દ્રાક્ષફળ ખાઈને ઉન્મત્ત બનેલા શુક પક્ષીઓ કયાંક શબ્દ કરતા, કયાંક આમ્રમંજરી ખાવાથી ઉન્મત્ત થયેલી કોકિલાઓ પંચમ સ્વર લલકારતી હતી, કોઈ ઠેકાણે હંસો, કયાંક મયૂરો અને કયાંક સારસ પક્ષીઓ શબ્દ કરતા હતા, અનેક જાતની વૃક્ષઘટાથી તે વધારે મનોહર લાગતો અને આઠ યોજન ઉંચો હોવાથી તે ગગન સાથે વાતો કરતો હતો. પવનથી ખરતા પુષ્પોથી

અને નિઝરણાના જળથી જાણે ભગવંતને અર્ઘ્ય આપતો હોય તેવો લાગતો અને હર્ષિત થયેલા કોકિલાદિના શબ્દના મિષથી જાણે તે પર્વત, પ્રભુના ગુણ ગાતો હોય તેવો લાગતો હતો.

ભગવંતના પધારતાં દેવતાઓએ પ્રથમની જેમ તરતજ સમવસરણની રચના કરી. એટલે તીર્થને નમસ્કાર કરીને પ્રભુ રત્નસિંહાસન પર બિરાજમાન થયા. એવામાં પોતાના પરિવાર સહિત ઇંદ્ર ત્યાં આવ્યો અને ભગવંતને ત્રણ પ્રદક્ષિણા દઈ નમસ્કાર કરીને ભક્તિપૂર્વક સ્તુતિ કરવા લાગ્યો—

'હે ભગવન્! યોગીઓથી પણ સર્વથા ન સમજી શકાય તેવા આપના ગુણો ક્યાં અને નિત્ય પ્રમાદી હું સ્તોતા ક્યાં? હે નાથ! સંસારના તાપથી ક્લેશ પામતા પ્રાણીઓને આપના ચરણની શીતળ છાયા, છત્રછાયા કરતાં અધિક છે, હે જગત્પતિ! આપ મારી રક્ષા કરો! આપના દર્શન પામનાર તિર્યંચો પણ ધન્ય છે, અને આપના દર્શનથી જે શૂન્ય છે. તે સ્વર્ગમાં વસનાર હોય છતાં અધન્ય છે. હે કૃપાનિધાન! આપ જેના હૃદયરૂપ ચૈત્યમાં એક અધિદેવતા થઈને રહ્યા છો, તે પ્રાણી ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ છે. હે વિભો! હું આપની પાસે એટલીજ માગણી કરું છું કે આપ કદાપિ મારા અંતરથી અલગ ન થશો.' એ પ્રમાણે સ્તુતિ કરીને ઇંદ્ર પોતાના ઉચિત સ્થાને બેઠો.

[illegible]

મહારાજાને કહી સંભળાવ્યો. એટલે ભરતપતિએ સાડી બાર કોટિ સુવર્ણ તેમને તુષ્ટિદાનમાં આપ્યું; પછી ભગવંતને વંદના કરવા જવાને ચક્રીએ પોતાના સમસ્ત પરિવારને હુકમ કર્યો. તે વખતે સમસ્ત સૈન્ય સજ્જ થઈને મોટા આડંબરથી ભરતેશ્વરની પાછળ ચાલ્યું; ચતુરંગ સેનાના કોલાહલ અને વાજિંત્રોના નાદથી ગગનને ગજાવતા ભરત મહારાજા અષ્ટાપદ પર આવ્યા. ત્યાં પ્રદક્ષિણાપૂર્વક સ્વામીને વંદન કરી, અંજલિ જોડીને ચક્રીએ સ્તુતિ કરી કે — હે નાથ ! આપની સ્તુતિ કરવી, તે કુંભથી સમુદ્રને માપવા સમાન છે. હે નાથ ! આપના આશ્રિતજનો આપની તુલ્ય થાય છે. હે સ્વામિન્ ! ચાર ઘાતિકર્મોને હણીને બાકીના ચાર કર્મની જે આપ ઉપેક્ષા કરો છો, તે માત્ર જન કલ્યાણને માટેજ. હે જગદંધ ! ગરૂડની પાંખમાં રહેલ પુરૂષ જેમ સમુદ્રને ઓળંગી જાય, તેમ આપના ચરણના શરણને પામેલા ભવ્ય જનો આ સંસાર-સમુદ્રને ઓળંગી જાય છે. હે નાથ ! મોહરૂપ મહાનિદ્રામાં ઘેરાવા જગતને પ્રભાત તુલ્ય આપનું દર્શન જયવંત વર્તે છે. આપના ચરણ-કમલના સ્પર્શથી પ્રાણીઓના કર્મ વિદીર્ણ થઇ જાય છે. હે જગદ્ગુરૂ ! મેઘની વૃષ્ટિ અને ચંદ્રની ચંદ્રિકાની જેમ આપનો પ્રસાદ સર્વ પ્રાણીઓને સમાનજ છે.

એ પ્રમાણે સ્તુતિ કર્યા પછી ચક્રવર્તી ઉચિતસ્થાને બેઠા, એટલે બારે પર્ષદા ભગવંતની દેશના સાંભળવા ઉત્કંઠિત થઇ પછી જગત્સ્વામીએ મેઘના જેવી ગંભીર ગિરાથી

ધર્મદેશના આપી કે જે સાંભળતાં મનુષ્યો, તિર્યંચો દેવતાઓ જાણે અત્યંત ભારથી મુક્ત થયા હોય અથવ અહમિંદ્રતા પામ્યા હોય તેમ અતિશય હર્ષથી સ્થિર થઇ ગયા. ધર્મદેશના સમાપ્ત થયા પછી મહાવ્રત પાળતા પોતા ભ્રાતાઓને જોઇ, અંતરમાં ખેદ પામતા ભરત રાજાએ વિચાર કર્યો કે—' અહો ! અનલના જેવા અતૃપ્ત મેં આ ભાઇઓના રાજ્યો છીનવીને શું કર્યું ? હવે ભોગફળ યુક્ત આ લક્ષ્મી બીજાને આપી દેવી તે તો રાખમાં ઘી હોમવા સમાન મારે નિષ્ફલ છે. કાગડાઓ પણ બીજા પોતાના જાતીય પક્ષીઓને બોલાવીને ભક્ષ્યનું ભક્ષણ કરે છે અને હું આ બાંધવો વિના ભોગ ભોગવું છું, તેથી કાગડા કરતાં પણ અધમ છું. માટે તેમને ફરી જો ભોગસંપત્તિ આપું, તો મારા ભાગ્યયોગે તેઓ સ્વીકારે ખરા ! ' એમ ધારી ભગવંત પાસે આવી અંજલિ જોડીને ભરતપતિએ પોતાના ભ્રાતાઓને ભોગને માટે નિમંત્રણ કર્યું.

ત્યારે વિશ્વોપકારી યુગાદિનાથ બોલ્યા–' હે સરલ મનના ભરત ! આ તારા ભ્રાતાઓ તો મહા સત્ત્વશાળી છે, તેમણે મહાવ્રત પાળવાની પ્રતિજ્ઞા લીધી છે. તેથી સંસારની અસારતા જાણી પૂર્વે તજી દીધેલા ભોગ, વમેલા અન્નની જેમ હવે તેઓ ફરીથી ગ્રહણ નહિ કરે. ' એમ ભોગના આમંત્રણનો ભગવંતે નિષેધ કર્યો, એટલે પશ્ચાત્તાપના પ્રવાહમાં તણાતા ચક્રવર્તીએ ચિંતવ્યું કે—' નિઃસંગ આ મારા બાંધવો, ભોગ તો કદાપિ

નહિંજ ભોગવે, તથાપિ પ્રાણ ધારણ કરવા આહાર તો જરૂર લેશે.' એમ વિચારી ભરતેશ્વરે પાંચસો ગાડાં આહાર મંગાવી, પોતાના અનુજ બંધુઓને પૂર્વવત્ નિમંત્રણ કર્યું. ત્યારે જગદીશ બોલ્યા—'હે રાજન્! આ મુનિઓને માટે બનાવેલ આધાકર્મી આહાર યતિઓને કલ્પે નહિ.' આથી તેણે અકૃત અને અકારિત આહારને અર્થે નિમંત્રણ કર્યું. કારણ કે તેનું અંતર બિલકુલ સરલ હતું. તે વખતે—'હે રાજવીર! મુનિવરોને રાજપિંડ ન કલ્પે.' એમ કહીને ભગવંતે ભરતપતિને અટકાવ્યા. એટલે—'અહા! પ્રભુએ મને સર્વ પ્રકારે નિષેધ્યો.' એમ પશ્ચાત્તાપથી દુભાતા ભરતચક્રીને જોઈને ઇંદ્રે પ્રભુને પૂછયું કે 'હે સ્વામિન્! અવગ્રહ કેટલા પ્રકારના છે?'

ભગવંત બોલ્યા—'ઇંદ્ર સંબંધી, ચક્રવર્તી સંબંધી, રાજા સંબંધી, ગૃહસ્થ સંબંધી અને સાધુ સંબંધી,—એમ પાંચ પ્રકારના અવગ્રહ છે. એ અવગ્રહ ઉત્તરોત્તર પૂર્વપૂર્વનો બાધ કરે છે. તેમાં પૂર્વોક્ત અને પરોક્ત વિધિમાં પૂર્વોક્ત વિધિ બલવાન્ છે.'

ત્યારે ઇંદ્રે કહ્યું—'હે ભગવન્! મારા અવગ્રહમાં વિચરતા સાધુઓને મેં મારા અવગ્રહની પરવાનગી આપી છે.' એમ કહીને ઇંદ્ર અંજલિ જોડી ઉભો રહ્યો. તે સાંભળી ભરતપતિએ વિચાર કર્યો કે—'મારા આહારાદિકનો તો એ મુનિઓએ આદર ન કર્યો, પણ અવગ્રહના અનુગ્રહની આજ્ઞા

આપીને તો હું આજે કૃતકૃત્ય થાઉં.' એમ ધારી ભગવંત ચરણ પાસે આવીને ચક્રીએ પોતાના અવગ્રહની અનુ આપી. પછી પોતાના સાધર્મીબંધુ ઇંદ્રને ભરતપતિએ પૂછ્ કે—'અહીં મંગાવેલ આ ભાતપાણીનું હવે મારે શું કરવું ?' ત્યારે ઇંદ્રે કહ્યું—'તે બધું ગુણોત્તર પુરુષો આપી દેવું.'

એટલે ભરતેશ્વરને વિચાર થયો કે—'સાધુઓ વિના મારે બીજા ગુણોત્તર પુરુષો કોણ ? અરે ! હા, મારા ખ્યાલમાં આવ્યું, દેશવિરત શ્રાવકો મારા કરતાં ગુણોત્તર છે, માટે આ બધું મારે તેમને આપવું.' એવો નિશ્ચય કરી ભરતભૂપતિએ, ઇંદ્રનું અત્યંત મનોહર અને અદ્‌ભુતરૂપ જોઇ, વિસ્મય પામી, તેને પૂછ્યું કે—'હે સ્વર્ગપતિ ! તમે સ્વર્ગમાં પણ આવા રૂપે રહે છો કે બીજા રૂપે ? કારણકે દેવતાઓ તો કામરૂપી એટલે ઇચ્છાનુસાર રૂપ કરનારા હોય છે.

ઇંદ્રે કહ્યું—'હે રાજન્ ! સ્વર્ગમાં અમે આવા રૂપે ન રહીએ. ત્યાંનું રૂપ તો મનુષ્યોથી જોઇ પણ ન શકાય.' ત્યારે ચક્રી બોલ્યા—'તમારૂં તેવું અદ્‌ભુતરૂપ જોવાની મને ઘણી ઉત્કંઠા છે. તો હે અમરપતિ ! તમારી તેવી દિવ્ય આકૃતિને બતાવીને મારા નેત્રને આનંદ નિમગ્ન કરો.'

ઇંદ્ર બોલ્યો—'હે રાજન્ ! તમે ઉત્તમ પુરુષ છો. તેથી તમારી માગણી વ્યર્થ ન જવા દેતાં હું મારા એક અંગનું તમને દિગ્દર્શન કરાવીશ.' એમ કહીને ઇંદ્રે દિવ્ય અલંકારથી

ચોસઠી પોતાની એક અદ્ભુત અંગુલિ ભરતરાયને બતાવી. પૂર્ણિમાના ચંદ્ર સમાન ચળકતી તે અંગુલિને જોઇ મહીપતિ બહુજ પ્રમોદ પામ્યા. એ રીતે ભરતપતિનું માન સાચવી, ભગવંતને વંદન કરીને ઇંદ્ર અંતર્ધાન થયો, અને ભરતરાજા અયોધ્યામાં આવ્યા. ત્યાં ઇંદ્રની અંગુલિનું આરોપણ કરીને ભરતેશ્વરે અઠ્ઠાઇ મહોત્સવ કર્યો. ત્યારથી ઇંદ્રનો સ્તંભ આરોપીને લોકોએ સર્વત્ર ઇંદ્ર-મહોત્સવ શરૂ કર્યો, જે હજી પણ લોકમાં પ્રવર્ત્તમાન છે. ત્યારબાદ, રૂષભસ્વામીએ ત્યાંથી અન્યત્ર વિહાર કર્યો.

હવે અયોધ્યામાં આવ્યા પછી ભરતપતિએ સમસ્ત શ્રાવકોને બોલાવીને કહ્યું કે—' ભોજનને માટે તમે પ્રતિદિન મારે ઘેર પધારજો, અને કૃષિ વિગેરે કંઇ કામ ન કરતાં સ્વાધ્યાયમાં સાવધાન રહીને તમારે અપૂર્વ જ્ઞાન સંપાદન કરવું ભોજન કર્યા પછી મ [illegible] પાસે આવીને દરરોજ તમારે આ પ્રમાણે બોલવુ —

" जितो भवान वर्धते भी स्तस्मान्माहन माहन "

' તને જીતાયેલ [illegible] છે માટે આત્મગુણોને ન હણ ન હણ.

એમ રીતે [illegible]
[illegible]
[illegible]

તે શબ્દ સાંભળતાં ચિંતવવા લાગ્યા કે—" અરે ! હું કોનાથી જીતાયેલો છું ? અને મને કોનાથી ભય વધે છે ? હા, જાણવામાં આવ્યું—કુટિલ કષાયોથી હું જીતાયેલો છું. અને એ કષાયોથીજ ભય વધે છે. માટે આત્મગુણને ન હણો—એમ આ વિવેકી શ્રાવકો મને પ્રતિદિન સ્મરણ કરાવે છે. તથાપિ મારામાં પ્રમાદ અને વિષય લાલસા કેટલી બધી છે ? ધર્મમાં મારે આ ઉદાસીનતા કેવી ? અહો ! સંસારમાં હું કેવો રક્ત બની ગયો છું ? ' આવા ચિંતવનથી ભરત રાજાને ક્ષણવાર ધર્મધ્યાનના વિચાર આવતા.

એકદા રસોડાના અધિકારીઓએ આવીને ચક્રીને વિનંતી કરી કે—' હે દેવ ! ભોજન કરનારા વધી જવાથી આ શ્રાવક છે કે અન્ય કોઈ છે ? એમ સમજી શકાતું નથી ' ત્યારે ભરતપતિએ કહ્યું કે—' તમે પણ શ્રાવક છો. માટે આજથી પરીક્ષા કરીને ભોજન આપજો. ' પછી તેઓ બધાને પૂછતા કે 'તમે કોણ છો એટલે તેઓ કહેતા કે—'અમે શ્રાવક છીએ. ' તમારામાં શ્રાવકના કયા વ્રત છે ? ' એમ પૂછવાથી તેઓ બતાવતા કે—'અમારે પાંચ અણુવ્રત અને સાત શિક્ષા વ્રત છે. ' એમ પરીક્ષા કરી તે શ્રાવકોને તે ભરતરાય પાસે લઈ જતા અને ચક્રી જ્ઞાન, દર્શન અને ચારિત્ર સૂચક તેમને ત્રણ રેખાઓ કાંકિણીરત્નથી કરતા, આવી નીશાનીથી તેઓ ભોજન મેળવી--'**जितो भवान्**' ઇત્યાદિ પાઠ ઉંચા સ્વરે કરતા તેથી તેઓ **माहना** એવા નામથી પ્રસિદ્ધ થયા. તેમના સ્વાધ્યાયને માટે ભરતેશ્વરે, જિન સ્તુતિરૂપ તેમજ

સાધુ અને શ્રાવકનાં આચારરૂપ ચાર વેદ બનાવ્યા. વખત જતાં તેઓ માહનને બદલે બ્રાહ્મણો—એવા નામથી પ્રસિદ્ધ થયા. અને કાંકિણીરત્નની ત્રણ રેખાઓ તે તેમને યજ્ઞોપવીત રૂપ થઈ. ભરતચક્રીની ગાદીએ તેમનો સુર્યયશા નામે પુત્ર રાજા થયો, તેણે કાંકિણીરત્નના અભાવે સુવર્ણની જનોઈ કરી તે પછી મહાયશા વિગેરે થયા. તેમણે રૂપાની જનોઈ કરી અને અનુક્રમે બીજાઓએ સુતરની જનોઈ કરી.

ભરતરાજા પછી સૂર્યયશા, તે પછી મહાયશા, પછી બલભદ્ર, બળવીર્ય, કીર્તિવીર્ય, જળવીર્ય, અને દંડવીર્ય—એ આઠ પુરૂષો સુધી એવો આચાર પ્રવર્ત્યો. તેમણે ભરતનું અર્ધ રાજ્ય ભોગવ્યું અને ઇંદ્રે રચેલો ભગવંતનો મુગટ, તેમણે પણ ધારણ કર્યો. ત્યારપછી બીજા રાજાઓ તે મુગટ મહાપ્રમાણને લીધે ધારણ કરી શકયા નહિ. કારણકે હાથીનો ભાર હાથીજ ધારણ કરી શકે, બીજાથી ધારણ ન કરી શકાય. પછી નવમા અને દશમા તીર્થંકરના આંતરે સાધુઓનો વિચ્છેદ થયો, અને ત્યારપછીના સાત તીર્થંકરોના આંતરે શાસનનો વિચ્છેદ થયો. તે અરસામાં ભરતરાજાના બનાવેલા વેદ ફેર વાયા. તે પછી સુલસ અને યાજ્ઞવલ્કયાદિક બ્રાહ્મણોએ અનાર્ય વેદ કર્યા.

—⁂—

પ્રકરણ ૩૦ મું.

શાસ્ત્રકાર—પુરુષો.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ધનુષ્ય ઉંચા અને પૂર્વાંગે ઉણા લક્ષ પૂર્વ તેમના દીક્ષાપર્યાયના સમજવા. મારા અને અજિતનાથના નિર્વાણકાળમાં પચાસ લાખ કોટિ સાગરોપમનું અંતર રહેશે. ૨

શ્રાવસ્તી નગરીમાં જિતારી રાજા અને સેનારાણીના પુત્ર સંભવ નામે ત્રીજા તીર્થંકર થશે. તેમનો કનક સમાન વર્ણ, સાઠલાખ પૂર્વનું આયુષ્ય, ચારસેં ધનુષ્ય શરીર પ્રમાણ તથા ચાર પૂર્વાંગે ન્યૂન લાખ પૂર્વનો દીક્ષાપર્યાય, અજિતનાથ અને તેમના નિર્વાણ વચ્ચે ત્રીશ લાખ ક્રોડ સાગરોપમનું અંતર રહેશે. ૩

વિનીતા નગરીમા સંવર રાજા અને સિદ્ધાર્થા રાણીના પુત્ર અભિનંદન નામે ચોથા તીર્થંકર થશે. તેમનું પચાસ લાખ પૂર્વનું આયુષ્ય, સાડાત્રણસેં ધનુષ્ય પ્રમાણ શરીર, સુવર્ણ સમાન વર્ણ તથા આઠ પૂર્વાંગે ન્યૂન લાખ પૂર્વનો દીક્ષાપર્યાય, તેમજ ત્રીજા અને ચોથા જિન વચ્ચે દશ લાખ કોટિ સાગરોપમનું અંતર રહેશે. ૪

એજ નગરમાં મેઘરાજા અને મંગલા રાણીના પુત્ર સુમતિ નામે પાંચમા તીર્થંકર થશે. તેમનો સુવર્ણ જેવો વર્ણ, ચાળીશ લાખ પૂર્વનું આયુષ્ય, ત્રણસેં ધનુષ્ય પ્રમાણ શરીર, અને બાર પૂર્વાંગે ન્યૂન લાખ પૂર્વનો દિક્ષાપર્યાય તથા નવ લાખ કોટિ સાગરોપમનું અંતર રહેશે. ૫

કૌશાંબી નગરીમાં ધરરાજા અને સુસીમા રાણીના પુત્ર પદ્મપ્રભ નામે છઠ્ઠા તીર્થંકર થશે. તેમનો રક્ત વર્ણ ત્રીશ

લાખ પુર્વનું આયુષ્ય, અઢીસેં ધનુષ્ય દેહમાન અને સોળ પુર્વાંગે ન્યુન લાખ પુર્વનો વ્રતપર્યાય, તેમજ નેવું હજાર કોટિ સાગરોપમનું અંતર રહેશે. ૬

વાણારસી નગરીમાં પ્રતિષ્ઠ રાજા અને પૃથ્વી રાણીના પુત્ર **સુપાર્શ્વ** નામે સાતમા તીર્થંકર થશે. તેમનો સુવર્ણ સમાન વર્ણ, વીશ લાખ પૂર્વનું આયુષ્ય, બસેં ધનુષ્ય દેહમાન, વીશ પુર્વાંગે ન્યૂન લાખ પૂર્વનો વ્રતપર્યાય અને નવ હજાર કોટિ સાગરોપમનું અંતર રહેશે. ૭

ચંદ્રાનન નગરમાં મહાસેન રાજા અને લક્ષ્મણાદેવીના પુત્ર **ચંદ્રપ્રભ** નામે આઠમા તીર્થંકર થશે. તેમનો શ્વેત વર્ણ, બે લાખ પૂર્વનું આયુષ્ય, દોઢસો ધનુષ્ય દેહપ્રમાણ, ચોવીસ પૂર્વાંગે ન્યૂન લાખ પૂર્વનો દીક્ષાપર્યાય તથા નવસેં કોટિ સાગરોપમનું અંતર રહેશે. ૮

કાકંદી નગરીમાં સુગ્રીવ રાજા અને રામાદેવીના પુત્ર **સુવિધિ** નામે નવમા તીર્થંકર થશે. તેમનો શ્વેત વર્ણ, બે લાખ પૂર્વનું આયુષ્ય, એક સો ધનુષ્ય શરીરમાન, અઠયાવીશ પૂર્વાંગે ન્યુન લાખ પૂર્વનો વ્રતપર્યાય તથા નેવું કોટિ સાગરોપમનું અંતર રહેશે. ૯

ભદ્દિલપુરમાં દૃઢરથ રાજા અને નંદાદેવીના પુત્ર **શીતલ** નામે દશમા તીર્થંકર થશે. તેમનો સુવર્ણસમાન વર્ણ, લાખ પુર્વનું આયુષ્ય, નેવું ધનુષ્ય શરીરમાન, પચ્ચીશ હજાર પુર્વનો દીક્ષાપર્યાય અને નવ કોટિ સાગરોપમનું અંતર રહેશે. ૧૦

સિંહપુરમાં વિષ્ણુ નામે રાજા વિષ્ણુદેવીના પુત્ર શ્રેયાંસ નામે અગ્યારમા તીર્થંકર થશે. તેમનો સુવર્ણ જેવો વર્ણ, એંશી ધનુષ્ય કાયમાન, ચોરાશી લાખ વર્ષનું આયુષ્ય, એકવીશ લાખ વર્ષનો વ્રતપર્યાય તેમજ છાસઠ લાખ ને છત્રીશ હજાર વર્ષ સાથે સો સાગરોપમે ન્યૂન એક કોટિ સાગરોપમનું અંતર રહેશે. ૧૧

ચંપાપુરીમાં વસુપુજ્ય રાજા અને જયાદેવીના પુત્ર વાસુપૂજ્ય નામે બારમા તીર્થંકર થશે. તેમનો રક્ત વર્ણ, બહોંતેર લાખ વર્ષનું આયુષ્ય, સિત્તેર ધનુષ્ય પ્રમાણ દેહ, ચોપન લાખ વર્ષનો વ્રતપર્યાય તથા ચોપન સાગરોપમનું અંતર રહેશે. ૧૨

કાંપિલ્ય નગરમાં કૃતવર્મા રાજા અને શ્યામાદેવીના વિમલ નામે તેરમા તીર્થંકર થશે. તેમનો કનક સમાન વર્ણ, સાઠ લાખ વર્ષનું આયુષ્ય, સાઠ ધનુષ્ય દેહમાન, પંદર લાખ વર્ષનો વ્રતપર્યાય તથા ત્રીશ સાગરોપમનું અંતર રહેશે. ૧૩

અયોધ્યામાં સિંહસેન રાજા અને સુયશાદેવીના પુત્ર અનંત નામે ચૌદમા તીર્થંકર થશે તેમની સુવર્ણ સમાન કાયકાંતિ, ત્રીશ લાખ વર્ષનું આયુષ્ય, પચાસ ધનુષ્ય પ્રમાણ શરીર, સાડા સાત લાખ વર્ષનો દીક્ષાપર્યાય તથા નવ સાગરોપમનું અંતર રહેશે. ૧૪

રત્નપુરમાં ભાનુરાજા અને સુવ્રતા દેવીના પુત્ર ધર્મ નામે પંદરમા તીર્થંકર થશે. તેમનો કનક સમાન વર્ણ, દશ

લાખ પુર્વનું આયુષ્ય, અઢીસેં ધનુષ્ય દેહમાન અને સોળ પુર્વાંગે ન્યુન લાખ પુર્વનો વ્રતપર્યાય, તેમજ નેવું હજાર કોટિ સાગરોપમનું અંતર રહેશે. ૬

વાણારસી નગરીમાં પ્રતિષ્ઠ રાજા અને પૃથ્વી રાણીના પુત્ર **સુપાર્શ્વ** નામે સાતમા તીર્થંકર થશે. તેમનો સુવર્ણ સમાન વર્ણ, વીશ લાખ પૂર્વનું આયુષ્ય, બસેં ધનુષ્ય દેહમાન, વીશ પુર્વાંગે ન્યૂન લાખ પૂર્વનો વ્રતપર્યાય અને નવ હજાર કોટિ સાગરોપમનું અંતર રહેશે. ૭

ચંદ્રાનન નગરમાં મહાસેન રાજા અને લક્ષ્મણાદેવીના પુત્ર **ચંદ્રપ્રભ** નામે આઠમા તીર્થંકર થશે. તેમનો શ્વેત વર્ણ, બે લાખ પૂર્વનું આયુષ્ય, દોઢસો ધનુષ્ય દેહપ્રમાણ, ચોવીસ પૂર્વાંગે ન્યૂન લાખ પૂર્વનો દીક્ષાપર્યાય તથા નવસેં કોટિ સાગરોપમનું અંતર રહેશે. ૮

કાકંદી નગરીમાં સુગ્રીવ રાજા અને રામાદેવીના પુત્ર **સુવિધિ** નામે નવમા તીર્થંકર થશે. તેમનો શ્વેત વર્ણ, બે લાખ પૂર્વનું આયુષ્ય, એક સો ધનુષ્ય શરીરમાન, અઠયાવીશ પૂર્વાંગે ન્યુન લાખ પૂર્વનો વ્રતપર્યાય તથા નેવું કોટિ સાગરોપમનું અંતર રહેશે. ૯

ભદ્દિલપુરમાં દઢરથ રાજા અને નંદાદેવીના પુત્ર **શીતલ** નામે દશમા તીર્થંકર થશે. તેમનો સુવર્ણસમાન વર્ણ, લાખ પુર્વનું આયુષ્ય, નેવું ધનુષ્ય શરીરમાન, પચ્ચીશ હજાર પુર્વનો દીક્ષાપર્યાય અને નવ કોટિ સાગરોપમનું અંતર રહેશે. ૧૦

સિંહપુરમાં વિષ્ણુ નામે રાજા વિષ્ણુદેવીના પુત્ર શ્રેયાંસ નામે અગ્યારમા તીર્થંકર થશે. તેમનો સુવર્ણ જેવો વર્ણ, એંશી ધનુષ્ય કાયમાન, ચોરાશી લાખ વર્ષનું આયુષ્ય, એકવીશ લાખ વર્ષનો વ્રતપર્યાય તેમજ છાસઠ લાખ ને છત્રીશ હજાર વર્ષ સાથે સો સાગરોપમે ન્યૂન એક કોટિ સાગરોપમનું અંતર રહેશે. ૧૧

ચંપાપુરીમાં વસુપુજ્ય રાજા અને જયાદેવીના પુત્ર વાસુપૂજ્ય નામે બારમા તીર્થંકર થશે. તેમનો રક્ત વર્ણ, બહોંતેર લાખ વર્ષનું આયુષ્ય, સિત્તેર ધનુષ્ય પ્રમાણ દેહ, ચોપન લાખ વર્ષનો વ્રતપર્યાય તથા ચોપન સાગરોપમનું અંતર રહેશે. ૧૨

કાંપિલ્ય નગરમાં કૃતવર્મા રાજા અને શ્યામાદેવીના વિમલ નામે તેરમા તીર્થંકર થશે. તેમનો કનક સમાન વર્ણ, સાઠ લાખ વર્ષનું આયુષ્ય, સાઠ ધનુષ્ય દેહમાન, પંદર લાખ વર્ષનો વ્રતપર્યાય તથા ત્રીશ સાગરોપમનું અંતર રહેશે. ૧૩

અયોધ્યામાં સિંહસેન રાજા અને સુયશાદેવીના પુત્ર અનંત નામે ચૌદમા તીર્થંકર થશે.તેમની સુવર્ણ સમાન કાયકાંતિ, ત્રીશ લાખ વર્ષનું આયુષ્ય, પચાસ ધનુષ્ય પ્રમાણ શરીર, સાડા સાત લાખ વર્ષનો દીક્ષાપર્યાય તથા નવ સાગરોપમનું અંતર રહેશે. ૧૪

રત્નપુરમાં ભાનુરાજા અને સુવ્રતા દેવીના પુત્ર ધર્મ નામે પંદરમા તીર્થંકર થશે. તેમનો કનક સમાન વર્ણ, દશ

લાખ વર્ષનું આયુષ્ય, પિસ્તાલીસ ધનુષ્ય પ્રમાણ કાયા, અઢી લાખ વર્ષનો વ્રતપર્યાય અને ચાર સાગરોપમનું અંતર રહેશે. ૧૫

ગજપુર નગરમાં વિશ્વસેન રાજા અને અચિરાદેવીના પુત્ર **શાંતિ** નામે સોળમા તીર્થંકર થશે. તેમનો સુવર્ણ સમાન વર્ણ, આઠ લાખ વર્ષનું આયુષ્ય, ચાલીસ ધનુષ્ય પ્રમાણ કાયા, પચ્ચીશ હજાર વર્ષનો વ્રતપર્યાય અને પોણા પલ્યોપમે ન્યુન ત્રણ સાગરોપમનું અંતર રહેશે. ૧૬

એજ નગરમાં શુરરાજા અને શ્રીદેવી રાણીના પુત્ર કુંથુ નામે સત્તરમા તીર્થપતિ થશે. તેમનો કનક તુલ્ય વર્ણ, પંચાણુ હજાર વર્ષનું આયુષ્ય, પાંત્રીશ ધનુષ્યનું શરીર, ત્રેવીશ હજાર અને સાડા સાતસેં વર્ષનો વ્રતપર્યાય તથા અર્ધ પલ્યોપમનું અંતર રહેશે. ૧૭

એજ ગજપુરમાં સુદર્શન રાજા અને દેવી રાણીના પુત્ર અર નામે અઢારમા તીર્થંકર થશે. તેમનો કનક સમાન વર્ણ, ચોરાશી હજાર વર્ષનું આયુષ્ય, ત્રીશ ધનુષ્યની કાયા, વ્રત-પર્યાય એકવીશ હજાર વર્ષનો તથા એક હજાર ક્રોડ વર્ષે ન્યૂન પલ્યોપમના ચોથા ભાગનું અંતર રહેશે. ૧૮

મિથિલા નગરીમાં કુંભ રાજા અને પ્રભાવતીદેવીના પુત્રી મલ્લિનાથ નામે ઓગણીશમા તીર્થંકર થશે. તેમનો નીલ વર્ણ, પંચાવન હજાર વર્ષનું આયુષ્ય, પચ્ચીશ ધનુષ્ય પ્રમાણ દેહ, વીશ હજાર અને નવસો વર્ષનો વ્રતપર્યાય તથા એક હજાર કોટિનું અંતર રહેશે. ૧૯

રાજગૃહ નગરમાં સુમિત્ર રાજા અને પદ્માવતી દેવીના પુત્ર સુવ્રત નામે વીશમા તીર્થંકર થશે. તેમનો કૃષ્ણ વર્ણ, ત્રીશ હજાર વર્ષનું આયુષ્ય, વીશ ધનુષ્યની કાયા, સાડા સાત હજાર વર્ષનો દીક્ષાપર્યાય અને ચોપન લાખ વર્ષનું અંતર રહેશે. ૨૦.

મિથિલા નગરીમાં વિજય રાજા અને વપ્રાદેવીના પુત્ર નમિ નામે એકવીશમા તીર્થંકર થશે. તેમનો સુવર્ણ સદૃશ વર્ણ, દશ હજાર વર્ષનું આયુષ્ય, પંદર ધનુષ્ય પ્રમાણ દેહ, અઢી હજાર વર્ષનો વ્રતપર્યાય અને ૭ લાખ વર્ષનું અંતર રહેશે. ૨૧

શૌર્યપુરમાં સમુદ્રવિજય રાજા અને શિવાદેવીના પુત્ર નેમિ નામે બાવીશમા તીર્થંકર થશે. તેમનો શ્યામ વર્ણ, એક હજાર વર્ષનું આયુષ્ય, દશ ધનુષ્યની કાયા, સાતસેં વર્ષનો દીક્ષાપર્યાય તથા પાંચ લાખ વર્ષનું અંતર રહેશે. ૨૨.

વાણારસી (કાશી)નગરીમાં અશ્વસેન રાજા અને વામા રાણીના પુત્ર પાર્શ્વનાથ નામે ત્રેવીશમા તીર્થંકર થશે. તેમનો નીલ વર્ણ, સો વર્ષનું આયુષ્ય, નવ હાથની કાયા, સિત્તેર વર્ષનો વ્રતપર્યાય તથા ત્યાસી હજાર અને સાડા સાતસેં વર્ષનું અંતર રહેશે ૨૩.

ક્ષત્રીકુંડ ગ્રામમાં સિદ્ધાર્થ રાજા અને ત્રિશલા દેવીના પુત્ર મહાવીર નામે ચોવીશમા તીર્થંકર થશે. તેમનો સુવર્ણ સમાન વર્ણ, બહોંતેર વર્ષનું આયુષ્ય, સાત હાથની કાયા,

બેંતાલીશ વર્ષનો વ્રતપર્યાય અને પાર્શ્વનાથ તથા તેમના વચ્ચે અઢીસેં વર્ષનું અંતર રહેશે ૨૪

ચક્રવર્તીઓ બધા કશ્યપગોત્રી અને સુવર્ણ સમાન વર્ણવાળા થશે. તેમાં આઠ ચક્રીઓ મોક્ષગામી થશે. તમે જેમ મારા વખતમાં થયા, તેમ અયોધ્યા નગરીમાં અજિતનાથના વખતમાં સુમિત્રરાજા અને યશોમતી રાણીના પુત્ર **સગર** નામે બીજા ચક્રવર્ત્તી થશે. તેમની સાડા સાતસેં ધનુષ્યની કાયા અને બહોંતેર લાખ પૂર્વનું આયુષ્ય થશે. શ્રાવસ્તી નગરીમાં સમુદ્રવિજય રાજા અને ભદ્રા રાણીના પુત્ર **મઘવા** નામે ત્રીજા ચક્રવર્તી થશે. તેમનું સાડી ચાલીશ ધનુષ્યનું શરીર અને પાંચ લાખ વર્ષનું આયુષ્ય થશે. હસ્તીનાપુરમાં અશ્વસેન રાજા અને સહદેવી રાણીના પુત્ર **સનત્કુમાર** નામે ચોથા ચક્રી થશે. તેમનું ત્રણ લાખ વર્ષનું આયુષ્ય અને સાડી ઓગણચાલીશ ધનુષ્યનું શરીર થશે. એ બે ચક્રીઓ ધર્મનાથ અને શાંતિનાથના આંતરે થશે અને સ્વર્ગે જશે. **શાંતિ**, **કુંથુ** અને **અર** એ ત્રણ તીર્થંકરોજ ચક્રવર્ત્તી થશે. તે પછી હસ્તીનાપુરમાં કૃતવીર્ય રાજા અને તારા રાણીના પુત્ર **સુભુમ** નામે આઠમા ચક્રી થશે, તેમનું સાઠ હજાર વર્ષનું આયુષ્ય અને અઠ્યાવીસ ધનુષ્યનું શરીર થશે. તે અરનાથ, અને મલ્લિનાથના આંતરે થશે અને સાતમી નરકે જશે. તે પછી વારાણસીમાં પદ્મોત્તર રાજા અને જવાલા રાણીના પુત્ર **પદ્મ** નામે નવમા ચક્રવર્તી થશે. તેમનું ત્રીશ હજાર વર્ષનું આયુષ્ય અને વીશ ધનુષ્યનું શરીર થશે, કાંપિલ્ય

નગરમાં મહાહરિરાજા અને મેરાદેવીના પુત્ર હરિષેણ નામે દશમા ચક્રી થશે, તેમનું દશ હજાર વર્ષનું આયુષ્ય અને પંદર ધનુષ્યનું શરીર થશે. એ બંને ચક્રવર્ત્તી, મુનિસુમત અને નમિનાથ પ્રભુના સમયમાં થશે. પછી રાજગૃહ નગરમાં વિજય રાજા અને વપ્રાદેવીના પુત્ર જય નામે અગ્યારમા ચક્રવર્ત્તી થશે, તેમનું ત્રણ હજાર વર્ષનું આયુષ્ય અને બાર ધનુષ્યનું શરીર થશે. તે નમિનાથ અને નેમિનાથ પ્રભુના આંતરે થશે. તથા કાંપિલ્ય નગરમાં બ્રહ્મરાજા અને ચુલણી રાણીના પુત્ર બ્રહ્મદત્ત નામે બારમા ચક્રવર્ત્તી, નેમિનાથ અને પાર્શ્વનાથના આંતરે થશે, તેમનું સાતસેં વર્ષનું આયુષ્ય અને સાત ધનુષ્યનું શરીર થશે તથા તે રૌદ્રધ્યાનથી સાતમી નરકે જશે."

એ પ્રમાણે કહી રહ્યા પછી ભરતરાજાના પૂછયા વિના પણ ભગવંત બોલ્યા—"ચક્રવર્ત્તી કરતાં અર્ધ પરાક્રમી તથા ભરતક્ષેત્રના ત્રણ ખંડને ભોગવનાર નવ વાસુદેવ કૃષ્ણ વર્ણવાળા થશે. તેમાંના એક આઠમા વાસુદેવ કશ્યપગોત્રી અને બાકીના આઠ ગૌતમ ગોત્રી થશે તેમના [illegible] એક અને માતા જુદી) બળદેવ પણ નવ અને તેઓ શ્વેત વર્ણવાળા હોય છે તેના પ્રથમ પોતનપુર નગરમાં પ્રજાપતિ રાજા અને મૃગાવતી રાણીના પુત્ર ત્રિપૃષ્ઠ નામે વાસુદેવ થશે, તેમનું ચોરાશી લાખ વર્ષનું આયુષ્ય અને એંશી ધનુષ્યનું શરીર થશે, તે શ્રેયાંસ જિનના [illegible]

બેંતાલીશ વર્ષનો વ્રતપર્યાય અને પાર્શ્વનાથ તથા તેમના વચ્ચે અઢીસેં વર્ષનું અંતર રહેશે ૨૪

ચક્રવર્તીઓ બધા કશ્યપગોત્રી અને સુવર્ણ સમાન વર્ણવાળા થશે. તેમાં આઠ ચક્રીઓ મોક્ષગામી થશે. તમે જેમ મારા વખતમાં થયા, તેમ અયોધ્યા નગરીમાં અજિતનાથના વખતમાં સુમિત્રરાજા અને યશોમતી રાણીના પુત્ર **સગર** નામે બીજા ચક્રવર્ત્તી થશે. તેમની સાડા સાતસેં ધનુષ્યની કાયા અને બહોંતેર લાખ પૂર્વનું આયુષ્ય થશે. શ્રાવસ્તી નગરીમાં સમુદ્રવિજય રાજા અને ભદ્રા રાણીના પુત્ર **મઘવા** નામે ત્રીજા ચક્રવર્તી થશે. તેમનું સાડી ચાલીશ ધનુષ્યનું શરીર અને પાંચ લાખ વર્ષનું આયુષ્ય થશે. હસ્તીનાપુરમાં અશ્વસેન રાજા અને સહદેવી રાણીના પુત્ર **સનત્કુમાર** નામે ચોથા ચક્રી થશે. તેમનું ત્રણ લાખ વર્ષનું આયુષ્ય અને સાડી ઓગણચાલીશ ધનુષ્યનું શરીર થશે. એ બે ચક્રીઓ ધર્મનાથ અને શાંતિનાથના આંતરે થશે અને સ્વર્ગે જશે. **શાંતિ, કુંથુ અને અર** એ ત્રણ તીર્થંકરોજ ચક્રવર્ત્તી થશે. તે પછી હસ્તીનાપુરમાં કૃતવીર્ય રાજા અને તારા રાણીના પુત્ર **સુભુમ** નામે આઠમા ચક્રી થશે, તેમનું સાઠ હજાર વર્ષનું આયુષ્ય અને અઠ્યાવીસ ધનુષ્યનું શરીર થશે. તે અરનાથ, અને મલ્લિનાથના આંતરે થશે અને સાતમી નરકે જશે. તે પછી વારાણસીમાં પદ્મોત્તર રાજા અને જવાલા રાણીના પુત્ર **પદ્મ** નામે નવમા ચક્રવર્તી થશે. તેમનું ત્રીશ હજાર વર્ષનું આયુષ્ય અને વીશ ધનુષ્યનું શરીર થશે, કાંપિલ્ય

નગરમાં મહાહરિરાજા અને મેરાદેવીના પુત્ર હરિષેણ નામે દશમા ચક્રી થશે, તેમનું દશ હજાર વર્ષનું આયુષ્ય અને પંદર ધનુષ્યનું શરીર થશે. એ બંને ચક્રવર્ત્તી, મુનિસુવ્રત અને નમિનાથ પ્રભુના સમયમાં થશે. પછી રાજગૃહ નગરમાં વિજય રાજા અને વપ્રાદેવીના પુત્ર જય નામે અગ્યારમા ચક્રવર્ત્તી થશે, તેમનું ત્રણ હજાર વર્ષનું આયુષ્ય અને બાર ધનુષ્યનું શરીર થશે. તે નમિનાથ અને નેમિનાથ પ્રભુના આંતરે થશે. તથા કાંપિલ્ય નગરમાં બ્રહ્મરાજા અને ચુલ્લણી રાણીના પુત્ર **બ્રહ્મદત્ત** નામે બારમા ચક્રવર્ત્તી, નેમિનાથ અને પાર્શ્વનાથના આંતરે થશે, તેમનું સાતસેં વર્ષનું આયુષ્ય અને સાત ધનુષ્યનું શરીર થશે તથા તે રૌદ્રધ્યાનથી સાતમી નરકે જશે."

એ પ્રમાણે કહી રહ્યા પછી ભરતરાજાના પૂછયા વિના પણ ભગવંત બોલ્યા—"ચક્રવર્ત્તી કરતાં અર્ધ પરાક્રમી તથા ભરતક્ષેત્રના ત્રણ ખંડને ભોગવનાર નવ વાસુદેવ કૃષ્ણ વર્ણવાળા થશે. તેમાંના એક આઠમા વાસુદેવ કશ્યપગોત્રી અને બાકીના આઠ ગૌતમ ગોત્રી થશે. તેમના સાપત્ન ભ્રાતાઓ (બાપ એક અને માતા જુદી) બળદેવ પણ નવ અને તેઓ શ્વેત વર્ણવાળા હોય છે. તેમાં પ્રથમ પોતનપુર નગરમાં પ્રજાપતિ રાજા અને મૃગાવતી રાણીના પુત્ર ત્રિપૃષ્ઠ નામે વાસુદેવ થશે, તેમનું ચોરાશી લાખ વર્ષનું આયુષ્ય અને એંશી ધનુષ્યનું શરીર થશે, તે શ્રેયાંસ જિનના વખતમાં સાતમી નરકે જશે. દ્વારકા

બેંતાલીશ વર્ષનો વ્રતપર્યાય અને પાર્શ્વનાથ તથા તેમના વચ્ચે અઢીસેં વર્ષનું અંતર રહેશે ૨૪

ચક્રવર્તીઓ બધા કશ્યપગોત્રી અને સુવર્ણ સમાન વર્ણવાળા થશે. તેમાં આઠ ચક્રીઓ મોક્ષગામી થશે. તમે જેમ મારા વખતમાં થયા, તેમ અયોધ્યા નગરીમાં અજિતનાથના વખતમાં સુમિત્રરાજા અને યશોમતી રાણીના પુત્ર **સગર** નામે બીજા ચક્રવર્ત્તી થશે. તેમની સાડા સાતસેં ધનુષ્યની કાયા અને બહોંતેર લાખ પૂર્વનું આયુષ્ય થશે. શ્રાવસ્તી નગરીમાં સમુદ્રવિજય રાજા અને ભદ્રા રાણીના પુત્ર **મઘવા** નામે ત્રીજા ચક્રવર્તી થશે. તેમનું સાડી ચાલીશ ધનુષ્યનું શરીર અને પાંચ લાખ વર્ષનું આયુષ્ય થશે. હસ્તીનાપુરમાં અશ્વસેન રાજા અને સહદેવી રાણીના પુત્ર **સનત્કુમાર** નામે ચોથા ચક્રી થશે. તેમનું ત્રણ લાખ વર્ષનું આયુષ્ય અને સાડી ઓગણચાલીશ ધનુષ્યનું શરીર થશે. એ બે ચક્રીઓ ધર્મનાથ અને શાંતિનાથના આંતરે થશે અને સ્વર્ગે જશે. **શાંતિ, કુંથુ અને અર** એ ત્રણ તીર્થંકરોજ ચક્રવર્ત્તી થશે. તે પછી હસ્તીનાપુરમાં કૃતવીર્ય રાજા અને તારા રાણીના પુત્ર **સુભુમ** નામે આઠમા ચક્રી થશે, તેમનું સાઠ હજાર વર્ષનું આયુષ્ય અને અઠ્યાવીસ ધનુષ્યનું શરીર થશે. તે અરનાથ, અને મલ્લિનાથના આંતરે થશે અને સાતમી નરકે જશે. તે પછી વારાણસીમાં પદ્મોત્તર રાજા અને જવાલા રાણીના પુત્ર **પદ્મ** નામે નવમા ચક્રવર્તી થશે. તેમનું ત્રીશ હજાર વર્ષનું આયુષ્ય અને વીશ ધનુષ્યનું શરીર થશે, કાંપિલ્ય

નગરમાં મહાહરિરાજા અને મેરાદેવીના પુત્ર હરિષેણ નામે દશમા ચક્રી થશે, તેમનું દશ હજાર વર્ષનું આયુષ્ય અને પંદર ધનુષ્યનું શરીર થશે. એ બંને ચક્રવર્તી, મુનિસુવ્રત અને નમિનાથ પ્રભુના સમયમાં થશે. પછી રાજગૃહ નગરમાં વિજય રાજા અને વપ્રાદેવીના પુત્ર જય નામે અગ્યારમા ચક્રવર્તી થશે, તેમનું ત્રણ હજાર વર્ષનું આયુષ્ય અને બાર ધનુષ્યનું શરીર થશે. તે નમિનાથ અને નેમિનાથ પ્રભુના આંતરે થશે. તથા કાંપિલ્ય નગરમાં બ્રહ્મરાજા અને ચુલની રાણીના પુત્ર બ્રહ્મદત્ત નામે બારમા ચક્રવર્તી, નેમિનાથ અને પાર્શ્વનાથના આંતરે થશે, તેમનું સાતસેં વર્ષનું આયુષ્ય અને સાત ધનુષ્યનું શરીર થશે તથા તે રૌદ્રધ્યાનથી સાતમી નરકે જશે."

એ પ્રમાણે કહી રહ્યા પછી ભરતરાજાના પૂછયા વિના પ્રભુ ભગવંત બોલ્યા—"ચક્રવર્તી કરતાં અર્ધ પરાક્રમી તથા ભરતક્ષેત્રના ત્રણ ખંડને [illegible] નવ વાસુદેવ કૃષ્ણ વર્ણવાળા થશે. તેમાંના એક આઠમા વાસુદેવ [illegible] અને બાકીના આઠ ગૌતમ ગોત્રી થશે. [illegible] એક અને [illegible] સુધી) [illegible] નવ [illegible] થશે [illegible] તેના પ્રથમ [illegible] રાજા અને મૃગાવતી રાણીના પુત્ર ત્રિપૃષ્ઠ [illegible] વાસુદેવ થશે, તેમનું ચોરાશી લાખ વર્ષનું આયુષ્ય [illegible] ધનુષ્યનું શરીર થશે, તે [illegible]

બેંતાલીશ વર્ષનો વ્રતપર્યાય અને પાર્શ્વનાથ તથા તેમના વચ્ચે અઢીસેં વર્ષનું અંતર રહેશે ૨૪

ચક્રવર્તીઓ બધા કશ્યપગોત્રી અને સુવર્ણ સમાન વર્ણવાળા થશે. તેમાં આઠ ચક્રીઓ મોક્ષગામી થશે. તમે જેમ મારા વખતમાં થયા, તેમ અયોધ્યા નગરીમાં અજિતનાથના વખતમાં સુમિત્રરાજા અને યશોમતી રાણીના પુત્ર **સગર** નામે બીજા ચક્રવર્ત્તી થશે. તેમની સાડા સાતસેં ધનુષ્યની કાયા અને બહોંતેર લાખ પૂર્વનું આયુષ્ય થશે. શ્રાવસ્તી નગરીમાં સમુદ્ર વિજય રાજા અને ભદ્રા રાણીના પુત્ર **મઘવા** નામે ત્રીજા ચક્રવર્તી થશે. તેમનું સાડી ચાલીશ ધનુષ્યનું શરીર અને પાંચ લાખ વર્ષનું આયુષ્ય થશે. હસ્તીનાપુરમાં અશ્વસેન રાજા અને સહદેવી રાણીના પુત્ર **સનત્કુમાર** નામે ચોથા ચક્રી થશે. તેમનું ત્રણ લાખ વર્ષનું આયુષ્ય અને સાડી ઓગણચાલીશ ધનુષ્યનું શરીર થશે. એ બે ચક્રીઓ ધર્મનાથ અને શાંતિનાથના આંતરે થશે અને સ્વર્ગે જશે. **શાંતિ, કુંથુ અને અર** એ ત્રણ તીર્થંકરોજ ચક્રવર્ત્તી થશે. તે પછી હસ્તીનાપુરમાં કૃતવીર્ય રાજા અને તારા રાણીના પુત્ર **સુભુમ** નામે આઠમા ચક્રી થશે, તેમનું સાઠ હજાર વર્ષનું આયુષ્ય અને અઠ્યાવીસ ધનુષ્યનું શરીર થશે. તે અરનાથ, અને મલ્લિનાથના આંતરે થશે અને સાતમી નરકે જશે. તે પછી વારાણસીમાં પદ્મોત્તર રાજા અને જવાલા રાણીના પુત્ર **પદ્મ** નામે નવમા ચક્રવર્તી થશે. તેમનું ત્રીશ હજાર વર્ષનું આયુષ્ય અને વીશ ધનુષ્યનું શરીર થશે, કાંપિલ્ય

વર્ષનું આયુષ્ય અને સોળ ધનુષ્યનું શરીર થશે, તથા તે મુનિસુવ્રત અને નમિનાથના આંતરે ચોથી નરકે જશે. તેમજ મથુરા નગરીમાં વસુદેવ અને દેવકીજીના પુત્ર કૃષ્ણ નામે નવમા વાસુદેવ થશે, તેમનું એક હજાર વર્ષનું આયુષ્ય અને દશ ધનુષ્યનું શરીર થશે, તથા તે નેમિનાથના સમયમાં મરણ પામીને ત્રીજી નરકે જશે.

વાસુદેવ અને બળદેવના પિતા એકજ હોય છે, તથા બલદેવનું શરીર પણ વાસુદેવના શરીર પ્રમાણે જાણવું. તેમાં ભદ્રા માતાથી અચલ નામે પ્રથમ બળદેવ પંચાશી લાખ વર્ષના આયુષ્યવાળા થશે, સુભદ્રા માતાથી વિજય નામે બીજા બળદેવ પંચોતેર લાખ વરસના આયુષ્યવાળા થશે. સુપ્રભા માતાથી ભદ્ર નામે ત્રીજા બળદેવ પાંસઠ લાખ વર્ષના આયુષ્યવાળા થશે સુદર્શના માતાથી સુપ્રભ નામે ચોથા બળદેવ પંચાવન લાખ વરસના આયુષ્યવાળા થશે. વિજયા માતાથી સુદર્શન નામે પાંચમા બળદેવ સત્તર લાખ વર્ષના આયુષ્યવાળા થશે. વૈજયંતી માતાથી આનંદ નામે છઠ્ઠા બળદેવ પંચાશી હજાર વર્ષના આયુષ્યવાળા થશે. જયંતી માતાથી નંદન નામે સાતમા બળદેવ, પચાસ હજાર વર્ષના આયુષ્યવાળા થશે. અપરાજિતા (કૌશલ્યા) માતાથી પદ્મ (રામચંદ્ર) નામે આઠમા બળદેવ પંદર હજાર વર્ષના આયુષ્યવાળા થશે. તથા રોહિણી માતાથી રામ (બળભદ્ર) નામે નવમા બળદેવ બારસેં વર્ષના આયુષ્યવાળા થશે, એ

નવ બળદેવોમાં આઠ મોક્ષે જશે અને નવમા બલભદ્ર પાંચમા દેવલોકે જશે. ત્યાંથી આવતી ઉત્સર્પિણીમાં આજ ભરતક્ષેત્રમાં અવતરી, કૃષ્ણ જિનેશ્વરના તીર્થમાં તે સિદ્ધ થશે.

તે પ્રમાણે અશ્વગ્રીવ, તારક, મેરૂક, મધુ, નિષ્કુંભ, બળિ, પ્રહ્લાદ, રાવણ અને જરાસંધ—નામના નવ પ્રતિવાસુદેવ થશે. તેમને તેમનાજ ચક્રથી વાસુદેવો મારી નાખશે, એટલે તેઓ બધા નરકે જશે.

એ રીતે ભાવી મહાપુરૂષોનું વર્ણન સાંભળતાં આનંદથી ઉભરાતા ભરત મહારાજાએ ભગવંતને પૂછ્યું કે—'હે જગદીશ ! આ તિર્યંચ, નર અને દેવયુક્ત મહાસભામાં તેવો કોઈ મહા પુરૂષ છે કે જે આપ તીર્થનાથની જેમ ધર્મતીર્થ પ્રવર્ત્તાવી આ ભરતક્ષેત્રને પાવન કરશે ?'

ભગવંત બોલ્યા—'તમારો મરીચિ નામે પુત્ર કે જે પ્રથમ પરિવ્રાજક (ત્રિદંડી) થયો છે, તે અત્યારે દુર્ધ્યાનથી મુક્ત થઈ, સમ્યક્ત્વપૂર્વક ધર્મધ્યાન ધરી રહ્યો છે, તે જો કે હજી કર્મથી મલિન છે, તથાપિ જાત્ય સુવર્ણ જેમ અગ્નિથી શુદ્ધ થાય, તેમ તે શુકલધ્યાનથી શુદ્ધ થઈને સિદ્ધિને પામશે. તે આ ભરતક્ષેત્રમાં પોતનપુર નામે નગરમાં ત્રિપૃષ્ઠ નામે પ્રથમ વાસુદેવ થશે, તે પછી પશ્ચિમ મહા વિદેહમાં ધનંજય રાજા અને ધારિણી રાણીનો પુત્ર પ્રિયમિત્ર નામે ચક્રવર્તી થશે. ત્યારપછી ઘણો વખત સંસારમાં ભવભ્રમણ કરી, આજ ભરતક્ષેત્રમાં મહાવીર નામે ચોવીસમા તીર્થંકર થશે.'

એ પ્રમાણે સાંભળતાં ભરતપતિ, સ્વામીની અનુજ્ઞા લઇને તે મરીચિને વંદન કરવા ગયા. ત્યાં વંદન કરતાં ચક્રીએ તેને કહ્યું કે—'તમે ત્રિપૃષ્ઠ નામે વાસુદેવ અને પ્રિયમિત્ર નામે ચક્રવર્તી થશો, તે તમારા વાસુદેવપણાને અને ચક્રીપણાને હું વાંદતો નથી, તેમ તમારા આ ત્રિદંડીપણાને પણ હું નમતો નથી, પરંતુ ચોવીશમા તીર્થંકર થશો, તેથી હું તમને વંદન કરું છું.' એમ કહી અંજલિપૂર્વક ત્રણ પ્રદક્ષિણા દઇને ભરતરાજાએ મરીચિને વંદન કર્યું. અને પછી તે પોતાની રાજ્યધાનીમાં પધાર્યા.

ભરતપતિના ગયા પછી તેમના વચનથી હર્ષ પામતા મરીચિએ ત્રણ વાર પોતાનો હાથ ઉંચે ઉછાળ્યો અને તેણે હર્ષના તાનમાં ને તાનમાં કહ્યું કે—'અહો! સર્વ વાસુદેવોમાં હું પ્રથમ વાસુદેવ થવાનો, મહાવિદેહમાં ચક્રવર્તી થઇશ, અને ચરમ તીર્થંકર થઇશ! તેથી સર્વ રીતે મોટાઇનો મને લાભ મળશે. વળી મારા પિતામહ તે પ્રથમ તીર્થપતિ અને મારા તાત, આદ્ય ચક્રવર્તી છે. તેથી અહો! મારૂં ઉત્તમ કુળ!!! હાથીઓમાં જેમ ઐરાવણ, સમસ્ત ગ્રહોમાં જેમ સૂર્ય અને તારામાં જેમ ચંદ્ર—તેમ સર્વ કુળોમાં એક મારૂં કુળ ઉત્તમોત્તમ છે.' એ રીતે કુળનો મદ કરવાથી મરીચિએ નીચ ગોત્રનું કર્મ ઉપાર્જન કર્યું.

પ્રકરણ ૩૧ મું.

શત્રુંજય માહાત્મ્ય.

પુંડરિકાદિક ગણધરો તથા સાધુ સમૂહથી પરવરેલા શ્રી ઋષભસ્વામી દેશાનુદેશ વિહાર કરી લોકોને ધર્મના અનુરાગી બનાવતા તથા વિવિધ ઉપદ્રવોને શમાવતા તેઓ શત્રુંજય પર્વતપર પધાર્યા. રૌપ્યમય શિખરોથી તે વૈતાઢ્ય સદૃશ અને સુવર્ણના શિખરોથી તે મેરૂ સમાન લાગતો, તેમ ઔષધિ સમૂહથી તે હિમાદ્રિ જેવો જણાતો હતો. લટકતા વાદળાંઓથી જાણે વસ્ત્રો ધારણ કર્યાં હોય તેવો શોભતો, સૂર્ય ઉપર આવતાં જાણે મુગટ ધારણ કર્યો હોય તેવો ભાસતો, ગગનસ્પર્શી શિખરોથી જાણે તે અનેક મસ્તકવાળો હોય અને તાડ વૃક્ષોથી તે અનેક ભુજાવાળો લાગતો હતો. આમ્ર ફળ લેવામાં આસક્ત થયેલી સૌરાષ્ટવાસી વનિતાઓના મધુર ગીતને મૃગલાઓ ત્યાં સાવધાન થઇને સાંભળતા હતા. પનસવૃક્ષો, શ્લેષ્માતક વૃક્ષો, કેતકી વૃક્ષો, કેસુડાંના વૃક્ષો, ખજુરીના વૃક્ષો તથા બીજા પણ પુષ્પિત અને ફલિત અનેક વૃક્ષોથી તે પર્વત બહુજ રમણીય લાગતો હતો. ચંબેલી, અશોક, કદંબ અને બોરસલી આદિ વૃક્ષોમાંથી વાયુએ ઉડાડેલ પરાગથી ત્યાં શિલાઓ રજોમય થઈ ગઇ હતી. વિવિધ વૃક્ષોના વનથી તે સુંદર ભાસતો હતો, મૂળમાં પચાસ યોજન, શિખ-

રમાં દશ યોજન વિસ્તૃત અને ઉંચાઈમાં આઠ યોજન ઉન્નત એવા શ્રી શત્રુંજય ગિરિપર આદિનાથ ભગવંત આરૂઢ થયા.

એવામાં દેવતાઓએ ત્યાં રચેલ સમવસરણમાં બિરાજમાન થઇને સ્વામીએ મેઘના જેવી ગંભીર ગિરાથી ધર્મદેશના આપી. પ્રથમ પોરસી સમાપ્ત થતાં પ્રભુ, દેવચ્છંદમાં વિશ્રાંતિ લેવા પધાર્યા અને તેમના પાદપીઠ ઉપર બેસીને પુંડરીક ગણધરે બીજી પોરસી સુધી દેશના આપી. એમ કેટલોક વખત ત્યાં રહ્યા પછી એકદા વિહાર કરવાના અવસરે જગદ્ગુરૂએ પોતાના પુંડરીક ગણધરને બોલાવીને આજ્ઞા કરી કે— 'હે મહાત્મન્! અમે હવે અન્યત્ર વિહાર કરીશું, અને તમે એક કોટિ મુનિઓ સહિત અહીં રહો, આ ક્ષેત્રના માહાત્મ્યથી તમને થોડા વખતમાં અહીં કેવળજ્ઞાન ઉત્પન્ન થશે, અને શૈલેશી ધ્યાન કરતાં તમે આજ પર્વત ઉપર પરિવાર સહિત મોક્ષપદને પામશો.' એ રીતે પ્રભુની આજ્ઞા સ્વીકારીને પુંડરીક ગણધર કોટિ મુનિઓ સાથે ત્યાંજ રહ્યા, તે વખતે ભગવત અન્યત્ર વિહાર કરી ગયા. પછી પરમ સંવેગી ગણધર મહારાજ અન્ય શ્રમણોને મધુર વાણીથી કહેવા લાગ્યા કે—

"હે મુનિવરો! મુમુક્ષુ મહાત્માઓને આ પર્વત ક્ષેત્રના પ્રભાવથી મુક્તિને આપે છે. તો હવે આપણે મોક્ષના બીજ કારણ રૂપ સંલેખના કરવી જોઇએ. દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારે સંલેખના થાય છે. સાધુઓએ સર્વ જાતના ઉન્માદ અને મહારોગના નિદાનનુ શોષણ કરવું—તે દ્રવ્ય

સંલેખના અને રાગ, દ્વેષ, મોહ તથા સર્વ કષાય રૂપ ભાવ શત્રુઓનો ઉચ્છેદ કરવો—તે ભાવ સંલેખના.' એમ કહીને પુંડરીક ગણધરે પ્રથમ કોટિ શ્રમણોની સાથે સર્વ પ્રકારના સૂક્ષ્મ અને બાદર અતિચારની આલોચના કરી, અને પછી વિશેષ શુદ્ધિને માટે ફરીથી મહાવ્રતનું આરોપણ કર્યું. વસ્ત્રને જેમ વધારે બે ત્રણ વખત ધોવાથી વિશેષ નિર્મળ થાય છે, તેમ અતિચારથી વિશેષ રીતે શુદ્ધ થવું, તે વિશેષ નિર્મળતાનું કારણ છે. પછી—'સર્વ જીવો મને ક્ષમા કરો, હું સર્વના અપરાધ ખમું છું, મારે સર્વ જીવો સાથે મૈત્રી છે, કોઈની સાથે મારે વૈરભાવ નથી.' એમ કહીને તેમણે સર્વ મુનિઓની સાથે દુષ્કર ભવચરિમ અનશનવ્રત, આગાર-સહિત ગ્રહણ કર્યું. પછી ક્ષપકશ્રેણિ પર આરૂઢ થતા તે પરાક્રમી પુંડરીક ગણધરના ઘાતિકર્મો બધા જીર્ણ દોરડાની જેમ તુટી ગયા, તેમ બીજા મુનિઓના પણ ઘાતિકર્મો ક્ષય થઈ ગયા. એટલે એક માસની સંલેખનાને અંતે ચૈત્ર માસની પૂર્ણિમાના દિવસે પ્રથમ પુંડરીક ગણધરને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું, અને પછી બીજા સર્વ સાધુઓને કેવલજ્ઞાન થયું. એટલે શુકલધ્યાનના ચોથે પાયે રહેલા તે અયોગીઓ, બાકીના અઘાતિકર્મોને ખપાવીને મોક્ષપદને પામ્યા. તે વખતે દેવતાઓએ આવીને ભક્તિથી તેમના મોક્ષગમનનો મહોત્સવ કર્યો. ત્યારથી એ ગિરિરાજ પણ પ્રથમ તીર્થરૂપ થયો. જ્યાં એક મુનિ સિદ્ધ થાય તે સ્થાન પણ પવિત્ર તીર્થરૂપ ગણાય, તો જ્યાં ઘણા મહર્ષિઓ સિદ્ધિપદને પામ્યા, તેની પવિત્રતા

માટે તો કહેવું જ શું ? પછી એ શત્રુંજય પર્વત પર ભરત મહારાજાએ રત્નશિલામય એક ઉન્નત ચૈત્ય કરાવ્યું અને તેમાં પુંડરીકજીની પ્રતિમા સહિત ભગવંત ઋષભસ્વામીની પ્રતિમા સ્થાપન કરી.

પ્રકરણ ૩૨ મું.

મોક્ષગમન.

શ્રી ઋષભસ્વામીને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું, ત્યારથી માંડીને પરિવારમાં ચોરાશી હજાર સાધુઓ, ત્રણ લાખ સાધ્વીઓ, ત્રણ લાખ ને પચાસ હજાર શ્રાવકો, પાંચ લાખ ને ચોપન હજાર શ્રાવિકાઓ, ચાર હજાર ને સાડા સાતસેં ચૌદ પૂર્વધારી, નવ હજાર અવધિજ્ઞાની, વીશ હજાર કેવળજ્ઞાની, વીશ હજાર અને છસેં વૈક્રિય લબ્ધિવાળા, બાર હજાર ને સાડા છસેં મનઃપર્યવજ્ઞાની, તેટલાજ વાદીઓ અને બાવીશ હજાર અનુત્તર વિમાનવાસી મહાત્માઓ થયા. એ પ્રમાણે આદિ અરિહંતે ધર્મમાર્ગમાં ચતુર્વિધ શ્રીસંઘને સ્થાપિત કર્યો. હવે દીક્ષાકાળથી એક લાખ પૂર્વ ગયા, તે વખતે પોતાનો મોક્ષ સમય જાણી ભગવંત અષ્ટાપદ પર્વત પર પધાર્યા અને ત્યાં દશ હજાર મુનિઓની સાથે ભગવંતે

ચતુર્દશ તપ (છ ઉપવાસ) કરીને પાદપોપગમન અનશન કર્યું.

એવામાં ભરતપતિને તેમના સેવકોએ ભગવંતના આગમનનો વૃત્તાંત નિવેદન કર્યો. પ્રભુના અનશનની વાત સાંભળતાં ભરતપતિના અંતઃકરણમાં શોક વ્યાપી ગયો અને તેમના નેત્રમાં અશ્રુ આવી ગયા. પછી તરતજ તેઓ અંતઃપુર સહિત પાદચારી થઇને અષ્ટાપદ પર્વત તરફ ચાલ્યા માર્ગમાં કઠોર કાંકરાને તેમણે ગણ્યા નહિ. તીક્ષ્ણ કંટક અને કાંકરાથી દબાતા તેમના ચરણમાંથી રક્તની ધારા છુટતી હતી. મસ્તક પર છત્ર છતાં તે બહુજ તપ્ત થઇને ચાલતા. કારણકે અંતરનો તાપ, અમૃતવૃષ્ટિથી પણ શાંત થતો નથી. હાથનો ટેકો આપનારા સેવકોને તે દૂર કરતા હતા અને છડીદારોને પોતાના વેગથી પાછળ મૂકતા હતા. ચામરની તેમણે અપેક્ષા મૂકી દીધી. સત્વર ચાલવાથી છાતી સાથે અથડાઇને ત્રુટી જતા મોતીના હારને પણ તેઓ જાણુતા ન હતા. ધ્યાનમાં મસ્ત થયેલા યોગીની જેમ ભરતરાજા બીજું કાંઈ જોતા ન હતા. અને કોઈનું વચન સાંભળતા ન હતા; તે વખતે તે માત્ર ભગવંતનુંજ ધ્યાન ધરતા હતા. પગે ચાલતાં પણ પરિશ્રમને ન ગણકારતા ચક્રી તરતજ અષ્ટાપદ પર આવ્યા. ત્યાં પ્રભુને પર્યંકાસને બેઠેલા જોઈ, તેમને પ્રદક્ષિણાપૂર્વક વંદન કરીને પાસે આવી ભરતેશ્વર ભગવંતની ઉપાસના કરવા લાગ્યા.

એવામાં ઇંદ્રોનાં આસનો ચલાયમાન થતાં અવધિજ્ઞાનથી પ્રભુનો નિર્વાણ સમય જાણીને ચોસઠે ઇંદ્રો તરત આવી ભગવંતને વંદન કરીને પાસે બેઠા. [illegible] હવે આ અવસર્પિણી કાલના ત્રીજા આરાના નવ્વાણું પક્ષ બાકી રહ્યાં, ત્યારે માઘ માસની કૃષ્ણ ત્રયોદશીના દિવસના પ્રથમ ભાગમાં અભિચિ નક્ષત્રની સાથે ચંદ્રમાનો યોગ આવતાં પર્યંકાસને બિરાજમાન ભગવંતે બાદર કાયયોગમાં રહીને બાદર મનોયોગ તથા બાદર વચનયોગને રૂંધી લીધા. પછી સૂક્ષ્મ કાયયોગને રોકી, શુક્લ ધ્યાનના સૂક્ષ્મક્રિય નામના ત્રીજા પાયાના અંતે ગયા. તે પછી પંચ હસ્વાક્ષર પ્રમાણ શુક્લ ધ્યાનના ઉચ્છિન્નક્રિય નામના ચોથા પાયાનો તેમણે આશ્રય કર્યો. ત્યારપછી અષ્ટ કર્મને ક્ષીણ કરી, અનંત ચતુષ્ક પ્રગટાવી, બંધના અભાવે, એરંડના બીજની જેમ ઉર્ધ્વ ગતિવાળા થઈ સમશ્રેણિથી પ્રભુ લોકાગ્રને પ્રાપ્ત થયા. તે વખતે અનશન વ્રત લઈ ક્ષપકશ્રેણિએ આરૂઢ થતાં દશ હજાર શ્રમણોને પણ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. અને મન, વચન, કાયાના યોગને સર્વ રીતે રૂંધીને તેઓ પણ ભગવંતની જેમ તરત પરમ પદને પામ્યા

ઋષભસ્વામીના નિર્વાણ સમયે કોઈવાર સુખનો લેશ પણ ન જોનારા એવા નારક જીવોને પણ ક્ષણભર સુખ થયું. તે વખતે મહાશોકથી આક્રાંત થયેલ ભરતચક્રી તરત મૂર્છા પામતા ધરણીપર ઢળી પડ્યા. ભરતના [illegible] ભગવંતના વિ-

રહતું મોટું દુઃખ આવી પડયું, પણ તે સમયે દુઃખ શિથિલ કરવાના કારણરૂપ રૂદનને કોઈ જાણતું ન હતું તે જણાવવા માટે ઇંદ્રે ચક્રીની પાસે બેસીને ઉંચેથી રૂદન કર્યું એટલે ઇંદ્રની પાછળ બધા દેવતાઓએ રૂદન કર્યું. તે સાંભળતાં સંજ્ઞા પામીને ભરતેશ્વરે પણ બ્રહ્માંડને ફોડી નાખે તેવા ઉંચા અવાજથી આક્રંદ શરૂ કર્યો. તેવા મોટા રૂદનથી ચક્રીની શોક-ગ્રંથી ત્રુટી ગઇ. તે વખતે સુરાસુર અને મનુષ્યોના રૂદનથી એક કરૂણારસજ દેખાતો હતો, ત્યારથી દુનીયામાં શોક સમયે દુઃખાગ્નિને શાંત કરનાર રૂદનનો પ્રચાર ચાલુ થયો. પોતાના સ્વાભાવિક ધૈર્યને તજી દઇ, તિર્યંચોને પણ રડાવતા ભરત રાજા આ પ્રમાણે વિલાપ કરવા લાગ્યા—

"હે તાત! હે જગદ્બંધુ! હે કરૂણામૃતના સાગર! અમ અજ્ઞોને આ સંસાર–અરણ્યમાં છોડીને કેમ ચાલ્યા ગયા? દીપક વિના જેમ અંધકારમાં રહેવું મુશ્કેલ છે તેમ કેવલજ્ઞાનથી સર્વત્ર પ્રકાશ આપનારા આપના વિના સંસારમાં અમે કેમ રહી શકીશું? હે ભગવન્! તમે લોકાગ્રે ગયા, એટલે બોલતા નથી, પણ મને દુઃખી જોઇને આ મારા બંધુઓ પણ કેમ બોલાવતા નથી? અહો! મારા જાણવામાં આવ્યું કે તેઓ સ્વામીનાજ અનુગામી છે, તો સ્વામી ન બોલે ત્યારે તેઓ પણ કેમ બોલે? આપણા કુળમાં મારા સિવાય બીજો કોઇ આપનો અનુગામી ન થયો હોય તેમ નથી, ત્રૈલોકયરક્ષક આપ ભગવંત, બાહુબલિ વિગેરે મારા

નાનાભાઈઓ, બ્રાહ્મી અને સુંદરી બ્હેનો, પુંડરીક વિગેરે મારા પુત્રો, તથા શ્રેયાંસ વિગેરે પૌત્રો—એ બધા કર્મરૂપ શત્રુને હણીને લોકાગ્રે ગયા, છતાં હું અદ્યાપિ જીવિતને પ્રિય માની જીવતો ફરૂં છું."

એ પ્રમાણે શોકસાગરમાં ડુબેલા ભરતચક્રીને સુરપતિએ સમજાવ્યું કે—"હે મહાસત્વ ભરત! આપણા સ્વામી પોતે સંસાર-સાગર તરી ગયા છે અને તેમણે બીજાને પણ તાર્યા છે, તેમજ તેમના શાસનના અવલંબનથી અનેક સંસારી જીવો તરશે. માટે એ પ્રભુ તો કૃતકૃત્ય થયા. હે રાજન્! સમસ્ત લોકોપર અનુગ્રહ કરી મોક્ષધામમાં ગયેલા એ ત્રિલોકપતિનો તમે શોક શા માટે કરોછો? જેઓ મરણ પામી મહાદુઃખના ભંડારરૂપ ચોરાશી લાખ જીવાયોનિમાં ભટકે છે, તેમનો શોક કરવો ઘટે, પણ મૃત્યુ પામી મુક્તિ મંદિરે ગયેલાનો શોક કરવો ન ઘટે. માટે હે નરદેવ! એક સાધારણ માણસની જેમ ભગવંતનો શોક કરતા તમે કેમ શરમાતા નથી? પ્રભુ શોચનીય નથી અને તમને શોક કરવો ઉચિત નથી. જે એકવાર પણ ભગવંતની ધર્મદેશના સાંભળે તે હર્ષ કે શોકથી વ્યાકુળ ન થાય, તો તમે ઘણીવાર દેશના સાંભળી છે, માટે શોકાકુલ કેમ થાઓ છો? જેમ સમુદ્રને ક્ષોભ ન હોય, મેરૂપર્વતને કંપ ન સંભવે, અમૃતમાં વિરસતા ન હોય, અને ચંદ્રમાં ઉષ્ણતા ન સંભવે તેમ તમારા જેવા શોકજન્ય રુદન સંભવ નહિ." ઇંદ્ર પ્રજાપતિને ધીરજ આપી, અને

તમારા આત્માને જાણો. કારણ કે તમે ત્રિજગત્પતિ એક ધીર એવા ઋષભસ્વામીના પુત્ર છો." એ પ્રમાણે ઇંદ્રના પ્રતિબોધથી જાગ્રત થયેલા ભરત મહારાજાએ પોતાનું સ્વાભાવિક ધૈર્ય ધારણ કરી લીધું.

પછી ઇંદ્રે ભગવંતના અંગસંસ્કાર માટે વસ્તુઓ લાવવાને આભિયોગિક દેવતાઓને આજ્ઞા કરી, એટલે તેઓ નંદનવનમાંથી બાવના ચંદનના કાષ્ઠો લઇ આવ્યા અને ઇંદ્રના આદેશથી તેમણે પૂર્વ દિશામાં પ્રભુના દેહને માટે ગોળાકાર ચિતા રચી, ઇક્ષ્વાકુવંશમાં જન્મેલા મહર્ષિઓને માટે દક્ષિણ દિશામાં બીજી ત્રિકોણાકાર ચિતા રચી અને ઇતર સાધુઓને માટે પશ્ચિમ દિશામાં ત્રીજી ચોરસ ચિતા ખડકી. પછી તે દેવતાઓ પાસે ઇંદ્રે ક્ષીર સમુદ્રનું જળ મંગાવ્યું. તે જળથી ઇંદ્રે પોતે ભગવંતના શરીરને સ્નાન કરાવ્યું, તથા બાવના ચંદનથી વિલેપન કરી દેવદૂષ્ય વસ્ત્ર, અને અલંકારોથી વિભૂષિત કર્યું. તે વખતે દેવતાઓએ અન્ય મુનિઓના શરીરોની ભક્તિપૂર્વક સ્નાનાદિ ક્રિયા કરી. પછી દેવતાઓએ વિવિધ કીંમતી રત્નોની ત્રણ શિબિકા તૈયાર કરી. એટલે ઇંદ્રે પોતે એક શિબિકામાં ભગવંતનું શરીર સ્થાપન કર્યું, બીજી શિબિકામાં દેવતાઓએ ઇક્ષ્વાકુવંશના મુનિઓના શરીર અને ત્રીજીમાં બીજા સાધુઓના શરીર સ્થાપન કર્યા. એટલે ભગવંતના શરીરવાળી શિબિકા ઇંદ્રે અને અન્ય બે શિબિકા દેવતાઓએ ઉપાડી તે વખતે અપ્સરાઓ રાસડા લેતી અને મધુર ગીત ગાતી હતી કેટલાક દેવતાઓ ધુપીઆ લઇને

ચાલતા, કોઈ શિબિકાપર પુષ્પો વરસાવતા, કોઈ શેષા તરીકે તે પુષ્પોને ગ્રહણ કરતા, કોઈ આગળ આગળ યક્ષકર્દમનો છંટકાવ કરતા, કોઈ—'હે નાથ! હે નાથ!' એવા શબ્દો બોલતા, કોઈ—'અરે! અમે મંદભાગી માર્યા ગયા' એમ કહી આત્મનિંદા કરતા, કોઈ—'હે નાથ! અમને ઉપદેશ આપો' એમ યાચના કરતા, કોઈ—'હવે અમારો ધર્મસંશય કોણ છેદશે' એમ કહેતા, અને કોઈ—'અહા! અંધની જેમ હવે અમે ક્યાં જઈશું ? એમ પશ્ચાતાપ પ્રગટ કરતા હતા

એ રીતે ચાલતા અને વાજિંત્રો વગાડતા દેવતાઓ અને ઈંદ્ર, તે શિબિકાઓ ચિતા પાસે લાવ્યા. ત્યાં ઈંદ્રે ધીમે ધીમે ભગવંતના દેહને પૂર્વ દિશાની ચિતામાં સ્થાપ્યો. તથા દેવતાઓએ સાધુઓના શરીરો બીજી દક્ષિણ અને પશ્ચિમ દિશાની ચિતામાં સ્થાપન કર્યા. તે વખતે ઈંદ્રના આદેશથી અગ્નિકુમાર દેવોએ અગ્નિ વિકુર્વ્યો અને વાયુકુમાર દેવોએ વાયુ વિકુર્વ્યો એટલે ચોતરફ અગ્નિ જાગ્રત થઈને સળગવા લાગ્યો. તે વખતે દેવતાઓ તે ચિતામાં પુષ્કળ કપુર, તથા ઘી અને મધના ઘડા ભરી ભરીને હોમવા લાગ્યા. જ્યારે અસ્થિ સિવાય બધી ધાતુઓ બળી ગઈ ત્યારે મેઘકુમાર દેવતાઓએ ક્ષીરસમુદ્રના જળથી ચિતાગ્નિને શાંત કર્યો. પછી સૌધર્મેંદ્રે પોતાના વિમાનમાં પ્રતિમાની જેમ પૂજવા માટે પ્રભુની ઉપલી જમણી દાઢ ગ્રહણ કરી, ઈશાનેંદ્રે ઉપરની ડાબી દાઢ લીધી, ચમરેંદ્રે નીચલી જમણી દાઢ અને બલિઈંદ્રે નીચલી ડાબી દાઢ ગ્રહણ

કરી. બીજા ઇંદ્રોએ પ્રભુના બાકીના દાંત લીધા અને દેવતાઓએ અસ્થિ ગ્રહણ કર્યાં. તે વખતે જે શ્રાવકો અગ્નિ માગતા હતા, તેમને દેવતાઓએ ત્રણ કુંડના અગ્નિ આપ્યા, તે અગ્નિ લેનારા અગ્નિહોત્ર બ્રાહ્મણો થયા. પ્રભુના ચિતાગ્નિની ભસ્મ લઈને કેટલાક પોતાના શરીરે ચોળતા હતા, તેથી ભસ્મભૂષણધારી તાપસો થયા. પછી તે ચિતાના સ્થાને દેવતાઓએ રત્નના ત્રણ સ્તૂપ કર્યા. ત્યારબાદ ઇંદ્રો અને દેવતાઓ નંદીશ્વર દ્વીપે અઠ્ઠાઈમહોત્સવ કરીને બધા પોતપોતાના સ્થાને ગયા.

પ્રભુના સંસ્કાર સમીપની ભૂમિપર ભરત રાજાએ ત્રણ ગાઉ ઉંચો **સિંહનિષદ્યા** નામે રત્નમય પ્રાસાદ કરાવ્યો, તેની ચોતરફ રમણીય ચાર દરવાજા કરાવ્યા, દરેક દ્વારે રત્નના સોળ સોળ તોરણો બંધાવ્યા, વળી ત્યાં પ્રેક્ષામંડપ આગળ રચેલ મણિપીઠિકા ઉપર રત્નમય અને પાંચસો ધનુષ્ય પ્રમાણવાળી ઋષભાનન, ચંદ્રાનન વર્ધમાન અને વારિષેણ—એ ચાર શાશ્વત જિનેશ્વરોની પર્યંકાસને બેઠેલી ચાર પ્રતિમાઓ સ્થાપન કરાવી.

તે સિંહનિષદ્યા નામના મહા ચૈત્યના મધ્ય ભાગમાં મોટી મણિપીઠિકા બનાવી અને તેના મધ્ય ભાગમાં ભરતેશ્વરે વિચિત્ર રત્નમય એક દેવચ્છંદક રચ્યો, તે દેવચ્છંદકની ઉપર ઋષભાદિ [illegible] દરેક જિનેશ્વરના [illegible] દેહમાન [illegible], [illegible]

સ્થાપન કરી. તેમાં સોળ પ્રતિમા સુવર્ણની, બે રાજવર્ત્તરત્નની (શ્યામ) બે સ્ફટિકરત્નની (ઉજ્જ્વળ), બે વૈડૂર્યમણિની (નીલ) અને બે શોણમણિની (રક્ત) હતી. તેમજ રત્નની ચોવીશ ઘંટાઓ, માણિક્યના દર્પણો, સોનાની દીવીઓ, રત્નના કરંડીઆ, ઉત્તમ ગોળાકાર પુષ્પચંગેરીઓ, ઉત્તમ અંગુલુહણા, આભૂષણો, ડાબલા, સુવર્ણના ધૂપીઆ, આરતીઓ, રત્નના મંગલ દીવા, રત્નની ઝારીઓ, થાળો, પાત્રો, કળશો, અષ્ટમંગલિક–એમ દરેક પ્રતિમા પાસે ચૈત્યને ઉપયોગી તમામ વસ્તુઓ જુદી જુદી રાખી. આ બધું ચક્રવર્ત્તીની આજ્ઞા થતાં વર્દ્ધકિરત્ને વિધિ પ્રમાણે બનાવી આપ્યું. વિવિધ ચિત્રો સહિત અદ્ભુત રચનાથી તે ચૈત્ય, એક દેવવિમાન કરતા પણ અધિક શોભતું હતું. પતાકાઓ અને ધ્વજાઓમાં રહેલી ઘુઘરીઓના મધુર નાદથી તે પ્રેક્ષકોના મનને હરણ કરતું હતું. તેના ચણતરના સાંધે સાંધા મેળવ્યા હતા, તેથી તે એક પાષાણથી બનાવેલ હોય તેવું જણાતું હતું. ચૈત્યના નિતંબ ભાગ ઉપર વિચિત્ર ચેષ્ટા કરતી માણેકની મનહર પુતળીઓ ગોઠવેલી હતી. તે કપૂર, અગર અને કસ્તુરીથી બનાવેલા ધૂપના ધૂમાડાથી તે હંમેશાં વ્યાપ્ત રહેતું હતું. અષ્ટાપદ પર્વતના શિખર પર જાણે માણિક્યનો મુગટ મૂક્યો હોય તેમ તે ચળકતું હતું. વળી તે ચૈત્યમાં ભરતરાજાએ પોતાના નવ્વાણું ભાઈઓની દિવ્ય રત્નમય પ્રતિમાઓ સ્થાપી અને ભગવંતની સેવા કરતી હોય તેવી પોતાની એક પ્રતિમા ત્યા સ્થાપિત કરી. ચૈત્યની બહાર ભગવાનનો એક સ્તૂપ કરાવ્યો. તેની

પાસે પોતાના નવ્વાણું ભાઈઓના પણ સ્તૂપ કરાવ્યા. ત્યાં આવનારા પુરૂષો, ગમનાગમનથી તેની આશાતના ન કરે, તે માટે લોઢાના યંત્રમય આરક્ષક પુરૂષો ત્યાં ઉભા રાખ્યા. પછી પોતાના દંડરત્નથી ભરતપતિએ તે પર્વતના દાંતા ભાંગી નાખ્યા. તેથી તે સરલ અને ઉંચા સ્તંભની જેમ ન ચઢી શકાય તેવો થઈ પડ્યો. વળી એ પર્વતની ફરતા, મેખલા જેવા અને મનુષ્યોથી ન ઓળંગી શકાય તેવા એક એક યોજનને આંતરે આઠ પગથીઆ બનાવ્યા, તેથી એ અષ્ટાપદના નામથી વિખ્યાત થયો અને હરાદ્રિ, કૈલાસ, સ્ફટિકાદ્રિ એવા નામથી પણ લોકોમાં ઓળખાવા લાગ્યો. એ રીતે ચૈત્ય નિર્માણ કરી, તેમાં પ્રતિષ્ઠા કરી, પવિત્ર થઈને સપરિવાર ભરતપતિએ તે ચૈત્યમાં પ્રવેશ કર્યો. તે પ્રતિમાઓને મહારાજાએ સુગંધિ જળથી સ્નાન કરાવ્યું, પછી દેવદુષ્ય વસ્ત્રથી માર્જન કરીને ચંદન રસથી વિલેપન કર્યું, તથા ધૂપાદિકથી અર્ચાવિધિ પૂર્ણ કરીને તેમણે આરતી ઉતારી.

એ પ્રમાણે પૂજન કરી ઋષભસ્વામીની આગળ શોકાતુર થઈને ભરતપતિએ સ્તુતિ કરી કે—'હે જગત્સ્વામી! હે સુખના સાગર! હું આપને નમસ્કાર કરૂં છું. હે વિભો! વસુધાપર વિહાર કરતાં તમે મનુષ્યો પર મોટો ઉપકાર કર્યો, પરંતુ મોક્ષમાં તમે કોનો ઉપકાર કરવા ગયા? હે નાથ! અનુપમ અનુગ્રહ કરનારી આપની ધર્મદેશનાને જેઓ યાદ કરે છે, તે ભવ્ય પ્રાણીઓ અત્યારે પણ તમને સાક્ષાત્ જોઈ શકે

છે, જેઓ તમારૂં રૂપસ્થ-ધ્યાન કરે છે, તે મહાત્માઓને તમે પ્રત્યક્ષજ છો. હે કરૂણાસાગર! જેમ તમે મમતા રહિત થઇને આ સંસારનો ત્યાગ કર્યો, તેમ મારા મનનો હે સ્વામિન્! કદાપિ ત્યાગ કરશો નહિ."

એ રીતે પ્રત્યેક તીર્થંકરને નમસ્કાર કરીને ચક્રવર્તીએ ભક્તિપૂર્વક તેમની સ્તુતિ કરી. પછી ચૈત્યની બહાર આવી તે ચૈત્યને વારંવાર જોતા જોતા ભરતપતિ અષ્ટાપદ નીચે ઉતર્યા. ત્યાંથી મંદ ગતિએ અયોધ્યા તરફ ચાલતાં શોકાતુર ભરતરાયને જોઇ નગરજનો પણ ખેદ કરવા લાગ્યા. નગરીમાં આવતાં તેમણે ભગવંતને વારંવાર સંભારીને અશ્રુપાત કર્યો ત્યાં રાજમહેલમાં પણ રાતદિવસ ઉદાસીન થઇને ભગવંતના ધ્યાનમાં મગ્ન રહેતા. તેમની આવી સ્થિતિ જોઇને મંત્રીઓએ કહ્યું કે—'હે મહારાજ! આપના પિતાશ્રી ઋષભસ્વામીએ પ્રથમ ગૃહવાસમાં રહીને અજ્ઞ જનોને વ્યવહારમાં પ્રવર્તાવ્યા, ત્યારપછી સંયમ લઇ, કેવળ જ્ઞાન પામી, જગજ્જનોને ભવસાગરથી પાર ઉતારવાની ઇચ્છાથી ધર્મમાં પ્રવર્તાવ્યા, અને છેવટે પોતે કૃતાર્થ થઇ, બીજાઓને કૃતાર્થ કરીને પરમ પદને પામ્યા. તેવા પરમ પ્રભુનો તમે શોક શા માટે કરો છો?' મંત્રીઓના આવા પ્રતિબોધથી ભરત મહિપતિ ધીમે ધીમે રાજકાર્યમાં પ્રવર્ત્તવા લાગ્યા.

પ્રકરણ ૭૩ મું.

આદર્શ ભવનમાં અનંતજ્ઞાન.

ધીમે ધીમે શોકમુક્ત થતાં મહારાજા ભરતેશ્વર, ઉદ્યાનભૂમિમાં જવા લાગ્યા. છતાં કોઇવાર પ્રભુને સંભારી ખેદ પામતા, ત્યારે આપ્તજનો, તેમને વિનોદ–વાર્ત્તામાં પ્રવર્ત્તાવીને આનંદ પમાડતા હતા. કોઈવાર તેઓ ઉપવનમાં વિલાસ કરવા જતા, તો કોઈવાર અંતઃપુર સહિત લતામંડપમાં શૃંગાર રસનો સ્વાદ લેતા. વારાંગનાઓ કુસુમના વેષ ગુંથી ગુંથી તેમને આપતી હતી. પૌર પ્રેમદાઓ પુષ્પાલંકારોથી અલંકૃત થઈ તેમની આસપાસ ક્રીડા કરતી હતી. તેમની મધ્યમાં રહેલા અને વિનોદ પામતા ભરતભૂમિપતિ અત્યંત શોભતા હતા. કોઇવાર રાજહંસની જેમ સુંદરીઓની સાથે તેઓ ક્રીડાવાપીમાં જળક્રીડા કરવા ઉતરતા, ત્યાં વિનોદી વનિતાઓની જેમ જલોર્મિઓ તેમને કંઠ, ભુજા અને હૃદયમાં આલિંગન કરતી હતી. અપ્સરાઓની જેમ અહંપૂર્વિકાથી લીલાવિલાસના રાજ્યપર જાણે અભિષેક કરતી હોય તેમ રમણીઓ તેમને જળસિંચન કરતી હતી. ઘણીવાર તે તરુણીઓ સાથે જળક્રીડા કરતા મહારાજા મન્મથની મૂર્ત્તિ જેવા લાગતા હતા.

કોઈવાર ભરતપતિ સંગીત મંડપમાં દિવ્ય સંગીત સાંભળવા જતા, ત્યાં શ્રવણને સુખકારી વેણુ, વીણાનાં મધુર સંગીતથી તેઓ આનંદમાં ઓતપ્રોત થઈ જતા. સંગીત સાથે નટીઓના વિવિધ અભિનય (હાવભાવ) તથા નર્તકીઓના નૃત્યને જોતાં પ્રમોદ પામતા. એ રીતે સંસારના વિવિધ ભોગ—વિલાસ ભોગવતાં ભરત મહારાજાએ ભગવંતના મોક્ષગમન પછી પાંચ લાખ પૂર્વ વ્યતીત કર્યાં.

એકદા ભરતેશ્વર સ્નાન, બલિકર્માદિ કરી, અંગ વિલેપન, વસ્ત્રાલંકાર વિગેરેથી વિભૂષિત થઈને પોતાના આદર્શ—ભવનમાં ગયા. ત્યાં પોતાના શરીરના પ્રમાણુ જેવડા નિર્મળ આદર્શમાં પોતાના સમસ્ત અંગનું સ્વરૂપ જોતાં તેમની એક અંગુલિમાંથી મુદ્રિકા પડી ગઈ. મયૂરના પીંછાંમાંથી એક પીંછું પડી જતાં જેમ ખબર ન પડે, તેમ મુદ્રિકા પડી જતાં ભરતપતિને ખબર ન પડી. એવામાં અનુક્રમે સર્વ અંગ જોતાં દિવસની ચંદ્રકળા સમાન મુદ્રિકા રહિત પોતાની આંગળી શોભાહીન જણાઇ. એટલે—' અહો ! આ આંગળી શોભા વિનાની કેમ જણાય છે ? ' એમ વિચારતાં નીચે પડી ગયેલ મુદ્રિકા તેમના જોવામાં આવી. પછી તેમણે વિચાર કર્યો કે—' આભૂષણ વિનાનાં બીજાં અંગો પણ શું આમ શોભા રહિત લાગતા હશે ? ' એમ ધારીને તેણે બીજાં આભૂષણો ક્રમે ક્રમે શરીર ઉપરથી ઉતારવા માંડ્યા.

પ્રથમ મસ્તક પરથી મુગટ ઉતારતાં તે રત્ન વિનાની મુદ્રિકા જેવું દેખાયું. કાનપરથી માણિક્યના કુંડલ ઉતાર્યાં, એટલે બંને કાન શોભાહીન લાગ્યા. ગ્રીવા ભૂષણ કહાડતાં કંઠ નિસ્તેજ થઈ ગયો, હાર ઉતારતાં વક્ષઃસ્થળ તારા વિનાના આકાશ જેવું ભાસ્યું. બાજુબંધ દૂર કરતાં બાહુ અને કડાં ઉતારી નાખતાં બંને હાથ શોભા રહિત થઈ ગયા. આંગળીઓમાંથી મુદ્રિકાઓ અને ચરણમાંથી પાદકટક ઉતારતાં તે કાંતિ વિનાના ભાસવા લાગ્યા. એમ સર્વ અંગ ઉપરથી અલંકારો ઉતારતાં તે પત્ર રહિત વૃક્ષની જેમ શોભાહીન જણાયું. તે જોઈને ભરત મહારાજા વિચારવા લાગ્યા કે—'અહો! આ શરીરને ધિક્કાર છે! ચિત્રાદિકથી જેમ ભીંતની બનાવટી શોભા કરવામાં આવે છે, તેમ આવા આભૂષણોથીજ અંગની કૃત્રિમ શોભા જોવામાં આવે છે. અંદર વિષ્ટાદિક મળ અને બહાર મૂત્રાદિના પ્રવાહથી મલિન એવા આ શરીરમાં વિચાર કરતાં કંઈ પણ શોભાસ્પદ જણાતું નથી. વરસાદના જળને જેમ ક્ષારભૂમિ દૂષિત કરે છે, તેમ વિલેપન કરેલા કર્પૂર, કસ્તૂરી ચંદનાદિકને આ દેહ દૂષિત કરે છે. વિષયોથી વિરક્ત થઈને જે તત્ત્વજ્ઞ પુરૂષો મોક્ષફળ આપનાર એવા તપને તપે છે, તેવા મુમુક્ષુ જનોજ આ શરીરનું ફળ ગ્રહણ કરી શકે છે એ પ્રમાણે વિચારતાં સમ્યક્ રીતે અપૂર્વ કરણના અનુક્રમથી ક્ષપક શ્રેણિપર આરૂઢ થઈ શુક્લ ધ્યાનને પામતાં ઘાતિકર્મનો નાશ થવાથી ભરત મહારાજાને [illegible] કેવળજ્ઞાન [illegible].

તે વખતે ઇંદ્રનું આસન ચલાયમાન થતાં અવધિજ્ઞાનથી તેનું કારણ જાણીને ઇંદ્ર તરત ભરતરાજા પાસે આવ્યો. ભક્તજનો સ્વામીની જેમ સ્વામીના પુત્રની સેવાનો પણ સ્વીકાર કરે છે. તો તેવા સ્વામીના પુત્રને કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં શું શું ન કરે? ઇંદ્રે ત્યાં આવતાંજ કહ્યું કે—'હે કેવલજ્ઞાની! દ્રવ્યલિંગનો તમે સ્વીકાર કરો, કે જેથી હું તમને વંદના કરૂં, અને તમારો નિષ્ક્રમણ–મહોત્સવ કરૂં.' એટલે બાહુબલિની જેમ ભરતેશ્વરે પણ તરતજ પંચ મુષ્ટિથી કેશનો લોચ કરીને સાધુવેષ સ્વીકાર્યો! ત્યારે ઇંદ્રે તેમને વંદના કરી. કારણકે કેવળજ્ઞાન પ્રાપ્ત થયા છતાં જો તે અદીક્ષિત પુરૂષ હોય, તો તેને વંદના ન થાય–એવો આચાર છે. તે અવસરે ભરત મહારાજાના આશ્રિત દશ હજાર રાજાઓએ પણ સંયમનો સ્વીકાર કર્યો. તેવા સ્વામીની કરેલ સેવા પરલોકને પણ સુધારી આપે છે. તે વખતે ઇંદ્રે ભરત ચક્રવર્ત્તીના પુત્ર આદિત્યયશાનો મહોત્સવ પૂર્વક રાજ્યાભિષેક કર્યો.